રત્નહાર.

(प्रथमांऽक)

अनंतशास्त्रं बहुलाश्च विद्या ह्यल्पश्च कालो बहुविघ्नता च।
यत्सारभूत तदुपासनीयं हंसैरिवक्षीरमिवाम्बुमध्यात् ॥

અર્થ:—શાસ્ત્રો ઘણાં છે અને વિદ્યાઓનો પાર નથી; વખત થોડો છે અને તેમાં પણ વિઘ્નો ઘણાં છે; માટે જેમ હંસો પાણીવાળા દૂધમાંથી દૂધ લઇ લેછે તેમજ સમજુ મનુષ્યોએ જે સારવસ્તુ હોય તે તરતજ ગ્રહણ કરી લેવી.

યોજક—અને પ્રકાશક.

મોતીલાલ છોટાલાલ વ્યાસ.

આધપતિ " કાઠીઆવાડ અને મહીકાંઠા ગેઝેટ " **અમદાવાદ.**

આવૃત્તિ પહેલી ૧૦૦૦ પ્રત.

અમદાવાદ.

મહીકાંઠા ગેઝેટ પ્રીન્ટીંગ પ્રેસમાં હરીદાસ મેઘજી પારેખે છાપ્યું.

સંવત ૧૯૬૭ સને ૧૯૧૦

મુલ્ય સવા રૂપીઓ.



શ્રી લાલાભક્ત ઉર્ફે લાલજી મહારાજની ગાદીના
શ્રી રામત્રાર્માનવાશી મહાત્મા શ્રી ભગવાનદાસજી મહારાજ.

દેહોત્સર્ગ સંવત ૧૯૬૪ ના
પોષ સુદી. ૧૫.

અર્પણ પત્રિકા.

પરમપુજ્ય સર્વ સાધુત્વ વિભુતિથી વિભુષીત, શ્રી રામધામ નિવાસી મહાત્મા શ્રી ૧૦૮ શ્રીમન ભગવાન લાલજી મહારાજ.

આપશ્રી અનેક પરોપકારનાં કાર્યો કરી ધાર્મિક સંસ્થાઓને દીવ્ય દીપાવી પુનીત પુરૂષાર્થવડે ઓર તેમાં અભીવૃદ્ધિ કરી સાધુ મહાત્માના સુચરિત્રનું સુબોધક દ્રષ્ટાન્ત દુનિયાંની દ્રષ્ટીએ લાવી નીર્વાણને પામ્યા છો, અખંડ, અજર અચળ અવિનાશી શ્રી રામધામમાં વીરાજ્યા છો છતાં આપના પ્રત્યેના ઉત્કૃષ્ટ ભક્તીભાવનો ઉર્મિ સાહિત્ય સ્મૃષ્પિથી યુકત આ અણમોલ રત્નહાર આપશ્રીના ચીરાયુ સ્મણાર્થે આપશ્રીની પવિત્ર સમાધી ઉપર પ્રેમ પુર્વક સમર્પણ કરી કૃતાર્થ થાઉંછું.

લી. એક પ્રેમી ભક્ત

મોતિલાલ છોટાલાલ વ્યાસ

ઉમરેઠવાળા.

લાલા ભક્ત ઉર્ફે લાલજી મહારાજનું

ચરિત્ર.

લાલા ભગતના નામથી ગુજરાત કાઠિયાવાડમાં કોઇ ભાગ્યેજ અજાણ્યું હશે, કાઠીઆવાડમાં આવેલું "સાયલા" ગામ પણ "ભગતનું ગામ" એ સંજ્ઞાથી ઓળખાય છે, એ લાલા ભગત કાઠીઆવાડમાં વાંકાનેર સમીપ સીંધાવદર ગામમાં સંવત ૧૮૫૮ ના ચૈત્ર સુદી ૯ ના દીવસે જન્મ્યા હતા, એ માંગલીક દીવસ "શ્રી રામ" જયંતીનો હતો, એ દીવસે જન્મનાર લાલો ભગત, પરમપુનીત, સંપૂર્ણ સાધુવૃતીવાળા, અખંડ બ્રહ્મચારી અને સંત શીરોમણી મહાત્માના જેવા પરોપકારી નીવડયા હતા, એમ તેમનું પવિત્ર ચરિત્રજ પ્રત્યક્ષ દેખાડી આપે છે, તેમના પિતાનું નામ ખુટોશા અને માતાનું નામ વીરૂબાઈ હતું, તેઓ જ્ઞાતે દશા શ્રીમાળી શ્રાવક વણીક હતા, તેમના પીતાનું તે પ્રથમ સંતાન હોવાથી તેમનો જન્મ તેમના કુટુમ્બમાં ખુશાલી પેદા કરનાર થાય એ સ્વભાવીક હતું, પરંતુ તેમના જન્મથી આખા સીંધાવદર ગામમાં સર્વત્ર આનંદ છવાઇ રહેલો હતો, અને તેજ એમ સુચવતું હતું કે જન્મનાર એક સાધારણ મનુષ્ય નથી, પણ કોઇ સંસ્કારી મહાત્મા છે, ખરેખર તેમના ચારિત્રથી લોકોની કુદરતી માન્યતા ખરી હતી એમ માલમ પડી આવ્યું છે "પુત્રનાં લક્ષણ પારણામાંથી જણાય" એ કહેવત પ્રમાણે તેમની બાલ ક્રીડામાંથી જ તેમની વૃત્તી અને વિચારનું વલણ કઇ બાજુએ છે તેનું દીગ્દર્શન મળતું હતું, તેઓ હમેશાં હરિ સેવાનીજ રમત રમતા હતા એટલે અમુક વસ્તુને પ્રતિમા તરીકે પધરાવી પ્રથક પ્રથક વસ્તુઓ સેવા સામગ્રી તરિકે સમર્પણ કરી આનંદથી પોતાની પાસે જે ચવેણું હોય કે ફળ ફુલાદિ જે મળી આવે તેનો ઠાકોરજીને ભોગ ધરતા અને આરતી ઉતારી પ્રભુને પોઢાડી તેના ભજન કિર્તનમાં તલ્લીન રહેતા, છેક બાલ્યાવસ્થાની તેમની આ નીર્દોષ રસીલી અને સ-આર્થીક રમત ગમતમાં તેમના સરખા સમાણીલા ગોઠીઆઓ સામેલ થતા, તેમાંના કોઇને આરતી સમયે ઘંટાને બદલે થાળી ખખડાવવા-

ની બાળક લાલજી સુપ્રત કરતા તો બીજાની ઠાકોરજીની સેવાના અન્ય કાર્યમાં સહાય લેતા, તેમનાં માતાપિતા લાલજીની આ લીલા જોઇ સાનંદાશ્ચર્ય પામતાં.

લાલજીનું વય વધતું ગયું, અવસ્થા બદલાઇ, યુવાવસ્થા થઇ છતાં તેનું તાન તો હતું તે રહ્યું, એ જોઇ તેમના પિતાએ ઠબકો દીધો કે ભાઇ હવે મોટા થયા, છતાં ધંધામાં ધ્યાન આપો નહીં, કમાવાની કળા શીખો નહીં તો પછી આપણે વાણીઆના દીકરા. કન્યા કોઇ દેશે નહીં, અને કુટુમ્બનો નિર્વાહ થશે નહીં, લાલજીને તો સ્ત્રી સર્પિણી સમાન લાગતી હતી, એટલે પરણવાની તો પરવા નહોતી, નિર્વાહને માટે તો તેમને શ્રી હરિ ઉપર સંપૂર્ણ શ્રદ્ધા હતી તેથી તેમણે એમજ માન્યું હતું કે જે દયાળુ પ્રભુ માતાના ગર્ભમાં પોષણ આપે છે, પ્રેમથી સંભાળે છે અને જન્મ થતાં પહેલાં જન્મનાર બાળકને માટે જનનીના સ્તનમાં પય તૈયાર કરી રાખે છે, તે પ્રભુ કોઇને ભુખ્યાં રાખતોજ નથી, તેમાં તેમનો એક સીદ્ધાંત એ પણ હતો કે "ખાનાર પીનારને દઇવ દાતાર". વળી પરોપકારાર્થે વાપરનારને તો વિભુ તોટો આવવા દેતોજ નથી, આથી તેમના મન ઉપર પીતાની શીખામણ કે ઠબકાની યત્કીંચીત અસર થઇ નહીં, અને હરિ ભજન, સંત સમાગમ અને પ્રભુની સેવામાં સર્વદા તલ્લીન રહ્યા, એ સંબંધમાં ભક્તે પોતાના પીતાને ઉત્તર આપેલો તેને માટેનું એક કવિનું કાવ્ય નીચે આપ્યું છે તેથી તેમનો આંતરભાવ કેવો ઉંચ અને વૃત્તી કેવી વૈરાગ્ય રસમાં રંગાએલી હતી તે ખુલ્લું દેખાઇ આવે છે.

કવિત.

તાતકું કહત લાલ, સુનો મેરી બાત યહ,
સંતનકી સેવા એતો, મેરે મન ભાઇ હે;
કાહેને દલાલી ઇસ, માયાકી પકડ લઇ,
મોહીતો દલાલી ચીત્ત, લાલનકે પાઇહે;
સંત મેરે માત, તાત, ભ્રાત કુલ નાત જાત,
સંતનકી સેવા એતો, શ્રી મુખે સુનાઇ હે;
કહત ગોપાલ લાલ, તાતકુ કહત એસે,
સંતનકી સેવા બીન, કોન ગતિ પાઇ હે.

લાલજીના આવા ઉત્તરથી તેમના પિતા ગુસ્સે થયા ત્યારે લાલજીએ કહ્યું કે એક પેટને માટેજ પ્રભુ ભક્તિ ભુલી પ્રપંચમાં પ્રવર્ત થવાનું હોય તો હવે હું ઘરમાં ખાવા આવીશ નહીં, પિતા પૂત્ર વચ્ચે આવી રીતે ચાલતી ખટપટનું લાલજીનાં સમજુ માતાએ સમજાવટથી સમાધાન કર્યું.

લાલજીના પીતાએ તેમને ભણવા માટે તે વખતની ગામઠી શાળામાં મુકયા હતા જ્યાં તેમણે નામુંઠામું અને લખતાં વાંચતાં આવડે એટલું જ્ઞાન સંપાદન કર્યું. તે પછી તેમને તેમના પીતાએ પોતાના ધંધામાં જોડયા, એક વખત લાલજીને વાંકાનેર જવાનું થયું જ્યાં–તેમણે શ્રી રઘુનાથજીના મંદીરના સાધુ સેવાદાસજી જેઓ રામાનંદી સંપ્રદાયના હતા તેમનો સમાગમ કરી આધ્યાત્મિક જ્ઞાનનો ઉપદેશ લીધો. અને ત્યારથી તેમણે જૈન ધર્મ તજી રામાનંદી સંપ્રદાય સ્વીકાર્યો. જો કે પીતાની મરજી સાચવવાને લાલજીને પીતાના ધંધામાં જોડાવું પડ્યું હતું, સાથે સામેલ રહેવું પડ્યું હતું તેથી તેઓ દુકાનનું કામકાજ કરતા, પિતાની આજ્ઞા ઉઠાવતા, પણ એ કાર્યમાં તેમને રસ પડતો નહોતો, તેમનું ચિત્ત તો સર્વદા ઇશ્વર ભજન અને સંત સાધુઓની સેવા તરફજ આકર્ષાએલું રહેતું. અને જયારે જયારે તક મળે ત્યારે અન્ય વ્યવસાયને અળગો કરી એ કલ્યાણકર કાર્યમાં પ્રેરાતું. ભુખ્યાંને ભોજન આપવા અને તરસ્યાને જળ પાવા તેઓ હજાર કામ પડયાં મુકતાં. અને જરૂર હોય તેને વસ્ત્રાદિ આપી દરેકની ઇચ્છા પૂર્ણ કરતા. આવી રીતે સાંસારીક સાથે ધાર્મિક વ્હેવાર–વ્યાપાર લાલજી ચલાવતા. તેમણે એ સીધ્ધાંત સ્વીકાર્યો હતો કે, દુકાનમાંથી અનાજ તથા વસ્ત્રાદિ આપી જેમ ઘરાક પાસેથી દ્રવ્ય લેવા ઇચ્છીએ છીએ, તે મળે છે, તેમ જે પરોપકાર કરીશું, દાનધર્મ તરીકે આપીશું તેનો પણ બદલો લેવાનો છે અને એ બદલો આપનાર સામાન્ય ગ્રાહક કરતાં એવો બળવાન છે કે તે એક ઘણો નહીં પણ આપેલી વસ્તુનો સહસ્ત્ર ઘણો બદલો આપે છે. આ સીદ્ધાંતથી તેઓ તાત્કાલીક દ્રવ્ય આપી ખરીદનાર ગ્રાહકો કરતાં પૂણ્ય યાને પરોપકાર થાય એવા ગ્રાહકોને સંતુષ્ટ કરવાને અતિ ઉતસુક રહેતા. અને સાધુ સંત તથા અપંગ અભ્યાગતોની જે ઇચ્છા હોય તે પૂર્ણ કરતા, તેઓ ધંધામાં ધન કમાવાને બદલે દુકાનમાંનાં અન્ન વસ્ત્રાદિનું દાન દે છે એમ જોઇ લાલજીના પિતાના હરિફ વ્યાપારીઓ ભુટાશાની દુકાનના ભવિષ્યને માટે વિચીત્ર અનુમાન

આંકી પોતે પ્રસન્ન થતા, ત્યારે કેટલાક બુટાશાને ચેતવવા લાલજીના વર્તનની ચાડીઓ કરતા, આથી બુટોશા વખતો વખત દુકાનનું તળીયું તપાસતા, ચીજ વસ્તુની ગણત્રી કરી જોતા, પણ તેમને તોટો દેખાતો નહી, લાભજ લક્ષમાં આવતો. લાલજી સાધુ સંતને છૂટે હાથે જે માગે તે આપે છે એમ પ્રત્યક્ષ જોનારા આ અને બીજા એવા પડછાઓથી આશ્ચર્ય પામ્યા અને છેવટ આ કોઇ સામાન્ય મનુષ્ય નથી પણ દેવાંશી પુરૂષ છે એમ માની લાલજી પ્રત્યે તેમના હૃદયમાં પુજ્યબુદ્ધિ પેદા થઇ હતી, લાલજીને શ્રીહરીનો સાક્ષાતકાર થયાના ઘણા પડછા છે, અને તેમાંના કેટલાક એવા છે કે જે અશ્રદ્ધાળુ તથા નાસ્તિક હૃદયનાને કદાચ્ અસંભવ અથવા અતિશયોક્તિ ભરેલા લાગે પણ જેમનું હૃદય "ભક્તાધિન ભગવાન" એ સુત્ર શ્રદ્ધાથી સ્વીકારનારૂં છે, તેનો કબુલ જ કરશે કે પોતાના ભક્તને માટે પ્રભુ સર્વથા–સર્વદા તત્પર જ રહે છે, અને ભક્તના મનમાં સંકલ્પ ઉદ્‌ભવતાં પહેલાં તે સીદ્ધ કરવાની શ્રીહરી વેતરણ કરી દે છે, એટલે તેમાં અસંભવ્ય કે અતિશયોક્તિ જેવું કાંઇ નથી, સઘળું સત્ય જ છે. એમ કહેવામાં આવે છે કે એક વખત લાલજીને પ્રભુએ સાક્ષાત દર્શન આપ્યાં હતાં, અને ત્યારથી તેમની સંસ્કારી બુદ્ધિ–શક્તિ સબળ સ્વરૂપે દીવ્ય દીપી નીકળી, અને સરસ્વતિ દેવી સંપૂર્ણ પ્રસન્ન થયાં અને તેમનું વિધાજ્ઞાન અદ્‌ભૂત સ્વરૂપે દર્શન દેવા માંડયું.

લાલજીના પિતા તેમને સ્ત્રી પરણાવી સંસાર જાળમાં નાખવાને અને વ્યાપાર કાર્યમાં પ્રવર્ત કરવાને ઉત્સુક હતા ત્યારે લાલજીએ જૂદીજ દીશા પકડી હતી, તેમણે બ્રહ્મચર્ય દ્રઢ ધારણ કરવાનો નિશ્ચય કીધો હતો. અને સાધુ સંતની સેવા અને પ્રભુ ભક્તિ એજ વ્યાપારને વ્હાલો કર્યો હતો, પિતા પુત્રનો આચાર વિચાર ભિન્ન અને ગતિ પણ ભિન્ન ભિન્ન દીશા તરફ હોવાથી લાલજીને ઘણી વાર સહન કરવું પડયું હતું, છતાં તેમણે દ્રઢતા તજી નથી, કેટલીક વાર તેઓ પોતે ભુખ્યા રહીને પણ અતિથીને જમાડતા હતા.

લાલા ભક્તની અનન્ય ભક્તિ અને તેમના સંબંધના અદ્‌ભૂત ચમત્કાર વાળા પડછાની વાતો સાંભળીને–જાણીને વાંકાનેરના તે વખતના મહારાજા રાજ સાહેબે ભક્તને સન્માન પૂર્વક સમીપ તેડાવી પરોપકારાર્થે કેટલીક જમીન તેમને બક્ષીસ આપી. તથા સીંધાવદરમાં તેમને એક

મંદીર બંધાવી આપ્યું, એ મંદીરમાં ભક્તે શ્રી ઠાકોરજીની મુર્તિ પધરાવી ત્યાંજ પોતાનો નિવાસ રાખ્યો. એ મંદીર અદ્યાપી સુધી તેમને નામે ઓળખાય છે.

સીંધાવદરમાં મંદીર સ્થાપ્યા પછી, એ ગામ દ્વારીકાંના પગરસ્તા પર આવેલું હોવાથી ત્યાં અનેક સાધુ સંતોનું આવાગમન થવા લાગ્યું, તે સઘળાનું આતીથ્ય કરવાને ભક્તને ખર્ચની તંગી જણાવા લાગી, એટલે પ્રભુ પ્રેરણાથી તેઓ પોતાની સંત મંડળી સાથે ગુજરાત કાઠીઆવાડમાં પ્રવાસે નીકળ્યા અને જ્યાં ગયા, ત્યાં તેમનો સારો સત્કાર થયો, એટલુંજ નહીં, પણ પરોપકારાર્થે પૂર્ણ આશ્રય પણ મળ્યો, તે ત્યાંથી ફરતા ફરતા સાયલા તરફ પધાર્યા અને ત્યાં પોતે એક મોટું મનોહર મંદીર બાંધ્યું અને તેમાં સીતા, રામ અને લક્ષ્મણની મૂર્તિઓ પધરાવી પ્રતિષ્ટા કીધી, અને પછી ભક્ત ત્યાં રહ્યા, અને તેમણે પોતાનાં માતાપીતા, ચાર બંધુઓ બ્હેનો અને ભાણેજ લખીરામજી વગેરેને ત્યાં તેડાવી રાખ્યાં. એ મંદીર આજે પણ તેમના નામથી ઓળખાય છે, એટલુંજ નહીં પણ સાયલા ગામને "લાલા ભગતનું ગામ" એ નામે બોલવામાં આવે છે. ભક્તનું સઘળું કુટુમ્બ તેમના ભક્તી ઐશ્વર્યથી તેમનુ અનુયાયી થઇ રહ્યું હતું, ભક્તે સીંધાવદરમાં તો સદાવ્રત ચાલુ કરેલુંજ હતું અને પછી સાયલામાં પણ ચીરાપુરીનું સદાવ્રત ચાલુ કર્યું. ભક્તની આવી પરોપકારી સંસ્થાઓ સ્થાપવાની ઉંચ વૃત્તીથી આકર્ષાઇને ભાવીક જનો તેમને પુષ્કળ દ્રવ્યાદિની ભેટ ધરતા અને તેનો તેઓ એવો સદુપયોગ થએલો નજરે નીહાળતા કે જેથી પ્રતિ દીવસે તેમને વધુને વધુ સહાય મળવા લાગી, ભકતનો અભીલાસ એ હતો કે બની શકે તેટલાં ગામોમાં પોતાના તરફથી નવાં મંદીરો બાંધવાં અને તેને અંગે સદાવ્રતો ચાલુ કરવાં. વળી ભવિષ્યમાં એ સંસ્થાઓ સુવ્યવસ્થીત ચાલે તેને માટે તેમણે યોગ્ય બંધારણ બાંધ્યું છે. અને તે એવું ઉત્તમ છે કે મુખ્ય સાયલાની ગાદીના મહંતના હાથમાં અનિયમીત અધીકાર અને સઘળાં મંદીરોની ઉપજનો કબજો રહે નહીં અને ભવિષ્યમાં દ્રવ્યનો ગેરઉપયોગ થાય નહીં, ભકતના પુનીત પુરૂષાર્થથી, અમદાવાદ નડીયાદ ઇત્યાદી સઘળાં મોટાં શેહેર કસબા અને ગામોમાં મંદીર અને સદાવ્રતો સ્થાપન થયાં છે અને તેની એકંદર સંખ્યા લગભગ ૩૬૦ જેટલી થવા જાય છે.

ભક્તની પરોપકારી વૃત્તી અને અદ્‌ભુત ચમત્કારની વાતો સાંભળીને તે વખતના ગુર્જર નરેંદ્ર સ્વર્ગવાસી વડોદરાના મહારાજા સીયાજીરાવે તેમનો સારો સત્કાર કર્યો હતો. રાજ મહેલમાં તેમની પધરામણી કરાવી હતી અને ડંકો, નિશાન છડી ઇત્યાદી રાજ્યનાં માનસુચક ચિન્હો સમર્પણ કીધાં હતાં.

ભક્તે સંવત ૧૯૧૪ ની સાલમાં સાયલામાં મોટો યજ્ઞ કરી તેમાં એક લાખ ત્રણસોને ચાલીશ રૂપીઆનો ખર્ચ કર્યો હતો અને તે વખતે લગભગ પાંચ લાખ માણસ એકઠું થયું હતું તે સઘળાના ખાનપાનાદિને માટે યથેચ્છ યોજના થવા છતાં ભક્તને દ્રવ્યની મદદ કોના તરફથી મળી એ કળાયું નહોતું અને તેથી એમ કહેવાયું હતું કે મદદ કરનાર શ્રીહરીએ પોતાના અખૂટ ભંડારમાંથી અસાધારણ મદદ પહોંચાડી પોતાના ભક્તનો મહીમા મહિમંડળમાં વધાર્યો હતો.

ભક્ત બહુ સાદા અને માયાળુ સ્વભાવના હતા, પ્રાણી માત્ર ઉપર તેમની અથાક અને સર્વપર સમાન દ્રષ્ટી હતી, શરીરે શ્વેત વસ્ત્ર ધારણ કરતા, કંઠમાં તુલસીની માળા પહેરતા અને કપાલમાં ગોપીચંદનનું ઉભુ તીલક કરતા હતા, તેમની આકૃતિ ભવ્ય અને તેજસ્વી હતી તેમાં બ્રહ્મચર્યના તેજનો ઉમેરો થવાથી તેમની દીવ્યમુર્તિ દરેકને આકર્ષક થતી, તેઓ જેમ ત્યાગી હતા તેમ તેમની ગાદીએ આવનાર પણ દરેક ત્યાગી રહે છે.

લાલો ભગત મનુષ્ય રૂપે જન્મ્યા છતાં પોતાના દેવતાઇ ગુણોનો પ્રકાશ આપી, આત્મકલ્યાણને માટે ભક્તીનું પ્રાધાન્ય પ્રતિપાદન કરી દેખાડી સ્થળે સ્થળે સદાવ્રત અને ધર્મશાળાદિ ધાર્મિક સંસ્થાઓ સ્થાપી પૂણ્ય અને પરોપકારનાં અનુપમ કલ્પવૃક્ષ વાવી સંવત ૧૯૧૮ ના કારતક વદી ૯ ના દિવસે નીવાસ સ્થાન સાયલામાં અખંડ—અવિનાશી શ્રીરામ ના પાદારવિંદમાં વિરામ્યા હતા.

ભક્તનાં માતા પિતા તથા ભાઈ રામજી અને ત્રીકમજી તો તેમની હયાતીમાંજ રામ ધામને પામ્યાં હતાં તેથી તેમના પછી તેમની સાયલાની ગાદી ઉપર તેમના કાકાના દીકરા ભીમજી મહારાજ બેઠા હતા તેઓ લાલજી મહારાજના જેવાજ ભજનાનંદી અને પરોપકારી હતા. તેમનો સવંત ૧૯૩૬ના જેઠ વદી ૯ને ગુરૂવારે સ્વર્ગવાસ થયો. તેમના પછી તેમના ભાઈ

ગોપાલજી મહારાજ ગાદીએ બેઠા તે પણ સંવત ૧૯૪૯ના મહા વદી ૯ને દીને સ્વર્ગવાશી થયા હતા તેમણે વઢવાણ વગેરે સ્થળોએ જગ્યા અને સદાવ્રતો બાંધ્યાં છે તેમના પછી ભીમજી મહારાજના મુખ્ય શીષ્ય ભગવાનલાલજી મહારાજ ગાદીએ બીરાજ્યા. તેઓ પરમ પુનીત, સાધુત્વની સર્વ વિભૂતિથી વિભુષીત અને પરોપકારી તથા પૂર્ણ ધાર્મિક વૃત્તિવાળા હતા તેથી તેમણે પોતાના પૂર્વાધિકારીઓએ સ્થાપેલી સંસ્થાઓમાં વધારો કર્યો અને સંવત ૧૯૫૬નો ભયંકર દુકાળ પડવા છતાં તેવા વખતમાં સઘળાં સદાવ્રતો ટકાવી રાખ્યાં, એટલુંજ નહીં પણ લગભગ ૮૦૦ રાંકાંનું દુકાળમાં તેમણે અન્નવસ્ત્રાદિથી પોષણ કર્યું હતું તેમણે પાટડી આદી સ્થળે સદાવ્રત અને મંદીર બાંધ્યાં. જે પોતાનાં મંદીર માટીનાં હતાં તે લગભગ એક લાખ રૂ. ખર્ચિ પાકાં બંધાવ્યાં. પ્રયાગરાજના ચઢાવમાં હજારો સાધુઓને પોતાના તરફથી માલપુવાની રસોઇ આપી હતી. કાશી અયોધ્યા ઇત્યાદી યાત્રાનાં સ્થળો તથા બીજે જ્યાં જ્યાં ગયા ત્યાં અનેક અભ્યાગતોને અન્ન વસ્ત્રનો આશ્રય આપતા હતા. અને એવાં અનેક પરોપકારી કાર્યો મહારાજ ભગવાનલાલજીએ કર્યાં છે. તેઓ શ્રીનો સ્વભાવ મીલનસાર, પ્રકૃતિ શાન્ત અને અતી માયાળુ હતાં, તેથી બીજા સંપ્રદાયીઓ પણ તેઓશ્રીની સાથે બહુ સારો સ્નેહ સબંધ રાખતા હતા. તેમને પ્રેમથી ચ્હાતા હતા, તેઓ શ્રીએ પોતાની આવા પ્રકારની યોગ્યતા અને શ્રેષ્ટ સાધુત્વ વડે ગુજરાત કાઠીઆવાડમાં સંપૂર્ણ સત્કીર્તી સંપાદન કરી હતી. એ મહાત્માએ સંવત ૧૯૬૪ના પોષ સુદી ૧૫ ને દીવસે અમદાવાદમાં કાનના વ્યાધી નીમીત્તે શ્રી રામ ધામમાં હમેશને માટે નીવાસ કર્યો છે. તેમના પરલોકવાસથી એકલા તેમના ભક્તોએજ નહીં પણ તેમના પ્રસંગમાં આવનાર પ્રત્યે અતીશે શોક પ્રદરશીત કર્યો હતો. એ પરમ પુનીત મહાત્માનું યાવત સ્મર્ણ રાખવા આ અણમોલ "રત્નહાર" તેઓશ્રીને સમર્પણ કરી તેમની પવિત્ર ચીત્ર પ્રતિમા વડે આ પુસ્તકને દીપાવવાની સંત શીરોમણી મહાત્મા શ્રી પારસરામજી મહારાજે સગવડ કરી આપી તેને માટે તેઓ શ્રીનો ઉપકાર માનીએ છીએ અને આશા રાખીએ છીએ કે આ ગ્રંથની સાથે લાલાભકત અને તે પછી તેમની ગાદી ઉપર થએલા મહાત્માઓનું પવિત્ર ચરિત્ર વાંચી તથા મહાત્મા શ્રી ભગવાનદાસની ચીત્ર પ્રતિમાનાં દર્શન કરી સંતુષ્ટ થશે.

કર્તા.

પ્રસ્તાવના.

"રત્નહાર" નું નામ સાંભળીને પ્રત્યેકને સ્વભાવિક કુતુહલ પેદા થશે કે આતે મણી, મૌક્તિક, નીલમ–પન્નાં કે માણિક્યાદિની સૌંદર્ય સંપન્ન અને પૂર્ણ પ્રકાશીત, ગાઢ અંધકારમાં દીવ્ય પ્રકાશ પાડનાર માળા છે! કંઠાભૂષણુ હાર છે! ખરેખર તેમજ હોય તો તે ગ્રહણુ કરતાં પહેલાં તેની કોઇ કુશળ ઝવેરી પાસે કીંમત અંકાવવી જોઇએ. પણુ આ રત્ન-હારમાં તેવું કાંઇ નથી. હા, તેનાથી આંતર અને બાહ્ય હ્રદય દીપે છે, દીપશે. તેનો પ્રકાશ કદી ઝાંખો પડશે નહીં, સદોદિત જ રહેશે, એવાં આ અણુમોલ રત્નોનો હાર છે, ગ્રાહક નહીં હોય તેને તેના ગુણુની ખબર નહીં પડે, પરિક્ષક નહીં હોય તે તેની કદર નહીં કરી શકે! બાકી આ રત્ન-હારમાં ગુંથેલાં–સાંકળેલાં રત્નો એવા છે કે માળવાનો પ્રતાપી ભોજરાજા તે દરેકનું સવા લક્ષ રૂપીઆ પારિતોષક આપવા છતા પણુ તેનું યોગ્ય મુલ્ય અપાતું નથી એમ તેના મનમાં અસંતોષ રહેતો મણી, મૌક્તિક, નીલમ, પન્નાં કે માણિક્યાદિના હાર ચોરાઇ જવાનો ભય છે, તેનું પાણી ઉતરી જવાનો સંભવ છે, અને એતો બાહ્ય સુંદરતાની જ વૃદ્ધી કરે છે, આ હાર ચોરાય-તેમાંનું માત્ર એકજ રત્ન કોઇ હરી જાય તોપણુ સંગ્રહ કરનાર પોતાના શ્રમનું સાર્થક થએલું સમજશે, અને ચોરી જનારને અપૂર્વ લાભદાયી થશે.

આ હારમાં સાંકળેલાં–ગુંથેલાં રત્નો મળ્યાં ક્યાંથી? તેની ઉત્પત્તી ક્યાં છે? નિશંક તે ક્ષાર સમુદ્રમાંથી સાંપડયાં નથી, ત્યાં તે નીપજ્યાં પણુ નથી, અહા! આ હારમાંનાં ઘણાં રત્નો તો સમર્થ વિદ્વાનોના અમૃતમય વિશાળ હ્રદય ઉદધીમાંથી ઉદ્દભવેલાં છે, ક્ષાર સમુદ્રમાંથી કે અવની તળમાંથી પ્રાપ્ત થતાં રત્નો તો એક આર્થિક–વિષયમાંજ ઉપયોગી થાય છે. જુઓ! પારસમણી હવે ક્યાં છે? કે જે લોહને સ્પર્ષ થતાંની સાથેજ કંચન બનાવે? ખરેખર આ હારમાંનાં રત્નો એવાં શક્તિ–સામર્થ્યથી યુક્ત છે. તેમાં કોઇ આર્થિક હેતુ સીદ્ધ કરવામાં સહાયકારી થાય તેવાં છે, તો કોઇ લૌકિક અને પરલૌકિક શ્રેય સાધવામાં ઉપયોગી છે, કોઇ તો એવાં છે

કે જેમ પારસમણીના સ્પર્શ્યથી લોઢું સત્વર સુવર્ણ થાય છે તેની પેઠે મનુષ્યના હ્રદયસ્થાનને તેનો સ્પર્શ્ય થતાં સંપૂર્ણ મનુષ્યત્વથી તેના લોહમય મલીન અંતરને સુવર્ણસમ સૌંદર્યવાન યાને તેજસ્વી બનાવે છે અને ટુંકામાં આ હારમાંનાં રત્નો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પદાર્થની પ્રાપ્તી કરાવે તેવાં છે.

આ હારમાંનાં રત્નો ભિન્ન ભિન્ન સમયે, ભિન્ન ભિન્ન સ્થળેથી સાંપડેલાં તે પ્રસિધ્ધીમાં મુકવાનો પ્રસંગ મળતા લગી સંધરી રાખેલાં હતાં. કેટલાંક સંસ્કૃત સાહિત્યોદધિની પ્રસાદી રૂપ છે, કેટલાંક અનુભવોદધિમાંથી મેળવેલાં છે. જોકે પ્રથક પ્રથક વિષયનાં પ્રથક પ્રથક પુસ્તકો, વાંચવાનો ધણાકને શોખ હોય છે, પરંતુ પોતે શું વાંચ્યું ? અને વાંચનમાં તત્વ શું છે ? તે તારવી કાઢવાની તમા બહુ થોડાજ વાંચકો રાખે છે, તેમાં સાંપ્રત સમયે ધર્મ-નીતિનો બોધ મળે. મનુષ્યત્વ પ્રાપ્ત કરવાની અભીવાંચ્છના ફળે, અને હ્રદયની મલિનતા ટળે એવાં પુસ્તકો વાંચવાની અભિરૂચી જનમનમાંથી ધટી ગએલી દ્રષ્ટીગોચર થાય છે, લોકોની અભિરૂચી કલ્પીત નવલ કથાઓ વાંચવા અને નિર્લજ યાને જન સમાજમાં અધર્મ-અનીતીની વૃધ્ધી કરનાર નાટય પ્રયોગો નિહાળવા તરફ વધુ વીલોકાય છે, એવા સમય અને સંજોગોમાં આ "રત્નહાર" ના ગ્રાહક કોણ થશે ? એ શંકાને મનમાં સ્થાન મળે એ સ્વભાવિક છે, છતાં દુનિયામાં એવા પણ પુરૂષો છે હોવાજ જોઇએ કે સારાસાર સમજી શકે, હીતાહિત વીચારી શકે, એવા જે હશે તે મણી, મૌક્તિક, નીલમ-પન્નાં કે માણીક્યાદિ રત્નોના હાર કરતાં આ "રત્નહાર" ને વીશેષ સુખદાતા-શાન્તીદાતા અને કલ્યાણકર માની તેના વડેજ પોતાના હ્રદયસ્થાનને દીપાવવા તેનો સાદર સ્વીકાર કરશેજ.

આધુનિક સમયે એવા ગ્રંથ તથા લેખોની આવસ્યકતા છે કે જે ધર્મ અને નીતિનો ડગલે ડગલે ને પગલે પગલે વાંચકોને બોધ આપે, રાજભક્તી—દેશ ભક્તીની દ્રઢ છાપ જન-હ્રદયમાં સજ્જડ છાપે, પરંતુ વાંચકોને વાંચવા મળતા ધણા ગ્રંથ એવા હોય છે કે "એંશી હાથના ઉંડા કુવામાં ઉતરવા છતાં પ્યાલો પાણી પણ પીવા ન મળે" તેની પેઠે તેમાંથી કશું તત્વ હાથ લાગે નહીં, હાથ લાગે તો એવું કે જનહ્રદય અધર્મ અનાચાર

અને અનિતિને માર્ગે પ્રેરાય, રાજભક્તી ને દેશભક્તી લય પામી એવી ઉચ્છ્રંકળતા દ્રષ્ટીગોચર થાય કે સમજુ પુરૂષોને ખેદ પેદા થાય. અલબત કદાચ લેખકો નવું યોગ્ય વાંચન ન નીપજાવી શકે તો ખેર, પણ જે જુનું છે, આપણા પૂર્વજોએ આપણને જે વારસામાં આપ્યું છે, તેમાંથી જમાનો જોઈ જોઇતું પુરૂં પાડવાની પ્રવીણતા બતાવે તોપણ તે પુરતું થઇ પડે, મહારાજા ભોજના સમયનો વાગ્વિલાસ અખુટ ખજાના જેવો છે. સિવાય બીજાું ઘણું છે, મહાભારત અને રામાયણના ગ્રંથોમાંથી વાંચકોને જોઇએ તેટલું આપી શકાય તેમ છે, શું ! એ ગ્રંથોમાંથી રાજા અને પ્રજા બંનેના ધર્મનું સદ્દશીક્ષણ ઓછું મળે છે ? ત્યાગી અને સંસારી, સ્ત્રી અને પુરૂપ, પુત્ર અને પિતા પ્રત્યેકને એ ગ્રંથો તેમના સ્વધર્મનો સત્ય માર્ગ સ્પષ્ટ દેખાડે છે, પણ તેમાંથી ચુંટણી એવી રીતે થવી જોઇએ કે તે દરેક સૂત્ર અણુમોલ રત્ન કરતાં પણ વાંચકને અધીક લાભદાયી થઇ પડે, સુધા સીંધુ સમાન સુખકર—શાન્તીકર થાય. આ " રત્નહાર " માંનાં સુત્રો દરેક એવાં છે કે કેમ ? તેને માટે અમારે અભિપ્રાય શા માટે આપવો ? અમે તો તેની ખરી કીંમત આંકવાનું અમારા સુજ્ઞ વાંચકોની મુનસફી ઉપર છોડીએ છીએ, છતાં એટલું તો કહીએ છીએ કે "રત્નહાર" એ એવો પુનિત પ્રસાદ રૂપ છે કે તે રાય અને રંક, શ્રીમાન અને ગરીબ, ત્યાગી અને સંસારી, સ્ત્રી અને પુરૂપ, બાળ, યુવા ને વૃદ્ધ એ સર્વને તેમાંથી શ્રેયસ્કર પ્રસાદી પ્રાપ્ત થશે, પરમ કલ્યાણદાયક થઇ પડશે, માટે તેનો યથેચ્છ લાભ લેવાની યાચના કરીનેજ અટકીશું.

છુટાં છવાયાં વીણીને એકઠાં કરી રાખેલાં તથા સ્વાનુભવથી ઉદ્‌ભવેલાં આ રત્નો " સુભાષીત રત્નમાળા " ના મથાળા નીચે કાઠિઆવાડ અને મહીકાંઠા ગેઝેટ" દ્વારે પ્રસીદ્ધિમાં મુકયાં હતાં, વાંચકોને તે રૂચીકર થયાં હતાં અને ઘણાએ આ અણુમોલ રત્નો આવી રીતે છુટાં વેરી નાંખવાને બદલે તેનો એક હાર ગુંથી પુસ્તક રૂપે પ્રસીધ્ધીમાં મુકવાની ઘણી વખત સુચના પણ કીધી હતી. પરંતુ વાંચકોને સુવીદિત હોવું જોઇએ કે અમારા ગુજરાતીબાઇઓ આવા કાર્યમાં સહાયકારી થવાની સ્પૃહા બહુ ઓછીજ રાખે છે અને પુસ્તક પ્રસીધ્ધીનું કાર્ય શ્રમની સાથે ખચીત વધુ ખર્ચાળ છે, એટલે "રત્નહાર" અમારા સુજ્ઞ વાંચકોની સેવામાં સમર્પણ કરવાને અમારે સીથિળ રહેવું પડયું હતું. પરંતુ એક વખત સંત શીરોમણી

મહાત્માશ્રી ૧૦૮ શ્રીમાન પારસરામજી મહારાજની દ્રષ્ટીએ ઉક્ત પુસ્તક લાવવાનો અચાનક પ્રસંગ આવી મળ્યો, તેઓશ્રીએ અનુગ્રહથી "રત્નહાર" પ્રસીધ્ધીમાં મુકવાની પ્રેરણા કરી જેના આવિરભાવથી આ પુસ્તક વાંચકો સન્મુખ સમર્પણ કરવાને અમે શકતીમાન થયા છીએ, જેથી આ "રત્નહાર" જો અમારા સુજ્ઞ વાંચકોને હિતકર યાને હૃદયહારક લાગે તો તેને માટે તેમણે એ સંત મહાત્માનો જ ઉપકાર માનવાનો છે, અથવા તેઓશ્રીનેજ ધન્યવાદ આપવાનો છે. સંતો એજ કે જેમના સત્સંગથી જનહિતના કાર્યને ઉત્તેજન મળે, સંતો એજ કે સમાજનું શ્રેય શેમાં સમાએલું છે તે જોઇ તપાસીને કેવળ પરોપકાર વૃત્તીથી સુમાર્ગ સુચવે, પરમ પુજ્ય મહાત્મા શ્રી પારસરામજી મહારાજે ઉક્ત પુસ્તક " રત્નહાર " પ્રસીદ્ધીમાં મુકવાની સરળતા કરી આપી–સુચના આપી જેને માટે આભારની લાગણી પ્રદર્શીત કરવાની આવશ્યક્તા શા માટે સ્વીકારવી ? કારણ કે મહાત્માઓનું અસ્તીત્વજ અવની તળમાં જનહીત અને પરોપકારાર્થેજ છે.

વિવિધ વ્યવસાયને લીધે પુસ્તકનાં પૃષ્ઠ જોવાને–તપાસવાને અમને યથાવકાશ મળ્યો નથી, આ કારણથી કવચીત્ ભુલો રહેલી ઘણા વાંચકોને દ્રષ્ટીગોચર થશે, પણ તેમણે ઐાદાર્યતાથી લક્ષમાં લેવાનું છે કે અંધકાર અળગો કરી હૃદયસ્થાનને ઝળાં ઝળા કરી મુકનાર રત્નોને કદાચ્ કીંચીત બાહ્ય દોષ દેખાય, તેટલાથી તેનું મૂળ તત્વ અને વાસ્તવિક કીંમતમાં ઘટાડો થઇ જતો નથી, અને જેઓ સારગ્રાહી છે, સત્યાવલંબી છે, તેઓ તો એવા સહજ દોષો તરફ દુર્લક્ષ્ય રાખી ગુણગ્રાહીજ થશે અને ક્ષમા આપશે એવી અમે આશા રાખીએ છીએ.

" રત્નહાર 'ના પહેલેથી ગ્રાહક થઇ જે મહાશયોએ અમને પ્રોત્સાહીત કર્યા છે, તથા સર્વદા સાક્ષર સહાયક વિદ્યાવિલાસી મહા પુરૂષ ડાક્ટર પોપટભાઇ પ્રભુરામ, જે. પી., એલ. એમ. એસ. અને વૈદરાજ ત્ર્યંબકલાલ વી. જટાશંકર ભટ્ટે અમારા શારીરીક અને માનસીક બળને પોષણ આપી પુસ્તક પ્રસીદ્ધીમા મુકવાનો અમારો શુભ મનોર્થ સીદ્ધ કરવામાં જે સહાય આપી છે તેને માટે અત્ર સ્થાને એ બન્ને કૃપાવંત ગુરૂજીઓના ઉપકારની લાગણી પ્રદર્શીત કરવાની આ તક અમે ખોઇશું નહીં.

"રત્નહાર"નો આ પ્રથમાંક છે, વાંચકો તેનો સાદર સ્વીકાર કરી

અમને ઉદાર આશ્રય અને ઉત્તેજન આપશો તો દ્વીતિયાંક પ્રસીદ્ધીમાં મુક-વાની શુભેચ્છા રાખી છે, પ્રભુ અમારી એ ઇચ્છા પૂર્ણ કરો, એજ પ્રાર્થના.

મોહમયી–સંવત ૧૯૬૭
કાર્તીક કૃષ્ણપક્ષ–ઉત્પત્તિ.
એકાદશી.

મોતીલાલ છોટાલાલ વ્યાસ.
અધીપતિ–"કાઠીઆવાડ.
અને મહીકાંઠા ગેઝેટ."

રત્નહાર.

સર ૧ લી.

૧ પૃથ્વી અનેક રત્નોથી યુકત છે, છતાં પરિક્ષકના અભાવે તે ધુળ નીચે ઢંકાએલાં રહે છે, લાયક ઝવેરીજ ઉત્તમ રત્નોની યથેચ્છ કીંમત આંકી શકે છે. ભરૂ ને કદાચ સ્ફટિક મણી સાંપડે તો તે તેને સુંદર પથ્થર સમજી મહીષીની કોટે લટકાવશે, પણ જો તે લાયક ઝવેરીના હાથમાં જશે, તો તે મહાન ભુપતિના કંઠાભરણમાં બીરાજવાને ભાગ્યશાળી થશે.

૨ બીલોરી કાચનો કટકો ભલેને ઝળાં ઝળાં કરી રહયો હોય પણું કાચજ છે, કોડીના મુલનો છે, અને કોહીનુર કદાચ મલીનતા શ્યામતાથી ઘેરાએલો હોય, તો પણ આખર તે અણમોલ રત્ન જ છે, ભભકો ભાળીને ભોળાઓ મોહીત થાય છે, પણ જ્યારે ભોપાળુ ખુલ્લુ પડે છે, ત્યારે મોહ પામનારા પસ્તાય છે.

૩ અણમોલ રત્નોનો ગ્રાહક કોણ થાય ? ખરો-પરીક્ષક ઝવેરીજ. તેનો ગ્રાહક થાય છે, તે પોતાની પેટી અનેક રત્નોથી ભરેલી હોવા છતાં પોતાની દ્રષ્ટીએ આવેલુ રત્ન બીજાને હાથ જવા દેશે નહીં, પણ તેની ખરી કીંમત આંકીને લેશે જ લેશે.

૪ અન્ય સર્વ રત્નોમાં વિદ્વાન રત્નો અમુલ્ય છે, કેમકે તેની વિભુતિનો પ્રાસાદ અજ્ઞાન તિમીરને અળગું કરી વીશ્વને ઝળાંઝળાં કરી મુકે છે. સ્મૃદ્ધિવાન દેશ કરતાં વિદ્વાન રત્નોથી વિભુષિત દેશ દુનિયામાં સર્વોત્તમ પદ ભોગવે છે, પુર્વ કાળમાં ભારત

વર્ષનો યશ—મહિમા મહી મંડળમાં સર્વત્ર ગવાતો, તેનું કારણ એજ હતું કે તે કાળે અનેક વિદ્વાન રૂષી—મુનીઓ રૂપ રત્નોથી ભારતવર્ષ યુકત હતો.

૫ ખરેખરાં રત્નો તે રત્નો જ છે, તેનાથી કંઇ તપ્ત હૃદયને સિતળતા મળતી નથી, જ્ઞાન તૃષા ટળતી નથી, બુદ્ધિને ઉજવળતા મળતી નથી, સુબોધ સ્મૃધ્ધિ સાંપડતી નથી, ધર્મ જીજ્ઞાશા પ્રપુર્ણ થતી નથી, અને વિવિધ રસાભિલાષા ફળતી નથી. એટલા માટે વિવેકી પુરૂષો એવાં રત્નોને શોધીને સંઘરે છે, કે જે જ્ઞાન તૃષા નીવારે, બુધ્ધિનો વિકાસ—પ્રકાશ કરે, સુધા સમ સુબોધથી સંતુષ્ટ કરે, હૃદય તાપ હરે, ધર્મ-અર્થ, કામ ને મોક્ષ એ ચારે પદાર્થની પ્રાપ્તી થાય, અને રસીકની રસ વૃતી રસમાં રંગાય, એતે ખરાં રત્ન, તેને યત્ન કરી મેળવનાર, જત્નથી જાળવનાર, ખાંતથી ખીલાવનાર, રસની રસીમાં પરોવી કંઠે પહેરનાર, પુરૂષો જ સાચા સોહાગી, અને ભરપુર ભાગ્યશાળી છે.

૬ રત્ન તે એજકે જેના સ્પર્ષથી લોહ કંચન થાય, રત્ન તે એજ કે જેના વડે ગાઢ અંધકારને સ્થળે દીવ્ય પ્રકાશ પ્રગટ થાય, રત્ન તે એજ કે જેની પ્રભાના પ્રભાવથી શશી સુધા વર્ષાવે, રત્ન તે એજ કે, જેના આવિર્ભાવથી દુઃખ દારિદ્ર પળમાં પલાવે. જે રત્ન એવા ઐશ્વર્યથી યુકત ન હોય તે ભલે રત્ન કહેવાય, પણ તે પથ્થરજ છે.

૭ રત્ન, પુત્ર રત્ન, સ્ત્રી રત્ન, વીરરત્ન, વીદ્વાનરત્ન, એ બધાં વીશ્વ વ્હેવારમાં અત્યુપયોગી છે, તેમ કલ્યાણકર છે, છતાં રત્ન એક રીધ્ધિ દાતા છે, તેનાથી તો વસુજ વસાવી શકાય છે, અને તે ક્ષણમાં અલોપ થઇ જાય છે. અન્ય રત્નોનો જ્યોતિ અખંડ પ્રકાશિત રહે છે, તેમ આ લોક ને પરલોક બંને સુધારેછે.

૮ સાહિત્ય સ્મૃધ્ધિમાંથી વીણી કાઢેલાં રત્નોનો હાર પહેરવાને એવાજ પુરૂષો યોગ્ય છે, કે જેઓ તેની ખરી કીંમત આંક-

વાને શકતીવાન હોય, પુષ્પહારની પરાગ તે કરમાયા પછી કમી થઇ જાય છે, મણી—મુકતા હાર ચોરાઇ જવાનો ભય પેદા થાય છે, -હૃદયને શાન્તિ કે આનંદ આપવાને બદલે ગર્વ કે વિષાદથી મન ઘેરાય છે, પણ આ જે રત્નો છે, તેનો હાર ચોરાઇ જવાનો ભય નથી, વિષાદ કે ગર્વ થવાનો નથી, રહેવાનો નથી, વળી જો કોઇને તે બક્ષીસ અપાશે તો તો અધીકાધીક પ્રકાશને પામશે.

૯ શબ્દના પુષ્પો એ એક એવી વસ્તુ છે કે, જેનો સુવાસ દેશ વિદેશ સર્વત્ર પવન વેગે પ્રસરેછે, અને તે જેના વદન કમળ માંથી ખરે છે, તેના તરફ એ સુવાસનો લાભ લેનારનું -હૃદય ત્વરાથી આકર્ષાય છે.

૧૦ પુષ્પ પરાગનો લાભ લેવાને જેમ અલીવૃંદો આકળાને અધીરા થઇ દુરથી દોડી આવે છે, તેમ શબ્દ પુષ્પોની સુગંધ લેવાને રસાભિલાષી—પાત્રજનો પ્રેમથી પહોંચે છે.

૧૧ શબ્દ પુષ્પોની શ્રેષ્ટતાનો સઘળો આધાર -હૃદય ભુમીની ઉત્તમતા ઉપર રહયો છે. " હૈયે તેવું હોઠે " એ કહેવત એજ કારણથી ઉદભવેલી હોવી જોઇએ.

૧૨ સુભાષીત સર્વથા શુભ પ્રાપ્તી કરાવે છે, તેનાથી કલાન્તતાનો ખેદ રહેતો નથી, તપ્ત -હૃદયને શાન્તી મળે છે, મુઢતા જતી રહે છે, બોધ ગ્રહણ કરવાનું ચાંચલ્ય સ્ફુરે છે, ચીત્તની વ્યાકુલતા મટી સ્થીરતા થાય છે.

૧૩ ગોળથી મરે તેને વીષ દેવાની શું જરૂર છે ? નહીંજ. વીના યુધ્ધે શરણે થાય, તો પછી યુધ્ધ ચાપલ્ય બતાવી અનેક જીવોનો સંહાર શા માટે કરવો જોઇએ ? રસનાની રસીથી બંધાય તો સંગીન સાંકળોના બંધનની આવશ્યકતા શામાટે સ્વીકારવી?

૧૪ એકજ જીહ્વાવડે શત્રુ કે મિત્ર પેદા કરી શકાય છે, એતો પ્રચલીત કહેવત છે કે " જીભમાં ઝેર ને જીભમાં અમૃત" તો પછી એ જીહ્વા વડે અમૃત છાંટવાને બદલે હળાહળ વીષ શામાટે સીંચવું ?

૧૫ રસયુકત મધુરવાણીથી શું નથી બનતું ? જંગલમાં વસનારા પ્રાણીઓ પણ વાણીથી વશ થાય છે, સંગીત સાંભળવાને જીવ જવાનો ભય તજી કસ્તુરી મૃગો આકર્ષાય છે, એ વાણીનો મહિમા નહીં તો બીજું શું ?

૧૬ વાણી એ મનુષ્ય પરીક્ષા માટેનું શ્રેષ્ટ સાધન છે. વાણીબીજ, કુલ અને જાતનું પીછાન પડે છે.

૧૭ કોયલ કંઈ દેતી નથી, અને કાકપક્ષી કંઈ લઈ લેતો નથી, છતાં પહેલાની વાણી સાંભળી હૃદયને આનંદ થાય છે, ને બીજાની વાણી સાંભળવી પણ નથી ગમતી, એ વાણીમાં વસેલી માધુર્યતાનો પ્રતાપ છે.

૧૮ વાક પ્રહાર અન્ય અસ્ત્ર શસ્ત્ર કરતાં અધીક અનીષ્ટ ફળ ઉપજાવે છે, અન્ય અસ્ત્ર શસ્ત્રનો ઘા કાળાન્તરે પણ રૂઝાય છે, વાકબાણનો પ્રહાર રૂઝાતોજ નથી. તેટલા માટેજ વીચારીને વચન કાઢવા મહાપુરૂષો બોધે છે.

૧૯ એક વાણી ગમે તેવા વૈરાગ્નિને સહજમાં બુઝાવી દેછે, ત્યારે એક વાણી અગ્નીમાં ઘીની આહુતીની ગરજ સારે છે.

૨૦ જે વચન હોઠ બહાર નીકળ્યું તે નીકળ્યુંજ, “ બોલ્યું બહાર પડે ને રાંધ્યું વરે પડે ” એ કહેવત એટલા માટેજ યોજાઇ છે.

૨૧ મીઠાબોલા પોપટને પ્રત્યેક પાળવા ઇચ્છે છે, કાગડાને કોઈ પાળતુંજ નથી, કારણ કે તેની વાણીમાં કટુતા વસેલી છે.

૨૨ કલાન્તનો ખેદ તજે છે, તપ્ત મટી ટાઢુ થાય છે, મુઢ મટી બોધ ગ્રહે છે, વ્યાકુળ સ્થીર થાય છે એમ સુભાષિત સર્વથા શુભ પ્રાપ્ત કરાવે છે,

૨૩ મણીમય ભુજંગ મોરલીનો મૃદુરવ સાંભળી નિર્ભય પણે સન્મુખ આવી લડે છે એ પણ વાણીનો મહિમા છે.

૨૪ ધર્મ તે એજકે જેને ધારણ કર્યાથી જીવાત્મા પોતાનું આ લોક અને પરલોક સુધારી શકે.

૨૫ નિર્ધન મનુષ્યો જેમ ધનને માટે યત્ન કરે છે, તેમ જો ધર્મને માટે યત્ન કરવામાં આવે તો મનુષત્વનું સાર્થક થાય, મનુષ્યદેહ આપવામાં કર્તાનો એજ ઉદેશ છે, મનુષ્ય સીવાય અન્ય પ્રાણીઓ ધર્મ ને માટે યત્ન કરવાને સશકત નથી.

૨૬ પુર્વે કરેલા ધર્મ સંચયના પ્રાબલ્યથી મેળવેલો મનુષ્ય દેહ ગુમાવ્યાથી પુનઃ તેની પ્રાપ્તી થવી દુર્લભ છે, તો ઉચીત એજ છે કે, મળેલી સમય સંધી વ્યર્થ વ્યતીત કરવાને બદલે બને તે-ટલો ધર્મને માટે યત્ન કરવો.

૨૭ જેમ સચીવ વિનાનું રાજ્ય, હથિયાર વિનાનું સૈન્ય, નેંત્ર વીનાનું મુખ, વાદળાં વિનાની વર્ષા, દાન વીનાનો ધ-ની; ધૃત વિનાનું ભોજન, શીલ વીનાની પત્નિ, સ્નેહ વિનાનો સુહ્રદ, પ્રતાપ વિનાનો રાજા, ભકતી વિનાનો શીષ્ય, તેમ ધર્મ વીનાનું મનુષ્યત્વ નકામું છે.

૨૮ સંપત્તિ તો જળના તરંગ જેવી છે, યૌવન ચાર દીવસ ના ચાંદરણા જેવું છે, આયુષ્ય શરદ રૂતુના વાદળાં જેવું ચંચળ છે, લક્ષ્મી અવીશ્વાસનિય છે, પણ ધર્મ તો અનિંદ્ય છે, નિત્ય છે, તો તેજ સાધવો એ અવશ્યનું છે.

૨૯ અપાર વિભૂતિથી વિભુષીત મહાન પુરૂષોની વિભુતી જતી રહી, વિભુતીજ રહી, વિભુતિજ થઇ, અમર કોઇ રહયું નથી, ને રહેવાનુંએ નથી, આપણે જાણીએ છીએ કે મોટા થતા જઈએ છીએ, પણ એક ક્ષણ જાય છે, તે આયુષ્યમાંથી ઓછીજ થાય છે, જુઓ ! મહાન પ્રતાપી રામ કયાં છે ? પ્રતાપી પાંડ-વો કયાં છે ? સત્ય શીલ હરીશ્ચંદ્ર કયાં છે ? કોઈને જોતઃ નથી,

પણ એવા મહાન પુરૂષોએ ધર્મ સાધના કરેલી તે યાવત રહેલી છે, ને રહેશે.

૩૦ લક્ષ્મી કોની થઈ છે, ને થવાની છે ? તે ચળીત છે, પાત્રાપાત્રનો તેને ભેદ ભાવ નથી, ઘડિકમાં સમુદ્રના મોજાની માફક તે ઉભરાઇ આવેછે, અને ઘડિકમાં તેણે કયાં ગમન કર્યું, તેની ગમ પણ પડતી નથી. ધર્મ અહાવો અસ્થીર નથી, તે તો તેના સાધકને–સર્વદા–સર્વથા સહાયક રહે છે, તેજ સુખકર છે, શાન્તી દાયક છે.

૩૧ વિશ્વ વંદ્ય કુળ, નિરોગી શરીર, શુધ્ધ જાતી, સુરૂપ, સૌભાગ્ય, અને લલિત લલના, કમળા, ચીરાયુ, તારૂણ્ય, અવિકળ-બળ, અતુલસ્થાન, એ એવું જે કંઇ શ્રેય હોય, તે ધર્મથીજ પ્રાપ્ત થાય છે, આ સઘળી અથવા આમાંની કાંઇ ખામીને લીધે મનુષ્યો શોક કરે છે, પણ જેનાથી એની પ્રાપ્તી થાય છે, તે ધર્મને વીસરી ગયાનો પશ્ચાતાપ કરવો જોઇએ, તે કરતાં નથી, અને પુનઃ તેમ ન બને તેને માટે તત્પર રહેતા નથી.

૩૨ ધર્મ છે તો અદૃશ્ય, પણ બુધજનો તેનું અનુમાન શુભોદયથી કરી લેછે, જેમ નદીમાં પુર આવે ત્યારે પર્વતમાં વૃષ્ટી થયાનું અનુમાન લેવાય છે, તેમ જેઓને સારી પ્રજા હોય, અથવા સારી સ્થીતિમાં હોય, તે શાથી પ્રાપ્ત થયું, તે કોઇએ જોયું નથી, પણ સ્વભાવિક રીતે અનુમાનથી એમ કહેવામાં આવે છે કે, તે પુર્વના પુણ્યથી પ્રાપ્ત થયું છે, અને તે ખરૂં છે.

૩૩ જ્યોતિષ શુકન ઇત્યાદીને ન ગણકારે, તેને ક્ષેમ નથી. વૈદકને ન ગણકારે, તેને આયુષ્ય નથી. નીતીનો દ્વેશ કરે તેને લક્ષ્મી નથી, પણ ધર્મ નહીં આચરનારને તો તેમાંનું એકે નથી. માટે એ સઘળાની પ્રાપ્તીને અર્થે ધર્મની આવશ્યકતા છે.

૩૪ સકળ જન્મ વિભુતિ, અનેકપ્રકારના પ્રિય સમાગમના સુખની પરંપરા, નૃપકુલમાં ગૌરવ, ને વિમળ યશ, એ ધર્મ તરૂનાં ફળ છે.

૩૫ " ધર્મનાં મુળ ઉંડાં છે " એ કહેવતનું તાત્પર્ય એજ છે કે, ધર્મનું બીજ વાવ્યા પછી તેનું ઉગેલું વૃક્ષ પવનના જબરા ઝપાટા લાગવા છતાં પણ કદી ઉથલી પડતું નથી, અધર્મનું વૃક્ષ ભલે ઉપરથી મનોહર લાગે, પણ તેનાં મુળ એટલાં છીછરાં છે કે પવનનો સહજ સપાટો લાગતાં તે હતું નહોતું થઈ જાય છે.

૩૬ ધર્મનાં બીજનો અંકુર મોડો ફુટે છે, એ વૃક્ષને ખીલતાં ને ફળ, ફુલ આવતાં પણ વીલંબ લાગેછે, પરંતુ એ વૃક્ષ યાવત ટકી રહે છે. અધર્મનું વૃક્ષ ઉગે છે જલદી, જલદી ફાલે છે ફળે છે, અને તેનો ક્ષય પણ સત્વર થાય છે, ધર્મીઓના કરતાં અધર્મીઓને કદાચ અધીક સુખી જોશો, પણ ધ્યાનમાં રાખશો કે તેનું સુખ ચાર દીવસના ચાંદરણા જેવું છે.

..૩૭ કલ્પ વૃક્ષોમાં જેમ પારિજાત મુખ્ય છે, તેમ ધર્માંગોમાં દાન સર્વથી મુખ્ય ગણે છે.

૩૮ દાન વડેજ મહાન પ્રતીષ્ટાને પમાય છે, કંઇ હાથી, ઘોડા, ઇત્યાદિ વાહનો ઉપર ચઢવાથી પ્રતીષ્ટા મેળવાતી નથી.

૩૯ શોભીતી અંબાડી વાળા હાથી ઉપર મુર્ખ માણસો પણ બેસી શકે, ઘોડાના ખાસદારો શ્રેષ્ટમાં શ્રેષ્ટ ઘોડા ઉપર બેસે, નટનટાદિ તાંબુળાદી ચાવે છે, હયાદિ પણ પેટ ભરે છે, ચકલી આદી જંતુ પણ મોટા મહેલમાં વસે છે, તેમાંના કોઈની સ્તુતી થતી નથી, સ્તુતી તો માત્ર તે કૃતાર્થ પુરૂષનીજ થાય છે કે જે લોક માત્રની કામનાનો પુરનાર છે.

૪૦ દાતારો ઉપર વીધી હમેશાં કૃપાળુ રહે છે, જુઓની વારીધર જ્યારે જળદાન આપે છે, ત્યારે તેને તે વિદ્યુતરૂપી આભુષણથી શોભાવે છે, વસંત રૂતુમાં વૃક્ષો ફળ પુષ્પનું દાન કરે છે,

ત્યારે તેના આગંગ ભ્રમર રૂપી બંદીજનો સ્તુતી ઉચરે છે, ભીતિથી બચાવનાર અને વૃતી આપનાર એવા ગીરીની ચામરાદિ અનેક ઉપચારવડે પુજા થાય છે, અહા! આવા અચેતન દાતારો ઉપર વીધીની આવી કૃપા છે તો સચેતન (મનુષ્યો) ઉપર કેમ ન હોય વારૂ ?

૪૧ દાનના પાંચ પ્રકાર છે, ૧ અભયદાન, ૨ સુપાત્રદાન, ૩ અનુકંપાદાન, ૪ ઉચીતદાન, ૫ કીર્તિદાન, એમ મહાપુરૂષોનું કહેવું છે. અભયદાન તેજકે જેનો નાશ થતો નથી, કોઇથી હણી શકાતું નથી—હરી શકાતું નથી. યોગ્યાયોગ્યનો વીચાર કરીને યોગ્ય હોય તેનેજ એટલે યોગ્ય પાત્ર હોય તેને દાન આપવું તેનેજ સુપાત્રદાન કહેવાય. જેઓ સેવા બજાવીને, ખુશામત કરીને મહેરબાની મેળવનારા છે, તેને દાન આપવું એ અનુકંપા દાન છે. યોગ્ય પ્રસંગે યોગ્ય જનને આપવુંજ જોઇએ, એવા પ્રચલીત નીયમને અનુસરીને આપેલું દાન ઉચીતદાન છે. અને જેઓ જગતમાં પ્રસીધ્ધીને માટે અથવા પ્રતીષ્ટાની વૃધ્ધીને અર્થે દાન આપે છે, ઉદારતા દર્શાવે છે, એ કીર્તીદાન છે.

૪૨ દાનના સર્વ વિભાગમાં વિદ્યાદાન એ સર્વથી શ્રેષ્ટ છે, વીદ્યાવૃધ્ધીમાં વ્યયે કરનારની સત્કીર્તિનો સુર્ય કોઇ કાળે અસ્ત પામતોજ નથી, શ્લોક, ગાથા, પદવરણ, વાર્તા, વાકયાદિથી રંજન થઇ પંડીતાદિને લાખ સવાલાખ પર્યંતનાં પારિતોષક આપનાર માળવાના મહારાજા ભોજની સત્કીર્તીનો સુર્ય આ આર્યાવૃતમાં અત્યારે પણ પ્રકાશીત જણાય છે.

૪૩ દાન કરવામાં પાત્રાપાત્રનો ભેદ ધ્યાનમાં રાખવાની ખાસ આવશ્યકતા છે, તેવો ભેદ ધ્યાનમાં રાખ્યાવિના કીધેલું દાન કોઇ વખત વીપરીત પરીણામ આણે છે, ગાયને આપેલા ખોળનું દુધજ થાય છે. પણ સર્પને પાએલા દુધનું તો ઝેરજ થાય છે.

૪૪ પ્રદત્ત અને પ્રભુક્ત એ બે વચ્ચે મહાન ભેદ છે, પ્રદત્ત તે અનંત કલ્યાણને આપે છે પણ પ્રભુકતથી તો માત્ર વિષ્ટાજ થાય છે, સામાન્ય રીતે એમ કહેવાય છે કે, "આપશે તેવું પામશે" તો જેણે કાંઇ આપ્યું જ નથી તેને મળવાનું જ નથી. આપવું તે લેવાને માટે જ છે.

૪૫ દાન તે માનવ વા દાનવને ઈંદ્રની પદ્વીએ પહોંચાડવા સમર્થ છે, વાસવની પત્ની સાથે ક્રીડા કરાવે તેવું છે, મોક્ષનાં કમાડને ચીરવામાં ઇંદ્રના વજ્ર રૂપ છે, સ્વર્ગસ્થ જીવના પૂણ્ય રૂપી પ્રાસાદનો ધ્વજ છે.

૪૬ દાનથી દુરિત માત્ર પાછાં હઠે છે, પાત્રે દાન કરવાથી ધર્મ સંચય થાય છે તે સીવાયના પ્રતિ કરેલું દાન દયા દર્શનના ફળરૂપ થાય છે, મીત્ર પ્રતી પ્રીતિનું વધારનાર, રીપુ પ્રતિ વૈરને ટાળનાર, ભૃત્ય પ્રતિ ભકતી વધારનાર, નૃપતિ પ્રતિ સન્માન અપાવનાર અને ભાટાદિ પ્રતી યશોગાન ગજાવનાર થાય છે એમ દાન કોઇ પણ સ્થળે નીષ્ફળ થતું નથી.

૪૭ વિરલ પુરૂષોજ આપે છે ને આપી જાણે છે, કલ્પ દ્રુમ આપે છે પણ જાણતું નથી, બ્રહુસ્પતિ જાણે છે પણ આપતા નથી.

૪૮ જેમને પેટ ભરવા જેટલું પણ નથી તેવાનો અવતાર વૃથા છે તેમ સમર્થ હોય તેવા પણ પરોપકાર ન કરે તો તે જન્મ્યા ન જન્મ્યા જેવા છે.

૪૯ હજારો શાખાથી શોભતાં વૃક્ષો વનમાં કયાં પડયાં નથી? પણ ઉત્તમ સુગંધથી આકર્ષાએલાં અલીવૃંદોથી જેનાં પત્રો ભરાઇ ગએલાં છે એવાં તો કોઇક જ હોય છે, પુરૂષ તો ઘણા છે પણ જે પરોપકાર રૂપી સુગંધે યુક્ત છે તેજ જન સમુદાય રૂપી અલીવૃંદોને આકર્ષે છે.

૫૦ સરોવર તેજ કે ખાલી આવેલા ઘડા જ્યાંથી ભરાઈને જાય છે, શ્રીમંત તેજ કે આશાએ આવેલા તેની પાસેથી નિરાશ થઈ જતા નથી.

૫૧ જેને આપન્તી હોય તેજ પાત્ર છે, યાચના કરે છે તેજ આપવા યોગ્ય છે અને જે અપાય છે તેજ દાન છે, અમુક આપવા યોગ્ય નથી એમ કહી પાત્ર શોધવા રહીએ તો વખત વ્યતીત થઇ જાય છે ને કાંઇ અપાતું નથી.

૫૨ અનેક યાચકો યાચના કરવા આવે તેમાં એકાદ એવું સત્પાત્ર હોય છે કે જેને આપ્યાથી ધર્મ રાજાના ચોપડામાં કદી ન ખુટે એવું પુણ્ય ખાતે જમે થાય છે.

૫૩ આંગણા આગળ યાચના કરવાને આવતાં અનેક અભ્યાગતોને જોઇ કંટાળતા નહીં કારણ કે તેઓ બોધ દેવાને આવે છે કે પુર્વ જન્મે અમે આપ્યું નથી તેથી અમારી આ સ્થીતિ છે, આ જન્મે તમે પણ યાચકોને આપશો નહી તો આવતા જન્મમાં તમારી અમારા જેવી સ્થીતિ થશે.

૫૪ મોટાઓ કંઇ મોટાઇ બતાવતા નથી, જુઓ પર્વતો પાસે સમૃદ્ધી કંઇ ઓછી છે ? સઘળા પ્રકારનાં વૃક્ષો, વેલીઓ, પુષ્પો, ફળો, અને કંદ મુળો તેમાં રહેલાં છે, અમુલ્ય ખનીજ પદાર્થોની ગુપ્ત ખાણોનો ભરપુર ખજાનો તેની પાસે છે, પણ તે પોતાની સમૃદ્ધીનો ગર્વ કરતા નથી, કે બુમ મારીને કહેતા નથી.

૫૫ મહાન પુરૂષોએ કળાવાનને માન આપવું જ જોઈએ, શ્રીમાનને નહીં. કારણ કે શીવજી પણ વસુપતિને તજી કળાવાન એવા શશીને જ શીર્ષ ઉપર ધરે છે.

૫૬ ક્ષુલ્લક મનુષ્યો જે મોટાપણાને પામે છે, તેમાં પ્રતાપ મહાન પુરૂષોનો જ છે, તેમનો પોતાનો નથી, મહા નાગને માથે ચઢીને દેડકાં નૃત્ય કરે તેમાં કોઇ ગારૂડીનો જ પ્રભાવ હોય છે, જે જાતે બુડે છે, તથા બીજાને બુડાડે છે, એવા પથરા દુસ્તર

સમુદ્રને વીશે તર્યા, તથા વાનરાદિ સુભટોને તાર્યા, એ કંઇ પથ્થરાનો શકતી નથી કે સમુદ્રની નથી, તેમ વાનરોની પણ નથી, એ તો માત્ર દાશરથી રામનાજ પ્રતાપનો પ્રભાવ છે.

૫૭ મહાન પુરૂષો કોપથી કદાચ અકલ્યાણ કરે છે, પણ તેવા અંતે લાભ આપવાને પણ સમર્થ હોય છે, એટલે બગાડેલું સુધારી શકે છે.

૫૮ મહાન પુરૂષોનું ચિન્ત જ્યાં વીકાર પામ્યું, ત્યાં આડું અવળું કર્યા વીના રહેતા નથી, સમુદ્ર જ્યારે તેના પુર જોસમાં આવે છે ત્યારે તેના મોજાઓ મહાન નૌકાઓને ઉંધી વાળી નાંખે છે છતાં તે પોતાની માઝા મુકતો નથી–મર્યાદા તજતો નથી, મર્યાદા તજે તો જગતનો જળ પ્રલયથી નાશ કરી નાખે.

૫૯ થોડાક દોષવાળું છતાં જેમાં લાભ વીશેષ રહેલો હોય તે કાર્ય બુદ્ધીમાને જરૂર કરવું. અનીષ્ટ યુકત છતાં પણ મેઘ પૃથ્વીને જીવાડનારી વૃષ્ટી કરે છે.

૬૦ હાથી દાંતની પેઠે મહા પુરૂષોની વાણી નીકળી તે નીકળી, પાછી પેસતીજ નથી, નીચ માણુસોની વાણી જ કુર્મની ગ્રીવાની પેઠે નીકળીને પાછી પેસે છે.

૬૧ પંડિત શત્રુ સારો, પણ મુર્ખ મિત્ર સારો નહીં, વાનરે રાજાને હણ્યો ને ચોરે મંત્ર સાચવ્યો એ તેનાં પ્રત્યક્ષ પ્રમાણ છે.

૬૨ મહાન પુરૂષો તેજ કે જેના હ્રદયમાં સમવિષમ ભાવ નથી તેઓ સર્વ પ્રત્યે સમાન દ્રષ્ટીથી જુએ છે. માન અપમાનની સ્પૃહા કરતા નથી. સુખ દુઃખ, લાભ ગેરલાભ, હર્ષ શોક ઇત્યાદીની જેના મન ઉપર અસરજ ન થાય, અને એક સરખી ચીન્તવૃતી સર્વદા સ્થાયી મહાન પુરૂષોનીજ રહી શકે છે.

૬૩ અતી ઉંચાસને બીરાજી અભિવંદનિય થવા કરતાં ઉંચ ધર્મ કર્માનુકુળ રહી ધરણી તલ ઉપરજ ભલેને આસન મળે તેમાં જ મહા પુરૂષો આનંદ માને છે કારણ કે ધરણી તલ

ઉપરજ પર્વતોનો મુખ્ય એવો મેરૂ રહેલો છે. સર્વભાર ધારણ કરતા સાત સાગરો પણ ધરણી તલ પર રહ્યા છે, એવી પ્રતાપવંત પૃથ્વી કરતાં અન્ય ઉંચાસન એકે નથી.

૬૪ મહા પુરૂષોની ક્રીયા શકતી અને સીદ્ધી પોતાના તત્વમાં જ રહેલી હોય છે, તેમની સામગ્રીમાં નહીં, રથને એક જ ચક્ર છે સાત ઘોડા તો માત્ર સર્પથીજ બાંધેલા છે, માર્ગનો આધાર નથી, સારથી પણ ચરણ રહીત છે તોપણ સુર્ય પ્રતી દીવસમાં અપાર ગગનની પાર જાય છે.

૬૫ ઘટમાંથી જન્મ, મૃગલાં પરિજન, ભોજ પત્રનાં વસ્ત્ર, વનમાં વાસ, કંદ મુળનું ભોજન, કૃષ્ય શરીર, આટલું છતાં અગત્સ્યે અપાર જળનીધિનું પાન કર્યું., તેમાં તેમને કઇ સામગ્રી અનુકુળ હતી ? એક પણ નહીં, છતાં તેમના પ્રતાપના પ્રાબલ્યથી જ બન્યું છે, એજ એમ બતાવે છે કે ઐશ્વર્યતાને સામગ્રીની આવશ્યકતા નથી.

૬૬ મહાદેવ જેવો શત્રુ, મૃગાંક જેવો જડ અમાત્ય, વસંત જેવો વિલાસી સામંત, પુષ્પનાં બાણ, સૈન્યા સ્ત્રીઓની, ને પોતે વિતનું છતાં મદન ત્રણ લોકને વશ કરેછે એ કંઇ તેની સામગ્રીનું પ્રાબલ્ય નથી પણ ઐશ્વર્યનોજ આવિર્ભાવ છે.

૬૭ જીતવાની લંકા, મહાન સમુદ્ર તરવાનો, રાવણ જેવો પ્રબળ શત્રુ, સૈન્ય કપિયોનું છતાં યુધ્ધમાં શ્રી રામચંદ્રે રાક્ષસ કુળનો સંહાર કર્યો, એજ ઐશ્વર્યત્વનું ઉદાહરણ છે.

૬૮ મોટા છે તેને વેઠવું પડેજ, વનતરૂ ચતુષ્પથમાં ઉગ્યોછે, વીસ્તીર્ણ છાયા વીસ્તારી રહ્યોછે, ફળના ભારથી લચી ગયોછે, સર્વને સુખકર છે, છતાં તેના ડાળ પાંખડાં લોકો તાણેછે, કીંવા દુઃખ આપેછે, તથાપિ તે સહન કરેછે, એજ મોટાઇનું સુલક્ષણછે.

૬૯ મહાત્માઓની વિભુતીની સીમા નથી, શેષનાગ ભુવનમાળીને પોતાની ફણા ઉપર ધારેછે, કમઠપતિ તેને પોતાની પીઠ ઉપર રાખે છે, અને તેને પણ અનાદરથી પયોનીધિ ક્રીડાધીન કરેછે.

૭૦ ગુણવાનમાં કદી દોષ જણાય તો તેથી પણ સજ્જનો ખેદ પામતા નથી, ચંદ્રમાં દેખાતા કલંકને પણ લોકો પ્રીતિથી નીહાળે છે, મોટાનો દોષ ઘણીવાર ગુણ રૂપ ગણાય છે.

૭૧ થતો જ નથી, થાય તો લાંબો રહેતો જ નથી, રહે તે ફળ આપતો જ નથી. એમ નિચના સ્નેહની પેઠે સત્પુરૂષોનો કોપ હોય છે.

૭૨ તપનો પ્રભાવ કંઇ ઓછો નથી તેનાથી વિઘ્ન પરંપરા દળાઈ જાય છે, દેવતા દાસ થાય છે, કામ માત્ર પુર્ણ થઇ શમી જાય છે, ઇંદ્રીઓ દમતી નથી, કલ્યાણ ઉપજે છે, મહર્દ્ધી ઉત્પન્ન થાય છે, કર્મનો ધ્વંસ થાય છે, જીવને શીવનું એકત્વ થાય છે.

૭૩ તપસ્વીઓને અહીં કંઈ સુખ નથી કારણ કે ક્ષુધા, તૃષા, પ્રકૃષ્ટ, કષ્ટ ક્રીઆ કરવી પડે છે, પણ ઘોર તપના પ્રભાવથી અશુભ કર્મનો ક્ષય થાય છે તેથી સ્વર્ગાપવર્ગનું અનર્ગલ સુખ પ્રાપ્ત થાય છે.

૭૪ ઈંદ્રીઓને સ્વાધીન ન રાખવી એ આપત્તીનો માર્ગ છે, તેમને વશ રાખવી એ સંપત્તીનો માર્ગ છે, જેની પ્રાપ્તી કરવી હોય તે માર્ગે ગતી કરવી. તપસ્વીઓ સંપત્તીને માટે જ ઈંદ્રીઓને સ્વાધીન રાખવા યત્નવાન રહે છે.

૭૫ પૃથ્વી એ જ જેની રમ્ય શૈયાછે, ભુજ લતા એજ જેનું વીપુલ ઉપધાન છે આકાશ જેનો ચંદરવો છે, અનુકુળ પવન એજ જેને વ્યંજનોપચાર છે, ચંદ્ર રૂપી દીવો જેને ઝગઝગાટ પ્રકાશ આપે છે, વિરતી નામની લલના સાથે રંગે રમે છે, એવા મુનીઓ અતનુભુતી મુકત હોઈ શાન્તપણે નીદ્રાધીસ્થ થાય છે.

૭૬ મુનીએ ગમે તો મ્લેચ્છ કુળમાંથી પણ માધુકરી વડેજ ઉપજીવીકા ચલાવવી, પરંતુ મોટા બૃહસ્પતિ જેવા એકજ પાસેથી લઈ ભોજન કરવું નહીં.

૭૭ અનીચ્છાએ પ્રાપ્ત થાય તે માધુકરી મેળવી આહાર કરવો એ સાધુઓનું કર્તવ્ય છે તે નાના સ્થળથી પ્રાપ્ત કરવામાં જ સાધુતા સમાએલી છે.

૭૮ રાજા રાજમંદીરમાં નિમગ્ન રહે છે, પણ યોગીઓ રસ્તામાં પગે ચાલવું, ભીક્ષાથી પ્રાપ્ત કરેલું રસહીન એકવાર જમવું, જીર્ણ વસ્ત્ર પહેરવું, ને રાત્રીએ ક્ષણભર પૃથ્વી પરજ લોટી લેવું, તેમાંજ અપાર સુખ માને છે, કારણ કે માયાની ઉપાધીથી તે મુકત છે,

૭૯ જોડા વિનાના પગથી ઉષ્ણ કાળમાં ઉઘાડા પગે ફરે છે સીતકાળમાં નગ્નાવસ્થા છતાં કડકડતી ટાઢ સહન કરે છે, ક્ષુધાની નિવૃત્તિને અર્થે ગમે તે મળે તેનો અહાર કરી લે છે, અને જ્યાં ઈચ્છા થાય ત્યાં વીશ્રામ કરે છે એવા યોગીઓના પરમાનંદ સુખ આગળ રાજ્ય સુખ હીસાબમાં નથી.

૮૦ યોગીયોનું મન શમ સુખમાં શાન્ત છે, તેમને અશન માત્ર પણ પીડા કરે છે પછી કામનું તો કહેવું જ શું ? માછલાંને સ્થળ ઉપર રહેવું તેજ પીડાકારી છે તો બળતા અંગારાપર કેમ રહી શકે ?

૮૧ સંયમનું સામ્રાજ્ય છે, તેને રાજ્ય પહોંચી શકતું નથી, કારણ કે તેમાં દુશ્કર કાર્યોનો પ્રયાસ પડતો નથી, નઠારી સ્ત્રી, છોકરાં, સ્વામી, ઈત્યાદીનાં નઠારાં વચન સહન કરવાં પડતાં નથી રાજાદિને પ્રણીપત કરવી પડતી નથી, તેમ અન્ન, વસ્ત્ર, નિવાસાદિની ચીંતા રહેતી નથી, કેવળ જ્ઞાન બીજ વાવવાં, લોકની પુજા કરવી, પ્રશમ સુખનો રસ પીવો. અને સ્વર્ગ પામવું. એજ જેમનો ઉદ્દેશ અને યત્ન હોય, તેમને રાજ્ય સુખ શું વધારે છે?

૮૨ રાજ્ય તો મહા મોહને પેદા કરનારૂં છે, તે તો નરકમાં જ ખેંચી જાય છે, કારણ કે હયના હણહણાટ, ગજની ગર્જના, સુભટોના ભુજનું આસ્ફાલન, વાદિત્રના ઘોષ, વનિતાની વાણી, એ બધાથી મોહ નિદ્રા વધતી ચાલે છે એટલે કાર્યાકાર્યનો વીચાર રહેતો નથી, અને તેથી જ યોગીઓ રાજ્યને ધીક્કારે છે.

૮૩ હરિણ એજ મિત્રો, ગીરિગુહા એજ ગૃહ, શાન્તી એજ પ્રિય ગૃહીણિ, વનલતા, ફલાદિ એજ વૃત્તિ, વૃક્ષની ઉખાડેલી છાલ

એજ વસ્ત્ર, એમાંજ જેણે સંતોષ માની પરમાત્માની દયાના અમૃત રસમાં જે નિમગ્ન થએલોછે, તેને માટે મોક્ષનું દ્વાર ઉઘાડું પડ્યું છે.

૮૪ યૌવન અસ્થીર છે, છતાં યૌવનાવસ્થામાં તે વાત ભુલી જાય છે, અને ચીરંકાળ એજ અવસ્થા સ્થીર રહેશે, એમ સમજી સ્વચ્છંદપણે વર્તે છે કે જે પરિણામે પશ્ચાતાપનું કારણ આપે છે.

૮૫ સમૃદ્ધીનો ગર્વ કરવો એ યોગ્ય નથી, કારણ કે એ નીશ્ચળ નથી, ઘટિચક્ર યંત્ર જેમ ખાલી થાય છે ને ભરાય છે, પુનઃ પુનઃ પરિક્રમણ થયા જ કરે છે તેમ સમૃદ્ધી આવે છે ને જાય છે, સ્થીર રહેતી જ નથી.

૮૬ કોઇએ ધનનો મદ કરવો નહી, ધનથી બીજા ધની છે, વાદી કરતાં પણ બીજા વાદી છે, બળવાન કરતાં બીજા બળવાન છે, માટે ડાહ્યા માણસે ગર્વ ન કરવો કે હું જ સર્વથી શ્રેષ્ઠ છું.

૮૭ પૃથ્વિ કંઇ વાંઝણી નથી, તેમાં એક એકથી ચઢીઆતા ધનપતિઓ પડેલા છે, લખેશરીને ઘેર અખંડ ધૃત દીપક બળે છે, તો કોટિપતીને ઘેર ધ્વજાઓ ફરૂકે છે, છપ્પન કોટિવાળાને ઘેર પ્રભાતે ભુંગળો વાગે છે, ત્યાં ગર્વ મીથ્યા છે.

૮૮ કુલ, વિત્ત, વિદ્યા, રૂપ, શૌર્ય, દાન, તપ, એ સાત મુખ્યત્વે કરીને મનુષ્યને મદ ચઢાવનારાં છે, એટલે એક પણ પ્રાપ્ત થતાં અહંકારથી અન્યની અવગણના કરવા તત્પર બને છે.

૮૯ શક્તીહીનને અનાયાશે પ્રાપ્ત થએલી વસ્તુને માટે ગર્વ થાય તો તે ઉપહાસ કરવા યોગ્ય છે, વામનના આગળ વૃક્ષ ઉપરથી પવનને લીધે ફળ પડ્યું, તેની પ્રાપ્તીથી ગર્વ ધરે તો શું તે ઉપહાસ કરવા યોગ્ય નથી ? છે જ.

૯૦ કેટલાંક વિપુલ હૃદયવાળાએ પુર્વે આ જગત સરજેલું છે, તેને તેવાજ બીજાએ ધારણ કરેલું છે, વળી તેવાજ ત્રીજાએ જીતી લઈ તૃણની પેઠે આપી દીધેલું છે, બીજા પણ ઘણા ધીર-વીર પુરૂષો છે કે, જેઓ ચૌદ ભુવન ભોગવે છે આટલું છતાં સાધારણ સત્તા કે વતન ભોગવનાર ગર્વમાં ગરક રહે એ શું યોગ્ય છે ?

૯૧ ઘણું કરીને ધનવાનને જ ધનની તૃષ્ણા રહે છે, કોટીદ્રવ્ય સમેત છતાં પણ ધનુષ્ય લક્ષને છોડતું નથી.

૯૨ દુષ્ટ ગ્રામ તથા અટવીમાં ભમે છે. વીકટ દેશાન્તરમાં જાય છે, મહાન સમુદ્રો ખેડે છે, અત્યંત કષ્ટ વેઠીને કૃષી કરે છે, કૃપણ પતિને સેવે છે, પેસવાનો માર્ગ ન હોય, કચરાઇ મરાય તેવું હોય ત્યાં પેસે છે, મૃત્યુની સન્મુખ ઉભા રહે છે. આ બધું ધનની લાલસાને માટે બને છે, લોભનું પરાક્રમ જ વીલક્ષણ છે.

૯૩ લોભનું સર્વત્ર સામ્રાજ્ય આખા જગતમાં વ્યાપી રહેલું છે, વૃક્ષો જડ છતાં નીધિ પ્રાપ્ત કરે તો તેને પાદથી ઢાંકતાં રહે છે.

૯૪ જે રાજ્યનો રાજા માત્ર પ્રતિમા જેવો છે, તેનો સચિવ અને બીજા પુજારા રાજ લક્ષ્મીનો ઉપભોગ કરે છે, નપુષક પુરૂષની પત્નીના ભોકતા બીજા જ થાય તેમાં આશ્ચર્ય શું ?

૯૫ રાજા કોઇનો મીત્ર દીઠો વા સાંભળ્યો નથી. કહ્યું છે કે, વેસ્યા, જુગારી, પાણી, ભુપ, ધુર્ત, નીડીધમ, અગ્ની, બીલાડું, બાળક ને વાનર, એ દશ કોઈ દીવસ આપણાં થાય જ નહીં.

૯૬ કાનહોરીઆં કરનારની વાતો સાંભળવાથી જેના કાન અપવિત્ર થએલા છે, એવા મનુષ્યોને કોઇ પણ રીતે પ્રસન્ન કરી શકાતા નથી. સર્વ ગુણે સંપન્ન છતાં કાનના કાચા મનુષ્યોને કોઇથી પણ સંતોખાય નહીં, તેમાં રાજાઓ ભલેને ઘટની પેઠે પરિપુર્ણ હોય, વિદગ્ધ હોય, રાગયુકત હોય, તે સઘળું છતાં કાનનો કાચો હોય તો કૃપા પાત્ર થવાય જ નહીં.

૯૭ રાજાઓ દર્પણ રૂપ છે, તેમની પાસે નિંદક લોક આગલ્યા માણસના જેવા ગુણ કે અવગુણ બતાવે તેવાજ તેને તે જુએ છે. પછી તેવા નીંદકો શ્વાનની પેઠે પગ ઉંચો કરીને લઘુ-શંકા કરે અને સુંદર પટ બગાડે તેનો તેઓને વીચાર રહેતો નથી.

૯૮ નીંદક લોકોનો એવો સ્વભાવ છે કે, નીષ્કારણ પારકાના દોષ નીરૂપવા, ગુણવાન માણસો છીદ્ર ઢાંકે છે. સોયની આગળ ખળને પાછળ સાધુ ચાલ્યા આવે છે. આગળનો છીદ્ર પાડે છે પા-છળનો છીદ્ર ઢાંકે છે.

૯૯ જ્યાં નિંદકોનો પ્રચાર છે ત્યાં કદી પણ સુખનો અવ-સર આવતો નથી. કંટકવાળી ભુમીમાં શરીર સોરાયા વીના રહેજ નહીં.

૧૦૦ બખોલમા થઇને તેમ કાને થઇને જેનામાં દો જીભ્હો અંદર પેસતાં જાય છે, તે વૃક્ષને જીવતું જોવાની આશા રાખવાને બદલે કાંતો તેને તજવું, અથવા ફળ મુળ સહિત સળગાવી દેવું.

૧૦૧ પરનીંદા સાંભળવાનો રસ ધરનારા કાન, ખલોદય, ને સાધુ વીપત્તી તેનાં સાક્ષાત ભુત નયન, અને અયોગ્ય સ્થાને નમતું મસ્તક એ જોવા કે અનુભવવા કરતાં મહા પુરૂષો મૃત્યુને વહાલું ગણે છે.

૧૦૨ જેની કૃપા નિષ્ફળ છે, જેનો ક્રોધ પણ નિરર્થક છે, તેવા રાજાને જેમ રાંડવા પતિને સ્ત્રીઓ ઇચ્છતી નથી તેમ તેને પ્રજા ઇચ્છતી નથી.

૧૦૩ જેનું હૃદય નીતિવાળું છે, તેણે સ્વપ્ને પણ યુવતિ જીત; સચીવજીત, બળજીત, એવા રાજાની સેવા કરવી નહીં.

૧૦૪ દુષ્ટ સચીવ વાળો રાજા, ને તેનો આશ્રય કરવો પડે એ બે, મોટામાં મોટાં પાતક છે.

૧૦૫ રાજા અવિવેકી હોય, પ્રધાન ગુણવાનોથી અવળું મોં રા-ખતો હોય, ને જ્યાં ખળ લોકોનું પ્રાબલ્ય હોય, ત્યાં સજ્જનોને રહેવું સુખકર નથી, સન્માનક નથી.

૧૦૬ જેના ઉપર રાજાનો પ્રસાદ થાય છે તેની પાત્રતા ઓછી કરવા માટે રાજ સેવકો પ્રયાસ કર્યા જ કરે છે, કારણ કે તેમને પોતાનો લાભ લુંટાઈ જવાનો ભય લાગે છે.

૧૦૭ " દરીઓ કે દરબાર " એવી એક કહેવત પ્રચલીત છે, અને એતો ખરૂં છે કે જેના ઉપર રાજાની કૃપા થાય છે તેનું દારીદ્ર દુર થતાં વાર લાગતી નથી.

૧૦૮ મેઘ ને રાજાના ગુણ સરખા છે, તે જયાં ઈચ્છા થાય ત્યાં વરસે છે, ક્ષાર સમુદ્રને મેઘની જરૂર નથી ત્યાં ઘણીવાર મુશળધાર વ્રષ્ટી થતી વીલોકીએ છીએ અને અઢળક ધાન્ય ઉપજાવે તેવી જમીનમાં બુંદ પણ પડતું નથી તેની પેઠે રાજાની ઉદારતા પાત્રાપાત્ર જોયા વીના કવચીત એવા સ્થાને વપરાતી જોઈએ છીએ કે તેનો લાભ લફંગાઓ લઇ જાય છે, એમ ખુલ્લુ કહેવાય છે.



सर २

૧ વીદ્યા ફળતી નથી તેમ પુરૂષાર્થ ફળતો નથી. પણ હમેશાં પ્રારબ્ધ ફળે છે, સરખો યત્ન છતાં સમુદ્ર મંથનથી હરીને લક્ષ્મી પ્રાપ્ત થઇ, અને મહાદેવજીને વિષ મળ્યું. એ પ્રારબ્ધની ખુબી છે. ઘણાઓ અથાક યત્ન ને અપાર ખર્ચ કરીને પરીપુર્ણ વિદ્યા પ્રાપ્ત કર્યા છતાં સુદામાની સ્થીતિમાં જીવીત નીર્ગમન કરે છે ત્યારે કેટલાક કેવળ અકક્લ શુન્ય છતાં, વિદ્યા શુન્ય છતાં, મહાન પદ્દી ભોગવે છે, અથવા અણુગણ લક્ષ્મીનું આધીપત્ય ભોગવે છે, એટલે પુરૂષાર્થબળ કે વીદ્યાબળ પ્રારબ્ધ આગળ પાણી ભરે છે.

૨ પ્રારબ્ધની ગતિ અકળ છે તેની કોઇને ખબર પડતી નથી, પ્રભાતની પુર્વે રાજ્યાભિષેકની ઉત્સુકતા ધરાવતા શ્રી રામચંદ્રજીને પણ ખબર નહોતી કે સુર્યોદય થતાં વનવાસમાં સીધાવવું પડશે, તેમ સાધારણ મનુષ્યની પંકતીમાંથી રાજા-મહારાજાની સ્થીતિમાં આવનાર પ્રારંભે એમ જાણતા પણ નહીં હોય કે, આવી સ્થીતિ આપણને પ્રાપ્ત થવાની છે એ ઉપરથી " કોઇ ન કરે તે નશીબ કરે " એવી કહેવત ચાલે છે.

૩ લક્ષ્મી, કૌસ્તુભ, પારીજાત, તે બધાં ભાન્ડુ, મહા સમુદ્ર પીતા, અને અતી કૃપાથી મસ્તકે ધારણ કરેલો એવો ચંદ્ર તેને પણ દૈવે નીર્મેલી ક્ષીણતા મુકતી નથી, તો પછી દૈવની પ્રતીકુળતા સમયે સાનુકુળ કોણ થઇ શકે ? અર્થાર્થ કોઇ જ નહીં. ભાવી યોગે આવી પડેલી વિપત્તીના સમયે ગમે તેવા સહાયકારીઓ હોય તો પણ તેમની સહાયતા ખપ આવતી નથી.

૪ જ્યારે ભાવી પ્રતીકુળ હોય છે, ત્યારે સઘળા સંજોગો પ્રતીકુળ જ આવી મળે છે, પ્રકાશ તીમીર રૂપે દેખાય છે, તૃણ વ-

જ્મથ થઇ પડે છે, અને સુહૃદો શત્રુનું રૂપ ધારણ કરે છે, જેઓના તરફથી સહાયતાની આશા રાખી હોય તેમાં નીષ્ફળ થવાય છે.

૫ જ્યારે ભાવીની ગતીએ વક્રતા દર્શાવવા માંડી ત્યાં અન્યની વક્રતાથી અફસોસ કરવો વ્યર્થ છે, જ્યારે ભાવી યોગે કંઇ વીપત્તીમાં આવી પડયા ત્યારે તેના નીમીત્ત ભુતો ઉપર કોપ દર્શાવવો યોગ્ય નથી.

૬ દૈવની શક્તી અદભુત છે, તે જળનું સ્થળ, સ્થળનું જળ, રજનો મેરૂ, ને મેરૂનું રજ, તૃણનું વજ્ર ને વજ્રનું તૃણ કરી શકે છે, જેના પ્રાગલ્ભ્યથી અગ્ની સિતળ થાય, હીમ અગ્ની થાય એ દૈવતો હમેશાં નમસ્કાર કરવા યોગ્ય છે.

૭ ભાવીને અન્યથા કરવા કોઇ સમર્થ નથી, જે ભાવી છે તે નાળીએરમાં જળની ઉત્પત્તીની પેઠે થાય જ છે, જે જવાનું છે તે હાથીના પેટમાં ગએલા કોઠાની પેઠે ખાલી પણ થાય જ છે.

૮ કદાપી મેરૂ ચળે, વન્હી સીતળ થાય, સુર્ય પશ્ચીમમાં ઉગે, ગીરી શીખરે પથ્થરમાં કમળ પેદા થાય, તથાપિ ભાવીની જે કર્મરેખા છે તે ચળતી નથી.

૯ ભવીષ્યમાં થનારૂ ભવ્ય કે અભવ્ય, જેને જેવું હોય તેને પ્રથમથી જ તેવું સુચન થાય છે.

૧૦ અશ્વનું પાણી, ચૈત્રમાં મેઘ ગર્જના, સ્ત્રીનું ચારીત્ર્ય, પુરૂષનું ભાગ્ય, એટલાને દેવ પણ જાણી શકતા નથી, તો માણસ ક્યાંથી જાણે ?

૧૧ કનકની ધારાનો સર્વત્ર વરસાદ વરસે પણ અભાગ્યરૂપી છત્રથી ઢંકાએલા ઉપર તેનું બીંદુ પણ પડતું નથી.

૧૨ મહાન પુરૂષોની દયા દ્રષ્ટીરૂપી મેઘથી, જન વૃક્ષને નવાં પલ્લવો રૂપ મનોર્થ સીદ્ધીની પ્રાપ્તી થાય છે, પણ અર્ક રૂપી

કમભાગ્ય મનુષ્યોની પુર્વના પત્રરૂપી અસલ સ્થીતી પણ કાયમ રહેતી નથી.

૧૩ સરસ્વતી ચરણ આરાધનથી વીદ્યા પ્રાપ્ત થાય છે પણ લક્ષ્મીની પ્રાપ્તી થવી એતો ભાગ્યાધિન છે.

૧૪ ગુણ તે તો ગુણ જ છે, ગુણ કંઈ સ્મૃદ્ધીનું કારણ થઈ શકતા નથી, ધન સંચય કરાવનારૂ ભાગ્ય તે તો જુદુ જ છે.

૧૫ ગુણગ્રામ પ્રાપ્ત કરવો તે પોતાના અધીકારની વાત છે, એટલે જેનામાં ગુણ નહોય તે ઠપકાને પાત્ર છે, પણ ભાગ્યાધિન, એવી સંપત્તી ન હોય તેમાં તો કોઇનો દોષ કહાય નહીં.

૧૬ અઘટીતને ઘટાવે છે, સુઘટીત સોળના ભાવમાં ખપે છે, જેનો પુરૂષ વીચાર પણ નથી કરતો તે વીધિ ઉપજાવે છે એવી વીધિની ગતિ અકળ છે.

.. ૧૭ જે વખત કરવાનું છે, તે વખત થતું નથી, તો પછી નકામું છે, " અવસર ચુકયા મેહુલા " થી ધાન્યાદી થઇ શકે નહીં.

૧૮ થોડાથી બગડે તે પછી વધારેથી સુધરતું નથી, કહયું છે કે " બુંદને માટે બગડયું તે હોજ ભર્યે પણ ન સુધરે. "

૧૯ સમયોચીત કીધેલું કામ યાવત કીર્તી સ્થીર રાખી શકે છે, ત્રણ વર્ષના દુકાળમાં પુર્વે જગડુશાહે પ્રત્યેક દીશાઓ તરફ હજારો યોજન પર્યંત સદાવ્રત આપેલાં તેનો યશ મહીમા મહીમંડળમાં અદ્યાપી સુધી ગવાય છે.

૨૦ પ્રસંગ જોઇને કહેલું વાકય, પ્રસંગે વાપરેલું શસ્ત્ર, અને પ્રસંગે કરેલી અલ્પ પણ દ્રષ્ટી એ બધાં કોટી ફળપ્રદ થઈ પડે છે.

૨૧ નિરૂપયોગી લાગતું પણ સમયે ઉપયોગી થઇ પડે છે, સમયાનુકુળ એજ તેની કીંમતની ખરી આંકણી કરાવે છે.

૨૨ દીવસને નીશા રૂપી બે ઘડિનો વખત છે, જીવિત રૂપી જલ છે, કાળ રૂપી રેંટ છે, તેને દૈવરૂપી બળદ ચલાવ્યાં જ કરે

છે, જળ ખુટયું અને આયુર્દા રૂપી દોરડુ તુટયુ એટલે કાંઈ બનવાનું નથી.

૨૩ પુર્ણીમાના ચંદ્રરૂપી પ્રાપ્ત થએલી સમૃધ્ધીથી જીવનરૂપી ભુવનને ધવલ ન કરી લે તો બીજેજ દીવસે તેની સ્થીતિ બદલાઈ જાય છે, કારણ કે વીધિ એકની એક સ્થીતિ જગતમાં કોઇની રહેવા દેતો નથી.

૨૪ જે વખતે જળથી પરિપુર્ણ છે, તે વખતે જો પાન્થીકોની તૃષા ન હોય તો પછી સુર્યે તેનું જળ સોષી લીધા પછી તે શું કરી શકવાનું છે ?

૨૫ અનુકુળ વખતે કોઇનું કલ્યાણ ન થયું, તો પછી પ્રતીકુળ વખતે થવાનું નથી, શું ભરૂસો રહી શકે તેવું છે કે સર્વદા અનુકુળતા રહેશે ?

૨૬ પ્રકૃતિથી ચંચળ છે એવી સંપત્તી છે ત્યાં સુધી ઉપકાર થયો તે થયો, વીપત્તીનો ઉદય થશે ત્યારે ઉપકાર થવાનો નથી, વીપત્તીના ગ્રહણથી મનુષ્ય કયારે ઘેરાશે એ મહાત્માઓ પણ જાણી શકતા નથી.

૨૭ ઉન્નત અને ચંડરવ કરવાવાળુ પુરતો થોડા દીવસ રહેશે, પણ તેના પ્રબળ વેગથી નદીનાં તટનો નાશ થશે, તો તે પાતક ચીરંકાળ રહેવાનું છે મહાન સત્તા અચળ રહેવાની નથી. પણ તેનાથી થએલા અનર્થ યાવત રહેશે.

૨૮ ધનવાનો સુર્યાસ્ત થતા સુધીમાં ધનનો સદઉપયોગ કરે નહીં તો, પ્રભાતે એ ધનનો ઉપયોગ તેનાથી થશે એમ નકકી નથી, પ્રભાતે તો કોણ જાણે એ ધનનો માલીક કોણ થશે.

૨૯ સુર્યાસ્ત સમયે સરવાયું કાઢી જોવું કે આજે શું સુકૃત કર્યું છે, કારણ કે સુર્ય અસતકાળે આયુષ્યનો એક કકડો લઇ જાય છે તે પુનઃ મળવાનો નથી.

૩૦ કોઇ પુછે કે શરીર કુશળ છે ? તેનો પ્રત્યુત્તર હકારમાં અપાય છે, પણ રોજ થોડું થોડું આયુષ્ય ક્ષીણ થાય છે, તેનો કોઈ વીચાર કરતું નથી.

૩૧ કાલે કરવાનું આજ કરવું, સાંજ ઉપર રાખવાનું તે સવારમાં કરી લેવું, મૃત્યુ કેટલું થયું ને કેટલું બાકી છે તેનો વીચાર કરવા રહેતું નથી તે તો અચાનક આવી ભેટે છે, જેથી આરંભ્યું અધુરૂ રહે છે ને મનની મનમાં રહી જાય છે.

૩૨ મનુષ્યો ગર્વમાં ગરક થઈ જાય છે એટલે જાણે છે કે મૃત્યુ મરી ગયું છે, જરા જીર્ણ થઇ ગઈ છે, વીપતી વીપન્ન થઇ છે, વ્યાધીઓ વ્યાધીન થઈ છે પણ જ્યારે તે સઘળા શત્રુઓ એક સાથે સન્મુખ આવી ઉભા રહે છે ત્યારે ચીન્ત બ્હાવરૂં બની જાય છે.

૩૩ સૌથી સમય વધારે બળવાન છે, પુરૂષ બળવાન નથી, કૌરવરૂપી કંટક વનનો નાશ કરનાર એનો એ અર્જુન છતાં તેના રખેવાળા નીચેની ગોપીઓને કાબા લુટી લેવાને શકતીવાન થયા હતા.

૩૪ દાતાર યાચક થઈ ગયા, દ્રવ્યેશ્વર નિર્ધન થયા, ને સુવર્ણ સંઘરનાર સુપડામાં માય તેટલું અનાજ પણ મેળવી શકતા નથી, એ સઘળુ વખતનું પ્રાબલ્ય છે.

૩૫ રામને દેશ ત્યાગ, બળીનું પાતાળમાં ચંપાવું, પાંડવોનો વનવાસ, વૃષ્ણીઓનું મરણ, નળરાયનું રાજ્યથી ચ્યુત થવું, લંકાપતી રાવણનું કારાગ્રહમાં પડવું, ને મૃત્યુ વવું. આ બનાવો પરત્વે વીચાર કરતાં કાળની ખુબી અલૌકીક જણાય છે, થવાનું મીથ્યા થતું નથી, નહીં થવાનું થતું નથી. કાળની ગતિજ વિલક્ષણ છે, તેના સામે થવામાં કોઇની સહાયતા કામની નથી.

૩૬ સમયના અનંત પ્રવાહમાં અનેક નૃપોએ પૃથ્વી અને ધન ભોગવ્યાં છે, પણ છેવટ તેને મુકી પોતાનાં સુકૃત અથવા દુકૃત સાથે લઈ ચાલ્યા જાય છે.

૩૭ ઈંદ્રીયો તેની તે હોય, નામ પણ તેનું તે હોય, અપ્રતિહત બુદ્ધી પણ તેની તેજ હોય, પણ અર્થની ઉષ્માથી રહિત એવો પુરૂષ એક ક્ષણ માત્રમાં જ બીજો થઈ જાય છે, અર્થની ઉષ્મા એજ પરાક્રમનો પ્રકાશ દેખાડનાર છે.

૩૮ વીપત્તી પાસે આવવાની હોય ત્યારે મતીની ગતી વિપરીત થાય છે. અને તેથી ધર્માધર્મ કે સત્યાસત્યનું ભાન રહેતું નથી, પૌલસ્ત્યે પરદારાનું હરણ કરતાં દોષ ન ગણ્યો, મહાત્મા શ્રી રામચંદ્રજીએ અરણ્યમાં સુવર્ણ મૃગનો અસંભવ ન વીચાર્યો, સત્ય વૃત ધારી શ્રી યુધીષ્ઠરે દ્યુત રમવામાં મહા અનર્થ ન માન્યો, એ "વીનાશ કાળે વીપરીત બુધ્ધી" નું પ્રત્યક્ષ પ્રમાણ છે.

૩૯ વીપરીત દશા આવે છે, ત્યારે રીધ્ધી સીદ્ધી ને સમૃધ્ધી એ સઘળું નીષ્પ્રયોજન લાગે છે, વાયુ અવાસ વાળતો હતો, રૂતુઓ પુષ્પ સામગ્રી આપતી હતી, યમરાજ મહીષની સહાયતાથી જળ ભરવાનું કામ કરતો હતો, બ્રહ્મા પુરોહીતનું કામ કરતા હતા, ગ્રહમાત્ર પલંગને પાયે બાંધેલા હતા સ્વચ્છતા રાખવાનું કાર્ય અગ્નીદેવતા બજાવતા હતા, ચામુંડા તલ રક્ષીકા હતી, સર્પ શીરના મણી ભવ્ય ભુવનોને પ્રકાશીત રાખતા હતા, રસોઇઓનું કામ સુર્ય નારાયણ કરતા હતા, ઇંદ્રને પરાજય પમાડનાર મહાસમર્થ પુત્ર હતો, લંકા જેવી અનુપમ નગરી હતી, અને તે સમુદ્રની ખાહીથી સુરક્ષીત હતી, દેવતા માત્ર દાસ હતા. મહાપરાક્રમી બંધુ હતા, જળ વર્ષાવનાર મેઘ આજ્ઞાધીન હતો, વીધી પોષકનું કાર્ય સાધતો હતો, આટલું છતાં પણ દશાનન વિપરીત દશાના પંજામાંથી છુટવા ન પામ્યો એજ તેનું અતુલ્ય પ્રાબલ્ય બતાવે છે.

૪૦ સર્વને માથે સંપત્તી ને આપત્તીનાં નીમીત્ત છે, તેમાં માણસને સંપત્તી સુમતિથી અને વીપત્તી કુમતિથી પ્રાપ્ત થાય છે.

૪૧ જેનો વીનાશ પાસે હોય એવાં સર્વની મતિ ફરી જાય છે, જુઓ અસ્તકાળ સમયે સુર્ય નીચો ઉતરે છે તે તેનું તાદ્રશ દ્રષ્ટાંત છે.

૪૨ શત્રુએ કહાવેલું સાસન કે તેણે બતાવેલો ઉપાય તપાસ કર્યા વીના કરવો નહિ.

૪૩ રોષ પામ્યો હોય તેને મનાવી લેવો, તે વીના ધારેલો અર્થ સીધ્ધ થતો નથી.

૪૪ ઉત્તમને સામથી, સુરાને ભેદથી, નીચને દામથી, ને સમાનને દંડરૂપ પરાક્રમથી સધાય છે.

૪૫ એવા માણુસને ન મારવો કે જેથી હાથ અપવિત્ર થાય, મહીમંડળમાં યશનો ઘટાડો થાય, મારવો એવાને કે સમોવડિયો હોય, જન સમઝને પીડતો હોય, અને જેને મારવાથી કીર્તિ ચીરકાળ રહે. રામે રાવણનો વધ કર્યો, તેનો યશ આજ સુધી ગવાય છે અને હમેશાં ગવાશે.

૪૬ ધીર-વીર પુરૂષોની દ્રષ્ટી લલીત લલનાના સુંદર કુચ સ્થળે તેવી રમતી નથી કે જેવી અતી સીંદુર-રકત એવા રીપુ કુંભ સ્થળે રમે છે, વીર પુરૂષો રણ ભુમીમાં રમવાને જ હમેશાં ઉત્સુક હોય છે.

૪૭ વીરહાક વાગતાં જેની રગોમાં વીરતા વ્યાપેલી છે તેવા પુરૂષો: પ્રાણની પણ પરવા કરતા નથી, તો પછી સ્ત્રી બાળકોની તો સ્પૃહાજ શા માટે રાખે ?

૪૮ વીરત્વ વીભુતિથી વીભુષીત જનો દુનીઆમાં અવીચળ નામ રાખી ગયા છે, તે મુઆ છે છતાં જીવતાજ રહ્યા છે.

૪૯ માતૃભુમીની પાસે એજ યાચના કરવામાં આવે છે કે જો જંન્મ આપે તો દાતા, ભકત કે શુરવીર પુત્રને આપજે કે જે તારી કીર્તીને ત્રણ લોકમાં દીવ્ય દીપાવે.

૫૦ માતાની કુખને શોભાવનાર એજ મહા પુરૂષ છે કે જે સ્વધર્મથી ચલીત થતો નથી, પ્રાણાન્તે પણ અસત્ય આચરતો નથી, પોતાના શકતી-બ્રહ્મચર્યનો કુમાર્ગે ઉપયોગ કરતો નથી,

૫૧ ધન્ય છે એ પુરૂષને કે જે પરસ્ત્રીને માતા સમાન, અને પરદ્રવ્યને મૃતિકા સમાન સમજી તેના તરફ દ્રષ્ટી પણ નથી ફેંકતો.

૫૨ ધન્ય છે એ પુરૂષને કે જે સ્વપ્નમાં પણ એક પત્નીવ્રત દ્રઢ ધારણ કરી રાખે છે, રામે એ વ્રતનું પરિપાલન કીધાથી જ તે પૃથ્વીમાં પુજાય છે.

૫૩ મરણના ભયથી નાશી છુટવું એ વીર પુરૂષોનું કર્તવ્ય નથી, તેમ ભવીષ્યના ભયથી કર્તવ્ય કર્મનો ત્યાગ કરવો એ પણ ઉચીત નથી. હરણ ખાઇ જશે એવો ભય ખેતી કરતા પહેલાં ખેડુત રાખે, તેમ અજીર્ણ થવાના ભયથી કોઇ ભોજન જ ન કરે, તો ખેતી નહીં કરનાર તથા ભુખે મરનાર મુર્ખજ ગણાય.

૫૪ એક રાજહંસથી સરોવરની જે શોભા હોય તે જતાં તેની ખોટ તેને તીરે વસતા હજારો બગલાથી પણ પુરી પડે નહી, મહાન પુરૂષોની ખોટ અન્ય અનેકથી પણ પુરાતી નથી પણ તેનું સ્થાન ઉજડ-અરણ્યવત લાગે છે.

૫૫ સુભટોનું યુધ્ધમાં, કવિયોનું કવિ મંડળમાં, અને વીદ્વાનોનું સાક્ષર સમાજમાં તુરતજ તેજ પ્રકાશે છે કે ઝાંખું પડે છે.

૫૬ મહા પુરૂષોના તેજ આગળ અન્ય સઘળા ઝાંખા પડી જાય છે, સુર્ય નારાયણનો ઉદય થતાંજ ગગન તલમાં તારાઓ દેખાતા બંધ પડે છે.

૫૭ પરચક્ર ગમનની શંકા જ્યારે પ્રજાના અંતરમાં ઉદ્ભવે છે, ત્યારે કોઇ મહારંભ કરતું નથી, કોઇ દાણા સંઘરતું નથી, ને કોઇનું ચીત્ત કોઇ પણ પ્રકારે સ્થીર થતું નથી.

૫૮ દ્યુતમાં હારેલો, ફાળ મારવામાં ચુકેલો, ઘા કરવામાં ભુલેલો, ખેદ પામી પુનઃ પોતાની ભાવના સીધ્ધ કરવાને બમણા બળથી તૈયાર થઇ જાય છે.

૫૯ શત્રુ નાસવા માંડે તો છેવટ સુધી તેની પુઠ પકડવી નહીં; કારણ કે વખતે તે મરણીઓ થઇ મારી પાડે છે. બીલાડી જેવું ક્ષુદ્ર પ્રાણી પણ અંતરામણમાં આવ્યાથી અકળાઇને મનુષ્યનો જીવ લે છે.

૬૦ વીરપુરૂષોને પ્રભુનું પ્રોત્સાહન અને વીર રસયુક્ત વચ નો પરાક્રમ કરવામાં સહાયકારી થાય છે.

૬૧ પુષ્પ બાણથી યુદ્ધ કરવું સારૂં નહીં, તો પછી અસ્ત્ર શસ્ત્રથી યુદ્ધ કરવું કયાંથી સારૂં હોય ? યુદ્ધનો નિષેધ એટલા માટે કરેલો છે કે તેમાં વિજયનો સંદેહ રહે છે, ને પ્રાધાન્ય પુરૂષોનો ક્ષય થાય છે.

૬૨ ખજાનાનું જોર હોય તેજ રાજા વીજય મેળવી શકે છે, ધનથીજ તુરંગ, માતંગ, પદાતિ એ બધાં સાધન તથા સૈન્યાદી સંપાદન કરી વીજય વર્તાવી શકાય છે,

૬૩ જેની પાસે ગજ યુથ હોય છે તે વિજયી થાય છે, જેની પાસે અશ્વ સમુહ હોય તેજ મેદનીને પામે છે, જેની પાસે કોષ હોય તેજ દુર્ધર્ષ થાય છે જે દુર્ગસ્થ હોય છે, તેજ દુર્જય થાય છે.

૬૪ અલ્પ સારવાળા પણ બહુ હોય તેનો સમુહ જીતવો વીકટ થઈ પડે છે, જુઓને તૃણ એકત્ર થયાથી દોરડુ બને છે, અને તેનાથી હાથી બંધાય છે.

૬૫ સુવર્ણ તથા વસ્ત્રથી વારાંગનાની શોભા વધે, પણ રાજપુત્રો તો દાન અને પરાક્રમથીજ શોભે છે.

૬૬ જનનિ, જન્મભુમી, નીદ્રાન્તે થએલું સ્વપ્ન, અને પ્રેમ બાણથી હૃદય વિંધનાર મનુષ્ય એટલાં કદી ભુલાતાં નથી.

૬૭ અંગ બળથી જે કાર્ય ન સાધી શકાય, તે બુધ્ધી બળથી સાધી શકાય છે, તાર યંત્ર, અગ્નીરથાદિ બુધ્ધી બળનાં પ્રત્યક્ષ પ્રમાણો છે,

૬૮ ધનુર્ધારી બાણ મુકે તે એકાદને હણે, કે ન પણ હણે પરંતુ બુધ્ધીમાને યોજેલું બાણ રાજા સહીત આખા રાજ્યને હણવા શકતીવાન છે.

૬૯ યુકતી એજ કે સાપ મરે ને લાકડી ભાગે નહીં, સામાનો વીનાશ કરતાં આપણો પણ વિનાશ થાય એ યુકતી નહીં, પણ મુર્ખતા છે.

૭૦ મનુષ્ય અને મોતીનું પાણી ઉતર્યા પછી પુનઃ ચઢતું નથી, સરીતામાં વહી ગએલું નીર પાછું આવી શકતું નથી.

૭૧ સ્વબુધ્ધી વીના શીખવેલું લાંબો કાળ ચાલતું નથી, પોપટને જેટલું ભણાવવામાં આવે તેટલુંજ તે બોલી બતાવે છે, આવા ભણતરથી કાંઇ કાર્ય સધાતું નથી.

૭૨ પોતાની જાતથી કાંઇ જાણતો નથી, પરંતુ ગુરૂની વીધાથીજ વીદ્વાન છે, તેમ સહાયકની શુરવીરતા ઉપર પોતાના શુરત્વનો આધાર છે, તે લાંબો વખત નભી શકે નહીં.

૭૩ પોતાના સામર્થનું પાણી કાઢી નાંખવાથી શત્રુઓ જેટલા ભયભીત થાય છે, તે કરતાં પાણી કેટલું છે તે ન કળાવા દીધાથી શત્રુઓ વધારે ભયભીત રહે છે.

૭૪ " મારવા કરતાં ઉગામતું સારૂં " એનું કારણ એટલુંજ છે કે ઘા કરી નાંખવાથી શત્રુને આપણું બળ સમજાઇ જાય છે, એટલે તે નીડર બને છે, ઉગામવાથી આપણું બળ અકળ રહે છે તેથી તે હમેશ ડરે છે.

૭૫ " ઝાઝી કીડીઓ સાપને તાણે " એ કહેવત એમ સમજાવે છે કે ગમે તેવા બળવાન મનુષ્યે પણ સમુદાય સાથે વેર ખેડવું નહીં, ઝાઝાની સાથે વેર બાંધનારનો વીનાશજ થાય છે.

૭૬ જે જેનાથી હાર પામ્યો હોય, તે તેનાથી ભડકતો રહે છે, હાથી સીંહના સ્પર્ષ વાળું જે જળ હોય, તેને પણ અડકતો નથી, સાપનું કરડેલું દોરડીથી બીએ છે,

૭૭ શરણ, ગાય, ષંઢ, સ્ત્રી, બાળક, વૃદ્ધ, એટલાંને ડાહ્યા માણસે જીવથી મારવાં નહીં.

૭૮ તે પરાક્રમ રસાતલમાં જાઓ કે જેનાથી શરણે આવેલા અને નીર્દોષ દુર્બળો હણવાની અનીતિ થાય છે.

૭૯ ભક્ષણ ન કરવામાં આવે તો તે રક્ષણ કરવા બરાબર છે, અનર્થ ન થાય તો અર્થ સુધાર્યા તુલ્ય છે, હાની કરવામાં ન આવે તો તે લાભ આપ્યા બરાબર છે.

૮૦ કૃપણ મનુષ્યનું જીવન વૃથા છે, તેનું મુખ જોવાથી જીવન દુખમય જાય છે, લક્ષ્મીથી યુક્ત છતાં તેનો સદ્ ઉપયોગ ન કરે તો તે પ્રીતિ કે આશીર્વાદ પાત્ર નથી.

૮૧ અપ્રગલ્ભની વીદ્યા, કૃપણનું ધન, અને બાયલાનું બાહુ બળ એ ત્રણે આ જગતમાં વ્યર્થ જાણવાં.

૮૨ જે દાતા નથી, તેના પ્રતિ કોઇને ભાવ આવતો નથી, પુર્વના કર્ણ, શીબી, વિક્રમ, ભોજ ઇત્યાદી અનેક દાતા પરલોકને હાલ શોભાવે છે તો પણ તેમના અનેક ગુણ ગણથી અદ્યાપી સુધી તે પૃથ્વિમાં પુજાય છે.

૮૩ જે જીવાંત જ્ઞાન, લક્ષ્મી ને વિક્રમથી યુક્ત છે, પણ ત્યાગ, ભોગ ને વિભુતાથી રહીત છે તેને ડાહ્યા મનુષ્યો જીવીતમાં ગણતા નથી.

૮૪ કૃપણ મનુષ્યો ભુમંડળમાં ભાર રૂપ છે, દાન વિભવ રહિત એવા ધનવાનને દારીદ્રીમાંજ ગણવો ઘટે છે, એતો તૃષાને હંણતો નથી, એવો ક્ષાર સમુદ્ર મરૂ ભુમી સરખોજ મનાય છે.

૮૫ ઉપભોગ ન કરતા એવા પુરૂષો જે અર્થ સંચય કરે છે, તેમનું દ્રવ્ય તો કન્યા મણીની પેઠે તેમના ઘરમાં પારકા માટે જ રક્ષાએલું છે.

૮૬ કૃપણ પોતાની લક્ષ્મીનો ઉપભોગ કરી શકતો નથી, નપુષક પુરૂષ જેમ પોતાની સ્ત્રીને ભોગવી શકતો નથી; તેમ કોઇને આપી શકતો નથી માત્ર જોઇનેજ બેશી રહે છે, તેમ કૃપણ પુરૂષો પોતાની લક્ષ્મી પરત્વે તે કરતાં કાંઇ વીશેષ કરતા નથી.

૮૭ લક્ષ્મીકાંતના અંશ વીના લક્ષ્મીનો ઉપભોગ થતો નથી કારણું કે તે તેનો ખરો પતિ નથી લક્ષ્મીનો સુમાર્ગે ઉપયોગ કરનાર મહાત્માઓ ઇશ્વરી અંશવાળા છે, કે જેમના દર્શન કીંવા સ્પર્શથી સ્વર્ગની પ્રાપ્તી થાય છે,

૮૮ જગતમાં એવા પુરૂષ તો ઘણાછે કે, જે નિરંતર મીઠું મીઠું બોલે, પણ કડવું તેમજ હિતકર એવું તો કહેનાર અને સાંભળનાર બંને દુર્લભજ છે.

૮૯ નિમ્ર છતાં જે મુર્ખ હોય તે નકામો છે, અને કુંભાર છતાં વિદ્વાન હોય તો તે મિત્ર કરવાને યોગ્ય છે.

૯૦ મૃગો મૃગ સાથે જાય છે, ગાયો ગાય સાથે, ઘોડા ઘોડા સાથે જાય છે, મુર્ખ મુર્ખ સાથે ને ડાહયો ડાહ્યા સાથે મળે છે, એમ સમાન શીલવાળાને સખ્ય થાય છે.

૯૧ દક્ષના આગળ સાધુએ પોતાના ગુણ કહેવા નહીં, કેમકે તે પોતાની મેળેજ જાણે છે, તેમ મુર્ખ આગળ પણ કહેવા નહીં કેમકે કહ્યા છતાં પણ તે જાણી શકવાનો નહીં, કદર કરવાનો નહીં.

૯૨ હલકા મનુષ્યો આગળ પડતો ભાગ લે તેથી જેનામાં કંઇ દઇવત છે તેને હાની નથી, ખીસ્રાડી ઠેઠ પેસી જાય, કે કુતરી રાજભુવનમાં ફરે તેથી બહાર રહેલા ગજેંદ્રને શી હાની છે?

૯૩ નિર્ધનાવસ્થા કડવી લાગે છે ખરી, પણ તેનાથી જે અનુભવ થાય છે તે શ્રેયસ્કર છે, ધનવાનને એ અનુભવનો લાભ મળતો નથી.

૯૪ એવો એક પણ પુરૂષ નહીં હોય કે જેના ઉપર દુખનું વાદળ એક પણ વખત ઘેરાયા વીના રહ્યું હોય; વીપત્તી આવી નથી ત્યાં સુધી મનુષ્ય -હૃદયની કસોટી થવાનું કાચુજ રહે છે.

૯૫ પોતાનામાં વીચાર કરવાની શકતી છે, છતાં જે વીચાર કરતો નથી તે આળસુ છે એવા મનુષ્યો નકામા બોજારૂપ છે.

૯૬ જે માણુસ પોતાના અંતઃકરણને અનુસરીને બોલે છે તે કોઇના દુસ્મન નથી, છતાં જે પોતાના વીચારને દાબી શકે, શુદ્ધ -હૃદય ભાવ ન બતાવે તે તો ધુર્તજ ગણાય.

૯૭ તેજ જેનું પરમ મિત્ર છે કે, જેનામાં દેખવા માત્રથીજ સુખ કે દુઃખ જે હોય તે દર્પણમાં પ્રતિબીંબની પેઠે સંક્રાંત થાય.

૯૮ શેરડીના ઉપરથી જેમ એકેકી પેરાઈ જઇ ભણી નીચે ઉતરીએ તેમ રસ વીશેષ મધુર મળે છે, તેજ રીતે સજ્જનોની

મત્રી જાણવી, દુર્જનોની મત્રીની રીત એથી વિપરિત ગતિવાળી છે.

૯૯ શોક અને પીડામાં પરિત્રાણ કરનાર પ્રીતિ અને વીશ્વાસનું સ્થાન એવું " મિત્ર " એ બે અક્ષરના નામનું રત્ન સર્જનારને ધન્યવાદ ઘટે છે.

૧૦૦ જેનાથી આર્તની રક્ષા નથી થતી તેનું પૌરૂષ કામનું નથી, અર્થીને નથી મળતું તે ધન નથી, હિતાનુબંધકી ન હોય તે ક્રીયા નથી, સાધુ સાથે વિરોધ કરનારનું જીવિત નથી.

૧૦૧ અંતઃકરણની દ્રઢતાની કસોટી માથે આવી પડે, ત્યારેજ થાય છે મહા વાયુ વાય નહીં ત્યાં સુધી રૂનો ઢગલો અને પર્વત એ બંને વચ્ચેનો તફાવત માલમ પડતો નથી.

૧૦૨ પોતાના મિત્ર, સ્વજન, બંધુ, બુધ્ધી ને વીત તે સર્વનું તત્ર માણુસ માત્ર વિપત્તી રૂપી કસોટીને પથરે ચ ત્યારેજ જણાઈ આવે છે.

૧૦૩ માગ્યા વિના જેમ પ્રાણી માત્રને દુખ આવી પડે છે, તેમ સુખ પણ માગ્યા વિના કેમ નહીં આવે ? ફેર એટલોજ કે માણુસો માત્ર અદ્રઢ બની દિનતા દર્શાવી હલકા પડે છે, બાકી જેમ દુખ માગ્યા વીના આવે છે તેમ સુખ પણ માગ્યા વીના આવશેજ.

૧૦૪ વિદ્યા અને ગુણ તેજ લોકોમાં પ્રતીષ્ઠાનું કારણ છે, કેવળ સંપત્તી કશા કામની નથી, શાલ્મલીનું પુષ્પ સૌંદર્ય રમ્યપ્તીથી ભરપુર છે પણ ગુણ રૂપી સુગંધ વીના મકરંદો તે તરફ દષ્ટી પણ કરતા નથી.

૧૦૫ ઘણીવાર સાંદર્યથી મોહીત થઇ જન -હૃદય આકર્ષાય છે પણ કૃત્રીમ આમ્ર ફળનો લાભ લેવાને લલચાએલા શુકના જેવી સ્થીતિ થાય છે. ચંચુ પ્રહાર કરવાથી ઉલટી તેને પીડાજ થાય છે, મધુરરસ તેને મળતો નથી.

૧૦૬ ક્ષુલ્લક મનુષ્યોને મહાન પદની પ્રાપ્તી થાય તોપણ તેઓ તેને દીપાવી શકતા નથી, કૃત્રિમ કેશવાળી, અને ત્રિપુલ સ્કંધ બાંધીને કુતરાને સીંહને પદે સ્થાપ્યો હોય તોપણ તે મત્ત ગજેંદ્રના કુંભને ચીરી નાંખવામાં સંપટ એવા મૃગ પતિના જેવી ગર્જના કરી શકતો નથી.

૧૦૭ પ્રાયઃ મુનીએ મા, બેન, કે પુત્રી કોઇની સાથે એક સૈયા કે એક આસન કરવું નહીં, કારણ કે ઇંદ્રીઓ બહુ બળવાન છે, તે વીદ્વાનને પણ વગોવી ખેંચી જાય છે.

૧૦૮ હમેશા રોજ અગ્નિ સારૂ નડતુ સુઝાડે છે, અને દેવે હણેલોજ હમેશા હણાય છે, કર્મનું ફળ આપવાને તત્પર થએલી દૈવ ગતિને દ્રવ્ય, કામ, પરાક્રમ, તથા આજ્ઞાએ કરીને નીવૃત કરી શકાતી નથી.



સર ૩ જી.

૧ અનાઢયનાં પદમ નિરવધ હોય, તો પણ કશો બાધ નથી, ભીક્ષુકની ઠાબમાં શેરડી આવવાથી તે કંઇ કડવી થઈ જતી નથી-મધુરતા તજતી નથી.

૨ આર્ય છે તે ખગની પેઠે પરકા દોષ દર્શાવવાને સમર્થ છે પણ તેમ કરી પોતાનું આર્યત્વ લજાવતો નથી, પોપટ કાગડાના જેવી મજબુત ચાંચવાળો છતાં, કહો તે હાડકાં ફોડવા બેસે નાહિ.

૩ નિથ્યાભિમાની પુરૂષો સર્વજ્ઞતાનો ફાંકો રાખે છે, પણ જ્યાં સુધી તેમનામાં કેટલું પાણી છે તે જોવાનો પ્રસંગ ન આવે ત્યાં સુધી જ તેમનો મીથ્યા ડોળ અંતરપટમાં ઢંકાએલો રહે છે, પણ પ્રસંગ આવ્યાથી પડદા બહાર નીકળી જેવા છે તેવા સ્વરૂપે સ્પષ્ટ દ્રષ્ટીગોચર થાય છે.

૪ અતી દાક્ષીણ્યવાળા, પદેપદે શંકાગ્રસ્ત પરાપવાદ ભીરૂ, એવા જે હોય તેનાથી વિભુતિ દુર જાય છે.

૫ લોકોને મોઢે કંઇ તાળુ દઈ શકાતું નથી, જળની વિડમ્બણા વીદારવાને ગાંઠનું ગર્થ ખરચી કુવો ખોદાવનારને પણ કોઈ ઉંડો ને કોઇ છીછરો કહે છે કોઈ ખારો ને કોઈ મીઠો એમ કહી ખામી કાઢે છે.

૬ લોકો ન્યાય અને અન્યાયની તુલના કરતા નથી, બીચારાં હરિણો તૃણ ખાય છે, અરણ્યમાં રહે છે, ને સરોવરનું જળ પીએ છે, કશું કોઇનું લેતાં નથી, તો પણ તેમને લોકો મારે છે મતલબ લોકો લાભ હાનીનો વીચાર કર્યા વીના વીચરે છે.

૭ વ્યસનીની લીલા સુર્યાસ્ત સમયની પંકજ શ્રીની માફક ક્ષીણ થાયછે, પંકજ શ્રીના નિક્ષેપ સાથે જેમ ભ્રંગો દૈન્ય પામે છે

તેમ વ્યસનને વશ થતાં તેની વિદ્વતાનો લાભ લેવામાં નિરાશાજ મળે છે.

૮ શુભબીજનો કુદેશ-કુસ્થળમાં પોષાતા નથી, ક્ષાર ભુમીમાં મૃગોની તૃષા મટેજ ક્યાંથી ? ઉલટાં ઝાંઝવાંનું જળ જોઇ તૃષા ટાળવાને દોડી મરે છે અને છેવટ દૈન્ય પામે છે.

૯ જેમ ત્રાજવામાં ગુરૂ નીચે બેસે છે, અને લઘુ ઉંચે જાય છે, તેમ હલકા મનુષ્યો ઉંચ સ્થીતિને પામે છે; ને ઉંચ મનોવૃતી વાળા દુઃખી સ્થીતીમાં જીવન પુર્ણ કરે છે.

૧૦ જે જેને આશરે છે તે તેના ગુણ દોષનો વીચાર કરતો નથી, ચંદ્ર દોષાકર છે, કુટીલ છે, કલંકીત છે, મિત્રાવશાન સમયે ઉદય પામવા વાળો છે; તો પણ હરને તે પ્રીય થાયછે " જેને જેનો આશરો તેને તેની લાજ " એ સ્વીકારનારાજ મહાન પુરૂષો છે.

૧૧ દીવસે તપાસ કરીને બોલવું, રાત્રીએ તો નજ બોલવું, કારણ કે મહા ધુર્ત લોક જેમ વડમાં વડસચી છુપાઇ રહેલો, તેમ જ્યાં ત્યાં ભરાઈ રહીને આપણી ગુપ્ત વાત સાંભળી લઈ તેનો આપણા સામે ઉપયોગ કરે છે અથવા જેને લાગે વળગે છે તેને સોંપે છે.

૧૨ ગમે તે જાતનો હોય, પણ તે ઉતમ પુરૂષ હોય તો તેનો સમાગમ કરવો, સત્સંગ કરવો, લાભકારી છે, ઉકરડામાંથી રત્ન જડે તો પણ તે ગ્રહણ કરવાને યોગ્ય છે.

૧૩ જ્યાં જેની જરૂર છે તે ત્યાં મળી આવે તો અતી પ્રિય થાય છે, ક્ષાર સમુદ્રમાં મીઠા જળની વીરડી મળી આવે તો તે અતી ઉપયોગી થાય ને આનંદ આપે.

૧૪ ઉતમાવસ્થા પ્રાપ્ત થતાં મૃત્યુ થાય તે સારૂં, પણ ભીક્ષા વીટમ્બણા વેઠવી પડે તે સારી નહીં.

૧૫ દારિદ્રરૂપી અગ્નિનો તાપ સંતોષ રૂપી વારીથી શાન્ત થાય, પણ યાચકોની આશા ભંગ કર્યાનો અગ્ની કશાથી શાન્ત થતો નથી.

૧૬ જેના ઘર આગળથી અતિથી આશાભંગ થઈ પાછો ફરે છે, તેનું પુણ્ય લઈ માત્ર પાપ આપી જાય છે, માટે યાચક વા અતિથીને આશા ભંગ કરી વ્યર્થ જવા દેવો નહીં.

૧૭ આપવું તે લેવા માટે છે, આપણે કોઈને ત્યાં જમે મંડાવીશું તે એવા હેતુથી કે આપણને જ્યારે જોઈશે ત્યારે તે મળશે, યાચકોને દાન આપીએ તે જમેજ થાય છે, ને "એક ગણું દાન સહુસ્ર ગણું પુણ્ય" એ હીસાબે તે મળવાનું જ છે,

૧૮ ભિક્ષાવૃત્તિ લઘુતાને પમાડનારી છે, સુર્યે કર સ્વચ્છ કરી દક્ષીણ દીશાનો આશ્રય કર્યો તો તે પોતેજ નહીં પણ તેનો દીવસ તે પણ લઘુતાને પામ્યો.

૧૯ ગતિ ભંગ, દીન સ્વર, ગાત્ર સ્વેદ, મહાભય, એ બધાં ચીન્હ જે મરણાવસરે જણાય છે તે ચીન્હો યુકત સ્થીતિ યાચકો અનુભવે છે.

૨૦ કલહ રૂપી અગ્નીમાં વાકય રૂપી વારી એવી જાતની ન નાંખવી જોઈએ કે ભડકો ભયંકર થઈ કુટુમ્બરૂપી વનને તે ભસ્મીભુત કરી નાખે.

૨૧ કલહરૂપી કુહાડાથી કુટુમ્બરૂપી વૃક્ષ છેદાય છે, પણ એ કુહાડાને કોરે રાખી ક્ષમા રૂપી વાડથી તેનું સંરક્ષણ કરવામાં આવે તો તે સર્વદા સુરક્ષીત રહે એટલું જ નહીં પણ તે પ્રફુલ્લતાને પામી આનંદ આપે.

૨૨ કલહનો દાવાનળ સળગતો હોય ત્યાં ઉશ્કેરણી રૂપી ઘીની આહુતી આપવાથી તે પ્રબળ સ્વરૂપ પકડે છે.

૨૩ બીજું સર્વ બદલાય પણ જાતી સ્વભાવ કદી બદલાતો નથી, જેનો જે સ્વભાવ છે તે દેવતા પણ તજાવી શકતા નથી. છ માસ પર્યંત શ્વાનની પુંછડી જમીનમાં દાટી રાખીએ, અથવા ભુંગળીમાં ઘાલી મુકીએ તો પણ તે સીધી થતી નથી

૨૪ સ્વભાવની સુગંધી યાને દુર્ગંધી અપાર યત્ને ટળતી નથી, કસ્તુરી, ચંદન. કુંકુમ, કર્પુરાદિથી વીંટીને લસણને રાખ-

વામાં આવે, તો પણ પ્રકૃતિના ગુણથી ને જાતી દોષથી તેનો દુર્ગંધ તજનાર નથી.

૨૫ વાઘ ગહન વનમાં ફરે છે, સીંહ ગુફામાં વસે છે, હંસ કમળ સહીત પદમ વનને સેવે છે, ને ગંધર્વ શ્મશાનમાં ફરે છે, સાધુ સાધુને શોધે છે, નીચ નીચને ખોળે છે એવી રીતે જેવી જેની પ્રકૃતિ છે તે કષ્ટે કરીને પણ તજાતી નથી.

૨૬ જેનામાં સર્વત્ર પુજાઇ શકે એવી અદભુત શકતી સમાએલી છે, તે પોતાનાજ દેશના ઉપર રાગ રાખી અધમાવસ્થા વ્હાલી કરતા નથી, બાપનો કુવો છે એમ કહી ખારૂ પાણી પીધા જ કરે તો તે મુર્ખજ ગણાય.

૨૭ મલયાચલ ઉપર ભીલ લોક શ્રીખંડને ઇંધન કરીને બાળે છે, કાશ્મીરમાં કુંકુમથી અંગનાઓ આંગણું લીંપે છે, સીંધુને તીરે વસનાર રત્નનો બેરખો મહીષાના કંઠે બાંધેછે, એટલે જ્યાં જે વસ્તુ ઉત્પન્ન થાય છે ત્યાં તેની કીંમત નથી, સ્થળાન્તરે દેશાન્તરેજ તેનું મુલ્ય સારૂ ઉપજે છે.

૨૮ મદનવશ પુરૂષ કાર્ય કે અકાર્ય વીચારતો નથી, તેનું બળ એવું કારમું છે કે વિવેક વૃતીનો લય થાય છે, -હૃદયરૂપી તૃણ મંદિરમાં સ્મરાગ્નિ પ્રદીપ્ત થતાં પંડિત હોય તેનામાં પણ ઉચિત, અનુચિતનો વીચાર કરવાની શકતી રહેતી નથી, કેટલી બધી પદમાક્ષી સ્વર્ગ સુંદરીઓ સમિપ છતાં તે ત્રીસ કોટી દેવતાના પતિ ઇંદ્રે સાધવી અહલ્યા પ્રત્યે કુડી દ્રષ્ટી કરી એજ એમ બતાવી આપે છે કે મન્મથ દેવ ગમે તેવા મહાત્માઓની વૃતી પણ ચલાયમાન કરી શકે છે.

૨૯ દ્યુતકાર એ નર્કનો અધીકારી છે, તે નટાદિની સંગતિને લીધે અને ચોર્યાદી કર્મને લીધે કુટન બંધનાદિ અપવાદ ગ્રસ્ત હોઇ ભોજન પારધાનાદીનો અભાવ વેઠે છે તેને લેશ પણ સુખ નથી.

૩૦ ધનને હણનારી દ્યુત ક્રીડા પશ્ચાગ્નનાની પેઠે કેવળ નિર્વંડા છે જેથી પરિણામે નાગા નોળ કરી મુકે છે.

૩૧ યોગ્ય સમયે દાન, દેવાર્ચન, નિદ્રા, સ્નાન એ કર્તવ્યો દ્યુતકાર કરી શકતો નથી, તેનું મન હમેશાં વ્યગ્ર રહે છે.

૩૨ રાજા તેજ કે જે પોતાના પુત્રે કીધેલા ગુન્હાને માટે પણ યોગ્ય સાસન કરી સમાન દ્રષ્ટીનું દિગ્દર્શન કરાવે છે.

૩૩ રાજ્યની પડતિ પ્રસંગે ક્ષાત્રત્વયુકત સ્વજનો જ સહાય થાય છે, ચઢતીની સમયમાં વિરત્વ વગરના જેઓ કાગડાઓની પેઠે વીંટાઈ વળેલા હોય છે તેઓ પડતિનો સાક્ષાત્કાર થતાં ક્ષણમાં વિખરાઈ જાય છે.

૩૪ જયાંસુધી સ્વાર્થ હોય ત્યાં લગીજ વળગ્યા રહેવાનો ક્ષુદ્ર જનોનો સ્વભાવજ છે, કાગડાને શ્રાધ્ધ પક્ષમાં ખીરને રોટલી મળે છે ત્યારે ચોગરદમથી એકઠા થઇ વીંટાઈ વળે છે, પણ આદ્ધ પક્ષ જતાં તેઓ દ્રષ્ટીએ પણ પડતા નથી, એવી રીતે રાજ્યની પડતિના પ્રસંગે સ્વાર્થી પાસવાનો અદ્રશ થઈ જાય છે.

૩૫ સુકવિનું શબ્દ સૌભાગ્ય તે સત્કવિજ જાણી શકે છે, બીજા જાણી શકતા નથી, જે ઉત્તમ કળાવાન છે તેજ કંકણની નકશીની કીંમત અને પરિક્ષા કરી શકે છે.

• ૩૬ અધરની મધુરતા, કુચની કઠિણતા, દ્રષ્ટીની તીક્ષ્ણતા, કવિતાની પુર્ણતા, એટલાં વાનાં અનુભવ રસીક હોય તેજ પારખી શકે.•

૩૭ ભારતિ રૂપી વેલીનાં કાવ્યામૃત રૂપી ફળનો રસ અપુર્વજ છે, ચાખવું એતો સર્વ કરે છે પણ તેનો સ્વાદ કવિયોજ જાણે છે.

૩૮ ગુરૂ કૃપામૃતના પરિપાકથી પેદા થતો સરસ્વતિનો વૈભવ તે કવીનેજ પ્રાપ્ત થઈ શકે છે, પાઠ કરનારની માથાફોડ કરનારને મળતો નથી. સરોવરને વિશે વસતો અને નવીન પય

સમુદ્રને ડોળી નાખતો મહીષ તે સરોવરમાંનાં પંકજોની સુગંધ ભોગવી શકતો નથી.

૩૯ વિપુલ-હૃદયને યોગ્ય એવા કાવ્ય ઉપર મુર્ખ માણુસો દ્વેશ કરે છે, પણ પોતાની મુર્ખતા ઉપર દ્વેશ કરતા નથી, શુષ્ક સ્તન વાળી નારી કંચુકી સીવનારને વખોડે છે પણ પોતાની છાતીને વખોડતી નથી.

૪૦ વાણીની રચના જે વિશદ પદ વૈદગ્ધ્યથી મધુર છે અને જેનો બંધ પણ અતિ રમણીય છે, તે અન્યના-હૃદયમાં નિષ્ફળ છે, પણ કવિ-હૃદયમાં તો સફળજ થાય છે. લોલાક્ષીનાં લલિત નેત્રથી સ્ફુરતો કટાક્ષ બાળકને નિઃસાર લાગે છે પણ યુવાનને આનંદદાતા થાય છે.

૪૧ વારાંગનાના યૌવનની પેઠે, કાવ્ય પણ નિર્વ્યાજ, મનોહર, સુધામય, કોઈ વૈદગ્ધનો યોગ થતાં સુધા વર્ષાવે છે.

૪૨ રાજાનું નામ કવિ વીના અમર થતું નથી, ને કવિની કીર્તિ પણ રાજ્યના આશ્રય વિના પૃથ્વીમાં વિસ્તરતી નથી.

૪૩ તે મહાત્માઓ વંદ્ય છે, ને તેમનો યશ જગતમાં અક્ષય છે કે જેમણે કાવ્ય ગુંથ્યાં છે, કે જેમનો યશ કાવ્ય માળાઓમાં ગુંથાયો છે, ને બહેકી રહયો છે.

૪૪ પદ વિસ્ફોટથી સ-હૃદયોને જે આનંદ સ્ફુરે, તેથી કરીને લલિત એવો જે કવિનો માર્ગ તેમાં પંડિતાઈ વાળાની બુધ્ધી પ્રવેશ કરી શકતી નથી ક્રીડા વશ વ્યસન વ્યંજક કુળ વધુના કટાક્ષનો મર્મ ગણિકાઓને અજાણ્યોજ હોય છે.

૪૫ અદાતા મનુષ્યને કોઈ પણ પ્રકારે કવિની વાણી સ્પર્ષવીજ નથી, તરૂણીનો વિલાસ વૃધ્ધને સુખકર-રૂચી કર ન લાગે એ સ્વભાવીક છે.

૪૬ કીર્તિ કરતાં લક્ષ્મી વધારે પ્રિય છે, એવો કૃપણ મનુષ્ય કવિતાને સાંભળતોજ નથી, નપુંસક પાસેથી કુરંગ નયનિ નિરાશજ જાય છે.

૪૭ સુ કવિતો આ જગતમાં બેજ છે શુક અને ભવ્‌ભુની, વાલ્મીક એમનાથી ત્રીજા છે, બાકી કુકવિની ગણનામાં ગણવા યોગ્ય કવિયોનાં કાવ્યો કંઈ ધર્મ–અર્થ–કામ અને મોક્ષ એ ચારે-ની પ્રાપ્તી કરાવનાર હોતાંજ નથી.

૪૮ "હુંજ એક પંડિત છું" એવો ગર્વ કરવો વ્યર્થ છે, ભારતિએ આપેલા વિભવાનુસાર તારતમ્ય સર્વત્ર છે, વાણીનો પાર પમાય તેમ નથી.

૪૯ સીંહ તેમ સુકવિ ઉભયને ગજ માંસથી કે નૃપશ્રીથી નિરંતરનો ઉપવાસ હોય છે તેનાં પારણું કંઈકજ થાય છે.

૫૦ પર પંડીત અને પશુ તેમના તો સાધારણ લોક ગ્રાહક થઈ શકે છે, પણ કવિંદ્ર અને ગજેંદ્ર તેમનો ગ્રાહકતો રાજાજ થાય.

૫૧ નિસ્પૃહીપણું સ્વતંત્રતાને સુરક્ષીત રાખેછે, ગરજની અરજ કરનારના અંતરમાં સ્વતંત્રતાને માટે સ્થાન હોવાનું સંભવેજ નહીં.

૫૨ માનથી હર્ષ પામનારના હૃદયમાં અપમાનથી અપાર દુખ ઉપજે છે તેટલા માટે માનથી ફુલાવું નહીં, ને અપમાનથી નારાજ થવું નહીં એમ મહાત્માઓ બોધે છે.

૫૩ ગુલાબનું પુષ્પ સુકાઈ જાય તોપણ તેની સુવાસ સદંતર નીમુદ થતી નથી, તેની પેઠે કાળક્રમે કરી ખાનદાનને ગમે તે સ્થીતિ પ્રાપ્ત થાય તોપણ તેની સદ્‌ગુણ સંપત્તી સર્વદા સચવાઈ રહે છે.

૫૪ ક્ષુદ્રજનો ભાદરવાના ભીંડાની પેઠે વૃધ્ધી પામે છે, ફાલે-છે ત્યારે જાણે સર્વદા એજ સ્થીતિ રહેશે એમ સમજી ભવિષ્ય-નો વીચાર કરતા નથી, પણ ભીંડો જેમ ચોમાસાની આખરે સુકાઈ જાય છે, તેની પેઠે ક્ષુદ્રજનો જ્યારે અવનતિના ગ્રહથી ઘેરા-ય છે, ત્યારેજ તેને ગતકાળમાં કરેલી ભુલનું ભાન થાય છે.

૫૫ સત્તા અને સમૃદ્ધીનો સદ ઉપયોગ કરનારા વીશ્વમાં વીરલાજ છે, બાકી તો ઘણાંનાં નેત્રો સત્તા અને સમૃદ્ધીના સાધનથી મદનાં પડળો વડે અંધ થઈ જતાં જોઈએ છીએ.

૫૬ ધન સંચય કરનાર ભાગ્યશાળી નથી પણ તેનો ઉપયોગ કરનાર ભાગ્યશાળી છે, સંચય કરી નહીં વાપરનાર તો કેવળ વેતરાજ છે.

૫૭ ધન સન્માર્ગે આવેલું હોય તોજ તેનો સદવ્યય થઈ શકે છે, ગંદકીનું એકઠું થએલું જળ કંઈ ઉપયોગમાં લેવાતું નથી પણ વગડાનું શુધ્ધ જળ સરોવર કે સરિતામાં આવે તે જળ ન્હાવા ધોવા, પાવા ને વળી દેવ સેવાના સત્કાર્યમાં વપરાય છે.

૫૮ સુનીતિ એજ શ્રેષ્ટ શણગાર છે, પ્રમાણીકપણું એજ પરમ દૈવત છે, કારણકે ઉમદા વસ્ત્રાલંકારો ધારણ કરનાર અનીતિવાન હોય તો તે દુનિયાને દર્શનિય થતાં નથી, અને અપ્રમાણીક રીતે મેળવેલું ધન, તન મન સાથે સઘળું તત્વ તાણી જાય છે.

૫૯ વિદ્વતા કરતાં અનુભવ અતી ઉત્કૃષ્ટ છે, વિદ્વાન અનુભવી હોય તો તે અતિ શોભે છે, અનુભવના અભાવે એકલી વીદ્વતા કૃત્રીમ વેશ જેવી વૈચીત્રતાનો ભાસ આપે છે.

૬૦ અનુભવ રહીતના વિદ્વાનો વ્હેવારમાં નિરાળા પડી જાય છે, વ્હેવાર કુશળતા એ વિદ્વાનોથી આગળ વધે છે, અનુભવના અભાવે વિદ્વાનો વેદીઆ ઢોરની ગણનામા ગણાય છે.

૬૧ લઘુતા જોઈ દુર્લક્ષ્ય રાખવું નહીં, અગ્નીની નાની ચીંગારીથી શું થવાનું છે એમ માની તેના તરફ દુર્લક્ષ્ય રાખવામા આવે તો ભવ્ય ભુવનોને ક્ષણમાં ભસ્મીભુત કરી નાખે.

૬૨ આરંભે નાનું છે તેથી શું થવાનું? એમ દક્ષજનો માનતા નથી મહાત્મા કબીરે નાખેલી દાતણની ચીરીમાંથી કબીરવડને

નામે ઓળખાતી વડવૃક્ષની ઘાડી ઘટા એમ બતાવે છે કે નાનામાં નાની વસ્તુ ચીત્તાકર્ષક મોટું સ્વરૂપ ધારણ કરે છે.

૬૩ વિદ્વાન નીર્ધન છતાં ધનવાન છે, એકલો છતાં કુટુમ્બી છે, અપરીચીત છતાં પરિચીત છે, અર્થાત એ બધા વડે મળતા સુખોનો આનંદ તે માત્ર એક વિદ્યાર્થીજ ભોગવે છે.

૬૪ સુવર્ણ જોઇને ચોરીનો ભય ન રાખે, યુવાન સ્ત્રી જોઈ ને લજ્યાનો ભય ન રાખે, મીષ્ટાન જોઈને અજીર્ણનો ભય ન રાખે અને સંસારના મોહક વિષયો જોઇને મરણનો ભય ન રાખે તો અંતે હાનીજ થાય છે.

૬૫ મુર્ખ પોતાના મનોરાજ્યમાં કોઇ વેળા કાર્યભારી, કોઈ વેળા રાજકવિ, કોઈ વેળા પંડિત, કોઈ વેળા મહારાજા બની બેસે છે. " ગધો ગધાના મનમાં મસ્તાન " એ કહેવત એથીજ યોજાઇ છે.

૬૬ મિતાહારી, મીતભાષી, થોડી નિદ્રાવાળો, મહાન બુધ્ધી શાળી હોઈ કોઇ પણ કાર્ય સાધવાને શકતીવાન નીવડે છે.

૬૭ નદીનો પ્રવાહ હમેશાં ઢળતી જગો તરફજ વહે છે અને જેમ ઢોળાવ વધારે તેમ તેમ તેનો વેગ વૃધ્ધી પામે છે તેની પેઠે મનોવૃતિ રૂપી સરિતા પણ નિચાં કાર્યોમાં ઉતાવળે ગતી કરે છે.

૬૮ પ્રાણીઓનું જીવન પળેપળે કમી થતું જાય છે એ વાત ભુલી જઇને માણુસો વર્ષગાંઠનો ઉત્સવ ઉત્સાહથી ઉજવે છે પણ તેઓ ભુલી જાય છે કે ગત વર્ષમાં કંઈ પણ સુકૃત ન થયું તેને માટે ખેદ કરવાનો એ પ્રસંગ છે.

૬૯ ઘટિ યંત્રના ટકોરા મનુષ્ય હૃદયને ચેતાવે છે કે વખત વખતનું કામ કર્યા જાયછે માટે પ્રમાદને પરો રાખી અજ્ઞાન રૂપી અંધકારનો પડદો અળગો કરી એવા કાર્યમાં વળગો કે જેથી માનવ દેહ મળ્યાનું સાર્થક થાય.

૭૦ આશા ઇચ્છીત વસ્તુઓમાં મોહિત કરેછે પણ તે લભ્ય હોય તેવી વસ્તુઓમાં બાંધી હોય તોજ તે ફળીત થાય, અલભ્ય

ની આશા બાંધી વક્ષખાં મારનારનો મનોર્થ સીદ્ધ થતો નથી પણ તે ઉલટા વ્યથા વેઠે છે.

૭૧ નિરંકુશીત સ્ત્રી, ફેરવ્યા વિનાનો ઘોડો, અને કટાએલું હથીઆર અનીષ્ઠ નીપજાવે છે ઠોકર ખાય છે.

૭૨ શાણી સ્ત્રી, સન્મીત્ર, આજ્ઞાશીલ બંધુ અને સદવીદ્યા એ આ સંસારમાં પુર્વના પુણ્યેજ પ્રાપ્ત થાય છે.

૭૩ સુશીલ સ્ત્રી શોધીને પરણવામાં લક્ષ રાખવું, પણ સુશીલ સ્ત્રીમાં લક્ષ રાખવું નહીં, તન્મય થનાર વીશ્વ વ્હેવારમાં નકામા થઇ પડે છે.

૭૪ ચતુર અને સદાચરણી સ્ત્રી પોતાના દુરાચરણી અને ભ્રષ્ટ ભર્તાને નિતીવાન અને ધર્મીષ્ટ બનાવી શકે છે.

૭૫ મૃગજળ જોઇને જેમ તૃષાતુર હરણો દોડી મરે છે, તેમ તમે વીષય ભોગ ભણી વ્યર્થ દોડી મરશો નહીં, કેમકે તેનું ફળ આખરે શુન્ય છે.

૭૬ સ્નેહ, દાન, અને કન્યા એ ત્રણ પાત્ર જોઇનેજ આપવાં, અપાત્રને આપવાથી ઉભયને હાની પહોચે છે.

૭૭ જીંદગીનું સરવૈયું કાઢતાં સત્કર્મોની બાકી રહે એજ ખરી કમાણી છે સાચાં ખોટાં કરી પૈસા પ્રાપ્ત કરશો અને મનમાં એમ માનશો કે પુત્રોને માટે વારસો મુકુછું પણ એ પુત્રો તમને જ્યારે તમારાં કર્મોની શીક્ષા થશે ત્યારે સહાયક થઇ પડશે નહીં, પણ મળેલો વારસો સુખે ભોગવશે.

૭૮ વાણી ઉપરજ સ્રીઓના પ્રમાણીકપણાની ખાત્રી ન રાખવી પણ તેનું ચરિત્ર તપાસી ખાત્રી રાખવાનીછે, ઘણીવાર વાણી કરતાં વીચીત્ર ચરીત્ર જોઇ વીશ્વાસ રાખનારને પસ્તાવો કરવો પડે છે.

૭૯ જ્ઞાનની સામે દ્રવ્ય કસ્યા લેખામાં નથી, ધનનો ભરપુર ભરેલો ખજાનો ખુટી જાય છે, કોઇ લુંટી જાય છે પણ જ્ઞાનનો ખજાનો એવો છે કે ખર્ચવાથી ખુટતો નથી અને લુંટાયાથી ઉલટો વધી પામે છે.

૮૦ દ્રવ્યનું અભિમાન રાખનારાઓ મુર્ખ છે એમ કોટ્યાધી-પોને કંગાલ દશામાં આવેલા જોઈ કોણ નહીં સ્વીકારે ?

૮૧ શીષ્ટાચાર બધા ધર્મોનું મુળ છે, માટે ધર્માચરણમાં શીષ્ટાચારને સુજ્ઞ મનુષ્યો સ્વીકારે છે, અગ્રસ્થાન આપે છે.

૮૨ મનુષ્યો નાટકો જોવામાં મઝા માનેછે, પણ ખરૂં જોતાંતો સંસાર નાટક છે કે જેના પ્રત્યેક વેશમાંથી કાંઈ નહીં ને કાંઈ શીખવાનું મળે છે, સંસારના નાટય વીશે ખ્યાલ કરવામાં આવે તો અન્ય નાટય પ્રયોગો નિહાળવાની આવશ્યકતાજ ન રહે.

૮૩ વીદ્વાન ભલે થાઓ, પણ જ્યાં લગી વહેવાર કુશળ થશો નહીં ત્યાં લગી વિદ્યા વિભુતિ તેના ખરા સ્વરૂપે ખીલી નીકળશે નહીં.

૮૪ દેવની સેવા કરતાં માબાપની સેવા સર્વોત્કૃષ્ટ છે. તીર્થ યાત્રા કરતાં મનોનિગ્રહ કરીને સંસાર યાત્રા કરવામાં વહેલું કલ્યાણ થાય છે.

૮૫ સત્ય બોલવું એજ ખરૂં તપ છે, સત્યાગ્રહી થવાનોજ દૃઢ સંકલ્પ સીધ્ધ થાય તો કોઈ પણ પાપનો પ્રવેશ થવાનો અવકાશ મળતો નથી.

૮૬ આફતમાંથી ઉગરવાનો સહેલો ઉપાય સહનશીલતા છે, આફતનું વાદળ ચઢી આવતાં ગભરાઈ જનાર બચાવની બારી શોધી શકતો નથી પણ સહનશીલતા રાખે તો ઉત્તમ ઉપાય સુઝી આવે છે.

૮૭ ગુણ કે વિદ્યા કંઈ પૈસામાં નથી. પૈસાદારોને ભલે લોકો શ્રીમાન કહે પણ શ્રીયુકત તો એજ છે કે જે ગુણ તથા વિદ્યા-થી વિભુષીત હોય, શ્રી એટલે લક્ષ્મી તેના કરતાં શ્રીનું કલ્યાણ વાચક વીશેષણ મેળવનારાજ મહાપુરૂષોની ગણનામાં ગણાવાને યોગ્ય છે.

૮૮ મંત્ર કરતાં શ્રધ્ધા બળવાન છે, શ્રધ્ધા વીનાના મંત્ર ફળદાતા થાય નહીં અશ્રધ્ધાવાન મંત્રોચ્ચારથી મન કામના

પુર્ણ કરવા ધારે, અપાર પરીશ્રમ કરે, તેથી જે કાર્ય ન થાય તે શ્રધ્ધાથી શ્રી હરિની ભક્તી કરનાર સહજમાં સાધી શકે છે.

૮૯ વહેમનું ફળ વિપરિતજ આવે છે, વ્હેમને વશ થનાર વ્યાધીને આમંત્રણ કરે છે, તેને તર્કની ટોળી ઘેરી લે છે, અને ચીંતાગ્નિ બાળે છે. "બીજા બધા વ્યાધીનું ઓસડ છે પણ વહેમનું ઓસડ નથી" એમ જે કહેવાય છે તે ખોટું નથી.

૯૦ મનુષ્યને તેનાં સ્વજનો સાથેનો સબંધ આ લોકને માટે છે, પરલોકનાં સાચાં સાથી તો મનુષ્યનાં સત્કર્મોજછે, છતાં મારૂં મારૂં માની વ્યર્થ વીટમ્બણામાં વીંટાઇ રહેવાનું સાર્થક શું?

૯૧ મ્હારૂં શું છે? તેનો માનવી વીચાર કરે તો દેહ પણ તેનો નથી, પુત્ર પરિવાર પડયો રહે છે અને ભલેને અખુટ દોલત મેળવી હોય છતાં મનુષ્યની સાથે એક કોડી પણ જતી નથી, "હાથે તે સાથે" એ કહેવત પ્રમાણે દાન ધર્મ કીધું હોય તેજ તેની સાથે જાય છે.

૯૨ દ્રવ્ય પાણીના બુંદ જેવું છે એમ જાણનારા મહાપુરૂષોજ તેને તોષાખાનામાં પુરી રાખવાને બદલે તેનો સન્માર્ગે વ્યય કરે છે, અને તેજ એમ જાણે છે કે સરાફને ત્યાં મુકેલું કે દાટેલું મને ભવીષ્યમાં મળનાર નથી, પણ દાન પુણ્યમાં વાપરેલું સાચા સરાફ શ્રીહરી, તેના દરબારમાંથી દોકડે પાઈકે ચક્રવૃદ્ધી વ્યાજ સાથે મળવાનું છે.

૯૩ બેંક ભાગશે, સરાફો દીવાળુ કાઢશે, શેરનાં કાગળીયાં સડી જશે, ઘરમાં રહેશે તો ચોર ચોરી જશે, અને હાથોહાથ આપ્યું હશે, તે હરામી થઇ પચાવી પડશે, પણ શ્રીહરી રૂપી સરાફની પેઢી એવી સધ્ધર છે કે પાત્રને આપેલું દ્રવ્ય તે હીસાબ મળીને જ્યારે જોઇએ ત્યારે ચુકવી દે છે.

૯૪ કૃષ્ણાર્પણ કરેલું પાછુ મળવાનું છે છતાં તેમાં નથી દસ્તાવેજની જરૂર કે ન જોઇએ સાક્ષી પુરાવો, તેને મુદતનો બાધ

લાગતો નથી, તેતો ભલે એકાન્તે યાને ગુપ્ત રીતે દીધું હોય પણ શ્રીફરી વગર વાંચે તે દ્રવ્ય વગર માગ્યે આપે છે એવી એ સરાફની સધ્ધર આંટ છે.

૯૫ પરમાર્થ કરવો એનેજ સ્વાર્થ સમજી સત્કર્મ કરનારની સદ્‌ગતી થાય છે, દુષ્કર્મ કરનારની તો અવગતી થાય છે, જેવું બીજ વાવીએ તેવું લણીએ, કડૂચનાં બીજ વાવનાર કેળનાં ફળ કયાંથી ચાખે?

૯૬ દાન એવું ન કરવું કે જેથી દુરાચાર ને દુષ્કર્મની વૃધ્ધી થાય, પણ દાન એવું કરવું કે સદાચાર અને સધ્ધર્મ ફેલાય, પ્રવર્તાય.

૯૭ પ્રિયજનના મરણ પ્રસંગે "સંસારની માયા મીથ્યા છે" એમ કહી માનવીઓ આશ્વાસન આપે છે, પણ એ શબ્દો માત્ર સ્મશાન જ્ઞાનના છે, તે ક્ષણભર પછી વીસરાઈ જાય છે, અને પુનઃ એ મીથ્યા માયાના આવરણથી ઘેરાઈ જાય છે.

૯૮ બગના જેવા ધ્યાની થવું નહીં કારણકે આંખો મીંચીને પોતાના સ્વાર્થનું ચીન્તવન કરનાર બગલાને શીકારની ગોળી સડસડાટ કરતી આવીને ચોટે છે અને તેથી તેનો પ્રાણ જાય છે લક્ષ બીંદુ સ્વાર્થમાં રાખી ભક્તીનો આડંબર રાખનારાઓની એજ દશા થાયછે, કારણકે સ્વાર્થન્ધત ને લીધે કાળની ગોળી અચાનક તેમને વાગે છે.

૯૯ મનુષ્યને જો પોતાના ભલાની ઇચ્છા હોય, તો બીજાનું ભલુ કરવાને તત્પર રહેવું કારણ કે "ભલાના કરતલનું ભલું થાય છે" એમ લોકો સત્પુરૂષોને મુખેથી સાંભળે છે.

૧૦૦ સામાનું ભુંડું કરવાની વાંચ્છના ઉદભવે, તે તેના પુણ્યના પ્રભાવથી તેને અસરકર્તા થતી નથી, પણ તેનું આંદોલન અથડાઈને પાછુ પડી ભુંડુ કરવાની ઇચ્છા રાખનારને અસરકર્તા થાય છે, સંગીન ભીત પર ફેંકેલ પથ્થર તેને અથડાઈને પાછોજ પડે છે, અને ફેંકનારનેજ વાગે છે.

૧૦૧ નઠારાં કર્મ કરી જેટલો વખત લાભ લેવાની આશા રાખી હોય તે કરતાં વધારે વખત એ કર્મનું માઠું ફળ ભોગવવું પડશે, વિષમય મીષ્ટાન જમનારને જમતાં મીઠું લાગે પણ પરિણામે તો તે પ્રાણ હરનાર થાય છેજ.

૧૦૨ બીજાની નીંદા કરતાં પહેલાં આપણને જે નિંદવા યોગ્ય દુર્ગુણો બીજાના દેખાય છે તેવું આપણામાં કંઇ છે કે કેમ? તે અવશ્ય તપાસવું જોઇએ.

૧૦૩ મુર્ખાઇની કુરૂપતા એવી છે કે તે મનુષ્ય ભલે સૌંદર્ય સંપન્ન હોય છતાં અપ્રિય કરતા થાય છે અને દક્ષ પુરૂષ ભલે સૌંદર્ય સંપન્ન ન હોય તો પણ પ્રત્યેકને વહાલો થય છે.

૧૦૪ સાહસીકતા એ અસ્થાને મુર્ખતામાં ખપે છે, આકાશ કુસુમની ઈચ્છા રાખી કોઇ ઠેકડા મારે તો તેને લોકો મુર્ખ કહી-હસેજ.

૧૦૫ સભ્યતા એજ મનુષ્યના અંગનું સાચુ આભુષણ છે, અનેક આભુષણથી યુકત હોવા છતાં સભ્યતા ન હોય તો એ આભુષણ દુષણ રૂપ થઇ તેને ખરાબ સ્વરૂપમાં દેખાડે છે.

૧૦૬ વિનય જેવો એકે વશીકરણનો બીજી વીદ્યા નથી, જેણે વિનય રૂપી મહામંત્ર સાધ્યો છે તેને શત્રુ પણ સાધ્ય થાય છે.

૧૦૭ ચાતક વર્ષાબીંદુથી વિમુખ રહે, તેમાં મેઘને દોષ શું દેવો? દોષ તેના ભાવિનો કે જેથી સકળ સૃષ્ટીમાં લીલાં લ્હેરં થઇ પણ ચાતકની તૃષા તો રહી તે રહીજ.

૧૦૮ જેઓને ઉન્નત સ્થીતિ પ્રાપ્ત થઇ છે, તેઓએ વીચારવું જોઇએ કે, સાંપ્રત સ્થીતી તેમને કેમ પ્રાપ્ત થઇ છે, એ વીચારમાં વીચારી મનુષ્ય વર્તે તો હવે પછીના જન્મમાં એવીજ ઉન્નત સ્થીતીવાળુ સ્થાન તેને માટે તૈયાર જ છે.

સર ૪ થી.

૧ સુલક્ષણી સ્ત્રી સાક્ષાત લક્ષ્મીનો અવતાર છે, ઘરમાં લક્ષ્મી હોય કે ન હોય પણ જો સ્ત્રી સુલક્ષણી હોય તો તેનાથી સંતોષ અને શાન્તી રહે છે,

૨ પ્રધાન, યાચક, અને ઉત્તમ બ્રાહ્મણને દ્રવ્ય આપી આશ્રયરૂપ થવામાં સંકોચ ન રાખવો કારણ કે પ્રધાન નીમકહલાલીથી નોકરી કરી રાજયનું હીત સાધે છે, યાચક યશોગાન ગજાવી કીર્તિ ફેલાવે છે, અને ઉત્તમ બ્રાહ્મણોના આશીર્વાદથી સર્વથા શ્રેય જ થાય છે.

૩ રાજયના ભાયાતો સાથે મૈત્રી રાખવી, કીન્તુ પોતાનું આંતરીક રહસ્ય ન સમજી શકે એ સંભાળવું, રાજય બંધુઓને દુભવાથી. અનીષ્ટ ફળ નીપજે છે, એમ દુર્યોધનાદિ કૌરવોએ અનુભવ્યું છે.

૪ દુનિયામાં સામાન્ય મનુષ્યો કરતાં રાજાને માથે મોટી જવાબદારી છે, કારણ કે ઇશ્વરે તેને અનેકનું કલ્યાણ--અકલ્યાણની સબળ સત્તા સોંપી છે.

૫ રાજાએ શામ દામ ભેદથી વશ થાય એવા શત્રુની સાથે યુધ્ધ આદરવું નહીં, કારણ કે રાજનીતિના ઉતમ જ્ઞાનને અભાવે યુદ્ધ પ્રકરણમાં પડ્યાથી મનુષ્ય પ્રાણીના થતા સંહારનું પાપ રાજાને ચોટે છે.

૬ રાજા એજ કે જેને રાજનીતિનું ઉત્તમ જ્ઞાન હોય, સનાતન રાજનીતિને નિરાળી રાખી મનસ્વી રીતે વર્તનાર રાજા વ્યાઘ્રાદી હીંસક પ્રાણીઓ કરતાં પણ ભયંકર છે.

૭ પ્રજાની આબાદીમાં રાજયની આબાદી છે, જેથી પ્રજાની આર્થીક ઉન્નતિ કરવાને રાજાએ યત્નવાન રહેવું. ગાયને પુષ્કળ ખોરાક આપી માતેલી રાખીએ તોજ તે અધીક દુધ દે.

૮ પ્રજા કે અન્ય વ્યકતી જે રાજછત્ર નીચે રહેનાર છે તેના પ્રત્યે રાજાએ સર્વદા પુત્રવત પ્રેમ દ્રષ્ટીથી જોવાનું છે, સુર્ય ભુમંડળ ઉપર અગ્ની વરસાવે તો જડ કે ચેતન્ય કોઇ સલામત રહી શકે નહીં, તેમ રાજાની કડવી નજરથી પ્રજાની પાયમાલી જ થાય.

૯ રાજાએ કેવળ નશીબ દેવીને વશ વર્તવાનું નથી, પણ શત્રુથી સચેત રહી, સૈન્ય અને દુર્ગાદિની સુવ્યવસ્થા રાખી ઉદ્યોગમાં પ્રવર્ત રહેવાનું છે.

૧૦ રાજાએ પ્રજામત જાણવાની જીજ્ઞાસા રાખવી, કારણ કે જગત આરસી છે તેમાં રાજાની રાજનીતિનું વાસ્તવીક પ્રતિબીંબ પડે છે.

૧૧ રાજાએ પોતાના શરીરનું સંરક્ષણ કરવું, કારણ કે કર્તવ્ય પરાયણ રાજાનો દેહ કલ્પ વૃક્ષ જેવો ઉપયોગી છે.

૧૨ રાજાના પ્રત્યક્ષ દર્શનથી ઐહીક કલ્યાણ થાય છે તેથી પ્રજાને હરરોજ દર્શનનો લાભ મળે એવી યોજના રાખવી જોઇએ પ્રજાની ફરીઆદો પોતે સાંભળવાને ક્ષુદ્ર મનુષ્ય પણ નમિષ આવી શકે એવી વ્યવસ્થા રાખનાર રાજાનો યશ જગતમાં બહુ વિસ્તરે છે.

૧૩ રાજાએ બ્રાહ્મ મુહુર્તમાં ઉઠી, જેણે પોતાને મહાન પદે સ્થાપ્યા છે, તેનું સપ્રેમ સ્મર્ણ કરવું, અને પ્રજાના હીતને અર્થે શું થયું, ને શું કરવાનું છે તે વિચારવું.

૧૪ કહેનાર માણસ સ્વતંત્ર છે, પણ રાજાએ પોતાની માનસીક શકતીને એવી રીતે કેળવવી કે જેથી કહેનારના કથનમા સત્ય કેટલું છે તે કળી શકાય.

૧૫ પારકા વિચારોને તરત આધીન થનાર રાજા કોઇ દીવસ સુખી થતો નથી પ્રત્યેકના વિચાર જાણવા પણ તેમાં ગ્રહણ કરવા યોગ્ય કેટલું છે, તે પોતાની તુલના શકતીથી નકકી કરવું.

૧૬ પોતાની સ્તુતી સાંભળી એકદમ હરખાઈ જવું નહીં, દુનિયામાં મોઢે મીઠું બોલી મનમાં મુર્ખ સમજનાર ઘણીવાર હાજી હા કરી રાજી રાખવા તત્પર રહે છે, તેવાઓની સ્તુતિથી ફુલાઇ જનારને લોકો હસે છે.

૧૭ પૈસા, હાથી ઘોડા, રથ, શસ્ત્ર ઈત્યાદી ઉપર રાજાએ જાતે દેખરેખ રાખવી, કેવળ જેના સ્વાધીનમાં તે હોય તેના ઉપર ભરૂસો રાખવાથી હાની છે.

૧૮ પ્રધાન અને બીજા જે શાણા સલાહકારો હોય તેમની સાથે માનથી વર્તવું, તેમ તેઓને પોતાના સ્વતંત્ર વીચારો જણાવવામાં આંચકો ખાવો ન પડે તેને માટે તેમની સાથે હૃદય ખુલ્લુ રાખવુ.

૧૯ સામના મન ઉપર રાજા તરિકેની છાપ પાડે એવો રાજાએ રાજવંશી પોષક પહેરવો અને ઉત્તમ અલંકારાદિ ધારણ કરવાં. રાજા વીચીત્ર વેશમાં ફરે, કે કંગાલ જેવો સ્વાંગ ધરે તો તેને કોઇ માન આપતું નથી.

૨૦ પોતાની પ્રજામાંથી જ રાજકર્માચારીઓ મેળવવાનો મનોભાર રાખવે. અને તેને માટે પ્રજાજનોને કેળવણીમાં આગળ વધારવાનો યત્ન કરવાની રાજાની ફરજ છે, ગામનું ગર્ધવ જેટલું ઉપયોગી અને હીતકર છે તેટલો બહારનો હાથી હિતકર નથી.

૨૧ વિષયાસકત કદી ન થવું. વીષયમાં તલ્લીન રહેવાથી રાજા તરીકેની વાસ્તવીક ફરજ બજાવવાનું ભાન રહેતુ નથી. વીષયાસકત રાજાઓની પ્રજા "યથા રાજાસ્તથા પ્રજા" એ સુત્રાનુસાર વિષયાધિન વર્તે છે, અને તેથી રાજ્ય અને પ્રજા બંનેની અધોગતિ થાય છે.

૨૨ પ્રૌઢતા એ રાજાનું એક ઉત્તમ આભુષણ છે, જે રાજા પ્રૌઢતા સાચવી શકતો નથી તે પોતાની પ્રજામાં ભારબોજ પાડી શકતો નથી.

૨૩ ભલે પોતાનું હિત થતું હોય તો પણ રાજાએ અયોગ્ય કર્મ કદી આચરવું નહીં કારણ કે રાજાના આચરણ ઉપર પ્રજાના આચારનો આધાર છે.

૨૪ રાજાએ હલકા માણસોની સંગતમાં કદી ન રહેવું, કારણ કે હલકા માણસો ખોટી ખુશામત કરીને રાજાને અવળે માર્ગે

હારે છે અને તેથી ભયંકર કોલાહલ મચી રહે છે.

૨૫ રાજાએ વ્યસનથી સર્વદા વિરકત જ રહેવું, કારણકે વ્યસન એ એવી વસ્તુ છે કે, રાજાને તેના કર્તવ્યથી વીમુખ રાખનાર થાય છે.

૨૬ પ્રધાન વિદ્વાન અને વિશ્વાસુ રાખવો, વીશ્વાસ વિશ્વાસને જન્મ આપે એ સુત્રાનુસાર પ્રધાન ઉપર વીશ્વાસ મુકવાથી તેને નીમકહલાલીથી કામ કરવાની કાળજી રહે છે.

૨૭ દોષ વગર દુર થવાનો ભય ન હોય ત્યારેજ રાજકર્માચારીઓ પ્રમાણીકપણાનું પ્રતિપાલન કરે છે, વૃષ્ટી અટકી જવાનો ભય પેદા થાય તોજ લોકો ટાંકાં ભરી લેવાની તદબીર કરે છે.

૨૮ રાજા વિરત્વ વિભુતિનો પુંજ છે, તેથી તેની વાણી, વીચાર ને આચારમાં નામર્દાઈ માલમ ન પડે એ ખાસ સંભાળવું સુર્ય કે અગ્ની સિતળતા દાખવે તો સૃષ્ટીક્રમમાં અસાધારણ ફેરફાર થઈ જાય.

૨૯ જે વ્યકિત અધર્મે વર્તે તેને કોઈપણ પ્રકારની મોંશરમ્મ રાખ્યા વગર યથાયોગ્ય શીક્ષા કરવાની રાજાની ફરજ છે, તોપણ શીક્ષા એવી હોવી જોઈએ કે ગુન્હેગારના મન ઉપર મજબુત અસર થાય, તુંકારાથી ગાળની ગરજ સરતી હોય તો વ્યાળના જેવી કરૂરતા વાપરવી નહીં.

૩૦ નિંદ્ય પુરૂષોનું કર્તવ્ય જ એ છે કે, નીંદા કરી પોતાની જીભને અપવિત્ર કરવી અને રાજાના કાનમાં વિષ રેડવું માટે તેમનાથી રાજાઓએ સર્વદા સાવધ રહેવું.

૩૧ જેને જેટલું યોગ્ય હોય તેટલુંજ આપવું, હદ કરતાં વધારે આપવાથી બદબોઈ કરાવનાર થાય છે. "અતિ કશું સારૂં નહી" એ કહેવત તો રાજાઓએ સર્વદા પોતાના સનમુખ કોતરાવી રાખવી.

૩૨ રાજા પોતે ગમે તે ધર્મ પાળતા હોય પણ અન્ય ધર્મનો દ્વેશ કરવો નહી, ધાર્મીક વિષયમાં કોઈનું દીલ દુખાવવું નહીં.

૩૩ અયોગ્ય ભાષણ કદી કરવું નહીં, જેટલા શબ્દો બોલવા યોગ્ય હોય તેટલાજ બોલવા, સમયોચીત્ત ન બોલવાથી રાજાની બુધ્ધી વીશે લોકો વીરૂદ્ધ અનુમાન બાંધે છે.

૩૪ લોકોને વિરૂધ્ધ લાગે, અથવા જે કાર્યથી પ્રજાના મન ઉપર ખરાબ અસર થવાનો સંભવ હોય તેવું આચરણ રાજાએ ન રાખવું.

૩૫ વડીલ, તપસ્વી, યોગી અને વૈરાગીનું સન્માન કરવાને ચુકવું નહીં કારણકે તેમના આશીર્વાદથીજ અભીષ્ટ પ્રાપ્તી થાય છે.

૩૬ આંધળાં બ્હેરાં. રોગી, નિરાધાર ઇત્યાદીને આશ્રય આપી આશ્વાસન કરવું, કારણકે એ પુણ્યના પ્રભાવેજ રાજતેજ વૃધ્ધી પામે છે,

૩૭ પોતાનું વર્તન પ્રત્યેક કાર્યમાં ન્યાય યુકત છે કે કેમ ? એવો પ્રશ્ન અંતઃકરણને પુછવો, અંતઃકરણ જેને ન્યાય યુકત હોવાની ના પાડે એવું કદી આચરવું નહીં,

૩૮ કોઇના પણ અંતઃકરણનો વધ કરવો નહીં, એટલે કદી પણ કોઇના અંતઃકરણને વ્યર્થ દુખાવવું નહીં, આપણું અંતઃકરણ કોઇ દુખાવે તો તેની જે અસર થાય એ વાત લક્ષમાં રાખીને વર્તવું.

૩૯ કોઇની પણ પુઠ પાછળ તેના દોષ દર્શાવવા નહી, તેમ કોઇની પુઠ પાછળ તેના અવગુણ સાંભળવા નહીં, કારણ કે એથી ઘણીવાર અન્યાય થવાનો પ્રસંગ આવે છે.

૪૦ માતૃ ભાષાનું અભીમાન રાખી તેને ઉત્તેજન આપવું, જે પુત્ર માતાને માટે મગરૂરી ધરાવતો નથી, તેને પોષણ આપતો નથી, તેની સેવા બજાવતો નથી, તે પુત્ર સુપુત્રના વીશેષણને લાયક નથી.

૪૧ વીદ્યાર્થી વીદ્યાદાન માગે તો અવસ્ય આપવું યા અપાવવું, વીદ્યાદાનથી અન્ય એકે દાન અધીક શ્રેષ્ટ નથી.

૪૨ એક વખત કોઇને કંઇ આપવાનું કહ્યું તે પછી અવશ્ય આપવું જ પ્રતિજ્ઞા પુર્ણ કરવાનો સંકલ્પ સીદ્ધ કરનારની સત્કીર્તી સુર્ય સમાન સર્વથા પ્રકાસે છે.

૪૩ રાજાએ પોતાનાં સંતાન અને રૈયત એ બેને કેળવવામાં કીંચીત કૃપણતા રાખવી નહીં, વીદ્યારૂપી કલ્પવૃક્ષ એવું છે કે તેને દ્રવ્યરૂપી પોષણ આપ્યાથી, તેનાં મધુર ફળ મળ્યા વીના રહેતાં નથી.

૪૪ ચોર અને લાંચ ખાનાર કામદારને સખ્ત શીક્ષા કરવી અધમ આચરણુવાળા અધીકારીઓ રાજ્ય વૃક્ષને ઉધેય સમાન સદા રૂપથાય છે.

૪૫ જેના પરીચયથી પ્રજાનું અશ્રેય થવા સંભવ હોય તેનો પ્રસંગ રાખવો નહીં, ને ઉપદેશ સાંભળવો નહીં, પણ તેવાને તજી દેવો.

૪૬ દાનથી દયા અધીક છે, માટે રાજાએ કદી દયાને દુર કરવી નહીં પરંતુ અપરાધી પ્રત્યે દયા વાપરવાથી અનર્થ થાય છે એ ભુલવાનું નથી.

૪૭ વાણીમાં વિવેક રાખનારા સર્વત્ર શોભા પામે છે, મનુષ્ય વસ્ત્રાભુષણો વડે શોભતો નથી, પણ વાણી રૂપી ભુષણ તેને શોભાવે છે.

૪૮ સજ્જન એજ કે જે આફતમાં આવેલાને આશ્વાસન આપે, દુખીની સારવાર કરે.

૪૯ દુનિયાં જેમ દુર્જન રૂપી કંટકોથી યુકત છે, તેમ સજ્જન રૂપી કલ્પવૃક્ષો પણ દુનિયામાં અનેક છે, સજ્જન સાધુ પુરૂષો દુનિયામાં હોય નહીં તો દુનિયા ચાલે નહીં.

૫૦ સમુદ્રની માફક સજ્જનો દોષ દુર કરી તે તરફ દુર્લક્ષ્ય રાખી ગુણ જ ગ્રહણ કરે છે.

૫૧ હંસની માફકજ સજ્જનો સારગ્રાહી જ થાય છે, પય પાણી એકઠું કરી સમીપ મુકીએ તો પય પી જાય અને પાણી પડયું મુકે.

૫૨ પ્રજારૂપી વાટિકાનું રક્ષણ કરનારા રાજા છે છતાં રક્ષક એજ ભક્ષક થાય તો એ વાટીકા ખીલે નહીં, પણ ધીમે ધીમે નષ્ટ થઇ જાય.

૫૩ પ્રેમ અને ઉપકારથી શું નથી થતું ? એથી તો સર્પાદિ વીષમય પ્રાણીઓ, અને વ્યાઘ્રાદિ હીંસક જીવો મનુષ્યને વશ વર્તે છે, તો પછી મનુષ્યો સાધ્ય થાય, એ સ્વભાવિક છે.

૫૪ રાજા એ રૈયતનો પિતા છે તેને ભકતિ ભાવથી ભજનાર અને પુજનાર પ્રજાનું સર્વદા શ્રેયજ થાય છે.

૫૫ પ્રજા એ રાજાનાં સંતાનો છે, તેને પાળી, ઉછેરીને આબાદ કરનાર રાજાનો સર્વદા વિજયજ થાય છે.

૫૬ લોકમત વિરૂદ્ધ હોય એવા આચાર વિચાર રાજાએ તજી દેવા, લોકમત લક્ષમાં લેવાની દરકાર રાખ્યાથી પ્રજાના મન ઉપર ઘણી અસર થાય છે, શ્રી રામચંદ્રજીએ ધોબીનાં પરોક્ષ વચનો સાંભળી સીતાજીનો ત્યાગ કરેલો, એ લોકમત લક્ષમાં રાખવાને રાજાઓને બોધદાયક દ્રષ્ટાન્ત છે.

૫૭ ચીત્તની એકાગ્રતા એજ ખરો યોગ છે, અને એજ સુખ છે, મનની વ્યગ્રતાવાળાને ભલે ભવ્ય ભુવનમાં વસવાનું હોય, પકવાનાદિ પ્રાસન કરવાનું હોય, અને અન્ય ગમે તેવાં સુખકર સાધનો સમીપ હોય છતાં તેને આનંદનો અનુભવ થતો નથી.

૫૮ "જુનું એ સોનું છે" એ સુત્ર ધ્યાનમાં રાખનાર સુખી થાય છે, નુતન વસ્તુથી, નુતન મનુષ્યથી મોહિત થનારને પરિણામે હાનીજ પહોચે છે.

૫૯ વીદ્યા એજ કે જે વિવેક વિભવથી વિભુષીત કરે, વીદ્યા એજ કે જે વિનય શીખવે, વિદ્યા એજ કે જે સ્વધર્મમાં સુદ્રઢ રાખે, વીદ્યા એજ કે જે વડીલો પ્રત્યેની પુજ્ય ભાવનામાં વૃદ્ધી કરે, જો વીદ્યા પ્રાપ્ત કરવા છતાં ઉક્ત વિભુતિ પ્રાપ્ત ન થાય તો કુલટાએ પહેરેલાં ઉમદા વસ્ત્રાભુષણો જેવી એ વીદ્યા છે.

૬૦ સૃષ્ટીમાં મનુષ્ય ઉત્પતીનું પગથીયું છેલું અને સર્વોત્તમ છે, પુર્વના પુણ્યના પ્રભાવે, આગલ્યા સંચીતના પરિબળે પ્રાણીનો મનુષ્ય યોનીમાં જન્મ થાય છે, એટલા માટેજ મનુષ્ય દેહ મળવો દુર્લભ માનેલો છે, એમ મનુષ્ય દેહ પ્રાપ્ત થયા છતાં તેનો લાભ લેવામાં કમભાગ્ય રહીએ તો પછી હાથ આવેલો અમુલ્ય મણી ગુમાવ્યા જેવું થયું ગણાય.

૬૧ હરેક મનુષ્યનું અત્યુત્તમ લક્ષ્ય બીંદુ એજ હોવું જોઈએ કે વિચારે વડે પોતાના જીવનનું શ્રેય કરવું, ઐહીક અને આમુષ્મિક સુખના ભોક્તા બનવાની યોજના કરવી, તે સઘળું વિચારથી બની શકે છે.

૬૨ મનરૂપી આરસીને દુર્વિકારો રૂપી મલીનતાથી સ્વચ્છ રાખવામાં આવે તો તે મન સારાસારાનો વિચાર કરવાને સશક્ત થાય છે, પોતેજ નીર્દોષ એમ જ્યાં સુધી પોતાનું મન કબુલ કરે નહિં, ત્યાં સુધી દુનિયા તેની નીર્દોષતા સ્વીકારી શકે નહીં, જે અસીલને તેનો વકીલજ નીર્દોષ ધારતો નથી, તેને ન્યાયાધીશ

અથવા ઇનસાફ કરનાર પંચ કદી નીર્દોષ ગણુશે નહીં, કારણ કે જે મન વકીલનું તેજ ન્યાયાધીસ યા તો પંચનું મન છે.

૬૩ આપણી પોતાની શકતી કેટલી છે, તે જેટલું આપણે જાણી શકીએ, તેટલું ઇતર મનુષ્ય જાણી શકે નહીં, અમુક પદાર્થથી જે વસ્તુ માપી શકાતી હોય, તે તેના અસમાન પદાર્થવડે માપી શકાય નહીં.

૬૪ પોતાના મનોભાવનું પ્રતિબીંબજ આપણે સામાનામાં જોઇએ છીએ, સામાને આપણો મનોભાવ મીત્ર માનતો હોય, તો તે આપણુને મિત્રરૂપેજ દર્શન દે છે, આપણું મન સામાને શત્રુ-માનતું હોય તો તેવાજ રૂપમાં તે દર્શન આપે છે, પીંડે તે બ્રહ્માંડે એ કથન સત્ય છે.

૬૫ ગુરૂનાં કઠોર વચનરૂપી તીરસ્કારથી મનુષ્યો મહત્વને પામે છે, હીરો સરાણે ચઢી સંકષ્ટ વેઠયા વિના રાજાના મુકુટમાં બીરાજવાને ભાગ્યશાળી થતો નથી.

૬૬ વિદ્વાનોની સાથેની સહજ વાતચીતમાંથી પણ ઉપદેશરૂપ થાય એવી અત્યુત્તમ સ્મૃધ્ધી સાંપડે છે, કારણકે વિદ્વાનોનું બુધ્ધી ઐશ્વર્ય ધન્વંતરીની પેઠે મનને વળગેલા અસાધ્ય વ્યાધીને ક્ષણમાં શાન્તવન કરનાર છે.

૬૭ નાનાં મોટાં શાસ્ત્રોમાંથી સુજ્ઞ પુરૂષોએ સાર ગ્રહણ કરવો, ભમરો અનેક પુષ્પોમાંથી રસ ગ્રહણ કરી લે છે પણ પુષ્પને તો જેમનાં તેમજ રહેવા દે છે.

૬૮ નિર્મળ અંતઃકરણનું મનુષ્ય સામાને નિર્મળજ દેખે છે, ને પાપી મનુષ્ય સામાને પાપીજ જાણે છે, "જેની આંખમાં કમળો છે તે સર્વત્ર પીળુજ દેખે" એ ઉકતી પ્રચલીત છે

૬૯ લક્ષ્મીનું અસાધારણ ચાંચલ્ય મનુષ્યને એવે માર્ગે પ્રતિ કરાવે છે કે વિના અંતરાયે, નિર્વિઘ્ને લક્ષ્મી અન્ય સ્થાને નીવાસ કરવાને ચાલી જાય છે અને તેને સ્થાને પશ્ચાતાપ અને અપકિર્તી મુકી જાય છે.

૭૦ નિશ્ચીત લાભ મળતો હોય તે મુકીને અનિશ્ચીત લાભ લેવાની ઇચ્છા રાખી આવતાં મારનાર બંન્ને ખુવે છે, " અરધો મળતાં આખાને ન ધાવું " એ કહેવત તેનેજ માટે બોધ આપે છે,

૭૧ પ્રસીદ્ધીમાં આવતા પુરૂષોનેજ પીડવાનો દુર્જનોનો સ્વ-

ભાવ છે, તેવાને પીડવામાંજ તે પરાક્રમ માને છે, રાહુ સુર્ય ચંદ્રને પીડે છે, પણ બીજા ઓછા તેજવાળાને અંતરાય કર્તો નથી. નડતો નથી.

૭૨ દુનિયામાં કહેનારા ઘણા હોય છે, પણ કહેવા પ્રમાણે કરનારા કવચીતજ હોય છે, જેઓને વચનની કીંમત નથી, તેઓ મિથ્યા ગાજવાજથી જનસમુહને ઉત્સુક બનાવી પરીણામે એક બિંદુ પણ વરસવાના નથી.

૭૩ બીજું ગએલું સઘળું પ્રાપ્ત કરી શકાય, પણ ગએલી પળ અનેક યત્ને પાછી મળતી નથી મળવાનીજ નથી, એ વાત લક્ષમાં રાખીને જન સમુહે જીવન પ્રવાહમાં વિચરવું જોઇએ.

૭૪ સ્થાનક ભ્રષ્ટ થતાં શોભા અને ગૌરવ બંને ઘટી જાય છે, દાંત, નખ, મનુષ્ય અને કેશ, સ્થાનકે જે શોભા આપે છે, તેવી સ્થાન ભ્રસ્ટ થતાં આપેજ નહિ, સ્થાનકે હોય છે ત્યારે તેની સ્વાગતા થાય છે, સ્થાન ભ્રષ્ટ થતાં તેને કોઇ અડતું પણ નથી.

'૭૫ સ્થાનનું મહાત્મ મોટું છે, મગર જળમાં, સીંહ વનમાં, વણીક બજારમાં અને અધિકારી હોદા ઉપર હોય, ત્યારે જેવું તેના પ્રતાપનું તેજ લાગે છે તેવું તેના સ્થાન ભ્રષ્ટ થયા પછી તેજ લાગતું નથી પણ પ્રથમ જેઓ તેનાથી ડરતા હોય તે તેને ડરાવે છે.

૭૬ જે પુષ્પમાં સુગંધી હોય, તેનીજ પછવાડે ભમરાઓ ભમે છે, જે સરોવરમાં જળ હોય ત્યાંજ હંસ બેસે છે, જયાં લીલું હોય ત્યાંજ ઢોર ચારો ચરવા દોડી આવે છે, એમ જયાં સ્વાર્થ સરે તેવું હોય તેનીજ પછવાડે માણુસો વીંટાઇ વળે છે, બાકી તેના તેજ માણુસો હોય પણ જો પોતાનો સ્વાર્થ પાર પાડવાને તેઓ અશક્ત બન્યા હોય તો તેમનો કોઇ ભાવ પુછતું નથી.

૭૭ મિત્ર તેજ કે આપત્તી કાળે સહાય કરે, વીર પુરૂષ તેજ કે સંગ્રામ વાદ્ય સુણી ક્ષણ થોભ્યા વિના સત્વર રણક્ષેત્રમાં ઝુકાવે. ઉત્તમ કુળનો એજ કે, જેના મુખની વાણીમાં સદાને માટે વિનયનો વાસ હોય, સ્ત્રી તેજ કે નીર્ધનાવસ્થામાં પતિ ભક્તિમાં પ્રપુર્ણ રહી સ્નેહથી સ્વામીની સેવા કરે.

૭૮ ઝાડનાં ખરિ પડતાં પત્રોને જોઇ નવાં આવતાં કુંપળો હસે છે, પણ તે જાણતાં નથી કે, તેમના જેવીજ સ્થીતિ કાળે કરીને તેમની પણ થવાની છે, દુઃખી મનુષ્યોને જોઇ હસનારા જા-

ણુતા નથી, કે, તેમનું સુખ ચીરાયું રહેવાનું નથી.

૭૯ ધીર પુરૂષો દુ:ખી છતાં પણ ધૈર્ય છોડતા નથી, નીચે માર્ગે ગતિ કરતા નથી અગ્નીને ગમે તેટલો નીચો નમાવીએ, પણ તેની જ્વાળા પૃથ્વી તરફ જતી નથી. પણ ઉંચી આકાશ ભણીજ જાય છે, તેમ ધીર પુરૂષો ગમે તે સ્થીતિમાં હોય, પણ તેમની ગતિતો ઉંચાજ માર્ગે થાય છે.

૮૦ સત્કીઆ શું નથી કરતી ? તે તો મન વાંચ્છીત ફળની પ્રાપ્તી કરાવે છે, ખળ પુરૂષને સજ્જનની સ્થિતમાં લાવી મુકે છે, મુર્ખને વીદ્વાન બનાવે છે, શત્રુ મિત્ર કરે છે, પરોક્ષને પ્રત્યક્ષ કરે છે, ઝેરને અમૃત કરે છે એવો સત્કીઆનો પ્રભાવ છે.

૮૧ ખળ પુરૂષની મૈત્રી પ્રારંભમાં મોટી છતાં ક્રમે ક્રમે પછી ક્ષય થતી જાય છે, અને સજ્જનની મૈત્રી પ્રથમ થોડી પણ પ્રતીદીવસે વૃધ્ધી થતી જાય છે, એટલો સજ્જન અને દુર્જનની મત્રીનો તફાવત છે.

૮૨ થોડા જ્ઞાનથી સર્વજ્ઞપણાનું અભિમાન થાય છે પણ પરીપુર્ણ જ્ઞાન થયા પછી અભિમાનનો અંશ પણ રહેતો નથી, "અધુરો ઘડો છલકાય છે" એ અપુર્ણ જ્ઞાનવાળાને ઉપજતા અભિમાન સબંધે કહેવત યોજાઈ છે.

૮૩ ખાલી વાસણ વધારે ખખડે છે, ભરેલું વાસણ ખખડતું નથી, તેમ જ્ઞાનથી ખાલી મનુષ્યો જ્ઞાન બતાવવા મીથ્યા ઘોષથી ગગન ગજાવી મુકે છે પણ વીદ્વાનો શાન્તપણે સમયોચિત પોતાનાં જ્ઞાનનું દર્શન દે છે.

૮૪ સાહિત્ય, સંગીન અને શીલ્પ એને જે જાણતા નથી તે પશુ સમાન છે, પશુઓ ભાગ્યશાળી છે કે તેઓ ઘાસ ખાતા નથી. નહીંતો એવા નર પશુઓની વૃદ્ધીને લઈને ઘાસ વીના તેઓને ભુખે મરવું પડત.

૮૫ વિદ્વાનો પ્રત્યે " અમે શ્રીમંત છીએ અને વિદ્વાનો નીર્ધન છે અથવા તુચ્છ છે " એવો ગર્વ કરવો યોગ્ય નથી, કારણ કે વિદ્વાનો પાસે એવું ધન છે તે, જે ધન ચોર ચોરી શકતા નથી, લુંટારા લુટી શકતા નથી, નિરંતર વાપર્યાથી કમી થતું નથી, પણ વાપર્યાથી વૃદ્ધી પામે છે, અને હંમેશાં કલ્યાણ કરે છે, એવું ગુપ્ત ધન પાસે છે, જેની તુલનામાં શ્રીમાનોનું ધન હીસાબમાં નથી.

૮૬. આનુષંગિક, ગુણનું નિવારણ કોઇ પણ કરી શકે, પણ સ્વભાવિક ગુણનું નીવારણ કરવા કોઇ સમર્થ નથી, હંસના ઉપર કોપેલા બ્રહ્મા, હંસનું કમળ વનમાં રહેવાનું સુખ હણી શકે, પરંતુ જળ ને દુધ ભેગાં કરેલાં જુદાં પાડવાની જે શકતી હંસ ધરાવે છે તે હણવાને બ્રહ્મા પણ સશક્ત નથી. કોઈ ચાલતો ઉદ્યોગ ખોવરાવવામાં ફળીભૂત થાય, પણ ઉદ્યોગ કરવાની શક્તી તેનાથી ખોવરાવી શકાતી નથી.

૮૭ દાનોપભોગ ફળ પરત્વે વાંઝણી, અને મિત્રોના ઉપયોગમાં ન આવતી એ લક્ષ્મી તે લક્ષ્મી નહીં પણ અલક્ષ્મી જ છે.

૮૮ જે દાન થાય છે ને ભોગવાય છે, તેજ ધનવાનનું ધન છે; બાકી દાન ન થાય કે ભોગવાય નહીં, તો તે બીજાને જ ભોગ પડે છે, અને તે જેમ ખાલી હાથે આવ્યો તેમ ખાલી હાથે ચાલ્યો જાય છે.

૮૯ પ્રજાને દાતાજ પ્રિય છે, દ્રવીણેશ્વર પ્રીય નથી, લોકો આવતા મેઘની આકાંક્ષા કરે છે, ભર્યા સમુદ્રની કોઇ કરતું નથી.

૯૦ અદાતાનું ધન સમુદ્રના ક્ષાર જળ જેવું છે, તે તૃષાતુર, અર્થાતુરને યત્કીંચીત ઉપયોગમાં આવતું નથી, ઉલટું તેને જોઇને ખેદ થાય છે.

૯૧. કૃપણ સમુદ્રની પેઠે જળ સંચય કરે છે, પણ એ જળ એવું છે કે તેમાં કોઇ ચાંચ બોળતું નથી. ચાંચ બોળનારને તેના ક્ષાર સ્વભાવને લીધે ઉલટી ક્લાન્તતા ઉપજે છે તેની પેઠે કૃપણ કોઇને હાથે કરીને ધન આપે નહીં, છતાં એ ધન કદાચ કોઇને અનાયાસે પ્રાપ્ત થાય તો ઉલટું તેને અહીતકર થઇ પડે છે.

૯૨ પ્રાણ હરનાર વેરીને પણ, તૃણ ભક્ષણથી મુક્તિ

દેવામાં આવે છે, તો નીરંતર તૃણ ખાનાર પશુઓને મારવાં યોગ્ય છે ? ખરેખર પશુહીંસક અતી અધમ છે.

૯૩ પશુહીંસા કરનાર પશુને ગાત્રે જેટલાં રોમ છે, તેટલાં હજાર વર્ષ સુધી નરકમાં રહે છે.

૯૪ પશુઓને યજ્ઞમાં હોમવાનો ઉદ્દેશ તેમને સ્વર્ગે પહોંચાડવાનો હોય તો માતા, પીતા, પુત્ર, બંધુ, એ આદીથી યજ્ઞ શા માટે કરતા નથી, બીચારાં પશુઓતો તૃણ ભક્ષણથી સંતુષ્ટ થાય છે.

૯૫ યૂપ રચી પશુને હણી રૂધીરનો કાદવ કર્યાથી જો સ્વર્ગે જવાતું હોય તો નરકે જનાર પછી કોઇ રહેજ નહીં.

૯૬ સત્ય છે એજ યૂપ છે, તપ છે એજ અગ્ની છે, કર્મ છે એજ સમીધ છે, તેમાં અહીંસા એ આહુતી આપવાની છે, ખરો સનાતન યજ્ઞ એ જ છે તો પછી નિર્દોષ પશુઓના વધથી વધારે શું છે ?

૯૭ તલાવ છે એ નિરંતર દાનશાળા છે, તેમાં રહેલાં માત્સ્યાદિ તે જનપાત્ર છે, તેમને મુષ્ટી અનાજ નાખવું એ ખરેખરૂં પૂણ્યનું કાર્ય છે, તે કરવાને બદલે તેનો સંહાર કરવામાં આવે એના જેવું બીજું અઘોર પાપ એકે નથી.

૯૮ અજાત, ચિત્ર લીખીત, મૃત, ક્ષત્રિય, એમાંના આગલ્યા ત્રણજ વીશ્વાસ કરવાને યોગ્ય છે, ચોથા ઉપર વીશ્વાસ કરવા મહાત્માઓ ના પાડે છે.

૯૯ આયુષ્, રાજચિત્ત, પીશુન, ધન, ખલ સ્નેહ એટલાંને વીકાર પામતાં વાર લાગતી નથી.

૧૦૦ ભુમિપતી, વર્ષપતિ, બાળક, વૃદ્ધ, તપથી અધિક હોય તે, વીદ્વાન સ્ત્રી, મુર્ખ, અને ગુરૂ, એટલાંને ડાહ્યા માણસે સામું ઉત્તર આપવું નહીં.

૧૦૧ દાન, આહાર, સુકૃત્ય, દ્રવ્ય, ગુણ, દુષ્કર્મ, મર્મ, મંત્ર, એટલાં પોતાનાં પારકાને કહેવાં નહીં.

૧૦૨ નતર્ક, ભુપ, ભુજંગમ એ મુખે દોહેલાં છે, અને વીંછી, વેરીને વાણીઓ પુંઠેથી કરડે છે.

૧૦૩ પૃથ્વી સર્વે પ્રકારના રત્નોથી વિભૂષીત છે, પણ તેની પ્રાપ્તી પ્રયત્ન વીના થતી નથી, હીરા, માણીક્ય અને સુવર્ણની અપૂર્વ ખાણ્યો, પુરૂષ પ્રયત્નથીજ પ્રસીદ્ધીમાં આવી દેશની દોલતમાં વૃદ્ધી કરતા થઇ છે.

૧૦૪ પૃથ્વીમાં ગુપ્તપણે વિદ્વાન રત્નો પણ અનેક છે છતાં પરીક્ષકના અભાવે તે પ્રસીદ્ધીમાં આવી શકતાં નથી.

૧૦૫ શેલડીનું વાવેતર, સમુદ્રનું યાન, પાષાણ કે રાજાનો પ્રાસાદ એટલાં વાનાં ક્ષણ માત્રમાં દારીદ્રને ફેડે છે.

૧૦૬ દુનિયામાં એક ચતુર્થાંસ લોક આલસ્યમાં પડેલા છે, એક ચતુર્થાંસ પાખંડથી જીવે છે, એક ચતુર્થાંસ રાજાની સેવાથી જીવારો મેળવે છે, અને એક ચતુર્થાંસ ખેતી કરી ઉપાર્જન કરે છે, એટલે નવું પ્રાપ્ત કરનાર કે દેશની દોલતમાં વધારો કરનાર ખેડુતજ છે.

૧૦૭ એક ચતુર્થાંસને બીજા ત્રણ ચતુર્થાંસ ખાય છે માટે તેનો વીનાશ ન થાય તેમ કરવું જોઇએ, એટલે ખેડુતોનું રક્ષણ કરવું, ખેડુતો ઉપરજ દેશના ઉત્કર્ષનો આધાર છે, જે દેશના ખેડુતો નબળી સ્થીતિમાં આવે છે તે દેશ વહેલો અધમાવસ્થામાં આવી પડે છે.

૧૦૮ પુરૂષે કળા પ્રાપ્ત કરવાને યત્ન કરવો, કળાને કશું અપ્રાપ્ય નથી, કળા પ્રકર્ષેથીજ ચંદ્રે શંભુનું અલભ્ય એવું મસ્તક પોતાના સ્થાન માટે પ્રાપ્ત કર્યું છે.

ધાર ૫ મી.

૧ મુંડે મુંડે મતી ભિન્ન હોય છે, કુંડે કુંડે પાણી ભિન્ન હોય છે, તુંડે તુંડે વાણી ભિન્ન હોય છે, દેશે દેશે રીતી જુદી હોય છે, તે પ્રત્યેકને અનૂકુળ થઇ રહેનારજ સ્વહીત સાધી શકેછે.

૨ સેવ્ય ગુણ યુક્ત રાજા સંપત્તી હીન હોય તોપણ તેને સેવવાથી કોઇ કાળે જન્મારો સુધારી નાખે એવું ફળ તેની પાસેથી પ્રાપ્ત કરી શકાય છે.

૩ ચિત્તને હરણ કરે એવી પ્રિયાઓ છે, અનુકુળ સ્વજન છે, સારા બંધુ છે, ને ભૃત્યો પ્રણયવાળી વાણી ઉચરતા એવા આજ્ઞા પરાયણ છે, હાથીના સમુહ ડોલી રહ્યા છે, હંસો નાચી રહ્યા છે, આટલું છતાં જ્યારે આંખ મીંચાશે ત્યારે એમાનું કાંઇ નથી.

૪ ભલે રાજ્ય હોય, લક્ષ્મી હોય, અથવા તો અન્ય અપૂર્વ સમૃદ્ધી હોય, તેથી કરીને ગર્વ કરવો ઉચીત નથી, કારણ કે તે સઘળું છોડીને આ કલેવર રાખ થવાનું છે.

૫ અતિ ગહન એવું યૌવન જેણે અપવાદ વીના નિર્ગમ્યું છે તેણેજ આ દોષ રૂપ જન્મનું ખરેખરૂં સાર્થક કર્યું કહેવાય.

૬ કૃષ્ણ કેશ રૂપી અંધકારની ગલી કુંચીમાં જે અખડાઇ પડતા નથી તેમને ધન્ય છે, કારણ કે વૃદ્ધપણે તો માથે આવેલાં પળીયાં રૂપી ચંદ્રનું નિરંતર અજવાળું હોય છે જ, એટલે તેમાં અખડાઇ પડવાનો સંભવ નથી.

૭ ત્રીભૂવન પતીની બુદ્ધીપૂર્વક આરાધના કરવાથી અપદની પ્રાપ્તી થાય છે, કારણ કે એ પદનું શરણું લેવાથી દુઃખ માત્ર ટળી જાય છે.

૮ દેહતો નિશ્ચય જવાનો જ છે, તો તેનું રક્ષણ કરવાનું મુકી દઇને કદાપી નાશ નથી પામનાર એવા યશનું જ સંરક્ષણ કરવું, કાયા તો જશે ત્યારે પડવાની, પરંતુ યશ તો નિરંતર જીવશે.

૯ એક નીમીષ માત્ર જાય છે તે પણ આયુષમાંથી ઓછી થાય છે, એવા અનિત્ય દેહની ચીંતા તજી કીર્તીને મેળવવાનો યત્ન કરવો એ જ જન્મનું સાફલ્ય છે.

૧૦ કીર્તિ એવી બલીષ્ટ છે કે ઉગ્ર જળચરોથી ભરેલા એવ મહોદધીને તરે છે, આધાર વીનાના આકાશમાં ફરે છે, દુર્ગમ્ય એવા મહા પર્વતોમાં પ્રવેશ કરે છે, વીષપૂર્ણ મહા નાગથી વ્યાપ્ત એવા પાતાળમાં એકલી જાય છે, જેથી તેની પ્રાપ્તીને અર્થે યત્નવાન રહેવું એજ ઉત્તમ છે.

૧૧ લક્ષ્મી છે તે નીદ્રા વિનાના ચૈતન્યને ઢાંકી દેનારૂ બીજ છે, આંખોએ પટલ આવ્યા વિનાનો સ્પષ્ટ અંધાપો છે, ત્રીદોષ વિના સન્નીપાત છે, અને તેથી એમ જ લાગે છે કે સમુદ્રમાં વસવાથી પોતાના સહચરના ગુણ એણે લીધા છે.

૧૨ હરકોઇની પાસે દીનતા દર્શાવવી ઉચીત નથી, આકાશમાં ચઢી આવતાં સઘળાં વાદળો કંઇ વરસતાં નથી, કોઇ વરસે છે ને કોઇ મીથ્યા ડોળ દેખાડી વીખરાઇ જાય છે તેમ સઘળાં મનુષ્ય કંઈ દાતાર કે પરોપકારી હોતાં નથી કે દીનતા બતાવી બીનતા વહોરી લેવી.

૧૩. ખળ પુરૂષોને ઓળખવાને કંઇ સીંગડાં હોતાં નથી, પણ તેનાં લક્ષણોજ ખળતા પ્રતીપાદન કરી આપે છે, સર્વે પ્રાણીઓ ઉપર નિર્દયપણું, કારણ વીના કલેશ, પરધન અને પરસ્ત્રીની ઇચ્છા, અને કોઈનું પણ રૂડુ ન સહન કરવું એજ ખળનાં સ્વભાવીક લક્ષણો છે.

૧૪ દુર્જન વિદ્વાન હોય તોપણ તે સંગ કરવાને યોગ્ય નથી, ભલેને સર્પ મણી વિભૂષીત હોય, તો પણ તે ભયંકર તો છેજ, તેમ દુર્જન વિદ્યાથી સુશોભીત હોય તોપણ તેની દુર્જનતા પીડારૂપ થયા વીના રહેતી નથી.

૧૫ દુર્જનો ગુણવાન પુરૂષોના સર્વ ઉત્તમ ગુણોને દોષરૂપ ગણે છે. તેમ ન હોય તો દુર્જનતા કેમ કહેવાય, તેઓ મર્યાદ શીલને જડ કહે છે, પવિત્રતાને ધુર્તતા લેખવે છે, વૃતધારીને દંભી કહે છે, શૂરવીરને નીર્દય ગણે છે, તેજસ્વીને ગર્વીષ્ટ કહે છે, વાકચાતુર્ય વાળાને બહુ બોલાનું વીશેષણ આપે છે, શાન્ત પ્રકૃતિ વાળાને અશક્ત કહે છે, મતલબ કે દુર્જનો ગુણવાન પુરૂષોને કોઇ પણ દોષથી મુકત રાખતા નથી.

૧૬ સંગતી ઉપરજ શોભાનો આધાર છે, તપેલા લોઢા ઉપર જળનું બીંદુ પડે તો તે તત્કાળ નાશ પામે છે, એજ બીંદુ કમળપત્ર ઉપર હોયતો મોતીના દાણા જેવું શોભી રહે છે, એજ બીંદુ સ્વાતી નક્ષત્રમાં સમુદ્રની છીપની વચ્ચે પડયું હોય તો, શ્રેષ્ટ મુક્તાફળ બંધાય છે, એટલે ઉત્તમ મધ્યમ અને અધમ ગુણની પ્રાપ્તી સંગતિની પાત્રતા ઉપર આધાર રાખે છે, માટે સહવાશ એવા મનુષ્યોનો કરવો કે જેથી ઉત્તમ ફળ પ્રાપ્ત થાય, અને શોભા પમાય.

૧૭ ઉત્તમ પુરૂષો એજ કે સ્વાર્થ છોડીને પરોપકાર કરે, ખરેખરા સત્પુરૂષોતો તેનેજ કહેવાય, સ્વાર્થને ધક્કો ન લાગે તેવી રીતે પરોપકાર કરનારા મધ્યમ પુરૂષની ગણનામાં ગણાય છે, સ્વસ્વાર્થને માટે બીજાનું અહીત કરે છે, તે અધમ કહેવાય છે, પણ જેમાં પોતાનો સ્વાર્થ પણ સુધરે તેવું ન હોય છતાં જે અકલ્યાણ કરે છે, તેતો ખરેખરો નીચ પુરૂષજ કહેવાય, અને તે ઘણો નિંદ્ય છે.

૧૮ નીતીવાન પુરૂષો નીંદ્યા કરો વા સ્તુતી કરો, લક્ષ્મી આવો વા જાઓ, આજેજ મર્ણ થાઓ વા યુગાન્તરે મર્ણ થાઓ, તોપણ મહાન પુરૂષો એજ કે જે ન્યાયમાંથી એક પગલું પણ ચલાયમાન થતા નથી.

૧૯ મનુષ્યના ઉદર ભરણને માટે ભાવીએ નિર્માણ કરી જ રાખેલું છે અને તે અનાયાસે પણ પ્રાપ્ત થાય છે, કરંડીઆમાં પુરેલો સાપ ક્ષુધાથી પીડીત હતો તેના ભાવીમાં ભક્ષ મળવાનું હતું તેથી ઉંદરે કરંડીઓ કાપી પ્રવેશ કર્યો ને સર્પને ભક્ષ મળ્યું.

૨૦ આલસ્યને દુર કરી ઉદ્યોગમાં પ્રવર્ત રહેનારાજ સુખી થાય છે. આલસ્યથી દૈવ રૂપી પાત્રો કટાઇ જાય છે, તેથી ભાવીને દીવ્ય દીપાવી તેનું ફળ પામવાને પુરૂષાર્થની આવશ્યક્તા છે.

૨૧ આપત્તી આવેછે ને નષ્ટ થાય છે જેથી સત્પુરૂષો તેનું દુઃખ ધરતા નથી. વૃક્ષ છેદાય છે ને પુનઃ ઉગે છે, ચંદ્ર ક્ષીણ થાયછે ને પુનઃ વૃદ્ધી પામે છે, એ દ્રષ્ટાન્તો આપત્તીમાં ધૈર્ય ધરવાને પ્રબળ આધારભુત છે.

૨૨ પ્રારબ્ધ પ્રતિકુળ હોય તો પરાક્રમ વ્યર્થ થાય છે, ઈંદ્ર જેવા પૂર્ણ પરાક્રમી અને ઐશ્વર્યાદિથી યુક્ત છતાં યુધ્ધમાં પરાભવ થયો એ પ્રારબ્ધની પ્રતિકુળતાનું પ્રમાણ છે.

૨૩ પ્રારબ્ધની ગતિની કોઇને રતિભર પણ ખબર પડતી નથી, જો ખબર પડતી હોત તો ધર્મ રાજા જેવા મહાત્મા પુરૂષ દ્યુત ક્રીડામાં આશકત થાત નહીં.

૨૪ પુરૂષને ફળ મળવું કર્માધિન છે, અને બુધ્ધી કર્મને અનુસરીને આવેછે, તો પણ સુજ્ઞ મનુષ્યે પ્રત્યેક કાર્યમાં વીચાર કરીને વર્તવું ઘટે છે. તેમ પૂર્વનાં કર્મના યોગે આ વખતે તો બુધ્ધી પ્રાપ્ત થઇ તે થઇ પણ પુનર્જન્મમાં સદ્બુધ્ધી મેળવવાને માટે સત્કર્મ કરવાં જોઇએ.

૨૫ ભાગ્ય વગરનો પુરૂષ સુખની અપેક્ષાથી જ્યાં જાય ત્યાં દુખ તેની આગળજ ચાલે છે. મીષ્ટાન પાનની આશાએ સ્મૃદ્ધીવાન સબંધીને ત્યાં જનારને કોદરીનું ભોજન મળ્યું ! એ ભાવીનો યોગ નહીં તો બીજું શું ?

૨૬ બુદ્ધીમાન પુરૂષો દરિદ્રી હોય છે, તે પણ પ્રારબ્ધની જ ખુબી છે, બુધ્ધી ઉપર પ્રારબ્ધની છાયા પડી જાય છે અને તે તેનો ઉદય થવામાં અંતરાય કર્તા થઇ પડે છે.

૨૭ સર્વે જગોએ અને વખતો વખત ભાગ્યજ ફળે છે, આકૃતિ, કુળ, સ્વભાવ, વિદ્યા અને યત્નથી કરેલી સેવા ફળતી નથી, માત્ર પૂર્વે કરેલાં તપથી બંધાએલું ભાવિ જ સમય આવ્યે ફળદાતા થાય છે, વાવેલું વૃક્ષ તેનો સમય આવ્યા વીના ફળદાતા થતું નથી.

૨૮ પૂર્વે કરેલાં પૂણ્યજ મનુષ્યની રક્ષા કરનાર છે, પૂર્વના પૂણ્યનું બળ હોય તો, વનમાં, રણમાં, શત્રુથી, અગ્નીથી, જળથી, મહા સમુદ્ર વચ્ચે કે પર્વત ઉપર, નિદ્રામાં સર્વદા—સર્વથા રક્ષણ થાય છે, જેથી પૂણ્યની પાળ બાંધવી એજ મનુષ્યને માટે અવશ્યનું છે.

૨૯ ગુણવાનનો સમાગમ એજ લાભ છે, મુર્ખનો સમાગમ એજ ખરેખરૂં દુઃખ છે, સમય ભુલી જવો એજ હાની છે, ધર્મમાં પ્રીતિ રાખવી એજ ખરેખરી ચતુરાઇ છે, જે જીતેંદ્રીય હોય તેજ ખરેખરો શૂરવીર છે, જે પોતાનેજ અનુસરે તેજ પ્રિય સ્ત્રી છે, વિદ્યા એજ ખરૂં ધન છે, સ્વદેશ નીવાસ એજ સુખ છે, પ્રજાને સીતળતા રહે એજ સુખરૂપ રાજ્ય છે.

૩૦ માત્ર એક સુર્યથીજ આખું બ્રહ્માંડ ભવ્ય દેદીપ્યમાન (પ્રકાશીત) થાય છે, તેમજ એક શુરવીર પુરૂષ સઘળા જન મંડળને પ્રકાશીત કરે છે, નેપોલીયન માત્ર એકજ હતો, અને

જેવું જેવું જગતમાં ખ્યાતી મેળવી છે, તે સઘળા એકલાજ હતા પણ પોતાની વીરતા વડેજ વીર મહાત્માઓની ગણનામાં ગણાયા છે.

૩૧ વાઘ ગહન વનમાં ફરે છે, સીંહ ગુફામાં વસે છે, હંસ કમલ સહીત પદ્મ વનને સેવે છે, ને ગર્ધવ સ્મશાનમાં વીચરે છે, સાધુ સાધુને સોધે છે, નીચ નીચને ખોળે છે, એમ જેવી જેની પ્રકૃતિ છે તે કષ્ટે કરીને પણ તજાતી નથી.

૩૨ નિંદક લોકોનો એવો સ્વભાવ છે કે નિષ્કારણ પારકાના દોષ નિરૂપવા, પણ પરનિંધાના પાપને મહાત્માઓએ મોટું માનેલું છે, ચાડી જેવું અધમ એકે નથી આ કારણથી સજ્જન પુરૂષો કોઇની નીંધા કે ચાડી ચુગલી કરતા નથી ને કોઇની તેવી વાતમાં ધ્યાન ધરતા નથી.

૩૩ કંગાલને પીઠ આપવી તેની ફીકર નહીં, પણ બળવાન વિરોધીને પીઠ આપવા કરતાં સંગ્રામમાં ઊતરી સ્વાત્માર્પણ કરવાથી યશસ્વી કારકીર્દી પ્રાપ્ત થાય છે.

૩૪ સહુસા ક્રીઆ કરવી નહીં, કારણ કે અવિવેક તે આપત્તીનું સ્થાન છે જે વિચારપૂર્વક કાર્ય કરે છે, તેને ગુણથી લોભાએલી સંપત્તી સ્વમેવ વરે છે.

૩૫ જેમ વીનાશ પાસે હોય એવા સર્વની મતી ફરી જાય છે, મતી નીચી થાય છે, સૂર્યાસ્ત સમયે તેની ગતિ નીચી થએલી નીહાળીએ છીએ.

૩૬ વિરનું વિરત્વ રણને વીશે શોભી નીકળે છે, ધીરનું ધીરત્વ આફત પ્રસંગે જણાય છે, અને અમીરનું અમીરપણું નીર્ધનાવસ્થામાં દીપે છે.

૩૭ સ્વ ને પરનો ભેદ જોવો હોય તો ચંદનવૃક્ષ પડી જાય ત્યારે જોવાનો છે, ભમરા તો જેમ આવ્યા તેવા ઉડી જશે, પણ

પલ્લવો તેની સાથેજ સુકાશે, તેમ સ્વાર્થી મનુષ્યો લીલું હોય ત્યાં લગી વળગી રહે છે ને લીલું મટયું કે સામુંએ જોતા નથી, જેઓ સ્વાર્થ રહીત સ્વભાવવાળા અને પ્રેમવૃત્તી ધરાવનારા છે, તે સુખમાં અને દુઃખમાં સમાન રીતે રહે છે.

૩૮ મુર્ખ માણુસોનું અતી સન્માન કરવાથી તે જેને લીધે તેનું સન્માન થયું હોય તેનેજ હાની પહોંચાડવા તત્પર થાય છે, હસ્તીશાળામાં ગર્દભ વસે તો તેને ત્યાં ઘીનું ભોજન મળે પણ એનું અતી સન્માન થવાથી તે ગજનેજ હણુવા ન્હાય છે.

૩૯ સજ્જનનો સમાગમ સઘળાં કાર્યો સીદ્ધ કરે છે, તે બુદ્ધીના જડપણાને હરે છે, સત્ય બોલવાનું શીખવે છે, સન્માનની સર્વોત્કૃષ્ટતા બતાવે છે, પાપને દુર કરે છે, ચીત્તને પ્રસન્ન રાખે છે, અને સર્વત્ર કીર્તીનો ફેલાવો કરે છે.

૪૦ મનુષ્યને માટે કલ્યાણુનો માર્ગતો એજ છે કે હીંસા ન કરવી, પારકાનું ધન હરવાની લાલસા ન રાખવી, સમય પ્રમાણે યથાશક્તી દાન આપવું, પરસ્ત્રી પ્રત્યે સ્વદ્રષ્ટીને ન પ્રેરવી, તૃષ્ણાને વૃદ્ધી ન પામવા દેવી, અને ગુરૂ પાસે વીનય રાખવો, સર્વ પ્રાણી ઉપર દયા રાખવી, આટલા ગુણ ગ્રહણ કર્યા હોય તો તેનું અકલ્યાણ કરવાને કોઇ સમર્થ છેજ નહીં.

૪૧ અત્યંત દુઃખ પામેલો પણ માની પુરૂષ પોતાની મોટાઇથી વીરૂદ્ધ નીચ કર્મ કદી કરતો નથી, સીંહને સો અપવાસ થાય, પ્રાણાન્ત સમય પાસે આવે તોપણ તૃણનું ભક્ષણ કરેજ નહીં, તેમ માની પુરૂષો ગમે તેવી દુઃખદ સ્થીતિમાં આવી પડે, પણ અનુચીત કર્મ આચરેજ નહીં.

૪૨. નીચ મનુષ્યને થોડું પ્રાપ્ત થાય, નહીં જેવું પ્રાપ્ત થાય તોપણ પ્રસન્નતા બતાવે છે, પણ માની પુરૂષો યથેચ્છ ભક્ષ

પ્રાપ્ત થયા વિના તે ગ્રહણ કરતા નથી, બળદનું માંસ રહિત મલીન હાડકુ દેખી કુતરો પ્રસન્ન થઇ પુંછડી હલાવતો ચાટે છે, પણ સીંહ તો શીઆળ સન્મુખ આવ્યા છતાં તેને છોડીને હાથીના કુંભસ્થળેજ તલપ મારવા તત્પર થાય છે.

૪૩ બળને અનુકુળ ફળની ઇચ્છા કરવાનો પ્રાણી માત્રનો સ્વભાવજ છે, વિર પુરૂષો સમાન બળવાળા સાથેજ યુદ્ધ કરવાને ઉત્સુક રહે છે. કંગાળ મનુષ્ય કડકા રોટલાની આશા રાખે છે, અને મહાન રાજ્યપતિ પૃથ્વીપતિ થવાની ઉત્કંઠા ધરાવે છે.

૪૪ ક્ષુદ્ર મનુષ્યો દિન વચને-વદને ઉપકારનો સ્વીકાર તત્ક્ષણજ કરે છે, અને ઉત્તમ પુરૂષો ગંભીર મુખમુદ્રાથી અર્પણ કરેલું આર્જવથીજ સ્વીકારે છે, કુતરૂં રોટલો નાખનાર પાસે પુંછડું હલાવે છે, પગમાં પડે છે, પૃથ્વી ઉપર પડી મુખ બતાવે છે, પણ હાથી તો ગંભીરપણે જોઈ રહે છે, અને મધુર વંચન વડે પ્રાર્થના કરવામાં આવે છે ત્યારેજ તે ખાય છે.

૪૫ જન્મ્યો તેજ કે જેનાથી કુળની ઉન્નતિ થાય, નહીં તો ચોમાસામાં ઘણાં જીવડાંઓ જન્મે છે, ને પાછાં લય પણ થઇ જાય છે.

૪૬ સાહસીક પણે ઝંપલાવનાર જય મેળવે તો તેને જશ ગવાય છે, અને જય મેળવવામાં નીષ્ફળ નીવડે તો જગત તેની હાંસી કરે છે અને તેની સાહસીકતા મુર્ખાઇમાં ખપે છે.

૪૭ આફત એ મનુષ્ય હૃદયની કસોટીનું એક સરસ સાધન છે. આફતથી મનુષ્યના હૃદય બળની તુલના થાય છે, આઘાત આફત તોળવાનું ધૈર્ય એજ એક તોલું (વજન) છે.

૪૮ મનુષ્ય જીવનના પ્રવાહ વચ્ચે આવેલો આફતનો ઓવાળ જ્યાં સુધી ખસે નહીં ત્યાં સુધી સઘળા બનાવો ભયપ્રદ

આવે છે, અને જ્યારે આકૃતનો ઝપાટા ખસી જાય અને અવિ-છીન્ન પણ જીવન પ્રવાહ વહેતા થાય ત્યારે આત્મા પાછા શાન્તીને પામે છે.

૪૯ મનુષ્યજીવન રૂપી "એરણ" ઉપર આફત રૂપી હથોડાના ઘા પડતા જાય, તેમ તે વધારે મજબુત–દ્રઢ થાય છે, અને તે ઘાતો ખરા લોઢાની એરણ (મનની દ્રઢતા) જ સહન કરી શકે. તે ન હોય તો હથોડાના ઘા પડતાંજ જીવન છીન્ન-ભીન્ન થઇ જાય.

૫૦ કોઇ પણ કાર્ય કરતાં પહેલાં પુખ્ત પણે બહુ વીચાર કરવો, તેમ કર્યા પછી કદાચ વીઘ્ન આવે, ભય આવે કે હાની પહોંચે તો પણ મહાન પુરૂષો પશ્ચાતાપ કરતા નથી.

૫૧ અનીતિનું કાર્ય કર્યા પછી પસ્તાવો થાય એજ એ પાપનું પ્રાયશ્ચીત છે પણ એ પસ્તાવો સ્મશાન જ્ઞાન જેવા ક્ષણીક ન હોવો જોઇએ.

૫૨ ક્ષુલક સરિતાઓની માફક ઘડીકમાં અઘાત બળ અને ઘડીકમાં સીથીળતા બતાવનાર મહાન પુરૂષોની પંક્તીએ યોગ્ય નથી, પણ સમુદ્રની માફક જેની મર્યાદા એક સરખી કાયમ રહે તેજ મહાન પુરૂષની પંક્તીને યોગ્ય છે.

૫૩ મનના તુરંગ એજ મનુષ્ય હૃદયને સુખ અને દુખ-દાતા છે, અને જેમ ઉગ્ર વેગવાન તુરંગ ઉપર સ્વારી કરનારાઓને પડવાનો ભય વધારે છે તેમ મનનો તુરંગ જેમ દોરવે તેમ દોરવાયાથી કદાચ ભયમાં પણ આવી પડવું પડે છે. વીર પુરૂષ એજ કે મનના તુરંગને પોતે વશ નહીં થતાં તેને પોતાને વશ રાખી શકે.

૫૪ સ્વચ્છ હવા, સ્વચ્છ રહેઠાણ, અને સાદો ખોરાક

તંદુરસ્તીને લાભકારી છે અને સુઘડનો સહવાસ, સૃષ્ટી સૌંદર્યની સ્વાધીનતા, તથા વીવીધ જનસમાજના પ્રસંગ મનોવૃતીને લાભકારી છે.

૫૫ મનની સ્થીરતા મહાન સમુદ્ર પાર ઉતારવાને શક્તીવાન છે અને મનની વ્યગ્રતા એક ખાબોચીયામાં ડુબાવી મારે છે.

૫૬. ચરિત્રના પવિત્રપણાનો આધાર સંગતિ ઉપર રહેલો છે તેથીજ સત્સંગ કરવાને મહાત્માઓ બોધે છે, અને સત્સંગનું મહાત્મ વખાણે છે.

૫૭ ધર્મથીજ રાજ્યની પ્રાપ્તી થાય છે, રાજા અને અન્ય પુરૂષોમાં ફેર એટલોજ કે રાજા તે અન્ય મનુષ્યો ઉપર ઉપરી પણું ચલાવે છે, અને તેનું કારણ એટલુંજ કે પૂર્વે તે અપાર પૂણ્ય કરીને અવતરેલા છે.

૫૮ ધર્મ અને વીવેકથીજ રાજા અને રાજ્ય શોભે છે, જે રાજા ધર્મીષ્ટ અને વીવેકી નથી તે ભલે ચક્રવર્તી ભુપતિ હોય, તેનું રાજ્ય ગજસુથોથી યુક્ત હોય, અને રાજા પોતે અનેક સ્રી પુત્રો અને અનુચરોથી અલંકૃત હોય, તોપણ તે રાજા અને તેનું રાજ્ય શોભતાં નથી.

૫૯ શ્રદ્ધાવાન, દયાવાન અને પવિત્ર મનુષ્યો ઉપર પ્રીત રાખનાર અને ધર્મ—અધર્મને જાણનાર પુરૂષોજ સ્વર્ગ ગામી થાય છે.

૬૦ જે પુરૂષ પરસ્રીને માતા સમાન, પર દ્રવ્યને પથ્થર સમાન અને પ્રાણી માત્રને પોતાના સમાન જાણે છે, તેજ ધર્મ જાણનારા કુશળ પુરૂષ છે.

૬૧ ક્રોધ કરનાર સામે ક્રોધ ન કરવો, અવગણના બોલનારને પણ આશીર્વાદ આપવો, એજ સાધુપણાનાં લક્ષણ છે.

૬૨ ચક્ષુ, કર્ણ, નાસીકા, જીવ્હ્યા, ત્વચા, મન અને બુદ્ધી એ સાત વાનાંઓ એવો ઉપયોગ કરવો કે જેથી કલ્યાણ થાય.

૬૩ સદાચારી, સુચરી, ભવાન, પ્રસન્ન ચીત્તવાળો, આત્મજ્ઞ અને પંડીત છે તે આ લોકમાં સન્માન પામી પરલોકમાં સદ્‌ગતિ પ્રાપ્ત કરે છે.

૬૪ દુર્જનનો સંગ સ્વપ્નમાં પણ ન કરવો, દુર્જનવીદ્યા વીભુષીત હોય તો પણ તે સોબત કરવાને યોગ્ય નથી, કારણ કે મણીથી યુક્ત છતાં સર્પ સર્વથા ભયપ્રદ છે.

૬૫ મનુષ્ય રૂપે અવતર્યા છતાં બુદ્ધીની નિર્મળતા—સજ્જનતા ન સાચવે તો તે મનુષ્ય નહીં પણ પિશાચ છે.

૬૬ પવિત્ર જ્ઞાન રહીત બુદ્ધી તે પણ મીથ્યા છે, જ્ઞાન વગરની બુદ્ધી પાપની વૃદ્ધી કરનાર થાય છે.

૬૭ દુર્જનનો સંગ તજી જ્ઞાનવૃદ્ધ, વયોવૃદ્ધ, ધર્મવૃદ્ધ, અને વીદ્યાવૃદ્ધ હોય એવાનો અભીપ્રાય લઈ કામ કરવું. અને તેમાં પછી શીત, તાપ, ભય, પ્રેમ, સ્મૃદ્ધી, અસ્મૃદ્ધી, ઇત્યાદી લાભાલાભ, સુખ વા કષ્ટ અને અન્ય ઉપાધીઓ અનેક આવે તોપણ અડગ રહેવું, હાથ ધરેલું કાર્ય ન છોડવું.

૬૮ મરણાવસરે મનુષ્ય પ્રાણીને જે દુઃખ થાય છે, તેનું વર્ણન કરવાને કોઇ સશક્ત નથી, અનુભવ ઉપરાંતની એ સમયે થતી વ્યથાનું સત્ય વૃતાંત મનુષ્ય પ્રાણી થોડું પણ અનુમાનથી સમજવાની અપેક્ષા રાખે તો એ દુઃખ અનુભવવાનો તેને અવસર આવે નહીં.

૬૯ અહીંસા એ પરમધર્મ, દમ, દાન, તપ, એ સર્વેનું ફળ સમજી હીંસા ન કરવી, હીંસકોને પોતાના હાથથી થતી પીડાનો કોઇ પણ જીવની હીંસા કરવા વખતે ખ્યાલ થતો નથી, પણ જ્યારે તેને ક્રુર કાળ ઘેરી લે છે ત્યારે તેને તેનું યથાર્થ સ્વરૂપ સમજાય છે, અને એમ થાય છે કે મેં જેની હીંસા કરી છે, તેને મારા જેવી પીડા મરણાવસરે થતી હશે, અને તેના પાપનો

ભોક્તા હું હોવાથી અત્યારે આ દુઃખ હું ભોગવું છું. પીંડે તે બ્રહ્માંડે એમ જો પહેલેથી સમજાતું હોય તો જીવ હીંસા જેવું કુડુ કર્મ કરવા તરફ પ્રવર્તી રહે નહીં.

૭૦ સુખથી હરખાવું નહીં, દુઃખથી ગભરાવું નહીં, સુખ મળ્યાથી આનંદ તરંગમાં તરનાર દુઃખનો દીવસ દ્રષ્ટીએ દીઠાથી દીલગીરીમાં ડુબી જાય છે.

૭૧ ચીંતાથી રૂપ, જ્ઞાન, અને બળની હાની થાય છે, તોપછી એ ચીન્તાની ચીત્તામાં આહુતી આપી નચીંતપણે વર્તનાર રૂપ જ્ઞાન અને બળને સુરક્ષીત રાખી વિજય વિભુતીને વરે તેમાં આશ્ચર્ય શું ?

૭૨ પારકાં પોતાનાંની પરીક્ષા પ્રસંગેજ થાય. લગી પ્રસંગ ન પડે ત્યાં લગિ પ્રત્યેક પોતાવટ દેખાડે છે પણ છેવટ લગી છોડેજ નહીં એવા તો વીરલા જ નિવડે છે, શસ્ત્ર સજી ફરનારા સઘળા કંઇ રણસંગ્રામમાં વીરહાક વગાડતા નથી, રણ-રંગ ખેલી વીજયમાળ પહેરવાને આગળ પગલાં ઉમંગથી ભરનાર તો વીરલ જ છે.

૭૩ બાંકાં પુંકનારથી એમ માની ન લેવું કે, તે બોલે છે તેમ કરી બતાવશે. દુનિયામાં કહેનારા ઘણા છે પણ કહેવા પ્રમાણે કરી દેખાડનારા થોડાજ છે.

૭૪ માણસ મરણાવસરે–આખરની ઘડિયે આત્મ કલ્યાણની અપેક્ષાથી રામનામ ભજે છે પણ અતિ આગ લાગે ત્યારે કુવો ખોદવા જેવો ઉપચાર છે, પરંતુ જેવી રીતે અવશાન કાળે શ્રીહરીનું શરણું ચ્હાય છે તેવી ચાહના જન્મથીજ રહેતી હોય તો છેલ્લી ઘડીએ ભયભીત થવાનો પ્રસંગ આવે નહી.

૭૫ પોતાનાં કૃત્યોજ સારૂ નરસુ ફળ આપે છે, તેથી કૃત્યો એવાં કરવાં કે નરસુ ફળ ભોગવવાનો પ્રસંગ ન આવે.

લોભી માણસ વીશેષ ધનની લાલસાથી વગર વીચાર્યે વીપરિત માર્ગે ગતિ કરે, સટ્ટો કે જુગાર રમવામાં ચીત્ત ધરે, તેમાં પરિણામે હોય તે ધન હરાઇ જાય, કે વિવિધ વીપત્તીમાં તે ઘેરાય તેમાં કંઇ આશ્ચર્ય નથી.

૭૬ લાખોની લક્ષ્મી હોય, કરોડોની હરહમેશ ઉથલ પાથલ થતી હોય, વસવા વાસ્તે ભવ્ય ભુવનો બાંધેલાં હોય, વિવિધ વાહનો, ઉત્તમ દાસ દાસીઓ હજુરમાં હાજર રહેતાં હોય, છતાં આખો વખત પ્રવર્ત્તી, ક્ષણ પણ ચીત્તને નિવૃત્તીજ નહીં, તો પછી એક ભાર વાહક પશુ કરતાં એ મનુષ્યની સ્થીતી સારી કહેવાય નહીં.

૭૭ ગમેતો ચક્રવર્તી ભુપતિ હોય, ગમેતો અનંગળ દોલતનો અધીપતિ હોય, અને ગમેતો એક ગરિબ મનુષ્ય હોય, પણ છેવટ સ્મશાનમાં સુવાનું, માટીમાં મળી જવાનું પ્રાણી માત્રને માટે સરજાએલું છે, તો પછી "તું નાનો ને હું મોટો" એવો ભેદભાવ રાખી ગર્વથી ફુલાવું શા માટે?

૭૮ પૈસાદારને ભીખારી થઇ ગએલા દ્રષ્ટે દીઠા છે, મોટા નૃપતિયોનાં નામ નિશાન પણ નજરે પડતાં નથી, અને રમ્ય રાજનગરોનાં ખંડીએર ખોળ્યાં જડતાં નથી, એવી રીતે સ્થિતિ પલટાઇ ગયાનાં અનેક પ્રમાણો પ્રત્યક્ષ જોઇએ છીએ, તો પછી સધન, સત્તાધીશ, અને સબળ પુરૂષોએ પોતાની સાંપ્રત સ્થીતિને માટે ગર્વ કરવો ઘટે નહીં.

૭૯ સ્મશાન સંસ્કાર સમયે પ્રેક્ષકોના અંતરમાં જે જ્ઞાનનો જ્યોતિ ઉદ્દીપન થાય છે તે જો સર્વદા સતેજ રહેતો હોય તો એક પણ જીવાત્માને ભવાટવીમાં ભ્રમણ કરવાનો અવકાશ મળે નહીં.

૮૦ વખત વખતનું કામ કર્યાં જાય છે, ઘટિયંત્ર તરફ

કેટલા વાગ્યા ? એ જાણવાને પ્રત્યેકનું લક્ષ ખેંચાય છે, પણ આયુષ્યની દોરી કપાતી જાય છે, તેને માટે તો કોઇ જ્ઞાની મહાત્માઓજ વીચાર કરે છે.

૮૧ વખત ગયો તે ગયોજ, ગઇ પળ ફરી મળવાની નથી, એમ સમજી સન્માર્ગે પ્રવર્તનારાજ શ્રેય સાધી શકે છે–મનુષ્ય જીવનનું સાર્થક કરી શકે છે.

૮૨ લોહચુંબક તો લોઢાને આકર્ષી શકે છે, પણ ભક્તી રૂપી લોહચુંબક હરી રૂપી હીરાને આકર્ષી ભક્તજનો તેને હાથ કરવામાં વીજયવંત નીવડે છે. ચીંતવન કર્યાથીજ જો કોઇ વસ્તુની પ્રાપ્તી થતી હોય તો તે માત્ર કલ્પદ્રુમ સમાન શ્રીહરિ રૂપી અણમોલ મણી એકજ છે.

૮૩ તૃષ્ણાનો ત્યાગ કરવો, ક્ષમાને સેવવી, ગર્વથી ઘેરાવું નહીં, પાપમાં પ્રીતી ન રાખવી, સત્ય બોલવું, સત્પુરૂષોના સુચવેલા માર્ગે જવું, વીદ્વાનોનો સત્સંગ કરવો, માનનિય–મહાપુરૂષોને માન આપવું, શત્રુને સમજાવીને શાન્ત પાડવા, પોતાના ગુણ પ્રસીદ્ધ કરવા નહીં, કીર્તિનું સંરક્ષણ કરવું, દુઃખની વખતે ધૈર્ય ધરવું, ચડતીને વખતે પાછલો સમય સંભારવો, ભુલી ન જવો, સભામાં બોલવાની ચતુરાઈ, યુદ્ધમાં પરાક્રમ, યશની અપેક્ષા, શાસ્ત્રનું વ્યસન અને સર્વ પ્રાણી ઉપર દયા રાખવી એ શ્રીમાનનાં લક્ષણ છે.

૮૪ તૃષ્ણાનો પ્રદેશ એટલો વીશાળ છે કે તેની સીમાજ નથી, એ અસીમ પ્રદેશ સંતોષ રૂપી શસ્ત્ર સાધ્ય કર્યા વગર જીંતી શકાતો નથી.

૮૫ ક્રોધાગ્નિ એવો પ્રબળ છે કે તે પોતાને અને પરને ક્ષણમાં ભસ્મીભૂત કરી નાખે છે, ક્ષમારૂપી સિતળ વારી જ એ અગ્નીને બુઝાવે છે.

૮૬ ગર્વ રૂપી અંધકારમાં ઘેરાઈ જનારને સુમાર્ગ સુઝતોજ નથી, અધોગતિ એજ આખર તેની ગર્વાન્ધતાને ખસેડી નાખે છે.

૮૭ પાપમાં પ્રીતિ રાખનારનો પરિણામે જય થતો જ નથી, રાવણે પાપ બુદ્ધીથી સીતાનું હરણ કર્યું તેથી તેનો પરાજય થયો–કુટુમ્બ અને સૈન્ય સહીત તેનો લયજ થયો.

૮૮ સત્ય જેવું આ સંસાર સમુદ્ર તરવાનું એકે ઉત્તમ નૌકા નથી, સત્યવૃત ધારી શ્રી રામચંદ્રજીએ મહોદધિમાં નાખેલા પાષાણો તરતા રહ્યા, તો સત્યાવલંબી પુરૂષો પોતે તરે એમાં આશ્ચર્ય શું ?

૮૯ સંસાર યાત્રામાં સત્પુરૂષોજ કલ્યાણકારી પંથે પ્રેરનાર છે, માર્ગથી અજ્ઞાત જનો અનુભવી ભોમીઆના અભાવે રખડી પડે છે, સત્પુરૂષ પરોપકાર વૃત્તીથી શ્રેષ્ઠ ભોમીઆની ગરજ સારે છે.

૯૦ વિદ્વાન એ તો એક પારસમણી છે કે જે મણીના સંગથી લોહ સુવર્ણ થાય છે. તો પછી જડ–બુદ્ધીહીણ મનુષ્યો વીદ્વાનના પ્રસંગ અને પ્રસાદથી દીવ્ય દીપી નીકળે એ સ્વભાવિક છે.

૯૧ સામાને માન આપનાર પોતાનીજ મહત્તામાં વૃદ્ધી કરે છે, સામાને માન આપવું તે લેવા બરાબર છે, કૃષ્ણ પરમાત્માએ અર્જુનનો રથ હાંકયો એ પ્રસંગ જ માન આપનાંરને ઐશ્વર્યયુક્ત દેખાડી આપે છે.

૯૨ શત્રુને સમજાવીને કામ લેનાર વહેલો વિજયશાળી થાય છે, ઉપકાર એ એવી વસ્તુ છે કે શત્રુને પણ સાધ્ય કરેછે.

૯૩ પોતાના ગુણ પોતે પ્રસીદ્ધ કરનાર લઘુતાને પામે છે, આત્મ પ્રસંસા એ મનુષ્યનું મોટામાં મોટું દુષણ છે.

૯૪ માણુમ મરે છે, પણ તેની કીર્તી યાવત સજીવન રહે

છે તેટલા માટે મનુષ્યે પોતાના જીવ કરતાં તેને જાળવવાની વધારે કાળજી રાખવી.

૯૫ દુ:ખની વખતે ગભરાઇ જનારાને દુ:ખ મટાડવાનો માર્ગ જડતો નથી પણ જો આપત્તી કાળે ધૈર્ય ધારણ કરવામાં આવે તો સરળતાથી શ્રેયકર માર્ગ આપ મેળે સુઝી આવે છે.

૯૬ ચઢતીને સમયે પડતીનો પાછલો સમય સંભારવાથી અભીમાન રૂપી રાહુથી અંતઃકરણ રૂપી સુર્યને ગ્રહણ લાગતું નથી. તેમ પોતે પૂર્વ સ્થીતીમાં ભોગવેલાં કષ્ટોના અનુભવથી તેવી સ્થીતિવાળાની વીટમ્બણાનો ખરો ખ્યાલ આવી શકે છે અને તેવાઓ પ્રત્યે દયાનો ઉપયોગ કરવાને ચીત્ત આકર્ષાય છે.

૯૭ સભામાં બોલવાની ચતુરાઇ વડે પુરૂષ પ્રતિષ્ટાને પામે છે ઘરમાં બેઠાં તીવ્ર બુદ્ધીથી તડાકા મારે, અને સભામાં જાય ત્યાં જીભ ઉપડે નહીં ને પગ ધ્રુજે એવા પુરૂષો ગમે તેવા વિદ્વાન કે જ્ઞાનવાન હોય છતાં તેમનું તે બધું ઢંકાએલું રહે છે, અને લોકો સભાચોર કહે છે.

૯૮ ઘરમાં બેઠાં વીરતાની મોટી મોટી વાતો કરે, અધર્મ-અનીતિને માર્ગે વેગથી પગલાં ભરે તેમાં ડરે નહીં, એ કંઇ પરાક્રમ ન કહેવાય, તેમ જે વનચર પશુઓ સૃષ્ટાએ સરજેલાં સ્થળમાં રહી સ્વતંત્ર વીચરે છે, મનુષ્યાદીને ઉપાધી કર્તા કે સંહારક નથી તેનો શસ્ત્ર વડે ઘાત કરવામાં ક્ષાત્રત્વ નથી પણ જેઓ શત્રુ સામે યુદ્ધમાં હીંમતથી ઘુમી વીજય વીભુતીને વરે છે એજ ખરેખર પરાક્રમી તરીકે પ્રસંશાપાત્ર છે.

૯૯ ધનની અપેક્ષા રાખવા કરતાં યશની અપેક્ષા રાખવી એજ સજ્જનતાનું લક્ષણ છે, ધનની અપેક્ષા રાખનારા લોભીઓ અને ધનનો સદ્‌વ્યય નહીં કરનારા મુર્ખ અને કૃપણો યશની

અનુપમ વીભૂતિના ભોક્તા થતા નથી, તેમના કપાલમાંતો અપયશનો કાળો ડાઘ સર્વદા ચોટેલો જ રહે છે.

૧૦૦ શાસ્ત્રનું વ્યસન મનુષ્યને સંસ્કારી બનાવી આલોક અને પરલોક બંને સુધારે છે, તે સીવાયના અન્ય વ્યસનોમાં અફીણુ મનુષ્યને પ્રમાદી બનાવે છે, દારૂના દુર્વ્યસનથી ધર્મ-અર્થ, કામ અને મોક્ષ એ સર્વનો લય થાય છે, ગાંજા ભાંગથી મન ભ્રમીત થઇ જાય છે, બીડી તબાકુ પીવાથી કાળજુ શેકાય છે, અને તેમાંથી ક્ષય રોગના સપાટામાં સપડાય છે, તંબાકુ ખાનારના વદન કમળમાં દુર્ગંધ સ્થાન લે છે અને છીંકણીથી જ્ઞાનતંતુઓ ઘસાઇ જઈ યાદદાસ્ત નબળી પડે છે, શાસ્ત્રનું વ્યસન સર્વદા સારૂંજ ફળ આપે છે.

૧૦૧ પ્રાણી માત્ર ઉપર દયા રાખવી, એ ઇશ્વરની આજ્ઞા મનુષ્ય જન્મ ધારણુ કરનારને માટે છે, છતાં જો તે દયાને દુર કરી તેને મારે-સંહારે તો એ મનુષ્ય નહીં પણુ રાક્ષસ છે.

૧૦૨ દાનથી દયા શ્રેષ્ટ છે, દાનતો ધનીકોજ આપી શકે પણુ દયાનો ઉપયોગ કરવાને તો પ્રભુએ મનુષ્ય માત્રને સ્વતંત્રતા બક્ષી છે.

૧૦૩ મનુષ્યને શરીરમાં ખુંચેલી એક ઝીણી સોય પણુ મહા વેદનાકારી થાય છે, તો પછી પ્રાપ્ત કરેલા પાપ કંટકો પ્રાણુાન્તે અપાર પીડા આપે એ સ્વભાવીક છે.

૧૦૪ વીર પુરૂષને શારીરીક ઇજા સંતાપ જનક લાગતી નથી, તેમ જ્ઞાની મહાત્માઓ માનસીક વ્યાધીથી મુક્તજ રહે છે, વીર પુરૂષો સંગ્રામ ક્ષેત્રમાં સંસાર પ્રત્યે વૈરાગભાવ રાખી વીજય પ્રાપ્ત કરે છે, ત્યારે જ્ઞાની મહાત્માઓ માયાને જીતવાને ધર્મની ઢાલ હાથમાં લઇ આત્મ કલ્યાણુનો શુભ હેતુ સીદ્ધ કરે છે.

૧૦૫ હમેશાં મુમુક્ષુ અને ગુરૂ યોગ્ય હોવા જોઇએ, ગુરૂ

યોગ્ય ન હોય તો અસર કર્તા બોધ મળે નહીં, અને ગુરૂ યોગ્ય છતાં મુમુક્ષુમાં યોગ્યતાનો અભાવ હોય તો આપેલો બોધ વ્યર્થ જાય છે.

૧૦૬ શીષ્ય અને શીક્ષક પણ યોગ્ય હોવા જોઇએ, યોગ્ય શીષ્ય વગર આપેલું શીક્ષણ સુફળદાતા થતું નથી. તેમ શીક્ષક શુદ્ધ ભાવથી શીક્ષણ આપે તોજ શીષ્યનો શ્રમ સફળ નીવડે છે.

૧૦૭ અધર્મનો પક્ષ લઇને લડનાર ગુરૂપણાને યોગ્ય નથી, ગુરૂ શબ્દ ગૌરવ યુક્ત સદ્દગુણ સંપત્તીનું સુચન કરનારો છે તો તેમનું ચરિત્ર પવિત્ર હોવું જોઇએ.

૧૦૮ જે ગુરૂની ગૃહવાટિકાનાં વૃક્ષોને સુબોધ સુધાનું પોષણ મળે, નીર્મળ ચીત્ર-ચરીત્રની નીરીક્ષા કરવાનો મનોર્થ ફળે, એ વૃક્ષનાં અમુલ્ય ફળો જગતને સુખમય થઇ પડે, શાન્તી દાયક નીવડે એ સ્વભાવિક છે.





સર ૬ ઠી.

૧ વેદનો પાઠ કરવો એ બ્રાહ્મણોનો ધર્મ છે, તેમ યુદ્ધ કરવું એ ક્ષત્રીનો ધર્મ છે, બ્રાહ્મણ વેદ વીહીત વર્તનથી બ્રહ્મ લોકને પામે છે અને ક્ષત્રી યુદ્ધ કરવાથી સ્વર્ગ પામે છે.

૨ ક્ષત્રી એજ કે જે ક્ષત્રીધર્મ યથાર્થ જાણે, અને ગાય તથા બ્રાહ્મણની રક્ષા કરે, સીંહ સો દીવસના અપવાસ થતા લગી જેમ ખડ ખાતો નથી તેમ ક્ષાત્રત્વયુક્ત ક્ષત્રી પ્રાણાન્તે પણ અધર્મ આચરતો નથી, અનીતિ કરતો નથી, અને ક્ષુદ્રતા દાખવતો નથી.

૩ રાજધર્મથી જે અજ્ઞાન હોય, તે રાજાનું રાજ્ય અને પ્રજા બંનેની પરીણામે ખરાબી થાય છે.

૪ રાજાએ ધર્મના કરજમાંથી મુક્ત થવા દેવતા અને બ્રાહ્મણોનું પુજન કરવું જોઇએ, અને સર્વથા પોતાની પ્રજાના હીતાર્થેજ મચ્યા રહેવું જોઇએ.

૫ ઉદ્યોગી રાજાજ ઇષ્ટ સીદ્ધી મેળવે છે, પણ તેનો ઉદયોગ ન્યાય અને સત્યથી ઉલટો ન હોવો જોઇએ.

૬ જે રાજા સત્યવાદી, સ્થીર સ્વભાવવાળો, સદાચારી, દયાળુ, જીતેંદ્રિય, સાવધાન અને ધર્મ પરાયણ પુરૂષોથી વીંટાએલો હોય, તે કદીપણ વીનાશને પામતો નથી.

૭ પોતાના કામની બાતમી શત્રુઓને ન મળે અને શત્રુઓની ક્ષણેક્ષણની હીલચાલની બાતમી મેળવતો રહે, સંધી વિગ્રહની વાત ગુપ્ત રાખે તે રાજા વીજયવંત થાય છે.

૮ બહુ નરમ સ્વભાવવાળા રાજાનું કોઇ માનતું નથી, તેમ બહુ ગરમ સ્વભાવવાળા રાજાથી પ્રજા વ્યાકુળ રહે છે, તેમ

રાજાએ બહુ ગરમ નહીં તેમ નરમ નહીં એવો સ્વભાવ રાખવો જોઇએ.

૯ અગ્નીની ઉત્પત્તી જળમાંથી, ક્ષત્રીની ઉત્પત્તી બ્રાહ્મણમાંથી, અને લોઢાની ઉત્પત્તી પાષાણમાંથી થઇ છે, તેથી તે ત્રણેનું તેજ પોતાના કારણ પાસે પહોંચતાં લય પામે છે, તેટલા માટે રાજાએ બ્રાહ્મણો ઉપર કદી કરડાકી વાપરવી નહીં.

૧૦ રાજાએ બધી રીતે બ્રાહ્મણનું રક્ષણુજ કરવું, બ્રાહ્મણે મહા અપરાધ કર્યો હોય તો તેને દેશપાર કરવો, પણ દેહાન્ત દંડ આપવો નહીં.

૧૧ રાજ્યના રક્ષણ માટે રાજાએ પરાક્રમી અને દક્ષ પુરૂષો પોતાની પાસે રાખવા કારણ કે પોતાના નગરની રક્ષા કરવાને રેતીનાં મેદાનો, ખાઇઓ, ટેકરાઓ, દુર્ગમ્ય ઝાડીઓ અને પર્વતો ગમે તેટલાં હોય પણ પરાક્રમી અને દક્ષ પુરૂષો ન હોય તો શત્રુઓ નક્કી ફાવી જાય છે.

૧૨ રાજાએ દયાળુ થવું પણ અપરાધીઓને દંડ દેવામાં અતી દયાળુ ન રહેવું. અતિ દયાળુ રહેવાથી અપરાધીઓ તેનો ગેરઉપયોગ કરી પ્રજાને ઉપદ્રવ કરતા થાય છે.

૧૩ શીકાર, જુગાર, દીવસની નિદ્રા, પારકી કુથલી, અને અતી સ્રીસંગ, અને નીશો ઇત્યાદી વ્યસનોને વશ વર્તનાર રાજા પ્રજારક્ષણનો ધર્મ પાળી શકતો નથી, માટે રાજાએ તેમાં આસક્ત ન રહેવું.

૧૪ રાજાએ પોતાની જાતના સુખને બાજુએ રાખી પ્રજાને સુખી કરવામાંજ પ્રવર્ત્ત રહેવું. એ તેની ખરી ફરજ છે, ઉત્તમ રાજકર્તા એજ કે જે પોતાની પ્રજાના સુખમાં સર્વસ્વ સમજે.

૧૫ નોકરોની સાથે છૂટથી વર્તનારા, ઠઠ્ઠા મશ્કરી કરનારા રાજાઓ નમાલા બની જાય છે, કારણકે એ રાજાનું તત્વ કળી જઇ ધીમે ધીમે રાજાને દબાવી દેછે, અને નિર્ભય બની રૈયતનો રસકસ ચુસી લેવાને તત્પર રહે છે.

૧૬ દરમાં રહેનારા ઉંદર વીગેરેને જેમ સર્પ ગળી જાય છે, તેમ અપરાધીઓને શીક્ષા નહીં કરનારા રાજાને, વેદાધ્યન નહીં કરનારા બ્રાહ્મણને, મીષ્ટાન ખાવાની લાલચથી એક ઠેકાણે પડી રહેનારા સંન્યાસીને કાળ થોડાજ વખતમાં ગળી જાય છે.

૧૭ રાજાએ અપરાધી હોય તો પોતાના પૂત્રનો પણ ત્યાગ કરવો, સગર રાજાએ પોતાના અસમંજસ નામના પુત્રનો અપરાધી જણાતાં તત્કાળ ત્યાગ કીધો હતો.

૧૮ દીવસના પૂર્વ ભાગમાં ધર્મનું, ઉત્તર ભાગમાં અર્થનુ, રાત્રીના પૂર્વ ભાગમાં કામનું, અને રાત્રીના ઉત્તર ભાગમાં ચારનું સેવન કરનાર રાજા કદી પણ સુમાર્ગથી ભ્રષ્ટ થતો નથી.

૧૯ શુદ્ધ આચારવાળા, શૂરવીર, ભક્તીવાન, શત્રુઓથી નહીં મળનારા, કુલીન, બીજાનું અપમાન નહીં કરનારા, ભણેલા, સંસારના સ્વભાવને જાણનારા, પરલોકનો વીચાર કરનારા, અને સદાચારી પુરૂષોની રાજાએ અધીકારી તરીકે યોજના કરવી. એમાંજ તેનું પોતાનું, રાજ્યનું અને પ્રજાનું પણ હિત છે.

૨૦ જ્ઞાની, ઉદાર, શત્રુઓનાં છીદ્રો શોધી કાઢવામાં કુશળ, પ્રસન્ન મુખવાળો, પ્રજામાંના સર્વ વર્ગના રીવાજોને જાણનારો, પ્રમાદ રહિત, અભિમાન વગરનો અને ક્રોધને જીતનારો રાજા બહુ ઝડપથી પ્રજા પ્યાર મેળવી શકે છે.

૨૧ વસ્તુ શોભતી નથી પણ પાત્ર શોભાવે છે, મૃતિકા પાત્રમાં પય હોય, અને ભિક્ષુકના હાથમાં હોય તો છાશનોજ ભાસ કરાવે, દીન જનની કોટે સુવર્ણાલંકાર હોય તો તેને જન

સમુદ્ર બાદલોજ જાણે. શ્રીમંત છાશનું પ્રાસન કરતો હોય પણ પય મનાય, અને ગૃહસ્થ રમણીની કોટમાં જુઠા અલંકાર હોય, પણ તે સાચાજ ગણાય.

૨૨ જે વસ્તુની જેને કીંમત નથી, તે તેને નકામી છે, અમુલ્ય ઉપદેશનાં શબ્દ પૂષ્પો મહાત્માના શ્રીમુખથી ખરતાં હોય તે ખળને રૂચશે નહીં, તે વેળાએ એતો ઝોકાંજ ખાશે, અને નિંદ્યા કુથલી સાંભળવાને તેની નિદ્રા ઉડી જશે.

૨૩ જ્યાં જેનો ખપ નથી ત્યાં રહેવું નકામું છે, જ્યાં સઘળા નાગડા ખાખીઓ વસતા હોય ત્યાં ધોબી રહે તો ભુખેજ મરી જાય. જેઓ સ્ત્રી પ્રત્યે દ્રષ્ટીજ કરતા નથી, એવા મહાત્માઓના નીવાસમાં ગણિકા ઘડીભર રહે તો તેણે તેટલો વખત વ્યર્થ ગુમાવ્યા જેવું થાય.

૨૪ આશાનો અંકુર ઉદ્‌ભવે છે ત્યારે તે ગમે તેટલી હદ સુધી ખેંચી જાય છે, કાંતો આશા સફળ થાય, અથવા નિરાશા મળે ત્યારે જ તે નિવૃત થાય છે.

૨૫ આશાનું વૃક્ષ એવું છે કે તેનો એક ફણગો ફળે–કે કદાચ કરમાઇ જાય તો તુરત બીજો અંકુર ઉદ્‌ભવે છે અને તેથીજ "આશા અમર છે" એમ કહેવાય છે.

૨૬ ગુહ્યમાં ગુહ્ય વાત કહેવાનું સ્થળ જેને આપણે માનતા હોઇએ તેને પણ અન્ય એવું સ્થળ હોય છે કે, તે વાત બીજે કાને અને ત્યાંથી ત્રીજે કાને ગયા વગર રહેતી નથી, એ ઉપરથી "વા વાત લઇ જાય છે" એવી કહેવત ચાલી છે.

૨૭ મહા પુરૂષોનો એક શબ્દ પણ કોઇ વખતે અમુલ્ય લાભદાતા થાય છે, તો પછી તેમનો સત્સંગ શું ફળ ન આપે.

૨૮ પરિહાસમાં કહેલું વાકય કોઇ વખત વિપરીત પરિણામ

નીપજાવે છે, દ્રૌપદિએ મજાકમાં દુર્યોધનને "આંધના આંધ" એવું કથન કહ્યું તેના પરિણામે એ સતિનાં ભર સભામાં વસ્ત્ર ઉતરાવવાનો યત્ન થયો, અને મહાભારત રચાયું.

૨૯ જરાક "કહેવાપણું" તે પણ તેની શોભા, સઘળી શોભા, સઘળા ગુણો નિરર્થક કરનાર થાય છે. સૌંદર્યાગાર સુંદરીનું સઘળું રૂપ એક નાસીકા છેદનથી નકામું થઇ ઉલટું તેનું સ્વરૂપ બીહામણું લાગે છે.

૩૦ સ્વરૂપની સૌંદર્યતા કરતાં ગુણની સૌંદર્યતા વધારે ચ્હાવા યોગ્ય છે. કસ્તુરી કાળી છતાં મોંઘી કીંમતે વેચાય છે અને ઇંદ્રવરણું મનમોહક છતાં તેને કોઇ અડકતું નથી.

૩૧ ઘેલછા તેજ કે આપણે શું કરીએ છીએ, અને આપણા કૃત્યનું શું પરિણામ આવશે, તેનો આપણને વીચાર ન રહે. ક્રોધ એ ઘેલછાનો સગો ભાઇ છે, કારણ કે ક્રોધના આવેશથી માણસ પ્રિય પુત્ર વા પત્ની કે બંધુને બેજાન કરી નાખે છે.

૩૨ આપણા પોતાના કૃત્ય સીવાય, આપણને હેરાન કરવાની શક્તી બીજા કોઇમાં છેજ નહીં, ત્યારે આપણું કૃત્ય એવું કાં હોવું જોઇએ કે આપણને હેરાન ગતીમાં આવવું પડે.

૩૩ નશીબની શોધ શામાટે કરવી જોઇએ? નશીબતો મનુષ્યની પછવાડેજ ચાલ્યું આવે છે.

૩૪ ગુલાબના ફુલની પેઠે જેનાં સર્વ કાર્યો, સર્વદા ઉત્તમ, આનંદ જનક, રમણિય અને મનોહર હોય છે, એવા આત્માને જ્યારે આપણે જોઇએ છીએ, ત્યારે આપણે પરમેશ્વરનો ઉપકાર માનવો જોઇએ કે આવાં મનુષ્યો જેવી સુંદર વસ્તુઓ પણ સંસારમાં હોઇ શકે છે, અને છે.

૩૫ આપણી પોતાની દુર્દશા ઉપજાવવાની ભૂલ આપણે પોતે જ કરીએ છીએ, સ્વતંત્રપણે આપણો પોતાનો વીચાર જે

માર્ગે દોરવે તે માર્ગે જવાથી તેવી ભુલ થવાનો સંભવ નથી.

૩૬ કોઇ પણ કાર્યનો આરંભ કરતા પહેલાં તેના પરિણામનો પુખ્તપણે વિચાર કરવો, વીચાર પૂર્વક કાર્યનો આરંભ કર્યા પછી ગમે તેવાં વિઘ્ન આવે તોપણ અડગ રહેનાર સીદ્ધીને પામે છે અને અચળ યશ કમાય છે, ઉત્તમ પુરૂષો એજ છે કે પ્રાણાન્તે પણ પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરવાને પાછા હઠતા નથી.

૩૭ મહાન પુરૂષો ગમે તેવી સ્થીતિમાં આવી પડે તોપણ દીનતા દર્શાવતા નથી, તે પોતાનો નેક ટેક જાળવી રાખે છે.

૩૮ કોઇ પણ કાર્યની ફળ સીદ્ધી યાહોમ કર્યા વિના પ્રાપ્ત થતી નથી, કોલંબસનું જીવનવૃત તેથીજ વખણાયું છે.

૩૯ વીપત્તી એ ધૈર્યતાની કસોટી કરવાને એક સારામાં સારૂ સાધન છે, એક વખત જેની કસોટી થઇ ગઇ હોય તે ગમે તેવા મહાન કાર્યમાં પણ વિજયશાળી થાય છે.

૪૦ પ્રમાણીકપણે વર્તી પર્ણકુટીમાં વસવું, અને માત્ર હલકા ધાન્યથી ઉદર પોષણ કરવું, એ જેટલું કલ્યાણ કર્તા છે, તેટલું અપ્રમાણીકપણેથી વર્તી ભવ્ય ભુવનોમાં વસવું, અને મીષ્ટાન ભોજન કરવું એ કલ્યાણકર નથી.

૪૧ પૈસાની કીંમત ધનવાનોને નથી, પણ તે ધનવાનો જ્યારે નીર્ધન સ્થીતિમાં આવી પડે છે, ત્યારે તેમને પૈસાની યથાર્થ કીંમત સમજાય છે.

૪૨ સર્પ ક્રુર છે, મુર્ખ પણ ક્રુર છે, પરંતુ સર્પથી અધીક ક્રુર મુર્ખ છે, કેમકે સર્પતો મંત્રથી તથા ઔષધથી વશ થાય છે, પરંતુ મુર્ખ કોઇ પણ સાધન વડે સાધ્ય થતો નથી—સુબોધથી સુધરતો નથી.

૪૩ સ્ત્રી રૂપ તથા જુવાનીથી ભરપુર હોય, પણ પતિ-

વૃતા ન હોય તો શોભા આપતી નથી, જેમકે કેસુડીનાં ફુલ લાલ અને સુંદર હોવા છતાં સુગંધી રહીત હોવાથી સારાં લાગતાં નથી.

૪૪ લીમડાની લીંબોળી વખત આવ્યે મીઠી થાય છે, પણ કુલટા સ્ત્રી શાસ્ત્ર શ્રવણથી-કે સુબોધ સુધા સીંચ્યાથી સુધરતી નથી તેની ખરાબ ટેવ ટળતી નથી.

૪૫ લોભી મનુષ્યને હાથ સ્વર્ગની કુંચી સાંપડતી નથી કારણ કે તે જેવી રીતે પૈસા એકઠા કરી તીજોરીમાં પુરી રાખે છે તેવી રીતે તેને માટે સ્વર્ગના દરવાજાનાં દ્વાર સર્વદા બંધજ રહે છે.

૪૬ લોભવૃતિવાળાએ એકઠી કરેલી લક્ષ્મી જેમ તેનાથી સુમાર્ગે વપરાતી નથી, તેમ તેના વારસો પણ સુમારગે ખર્ચી શકતા નથી, એતો એવેજ માર્ગે વપરાય છે કે જેને સન્માર્ગે વ્યય કર્યો કહેવાયજ નહીં.

૪૭ કુપાત્ર મિત્ર કરતાં સુપાત્ર શત્રને વધારે સંતો ખવો, કુપાત્રમિત્ર કદી કુવામાં નાખશે, પણ સુપાત્ર દુશ્મન વખતે મદદગાર થઇ પડે છે.

૪૮ નીચ મનુષ્યને ગમે તેવી ઉંચ પદ્વી પ્રાપ્ત થાય તો પણ તેનાથી તેનો સંતોષ થતો નથી, તેમને પ્રાપ્ત થએલી પદ્વીનો સદઉપયોગ કરતો નથી.

૪૯ સુવર્ણની વીંટી સાથે સાચા હીરાને બદલે ખોટી ચુની જડવાથી વીંટી બુમ નહીં પાડે, પણ જડનાર તથા પહેરનારની કીંમત થશે, તેમ એક બાળકી વૃદ્ધને પરણાવવાથી એ બાળકી બોલશે નહીં પણ લગ્ન કરનાર અને કરાવનારની મુખતા ગણાશે.

૫૦ સામર્થ્ય હોવા છતાં સીંહ બીચારો જંગલમાં ભટકે છે, અને તેની પીત્રાણુ માશી રાજ મહેલમાં રહી મન ગમતું ભોજન મેળવે છે, માટે ભાગ્ય બળવાન છે.

૫૧ જુવાન વિધવાના એકાન્ત પ્રસંગમાં રહેવાથી ચીત્ત વ્રતિ ચલીન થાય છે અને તેની સંગતથી લોકો વિરૂદ્ધ વાતો કરે છે.

૫૨ કૃપણના હાથમાં ધન, અશીક્ષીતના હાથમાં પુસ્તકો, વ્યંડળના હાથમાં હથીઆર, ગમાર સ્રીની કોટમાં રત્નહાર એ બધાં માત્ર જોવાનાંજ છે.

૫૩ ભીક્ષુક બ્રાહ્મણની લોભવૃતી, સમર્થ ઉપદેશકથી પણ સુધરતી નથી, કારણ કે તેના લોભી વિચારોથી છવાઇ ગએલા હૃદયને એ ઉપદેશ અસરકર્તા થતો નથી.

૫૪ સાચા સ્નેહીની શીખામણ મહાન ઉપદેશક કરતાં વધારે અસર કર્તા થાય છે.

૫૫ કોઇ પુરૂષે યુવાન સ્રીને નીચે વાંકી વળી જમીનને ટકોરા મારતી જોઇ પુછયું કે તું નીચું શું જુએ છે? પૃથ્વી પર તારૂં કંઇ પડી ગયું છે? એ સાંભળી સ્રીએ કહ્યું કે એ મુર્ખ! શું તું નથી જાણતો કે, મ્હારૂં ઘડપણ આવવાના દીવસ નજીક આવતા જાય છે, એ દીવસોને હું શોધું છું.

૫૬ વિનય વગરનો વિદ્વાન, શિયળ વિનાની સ્રી, ગંભીરતા વગરનો કારભારી, પ્રમાણીક્તા વગરનો અનુચર અને નાક વગરનું મોં એ બધાં નકામાં છે.

૫૭ જે તમને તમારા પાપ માટે શીખામણ આપે છે, તેની જોડે તમે ગુસ્સે થશો તો તમારૂં અંતઃકરણ પાછળથી તમને ઠબકો આપશે.

૫૮ એક સોંદર્યવાન સ્રી તમારા સામું જોઇ, તમારી વૃત્તીને ચલીત કરે તેને લીધે તમે ત્યાંને ત્યાં વગર સાધને પણ મોટામાં મોટી શું શીક્ષા કરી શકો તેમ છો? તેના સામુ ન જોયાથી તેનું માન ખંડન થશે એ શીક્ષા તમારા સામે નેત્ર પ્રહાર કરવાની–જોવાની ટેવ ભુલાવશે.

૫૯ સર્પને બે જીભ છે, સજ્જનને એક જીભ છે, બ્રહ્માને ચાર છે, રાવણને દસ હતી, પણ દુર્જનના મુખમાં કેટલી જીભો છે તેની તો ગણત્રીજ થઈ શક્તી નથી વળી તેની દરેક જીભ વિષથી ભરેલીજ હોય છે.

૬૦ સુપડામાં એવો ગુણ છે કે અનાજને રહેવા દઈ, કાંકરા, ઢેફાં, કચરો વગેરે દુર કરે છે, પણ નીચ મનુષ્યોનાં હ્રદય પોતાની નીચ વૃત્તિઓને કાઢી નાખતાં નથી.

૬૧ જે જમીનના હાલમાં આપણે માલીક થયા છીએ, તે જમીનના પૂર્વ કાળમાં કેટલા માલીક થઈ ગયા, અને ઉત્તર કાળમાં કેટલા થશે ? તેનો વીચાર કર્યા પછી સ્પષ્ટ સમજાશે કે મનુષ્યે અભીમાન કરવો ઉચિત નથી.

૬૨ જે જેનું છે તે તેને પ્રિય છે, સર્પ મણી મુકી વનમાં ચરવા જાય છે એ મણી શીકારીઓ ચોરી જાય તો સર્પ તેનો શોધ કરી છેવટ હાથ ન લાગે તો પોતાનો દેહ ત્યજે છે.

૬૩ દુર્જન અને પખાજ (મૃદંગ) જયાં સુધી ખાવાનું મળે ત્યાં સુધીજ સારૂં બોલે, પછી ભુંડું બોલ્યા વિના રહે નહીં. પખાજને લોટ બરાબર ચોપડીએ છીએ ત્યારે તે સારૂ વાગે છે પણ લોટ ઉખડી જાય તો તેનો અવાજ ખરાબ નીકળે છે, દુર્જનનો સ્વભાવ પણ તેના જેવો છે.

૬૪ સારા પુરૂષના ઉત્તમ બોધથી જે કલ્યાણ અને સુખ થાય છે, તે દ્રવ્યનો ઢગલો આવ્યાથી થતું નથી, મોટાઇ દ્રવ્યમાં કે અધીકારમાં નથી પણ દયા અને પરોપકારમાં છે.

૬૫ મગરમચ્છની ચામડી એવી કઠણ હોય છે કે કોઈ શસ્ત્ર તેને ભેદી શકતું નથી, તેમ વ્યભીચારણી સ્ત્રી ગમે તેટલી કથા શ્રવણ કરે તોપણ તેના હ્રદયમાં બીલકુલ અસર થતી નથી.

૬૬ શરીર થરથર ધ્રુજે છે, માથું ધોળું થઇ ગયું છે,

દાંત પડી જવાથી ડાચાં બેસી ગયાં છે, તો પણ આશાની દો-રીથી આકર્ષાઇ મનુષ્ય હાથમાં લાકડી પકડીને ઘેરેઘેર ભટકે છે.

૬૭ લોઢું અગ્નીમાં રહે છે ત્યાં સુધી લાલ રહે છે, પણ બહાર કાઢયા પછી પોતે હતું તે સ્થીતિમાં આવે છે તેમ કુલટા સ્ત્રી ભાગવતની કથા શ્રવણ કરે, ત્યાં સુધી તેનું મન શુદ્ધ રહે છે પણ કથામાંથી ઉઠયા બાદ તેની સ્થીતી હોય તેની તેજ થાય છે.

૬૮ જેમ એક પોપટ આખો દીવસ રાધા કૃષ્ણ કે રામ નામ ગોખી રાખી બોલ્યા કરે છે પણ બીલાડી પકડવા આવે કે, તરતજ તેની કુદરતી ભાષા ચીં ચીં કરવા માંડે છે, તેમ સંસારી માણસો ફળની આશાથી હરીનું નામ વારંવાર બોલે છે, પણ વીપત્તી, શોક, ગરીબાઇ, અને મર્ણ આવે છે ત્યારે સર્વ વીસરી જાય છે.

૬૯ જ્યારે મન ખરાબ વીચારોમાં સ્થીર થાય છે, ત્યારે ઉંચવર્ણનો શુક્લ બ્રાહ્મણ વેશ્યા વાડામાં જઇ વસે છે, સંગત અને સંસ્કારજ માણસને વિપરીત માર્ગે ગતિ કરાવે છે.

૭૦ જેમ પથ્થરમાં ખીલો નાખી શકાય નહીં, પણ જમીનમાં સહેલાઇથી નાખી શકાય છે તેમ બંધાએલા આત્માપર સાધુ પુરૂષની શીખામણની અસર થતી નથી પણ શ્રદ્ધાળુના હૃદયપર તેની તુરત અસર થાય છે.

૭૧ અભીમાન કોઇનો રહ્યો નથી-રહેતો નથી. વૈભવ વિભુતિ અને અખુટ સ્મૃદ્ધી યુક્ત રાજા રાવણ એમ માનતો હતો કે મને મારનાર કોણ છે ? પણ તેનો એ અભિમાન શ્રી રામચંદ્રજીએ ઉતારી નાખ્યો અને તે એવી રીતે કે એ દશાનન ક્ષણમાં શોધ્યો જડયો નહીં.

૭૨ સ્વર્ગસદન સ્વાધીન લેવાને સત્યની સીડી એજ

એક શ્રેષ્ઠ સાધન છે, બુદ્ધીવાન કરતાં નીતિવાન જ નિશ્ચય વીજય પામે છે.

૭૩ ઉત્કૃષ્ઠ મનોભાવ એજ કે પ્રત્યેકનો આશીર્વાદ લેવાની અંતઃકરણમાં અભિલાષા હોય.

૭૪ સુનીતિને પંથે પળનારજ નિરાંતે નીદ્રા લઇ શકે છે, અનીતિ આચરનારજ સુખે ઉંઘી શકતો નથી કારણ કે પ્રપંચજાળ ગુંથવામાં તેનું મન સર્વદા પ્રેરાએલું રહે છે તેથી નિરાંત તેનાથી નિરાળીજ રહે છે.

૭૫ અધમ આચરણ વાળાને શાન્તીના સુખનો અનુભવ થતો નથી. સુવાસિત પુષ્પોના મઘમઘાટનો ગીધ પક્ષીની ઘ્રાણેંદ્રીને સ્પર્ષ કયાંથી થાય. કારણ કે તેતો માંસાદી મલીન પદાર્થોમાંજ આસક્ત રહે છે.

૭૬ ધર્મને દ્રઢ વળગી રહેનારજ પોતાનું વર્તન વીશુદ્ધ રાખી શકે છે.

૭૭ અમુલ્ય અલંકારો કરતાં નીતિનું આભુષણજ માનવિને સર્વોત્તમ શોભાવે છે.

૭૮ કપટ કળાથી કોટયાધિપતી થવું, એ કરતાં વીશુદ્ધ વર્તનવાળી કંગાલ અવસ્થા ઉત્તમ છે.

૭૯ માણુસ ઉંચે ચઢે છે ત્યારે નીચે રહેલાનું સ્વરૂપ સુક્ષ્મ નીહાળી નીસ્પૃહ રહે છે તેની તે તમા કરતો નથી, પણ જ્યારે તે પોતે તેમની સમીપ અથવા તો તેમનાથી પણ અધોગતિએ આવી પહોચે છે, ત્યારે તેને ઉંચે રહી ચલાવેલા વર્તનને વાસ્તે પશ્ચાતાપ થાય છે.

૮૦ સંપૂણ ઉન્નતિના શીખરે પહોચ્યા પછી ક્ષુદ્રજનો પોતાની પૂર્વ સ્થીતિ ભૂલી જાય છે, અને એ ભુલ જ્યારે એકવાર પાછા અધોગતિને પામે છે ત્યારે જ સમજાય છે.

૮૧ જ્યાં સુધી ઉંચે ચઢયો નથી, ત્યાં સુધી તેને પોતાની નીચેનાં અથવા સમાનની સ્થીતિ દુખરૂપ દેખાતી નથી પણ એકવાર ઉંચે ચઢયા પછી અધોગતિ પ્રાપ્ત થાય તો તે તેને અધીક દુ:ખદ થઈ પડે છે.

૮૨ ઉંચે ચઢેલો જો એવા વીચારથી વીચરે કે જો હું હવે પડયો તો મારી મુળ સ્થીતિ પણ સુરક્ષીત રહેશે નહીં તો તે પડવાનો પ્રસંગ બહુ ઓછો છે.

૮૩ પૂર્વસ્થીતિ સ્મર્ણમાં રાખનારજ ઉચ્ચ પદ્વીએ પહોંચવા છતાં અભિમાનથી આચ્છાદીત થતો નથી.

૮૪ સમાન દ્રષ્ટી એજ સાધુપણાની સર્વોત્તમ નીશાની છે.

૮૫ સુખ દુ:ખ એ માત્ર મનની કલ્પના છે, તેને માટે શોચ કર્યાથી કાંઇ વળતું નથી, સર્વ મોટા મનુષ્યો કાળ ચક્રના સપાટામાં આવી ગયા છે, તેમાં આપણે પણ આવીએ તેમાં આશ્ચર્ય શું ? એવે વખતે તો ખંતથી ઉદ્યમ કરવો, ધૈર્ય રાખવું અને શાન્તીથી પ્રારબ્ધની દોરી સર્વ શક્તીમાન પ્રભુને સોંપી દેવી અને નિર્દોષ બાળકની પેઠે તે જે કરે તેમાં આનંદ માનવો.

૮૬ બાળકોના જેવી નિસ્પૃહતા હોવી એજ મનુષ્ય સ્વભાવની તંદુરસ્ત સ્થીતિ છે, બાળકોને પોતાનાં પેટ ભરાવાની સંપૂર્ણ ખાત્રી છે, તેથી તે એક અમીર કે ઉમરાવની પેઠે તદન નિસ્પૃહ રહે છે. જગંદીશ્વરના આપણે બાળક છીએ તો પછી આપણે તેના ભરૂસા ઉપર નિસ્પૃહ રહીએ તો તે આપણા લાડ કોડ પુરા કર્યા વિના રહેશે નહીં.

૮૭ જે મનુષ્ય પોતાની ફીકર પોતે કરે છે, તેની ફીકર પરમેશ્વરને રહેતી નથી, અને જે પોતાને વાસ્તે નીશ્ચીંત રહે છે, તેની ચીંતા પરમેશ્વર રાખે છે.

૮૮ જેને મનુષ્ય તરીકે-ખરેખરા નર તરીકે ગણાવું છે તેણે તો મત ભિન્નત્વ ગ્રહણ કરવું જોઇએ, જેને અમર કીર્તીનું છત્ર ઓઢવું છે તેણે માત્ર સાલસાઇના નામથીજ શોભવાનું નથી, પણ ખરી સાલસાઇ કયાં રહેલી છે તે શોધવાનું છે.

૮૯ બીજાના કરતાં પોતે વધારે ડાહ્યા છે એમ ડોળ બતાવવો દરેકને બહુ વ્હાલો લાગે છે, કારણ કે પોતાના ડહાપણની આંકણી કરવાને તે બીજાના ઉપર છોડતો નથી, પણ પોતાની સમજ શક્તીના સાધનનો ઉપયોગ કરે છે.

૯૦ ખરેખરા મહાપુરૂષો તો એજ કે, જન સમુદાયની વચ્ચોવચ્ચ નિડરપણે પોતાના સ્વતંત્ર અભીપ્રાયને આનંદથી સાચવી શકે છે.

૯૧ લોકોની ખુશી કે નાખુશીનું કંઈ સબળ કારણ નથી હોતું, પણ તે તો માત્ર જે તરફ પવન ફુંકાય તે તરફજ વળે છે, અમુક વ્યક્તિના જે ઉદ્ગાર બહાર પડે તેમાં કદાચ મોટો ભાગ સમ્મત થઇ જાય તેટલાથીજ તે વાસ્તવીક છે એમ કહેવાશે નહીં.

૯૨ મુર્ખતાથી ભરેલી સામ્યતા (મમત) એતો માત્ર હલકા પુરૂષોનો પીશાચી દેવ છે, મહા પુરૂષો તેથી કેવળ વિરક્ત રહે છે.

૯૩ મોટાઇની પરીક્ષા હંમેશાં ભવીષ્યમાંજ થાય છે, તુરતમાં બંધાએલો અભિપ્રાય ચીરકાળ સ્થાયી રહેતો નથી, જે અભીપ્રાય પુખ્ત અનુભવ પછીનો હોય તેજ સર્વદા ટકે છે.

૯૪ જ્યાં સુધી બોલવા પ્રમાણે ચાલવામાં ન આવે ત્યાં સુધી બોલેલું નકામું છે, અને બોલવાની કીંમત આપણે સમજ્યા નથી એમજ કહેવાય.

૯૫ પ્રજાની આંખો જેણે આકર્ષી છે, તેવાજ રાજાથી દુનિયા શીક્ષીત થાય છે, તે આકર્ષણ એવું છે કે પુનઃ પુનઃ અવલોકયા છતાં ખરી તૃપ્તી થાય જ નહીં, નહીંતર એક ચીત્રકારે રાજાની ચીતરેલી છબી એકવાર અવલોકયા પછી તેના પ્રત્યે અભાવ આવી અન્ય તરફ જ દ્રષ્ટી ખેંચાય છે એવા રાજાથી દુનિયાંને લાભ નથી.

૯૬ જો આપણું જીવન શુદ્ધ હશે તો વીચારો શુદ્ધ જ આવશે, સૌગંધીક પુષ્પ વૃક્ષો વાળી વાટીકામાંથી વહન થતો પવન હૃદયને શીતળતા આપનારજ થાય છે.

૯૭ બળવાન મનુષ્ય પોતાનું બળ સહેલાઇથી બતાવી શકે છે અને નિબળ મનુષ્યોની નિર્બળતા તુરત જ દેખાઈ આવે છે તેની કસોટીને માટે વધારે વીલંબ લાગતો નથી.

૯૮ જે મનુષ્યે પોતાના સાધારણ હેતુઓ એક કોરે ફેંકી દીધા છે, અને જેને પોતાના અંતઃકરણની શુદ્ધતા ઉપરજ વીશ્વાસ રાખવાની હીંમત છે તે માણસમાં ઈશ્વર અંશ હોવાની પ્રતીતી થાય છે.

૯૯ અસંતોષ એ આત્મ શ્રદ્ધાની ખામીને લીધે જન્મ પામે છે. આપણી વૃત્તીની જ માત્ર એ નબળાઇ છે.

૧૦૦ જે માણસો ખંતી છે, તેને અમર દેવતાઓ પણ સુલભ છે, ખંતથી શું નથી થતું ? ખંત રાખી કાર્ય કરનારાઓની સઘળી ઈચ્છાઓ પરમેશ્વર પૂર્ણ કરે છે.

૧૦૧ દેશકાળ, હવા, દીવસની લંબાઇ, લોકને તેની જરૂર, રાજયનું ધોરણ અને બંધારણ, એ સઘળાનો વીચાર રાખી કોઇ કારીગર પોતાના કાર્યમાં પ્રેમ અને આશાથી મંડયો રહેશે

તો તે એવો બંગલો ઉત્પન્ન કરી શકશે કે તેમાં સઘળી વસ્તુઓ બંધ બેસતી આવશે, અને તે રસીકતા તથા મનોભાવને પણ સંતુષ્ટ કરી શકશે.

૧૦૨ મહાન પુરૂષની શત્રુતા પણ લાભકારી છે, વૈરભાવથી ભજનાર અનેકને ઇશ્વરે પોતાના નિર્ભય સ્થાનમાં નીવાસ આપ્યો છે "દાનો દુશ્મન સારો" એ ઉક્તિ એજ ઉદ્દેશથી યોજાઇ છે.

૧૦૩ સર્વ શક્તીમાન જગદીશ્વર સર્વનું કલ્યાણ કરો, એમજ જેનો મનોભાવ અહોનિશ યાચના કરે છે, તેનુંજ તે દયાળુ પ્રભુ સર્વદા–સર્વથા સૌ કરતાં પહેલું કલ્યાણ કરે છે, કરશે.

૧૦૪ પરમેશ્વર આપણને એમજ કહે છે કે "ઉઠીને આગળ ચાલ," આ તેના શબ્દોને આપણે પ્રેમથી વધાવી લેવા યોગ્ય છે, કારણકે આપણે આપણા જૂના ખંડિયેરોમાં પડયા રહીએ, તેમાં કંઇ પ્રાપ્ત થવાનું નહીં, નવું પ્રાપ્ત કરવાને આગળ ચાલવુંજ જોઇએ.

૧૦૫ બુદ્ધીને ઓળખવાને બુદ્ધીની જરૂર છે, સેકસપીયર અથવા કાળીદાસની બુદ્ધીની તુલના તેમના જેટલી બુદ્ધી વીના થઇ શકે નહીં, ગજ કપડાનું માપ ગજ વીના કેમ થાય ?

૧૦૬ સુખ સંપૂર્ણ રીતે આનંદ જનક હોય તે કરતાં દુઃખ અને ધારતીના સ્વાદથી મીશ્રીત હોય તો તે વધારે લ્હેજત-દાર લાગે છે, હમેશાં મીષ્ટાન ભોજન ઉપર બેસાડી રાખવામાં આવે તેથી તે ભોજનનો જે સ્વાદ ઉપજે તે કરતાં વચ્ચે વચ્ચે શ્રમ લેવાનો અવકાશ મળે, ભુખ વેઠવામાં આવે તો તે ભોજન સ્વાદીષ્ટ વધારે લાગે છે.

૧૦૭ બીજાં અનેક સુખથી આનંદ હોય પણ તેની દુઃખ અનુભવ્યા વગર કીંમત અંકાતી નથી. તડકાનું દુઃખ વેઠે તેનેજ

ઘટાદાર વૃક્ષોથી મળતી સીતળતા અને વીશ્રાન્તીના સુખનો અનુભવ થાય છે.

૧૦૮ પૂણ્ય તપતાં હોય ત્યાં સુધી સુખ મળે છે. પુણ્યનો અસ્ત થતાં સુખનો પણ અસ્ત થાય છે, સ્વર્ગના નિવાસી દેવતાઓના પૂણ્યનો પણ અસ્ત થતાં તેમને મૃત્યુ લોકમાં આવવું પડે છે.

સર ૭ મી.

૧ સ્ત્રીનાં કટાક્ષ મનુષ્ય હૃદયને એવાં ભેદી નાખનારાં છે કે, તેનાથી વિવેક વૃત્તીવાળા પુરૂષો પણ વિવેક સૂન્ય થઇ જાય છે.

૨ મનુષ્ય હૃદયમાં વિવેક દીપકની શીખા ઝગઝગતી હોય છે તેને ઓલવવાને કોઇ સમર્થ નથી, માત્ર સ્ત્રીનાં કટાક્ષ રૂપી પવન જ તેને ઓલવવાને શકતીવાન થાય છે.

૩ તૃષ્ણાનો તોખાર કદી વિશ્રાન્તી લેતો નથી, સો રૂપીઆ પ્રાપ્ત થાય છે તો સહસ્ત્ર મેળવવા ચ્હાય છ, સહસ્ત્ર મળ્યાથી લક્ષાધીપ બનવાને લલચાય છે, પછી રાજ્યની ઇચ્છા કરે છે, રાજ્ય મળ્યાથી સ્વર્ગ માગે છે, એમ લોભને થોભજ નથી.

૪ સંતોષ રૂપી અમૃત પીવાથી નિવૃતિ થાય છે અને નિરંતરનું દુઃખ નાશ પામે છે, જ્યારે મનુષ્યની ઇચ્છા પ્રમાણે પ્રાપ્ત થતું નથી ત્યારે અસંતોષી રહેવાથી ફળ શું ? ઉલટું એથી :ખ થાય છે.

૫ ભારે અથવા હલકા દેખાવાનો આધાર સોબતીઓની યોગ્યતા ઉપર રહ્યો છે, હાથી વિંધ્યાચળમાં હોય ત્યારે મહાન ભાસે છે પણ દર્પણમાંતો નાનોજ દેખાય છે.

૬ "પ્રભુ જે કરે તે સારાને માટે" એ સુત્ર હમેશાં દુઃખ યા હાનીને પ્રસંગે હમેશાં મનન કરવા યોગ્ય છે, ઘણી વખતે આપણને કંઇ દુઃખ આવી પડે છે અથવા હાની થાય છે ત્યારે ખેદ પામીએ છીએ પણ તે તે કરતાં અધીક દુઃખ કે હાની-માંથી બચાવ કરવા અર્થેજ થયાનું કેમ ન માનવું ? ગૃહસ્થની ભેંશનો પગ ભાગ્યો, ત્યારે તેણે ઘણો ખેદ કર્યો, પણ રાત્રે

ચોરે આવી ભેંશની ચોરી કરી થોડા અંતરે જતાંજ ભેંશ ચાલી ન શકી તેથી તે પડી મુકી જતા રહ્યા એ હકીકતે પાછલા ખેદને ભુલાવી દીધો, વેસવાળ કરેલી પુત્રીનું મૃત્યુ થાય ત્યારે ખેદ ઉપજે છે, પણ જેની સાથે વેસવાળ કરેલું એ વરનું મૃત્યુ થાય છે, ત્યારે તેનુ વૈધવ્ય જોવાનો પ્રસંગ ન આવ્યો તેને માટે સંતોષ ઉપજે છે.

૭ ખળ પુરૂષોનું ખરાબ વર્તન સાધુ પુરૂષોને દુખદાતા થાય છે અને સાધુઓનું દીલ દુખાયાથી છેવટ ખળનો ખોડો નીકળી જાય છે, રાવણ દેવતાઓને દુઃખ આપતો, તેનું નિકંદન નીકળી જવાને દૈવે તેને દુર્બુદ્ધી સુઝાડી તેણે સતી સીતાનું હરણ કર્યું, પરીણામે સમસ્ત રાક્ષસ કુળનો સંહાર થયો અને દેવતાઓ દુઃખ મુક્ત થયા.

૮ "બહુ થાય તે થોડાને માટે" જ્યારે કંઈ પણ અતી થાય છે ત્યારે તેનો અંત નજીક આવે છે, પુર્ણીમાને દીવસે ચંદ્ર સોળ કળાથી ખીલે છે, તે પછી તુરતજ તેની કળા ક્ષીણ થતી ચાલે છે અને અમાવાસ્યાએ એ કેવળ કળાહીન બની અદ્રશ થઈ જાય છે.

૯ "બહુ કાંઈ સારૂ નથી." કહેવત છે કે "અતિશે નહીં બોલવું, અતિશે નહીં ચુપ; અતિશે નહિ વરસણો, અતીશે નહીં ધુપ" બહુ બોલવાથી વજન ઘટે છે, બહુ ચુપ રહેવાથી મુર્ખમાં ગણના થાય છે, બહુ વરસાદથી ધાન્ય પાકતું નથી, લીલો દુકાળ પડે છે, ને બહુ તાપથી હજારો પ્રાણીઓનો નાશ થાય છે, એટલે સર્વ ઘટતું હોય તેજ સારૂ, તેજ ફળદાયી છે.

૧૦ જેવું જેને યોગ્ય નથી તેવું તેને પ્રાપ્ત થાય તેમાં તેને સુખ મળતું નથી, વૃદ્ધ પુરૂષને મુગ્ધા–નવોઢા સ્ત્રી ઉલટી દુઃખ રૂપ થાય છે, તે તેના પ્રત્યે અવિશ્વાસથી જુએ છે, અને

તેનું પતિવ્રત અંગ થવાની ચીંતામાંજ રહે છે, તેનું હૃદય બળે છે.

૧૧ જેવું જેને યોગ્ય તેને તેવું આવી મળ્યાથી બહુ આનંદ જનક થાય છે, પતિપત્નીની સમાનવય, સમાન સ્વરૂપ–સૌંદર્ય, અને વીદ્યા ચતુરાઇમાં સમાન હોય તો તે દંપતિ અનુપમ સુખ ભોગવે છે.

૧૨ જ્યાંથી લેવો ઘટે, ત્યાંથી સાર લેવો એ સુજ્ઞ પુરૂષનું કર્તવ્ય છે ગુરૂ દત્તાત્રીએ પશુ પક્ષી આદીમાંથી પણ સાર લઇ એવાં બત્રીસને ગુરૂ તરીકે સ્વીકાર્યા હતા, કુલટા સ્ત્રીઓ પૈસાને માટે જે કુકર્મ કરે છે, તે જોઇને પણ સાર લેવાનો છે કે પૈસા કેવી બુરી ચીજ છે કે, જેને માટે અઘોર પાપ કરવાને પણ મનુષ્યની વૃતીઓ દોરવાય છે, પક્ષીનો કલરવ આનંદની ખરી ખુબી સમજાવે છે, અને આહીરના નેસડાઓ કુટુમ્બ ઐક્ય રાખવાનું અલૌકીક શીક્ષણ આપે છે.

૧૩ જેઓ સારગ્રાહી છે તેજ સર્વથી શ્રેષ્ટ છે, ઇશ્વરને તેજ પ્રીય છે, દુધ અને જળ ભેગાં કરેલાં છે, તેમાંથી પયને જુદું પાડી પાન કરનાર હંસને સારગ્રાહી માની સરસ્વતીએ પોતાનું વાહન કરી તેની મહત્તા વધારી છે.

૧૪ જેનામાં ઉદારતા વીત્કૃષ્ટ સદ્‌ગુણ છે, તેને પ્રભુ પણ પૂર્ણ જ રાખે છે. સમુદ્રમાંથી વૃષા વાદળાં દ્વારે જળ લઇ લે છે, તો પણ તેની સ્થાયી મર્યાદા તસુ ભર પણ ઘટતી નથી.

૧૫ જેને જેવું જોઇએ તેવું જગદીશ્વર આપી રહે છે, કીડીને કણ અને હાથીને મણ મળી રહે છે એ તેનું યથેચ્છ દ્રષ્ટાન્ત છે.

૧૬ ઉદ્યોગથી શું નથી બનતું? ઉદ્યોગથી જેમ તેમ દુર્ઘટ કાર્ય બનવું પણ અશક્ય નથી, રામેશ્વરથી લંકાપુરીની સમુદ્રમાં

બચ્ચાઓથી બાળ ઉદ્યોગનું પ્રત્યક્ષ પ્રમાણ છે.

૧૭ જો મનુષ્ય પોતાના મનને કબજામાં રાખી શકે તો સઘળા શત્રુઓને કબજામાં રાખ્યા સમાન છે, મનના વિકારથીજ મનુષ્યને અન્ય શત્રુઓ ઉદ્ભવે છે.

૧૮ બહુ નમૃતા એ નાહાનીનું લક્ષણ છે, દગાખોર હોય તે નમીનેજ વીનાશ નીપજાવે છે ચીત્તો શીકાર ઉપર નમીને છલંગ મારે છે, ચોર નમીનેજ ખાતર પાડે છે, અને નમીને જ કમાને ચઢાવેલું તીર ત્વરાથી શત્રુનું હૃદય વીંધે છે માટે જેનામાં વધારે નમવાની ટેવ હોય તેનાથી નુકશાન થાય છે એમ સમજી સાવધ રહેવું.

૧૯ જે બોધ સારામાંથી ન લાગે, તે વખતે ખરાબમાંથી લાગી જાય છે, વિષયાસક્ત તુલસીદાસને નાયકાના શબ્દોથી આત્મ-જ્ઞાન થયું અને વૈરાગ ઉપજ્યો.

૨૦ જે બોધ, કથા કીર્તન કે શાસ્ત્રથી અસરકર્તા થતો નથી, તે સ્મશાનમાં બળતા મુડદાથી મળે છે, બળતું મુડદું જોઈ આખર આપણી પણ આ દશા થવાની છે એમ સમજાય છે, એ સમજણ સ્થાયી રહે તો તે મનુષ્યને તરી ઉતરતાં વાર લાગતી નથી.

૨૧ નદીને કાંઠે પડેલો ઓવાળ આપણને એમ સુચવે છે કે, તમારા અંત:કરણની મલિનતાનો અને દુષ્કર્મોનો ત્યાગ કરીને આવશો તો જ પ્રભુના દરબારમાં તમને જગ્યા મળશે. ઝાડાં ઝાંખરાં અને મુડદાં આદી મલીન વસ્તુઓ સરીતા કાંઠે કાઢી નાખી નીર્મળ થઈને જાય છે ત્યારેજ સમુદ્ર તેને સંઘરે છે.

૨૨ કમળ સુર્યને જોઈને પ્રફુલ્લિત થાય છે, અને કુમુદ ચંદ્રથી વીકાસ પામે છે, તે સ્ત્રી પુરૂષને એવો બોધ આપે છે કે જે તમારૂં હોય તેમાંજ તમે આનંદ માનો, અન્યને ગ્રહણ કરશો નહી.

૨૩ સેલો આપણને એમ ઉપદેશ આપે છે કે હું મારૂં

શરીર ઘડીમાં વધારી શકુ છું ને ઘડીમાં ઘટાડી દઉ છું, તેમ તમે તમારી વૃત્તીઓને લંબાવી શકો ને પાછી ખેંચી શકો, તેવી શક્તી કેળવો કે જેથી માયાવી ઉપાધી ન પીડે.

૨૪ આપણી નોકરીમાંથી બદલી કયારે થશે એ કંઇ ચોકસ હોતું નથી પણ જ્યારે અકસ્માત બદલી થાય, અને સોંપેલું કામ અધુરૂં હોય ત્યારે બોધ લેવાનો છે કે જે સત્તાવાળા સાહેબે આપણને આ મનુષ્ય તરીકે નીમ્યા છે તે જગાએથી આપણી તે કયારે બદલી કરશે તે ચોકસ નથી, આકસ્મીક બદલી કરશે માટે આપણું કામ અધુરૂં રાખી હવે પછી કરીશું એવા વીશ્વાસે રહેવું કે પ્રમાદી બનવું, તેના પરીણામે પસ્તાવો જ કરવો પડે છે.

૨૫ વલ્લભીપુર, ચાંપાનેર ઇત્યાદી શહેરોની પ્રાચીન સ્થીતિ સાથે તેની અર્વાચીન સ્થીતિનો મુકાબલો કરી ઉદય તેનો અસ્ત, ચઢતીની પડતી, એ વિષયનો મનુષ્યે અનુભવ કરી લેવાનો છે.

૨૬ સત્યવાદી પુરૂષો આનંદથી પ્રાણનો ત્યાગ કરે પણ પોતાની પ્રતિજ્ઞાનો ત્યાગ કરતા નથી, પ્રતિજ્ઞાનો ત્યાગ નહીં કરવા અર્થે દશરથ રાજાએ વહાલા પુત્રને વનવાસ મોકલ્યા, હરિશ્ચંદ્ર નીચને ઘેર વેચાયા.

૨૭ જેને વચન ભંગનો ભય નથી, તેના વચન ઉપર વિશ્વાસ રાખનાર આખર નિરાશ થાય છે.

૨૮ જેના હૃદયમાં હળાહળ ઝેર ભરેલું છે, તેના મુખમાંથી અમૃત ઝરતું લોભાઇ જનારનો આખર વિનાશજ થાયછે.

૨૯ આપણને હાની થાય તે વખતે આપણી લાગણી કેવી દુખાય છે, એ વાતનો ખ્યાલ અન્યને હાની કરવા વખતે રહેતો હોય તો આપણા પવિત્ર હાથ પાપના કાજળથી કાળા થવા પામે નહીં.

૩૦ મુર્ખ માણસો "મેં કર્યું" એમ મીથ્યા માની લેછે, પણ તેમનું કર્યું થતું હોય તો તેઓ પોતે અથવા તેમના નિકટના સંબંધીઓનું ભુંડું તેઓ કોઇ દીવસ થવાજ દે નહીં.

૩૧ સમય સંભાળીને જેઓ કાર્ય કરતા નથી, તેઓ પાછળથી પસ્તાય છે, તેઓ જાણતા નથી કે જે સમયસંધી ગઈ તે ફરીવાર મળવાની નથી.

૩૨ દુર્જન મનુષ્યોને ઉંચ સ્થાન પ્રાપ્ત થાય, તો તે બીજાને કંટક રૂપ થઇ પીડે છે, અને સજ્જનો ઉંચ સ્થાને આવ્યાથી આંબાના વૃક્ષની પેઠે સર્વને સુખદાતા-ફળદાતા થાયછે.

૩૩ પૈસા કમાવામાં ડહાપણુની જેટલી જરૂર નથી, તે કરતાં વધારે ડહાપણુની જરૂરતો તેનો ઉપયોગ કરવામાં છે, તેનો ઉપયોગ એવા પ્રકારે કરવો જોઇએ કે તે વપરાઇ ગયા પછી પીમાસવું ન પડે.

૩૪ પૈસો એવી વસ્તુ છે કે જે વહાલામાં વીરોધ કરાવે, નીચ માર્ગે ગતી કરાવે અને પ્રેમનું જડમુળમાંથી ઉચ્છેદન કરી નાખે, આ કારણથીજ મહાન પુરૂષો તેમાં આસક્ત થતા નથી.

૩૫ ગોરખ કહે છે કે સહેજ પ્રાપ્ત થાય તે દુધ બરાબર, માગવાથી પ્રાપ્ત થાય તે જળ બરાબર, અને ખેંચીને લેવામાં આવે તે રૂધિર બરાબર છે, તો પછી સહેજ મળે તેમાં જ સંતોષ શા માટે ન માનવો?

૩૬ વીશ્વ વહેવારમાં ઉપાધી જેટલી વધારવા માગીએ તેટલી વધે છે, રબરના જેવી તેની સ્થીત છે, જેમ વધારે ઉપાધી તેમ વધારે દુઃખ, વીશ્વકર્તા પરમેશ્વરને આખા વિશ્વની ઉપાધી છે, રાજાને રાજ્યની ઉપાધી છે, ગૃહસ્થને ઘરની ઉપાધી છે, જેઓ ઉપાધીથી મુક્ત છે, જેઓને પોતાના અંગની પણ ઉપાધી નથી, તેજ સુખી છે.

૩૭ મુર્ખ લોકો ધનવાન હોય, તેથી ચકિત થવાનું નથી, કારણ કે તેઓ પાસે ધન ન હોય તો ભુખે મરી જાય, ધન વિના શું ખાય, કારણ કે તેઓ પુરૂષાર્થ કરી ધન પ્રાપ્ત કરવાને સશક્ત નથી, વિદ્વાનો જ્યાં જાય ત્યાં પોષાય છે, તેથી લક્ષ્મી દયા ખાઇનેજ તેમને ત્યાં નીવાસ કરે છે.

૩૮ ધનવાન એ ધનવાન નથી, પણ જેઓ તેનો સદ્ ઉપયોગ કરે છે તેજ ખરા ધનવાન છે, રાજાની તીજોરીના રક્ષકોના હવાલામાં લાખો રૂપીઆ હોય છે પણ તેઓ કંઇ ધનવાન ગણાય નહીં, તેવીજ રીતે કેવળ સાચવવાને સરજાએલા ખરા ધનવાન નથી.

૩૯ મૃત્યુ પહેલાં પણ ઘણીવાર કાયર પુરૂષો મરે છે, વીરનર તો મૃત્યુનો સ્વાદ એકજ વખત ચાખે છે, પણ કાયરનર પ્રત્યેક વખત મૃત્યુ અનુભવે છે, તેઓ મૃત્યુથી ડરે છે પણ જાણતા નથી કે મૃત્યુ તો મનુષ્યની પાછળ લાગેલુંજ છે, તેથી વહેલું મોડું દોડવાનું નથીજ.

૪૦ જેઓનામાં હીંમત છે તેઓને પરમેશ્વર પણ સહાયક થાય છે, દરેક ધંધાને હીંમત તીક્ષણ ધાર અર્પે છે, જો મનુષ્યમાં હીંમત જેવી અમુલ્ય વસ્તુનો નિવાસ ન હોય, તો વીશ્વનો વહેવાર ચાલે નહીં. વ્યાપાર કરવામાં પણ હીંમતની જરૂર છે, દેશાટન કરવામાં પણ હીંમત જોઇએ, રણ સંગ્રામમાં વિજય પણ હીંમતથીજ મેળવી શકાય છે, ન્યાયાધીસમાં પણ હીંમત ન હોય તો નિષ્પક્ષપાતપણે શુદ્ધ ન્યાય આપી શકે નહીં, પ્રિયમાં પ્રિયના વિયોગ વખતે હીંમત ન હોય તો જીવન જાળવવું પણ મુશ્કેલ થઇ પડે.

૪૧ જે દ્રઢ નીતિનાં મનુષ્યો છે, તેજ સર્વત્ર વિજયશાળી થાય છે. જેનામાં પોતાની નીતિ જાળવી રાખવાની દ્રઢતા

નથી, તેનો દ્રઢ નીશ્ચય કોઇ પણ કાર્યમાં નીષ્ફળ નીવડે છે.

૪૨ વિરત્વ જેટલું ચ્હાવા યોગ્ય છે, તેવો બીજો એકે ગુણ ચ્હાવા યોગ્ય નથી, સ્ત્રીઓ પણ તે વીર નરથી મોહ પામે છે, અને પુનર્જન્મે તેવોજ પતિ મળવાની તે પરમેશ્વર પાસે યાચના કરે છે.

૪૩ પોતાની હયાતી આ દુનિયામાં કોઇ પણ કારણ માટે છે, એમ જે સમજતો નથી, તે પુરૂષ પશુ સમાન છે, વિર નરો સ્વાત્માર્પણ કરીને પણ પોતાની હયાતીના કારણનું સાફલ્ય કરે છે.

૪૪ વિર નરો પોતાનું અમર નામ મુકી જાય છે, જેને કાળના કાળ વહી જવા છતાં સંભારીએ છીએ તે વીર નરોજ છે, બાકી જેઓને તેમની હયાતીમાં પણ કોઇ ઓળખતું નથી તેમનો મનુષ્ય જન્મ વૃથા છે.

૪૫ ન્યાયમાં—સદાચારમાં જ સર્વ તપ સમાએલું છે, અન્યાયના નિર્જીવમાં નિર્જીવ ગુન્હાને માટે પણ ન્યાયની દેવી સાસન આપવાને ચુકતી નથી, આકાશમાં સુર્ય પણ આડો ચાલે તો તે શીક્ષા કર્યા વિના રહે નહીં.

૪૬ વૈર લેવાની ધુનમાં જે પ્રહાર કરવામાં આવે છે તેનો પ્રત્યાઘાત આપણને લાગે છે, "ખાડો ખોદે તે પડે" એ ઉક્તી ખોટી નથી, તેમ વૈરભાવથી સામાનું અહીત કરવાની ઇચ્છા આપણું પોતાનું જ અહીત કરે છે.

૪૭ આપણું વચન જ આપણું તોલ કરવાને તુલારૂપ છે, આપણે જે શબ્દ બોલીએ તે સાંભળનારા આપણા હૃદય ચિત્રને જોઇ લે છે.

૪૮ ધારતી એ નિયમીત ચલાવવાને એક સાચો શીક્ષક

છે, જ્યાં ધાસ્તી અદ્રશ્ય થઇ ત્યાં ભ્રષ્ટતાને માર્ગ મળે છે, "ભય વીના પ્રીતિ નહીં" એમ તેટલાજ માટે કહેવામાં આવે છે.

૪૯ કાગડો અમંગળ શબ્દ બોલે તેથી ખેદ કરવાનો નથી તેમ તેના ઉપર ગુસ્સો કરી કાંકરો મારી ઉરાડી મુકવો યોગ્ય નથી તેનો ઉપકાર માનવો જોઇએ કે તે સદ્વર્તન રાખવાની સુચના આપે છે અને કહે છે કે જો ચેતીને ચાલ્યા નહીં ને મનગમતું મ્હાલ્યા તો અમંગળ જ થશે.

૫૦ કોઇની પાસેથી કંઇ પણ લાભ લીધો ત્યારથીજ તેને બદલો આપવાની કબુલત થઇ ચુકી છે, પછી તે બદલો ગમે તે પ્રકારે આપવાનો હોય, લાભ લેવામાં જો બદલો આપવાનો હેતુ જ ન હોય તો પરમેશ્વરની ભક્તી આપણે કરીએ છીએ તે નિષ્પ્રયોજન જ કહેવાય.

૫૧ જે વધારેમાં વધારે અનુગ્રહ કરે છે તે મોટો છે, જે ઘણી કળાઓ મેળવે છે, ઘણાઓ તરફથી લાભ લે છે, પણ તે કોઇના ઉપર કૃપા કરતો નથી, કોઇને લાભ આપતો નથી તે તો આ દુનિયામાં અધમ (નીચ)ના વિશેષણને જ યોગ્ય છે.

૫૨ કોઇનું પણ કલ્યાણ કરવાની શકતી જગદીશ્વરે આપી હોય, તેનો ઉપયોગ કરવામાં ન આવે તો, શકતી સડી જઈ તેમાં જીવડા પડશે, તે મૃતપ્રાયઃ થશે, તો પછી કંઇ બનવાનું નથી.

૫૩ "આપવું તેવું પામવું" એ નિયમ પ્રચલિત છે. જેવી કીંમત આપીએ તેવી વસ્તુ મળે, થોડી કીંમતમાં ભારે દાગીનો ખરીદ કરવા માગીએ તે મળી શકે નહીં, તેમ કીંમત આપ્યા વીના વસ્તુ મળવી અશકય છે. જેઓ વસ્તુ રાખી બેઠા છે તેઓનો કીંમત લેવાનો ગુપ્ત ઉદ્દેશ હોય છે જ; તો પછી ભક્તી વિના ઇશ્વર પાસેથી કૃપામૃત કયાંથી મળે ? અને આ

જન્મમાં આપ્યા વીના આવતા જન્મમાં પામવાની ઇચ્છા ક્યાંથી ફળે ?

૫૪ જો આપણે આપણા પાડોશીનું શ્રેય ઇચ્છીશું, તે જ તે આપણું શ્રેય ઇચ્છશે, કોઇના ઉપર આપણે પ્રેમ રાખીએ તોજ આપણા ઉપર તેનો પ્રેમ હોઇ શકે, પ્રેમ અર્પી પ્રેમ લઇએ તોજ દાંપત્યઐક્ય-મીત્ર ઐક્ય અને જન સમાજનું ઐક્ય મનહર-મધુર-સુખરૂપ થાય.

૫૫ પ્રેમ એ એવી વસ્તુ છે કે જેનાથી જંગલી અને ભયાનક પ્રાણીઓ પણ વશ થાયછે, તો પછી પ્રેમ-ભક્તિથી શ્રી હરિ સાધ્ય કેમ ન થાય ?

૫૬ શૌર્યવાન કને પવન અને પાણી સામર્થ્ય લઇ જાય છે, શક્તી અને દેવતા પણ તેમાં અવરોધ કરી શકતા નથી. અમુકના તેજમાં અંજાઇ ગયાનું જે કહેવામાં આવે છે તેજ તેનું પ્રત્યક્ષ પ્રમાણ છે, નેપોલીયનની સામે મોકલેલું બાદશાહી લસ્કર નેપોલીયન પાસે આવતાં શત્રુ મટી સ્નેહી થઇ ગયું હતું, તેવીજ રીતે સઘળી જાતનાં સંકટો, માંદવાડ, દોપ, નીધંનતા એ સઘળું શૌર્યવાનને સાનુકુળ રહી કલ્યાણકરજ થાય છે.

૫૭ જ્યાં સુધી કોઇ પણ માણસને માથે સંકટો વીત્યાં નથી, અથવા તો પોતાની બુદ્ધીની ખામી ઉપર મનુષ્યોની બુદ્ધીનો વીજય એણે જોયાં નથી ત્યાં સુધી તેમનો સંપૂર્ણ પરિચય કે ઓળખાણ તેમને પડતાં નથી.

૫૮ જેને આપણે ખામી માનતા હોઇએ, અથવા જે આપણને પસંદ ન હોય, તે પણ વખતે આપણને લાભકારી થઇ પડે છે. સાબરે પાણી પીતાં પોતાનાં શીંગડાંને વખાણ્યાં અને પોતાના લાંબા અને બેડોળ પગ જોઇ તેના પ્રત્યે અણગમો બતાવ્યો, તેજ પગ શીકારીના પંજામાંથી છુટવાને તેને અત્યુપયોગી થયા હતા.

૫૯ નિર્બળતામાંથી સામર્થ્ય ઉત્પન્ન થાય છે, કારણ કે પ્રત્યેક હૃદયમાં જુસ્સો ગુપ્તપણે વશેલોજ હોય છે, પણ જ્યાં સુધી ચટકો ન લાગે ત્યાં સુધી તે ઢંકાએલો રહે છે, અળસીઆ જેવો ક્ષુલક જીવ કચરાય છે ત્યારે તેમાં રહેલો ગુપ્ત જુસ્સો અગ્ની રૂપે પ્રકાશ આપે છે.

૬૦ જુસ્સો એ પણ અવશ્યની બાબત છે, તે પણ એક સદ્ગુણ તરીકે લેખાય છે, તેના વિનાની નીતિને પણ વ્યર્થ માનેલી છે, જો કોઇ જુસ્સા રહિત આ જગતમાં રહેવા માગે તો તે ગમે તેવો શીલ સંપન્ન હોવા છતાં સુખ પામે નહીં, સાપને તેનો સ્વભાવ તજી નમ્ર રહેવાનો ઉપદેશ થતાં તેણે તે ગ્રહણ કર્યાથી તેને કાંકરા મારી અધમુઓ કરી નાખ્યો, તે જોઇ તેજ ગુરૂએ "કરડવું નહીં પણ ફુફવાટો રાખવો" એમ શીખામણ આપી હતી.

૬૧ નિર્ધન છતાં સંતોષી દ્રવ્યવાન છે, પરંતુ પોતે નીર્ધન થઇ જશે એવી નીરંતર ધાસ્તી જેને રહ્યાં કરે છે, તેને ભલે અઢળક સ્મૃદ્ધી હોય તોપણ તે બીચારો દીનજ છે.

૬૨ સમુદ્રનો ભરતી ઓટ એમજ સુચવે છે કે, મનુષ્યોની ચઢતી પડતી આવાજ ક્રમે થવાનું જગદીશ્વરે નીર્માણ કર્યું છે, ભરતી આવે છે ને ઓટ થઇ જાય છે, જે જગાએ જળ બંબાકાર જોઇએ છીએ, ત્યાં પાછા કાંકરા ઉડે છે, તેમજ સુખ આવે છે ને પાછું જતું રહી દુખનાં વાદળાં ચઢી આવે છે, રાજા રંક બની જાયછે, સ્થીતિ પલટાય છે, ને પુનઃ તે સ્થીતિ પ્રાપ્ત પણ થાય છે, મતલબ કે એકની એક સ્થીતિ જડ કે ચૈતન્ય કોઇની સર્વદા રહેતી નથી.

૬૩ જ્યાં લગી મનુષ્ય જીવે છે ત્યાં લગી ગમે તેવી દુઃખદ સ્થીતી હોય તો પણ એ દુઃખનું વાદળું વીખરાઇ જઇ તેને

સુખ પ્રાપ્ત થવાનો સંભવ છે. " જીવતો નર ભદ્રા પામશે " એ ઉક્તી આશ્વાસન આપવા અર્થેજ યોજાઇ છે.

૬૪ દુષ્ટ માણસ પોતાના દુર્ગુણને દુરાગ્રહથી વળગી રહે છે, પછી ભલેને તેમાં હાની હોય, મંકોડો કરડે છે ત્યાંથી છુટો પડતો નથી છેવટ તુટી જાય ત્યાં સુધી વળગી રહેવાનો તે દુરાગ્રહ દાખવે છે.

૬૫ આપણા પોતાના શીવાય આપણને કોઇ ઇજા પહોંચાડી શકે તેમ નથી, જે ઇજા આપણે ભોગવીએ છીએ, તે આપણે હાથે કરીને વહોરી લીધેલી છે, કારણકે તે આપણા આ જન્મ કે પૂર્વ જન્મના કર્મના ફળ રૂપે જ હોય છે, આપણાં પોતાનાં સત્કર્મ હોય તો ઇજા કરવાને કોઇ સશક્ત નથી.

૬૬ સર્વને પોતાનાં માની તે દરેક પ્રત્યે સમાન ભાવ રાખીએ તો અદેખાઈ ઉપજવા સંભવ નથી. પોતાનો પાડોશી સુખી હોય તેમાંજ સુખ માનનારનો આત્મા સર્વદા વાસ્તવીક સુખ અનુભવે છે.

૬૭ પારકાને સુખી જોઇ અદેખાઇ કરનાર પોતાનાજ આત્માનો દ્રોહ કરે છે, પોતાનુંજ હૃદય હાથે કરી પ્રજાળે છે છતાં સામાના સુખનો નાશ કરવાને સમર્થ નથી, કારણ કે સુખી મનુષ્યને તેના કર્મનાં ફળરૂપે તે પ્રાપ્ત થએલું છે.

૬૮ અદેખા મનુષ્યનો એ સ્વભાવ જ છે કે તે સામાનું સુખ જોઇ શકતા નથી. વૃષ્ટી થતાં સૃષ્ટીમાં સકળ વનસ્પતિ ફલાં ફલાં કરી રહે છે ત્યારે જવાસા સુકાઇને નાશ પામે છે.

૬૯ આપણને પોતાને કંઇ નુકશાન કરવાનું છે અથવા આપણી કોઇ નીંધા કરે છે, એ વાત જેને આત્મ શ્રદ્ધા છે અથવા સ્વાત્મ બળ ઉપર ઝુઝનારા છે તેને સાંભળવી ગમતી નથી, તેતો

એમજ સમજે છે કે સૂર્ય સામે કોઈ ધુળ નાખે તેથી તે આંખો પડનાર નથી, અને હસ્તીની પાછળ શ્વાન ભસે તેથી તેની મહતા ઘટતી નથી.

૭૦ નીંદા કે નુકશાનની વાત સાંભળવાથી લાભને બદલે હાની જ થાય છે, ત્યારે તેવી વાત કહેનારાને એટલું જ કહેવું જોઇએ કે મારા મનની શાન્તી અને આનંદનો ભંગ કરનાર તમે મારા શુભચીંતક સ્નેહી નથી પણ શત્રુ છો.

૭૧ વિપત્તી કંઇ એવી વસ્તુ નથી કે મનની વ્યગ્રતા તેને વિદારી શકે, તેને વીદારવાને વાસ્તે તો મનોબળનો કીલ્લો મજબુત જોઇએ.

૭૨ મજબુત મનોબળથી શું નથી થતું ? જેનું મનોબળ દ્રઢ–મજબુત છે તેને દુર્ગમ્ય સુગમ્ય છે, સ્વર્ગ સમીપ છે, ઇચ્છીત પ્રાપ્ત કરવાને સમર્થ છે.

૭૩ રાગ દ્વેષાદિ રહીત મધ્યસ્થ પુરૂષોએ પૂર્વાપર લક્ષ પહોચાડી કરેલો વિચાર અધીક અર્થોદય કરનારો હોય છે.

૭૪ ધર્મનો આશ્રય કરી રહેલા પુરૂષે પિતા માતા, તથા બ્રાહ્મણનાં વાક્ય પ્રમાણે કરવાની પ્રતિજ્ઞા લઇને પછી તેને નિષ્ફળ કરવી નહીંજ જોઇએ.

૭૫ પ્રત્યેક દુષણોથી લેવાએલો, કરવા ન કરવાના કામને ન જાણનાર અને અવળે માર્ગે ચઢી દુરાચરણ કરનારો કદાચ ગુરૂ હોય તો પણ તે શાસન કરવાને યોગ્ય છે.

૭૬ પુત્રે પોતાનાં માતા પીતાને વશ થઇ રહેવું, તેમનીજ ભક્તી અને તેમનીજ સેવા કરવી એજ ખરો ધર્મ છે, માતા પીતા જેવું મોક્ષદાયી ક્ષેત્ર મુકી તીર્થ યાત્રામાં અટણ કરનારાએ "ઉમરા મુકી ડુંગરા પુજવા " તેના જેવો આડંબર દાખવ્યો કહેવાય.

૭૭ પોતાની પ્રત્યક્ષ રહેલાં માતા, પીતા, ગુરૂ ઇત્યાદી પરમ પુજ્ય જનોનું આરાધન ન કરતાં અપ્રત્યક્ષ જેનાં પ્રત્યક્ષ દર્શન થતાં નથી, માત્ર ભાવનાથીજ જેને માનવામાં આવે છે એવા દેવનું આરાધન કરવું એ ધર્મજ્ઞ પુરૂષને ઘટતું નથી.

૭૮ જો મનુષ્ય માતા પીતા તથા ગુરૂનું આરાધન કરે તો તેને ધર્મ અર્થ અને કામ એ ત્રણ પુરૂષાર્થની પ્રાપ્તી થાય, એટલુંજ નહીં પણ ત્રૈલોકયમાં વસતા સર્વ દેવતાઓનું આરાધન કર્યું ગણાય, કેમકે પૃથ્વીમાં પીતાદીકનું આરાધન કરવા સમાન બીજું એકે પવિત્ર નથી.

૭૯ પરલોક સાધનમાં જેટલી માતા પીતાની સેવા હીતકારક છે તેટલાં સત્ય, દાન, તપ તથા ઘણી દક્ષીણાવાળા યજ્ઞો પણ હીતકારક નથી.

૮૦ જો મનુષ્ય પીતાદી ગુરૂ જનોની ઇચ્છા પ્રમાણે વર્તે તો તેને સ્વર્ગ, ધન, ધાન્ય, વિદ્યા, પુત્ર તથા અનેક પ્રકારનાં સુખો એમાંનું કશું દુર્લભ નથી.

૮૧ માતા પિતાદીને પરાયણ રહેનારા મહાત્મા પુરૂષોને દેવલોક, ગંધર્વ લોક, બ્રહ્મલોક, ગોલોક અને બીજા પણ ઇચ્છીત લોકની પ્રાપ્તી થાય છે એમાં સંદેહ નથી.

૮૨ પડેલી ટેવ ટળતી નથી, જુઓ લીમડાના મુળમાં નિરંતર દુધનું સીંચન થાય તો પણ તે પોતાની કડવાશ મુકીને કદી મધુર થશે નહીં.

૮૩ જે મનુષ્ય આ લોક–પરલોક સબંધી પોતાનાં કર્તવ્ય કર્મનાં ફળને જાણ્યા વગર તે કરવા દોડે તો તેના ફળોદય સમય તે નીશ્ચય પશ્ચાતાપને પામે છે, આંબાને કાપી નાખી ખાખરાના ઝાડને જળ સીંચવાનો શ્રમ ઉઠાવનાર બીજાના આંબાને

આવેલાં ફળ જોઇ અને આખરાનું ફળ મેળવવાની આશા નિષ્ફળ નીવડયાથી તેને શોચજ કરવો પડે છે.

૮૪ સજ્જન તે સજ્જન જ છે તે પોતાનું સર્વસ્વ હરી લેનાર કે ઘાત કરનાર પ્રત્યે પણ પોતાથી સજ્જનતા ત્યજતો નથી, શ્રવણનો બાણ વડે ઘાત કીધાથી પુત્ર શોકના મહા વ્યાધીથી વ્યથીત થઇ પ્રાણ તજવા સમયે પણ રાજા દશરથને શ્રવણના પીતાએ આશ્વાસન આપ્યું હતું.

૮૫ મરણના મુખમાં પડેલો મનુષ્ય જેમ ઔષધ માન્ય કરતો નથી તેમ જેને દુર્બુદ્ધી રૂપી ગ્રહણે ઘેરી લીધો છે તેને સમયોચીત ન્યાયયુકત વાકયોનો ઉપદેશ અસર કરતા થતો નથી.

૮૬ જેઓનું આયુષ્ય પુરૂ થવા આવ્યું હોય અર્થાત જેઓનો નાશ સમીપ આવેલો હોય તેવા પુરુષો [illegible] કહેલાં હીતરૂપ વચનો ગ્રહણ કરતા નથી—અને કહેલાં વચનો કે બોધનો અવળો અર્થ લે છે.

૮૭ શઠ પુરૂષને સાક્ષાત બ્રહ્મદેવનો ઉપદેશ પણ પત્થર ઉપર પાણી જેવો છે, શઠ પ્રત્યે તો શઠતા [illegible] કીધાથી જ તે ઠેકાણે આવે છે.

૮૮ અગ્નીના સરખો દાહ કરનારી આપત્તી અનુભવ્યા વગરનું કોઇ હશે જ નહીં, શ્રી રામચંદ્રજી જેવા પણ સીતાના હરણથી એ આપત્તી અનુભવવી પડી છે, કૃષ્ણ પરમાત્માને પરમ પ્રિય પાંડવો અને સતી દ્રૈપદી સુદ્ધાંત આપત્તીના આવરણથી અળગાં રહી શકયાં નથી.

૮૯ દેહધારીને દુઃખને અંતે સુખ અને સુખને અંતે દુઃખ પ્રાપ્ત થાય છે જ. નહુષનો પુત્ર યયાતિ પ્રથમ સ્વર્ગનું સુખ પામ્યો, ત્યાંથી અવીનયને લીધે ઇંદ્રે કાઢી મુકયાથી પૃથ્વી પર

પડયો, ને પાછો દોહીત્રના પુણ્ય પ્રતાપે સ્વર્ગમાં સંચર્યો એ તેનું પ્રમાણ છે.

૯૦ મહાન તપસ્વી મુનીઓને પણ આપત્તીનું આવરણ ઘેર્યા વીના રહેતું નથી, શ્રી રામચંદ્રજીના ગુરૂ રૂષી વસીષ્ટે સો પુત્રનું સુખ જોયું અને વીશ્વામીત્રે તેમનો વધ કર્યાથી એ સુખ જતું પણ રહ્યું.

૯૧ સર્વદર્શી, ખેદરહીત, અને કૃત્યાકૃત્યનાં તત્વોને જાણનારા મોટાં કષ્ટ પ્રાપ્ત થાય તોપણ શોચ કરતા નથી.

૯૨ સંસ્કારી અંતઃકરણવાળા મહાત્મા પુરૂષો મોટા ધૈર્યવાન અને મીત્રની સાથે નિશ્ચળ પ્રીતિ કરનારા હોય છે, તેઓ પોતાના કે મિત્રના સોનું રૂપું તથા આભરણાદિ દ્રવ્યમાં કશી જુદાઇ જાણતા નથી ને મિત્ર ધનવાન હો, વા દરીદ્રી હો, દુઃખી હો વા સુખી હો, સદોષ હો વા નીર્દોષ હો, તેને જ પોતાની પરમ ગતિ માને છે, તેમ મીત્રનો તેવો સ્નેહ જોઇને તેને સારૂ પોતે પોતાના ધન સુખ અને દેશનો પણ ત્યાગ કરે છે.

૯૩ મીત્રનો ઉપકાર કરવો એ મીત્રનું અને અપકાર કરવો એ શત્રુનુ લક્ષણ છે. સન્મીત્ર છે તે દોષને બદલે ગુણ ગ્રહણ કરીને સર્વદા ઉપકાર ભારથી દબાવી દેવામાંજ પોતાને આનંદ માને છે.

૯૪ વગર કારણે મિત્ર ક્રોધ પામે એ વાત હરકોઇને પણ ભય ઉપજાવનારી છે, મિત્ર અતિ શ્રેષ્ટ હોય તોપણ તેની સાથેની મિત્રાઇનું પાલન કરવું, સર્વથા દુષ્કર છે. કારણકે ચીત્તવૃત્તી વારંવાર ચલિત થાય છે, ને પ્રીતી તો અલ્પ કારણથી પણ ભેદ પામે છે અને તેથીજ "પ્રીતિ તે પીતળ ને સગપણ તે સોનું" એ જનઉક્તી ગવાય છે.

૯૫ શાસ્ત્રમાં મદ્યપાન કરવાનો મોટો પ્રતિબંધ કરેલો છે,

કારણુ તેનાથી અર્થ, ધર્મ તથા કામ ત્રણે પુરૂષાર્થો નાશ પામે છે.

૯૬ જે પુરૂષ કરેલી પ્રતિજ્ઞાને પાલણુ કરવારૂપ સત્ય ધર્મને પરાયણુ હોય તથા મિત્રના અર્થની પ્રાપ્તી કરવા રૂપ શ્રેષ્ટ લક્ષણુવાળો હોય તે પુરૂષ મિત્ર કહેવાય છે.

૯૭ પ્રથમ મિત્રના ઉપકારથી આભારી થઇ જે પુરૂષ તેનો બદલો વાળતો નથી તે કૃતઘ્નતાના દોષને ભોગવે છે, ને સર્વ લોકે બહીષ્કૃત કરવા યોગ્ય થાય છે.

૯૮ ગોવધ, સુરાપાન, ચોરી, તથા મિથ્યા પ્રતિજ્ઞાના દોષની શાન્તી સત્પુરૂષોએ કહેલી છે પણુ કૃતઘ્નીના દોષની તો શાન્તી છેજ નહીં.

૯૯ માણુસ પોતાની દ્રષ્ટીથી દુર થયું, એટલે પ્રીતી છોડી દે એ લક્ષણુ કૃતઘ્ન માણુસોનું છે.

૧૦૦ સત્ય સમંત આત્માને જેણે જીત્યો છે, એવા મહાત્મા મુનીઓનેજ ધન્ય છે, જેમને પ્રિય અને અપ્રિય કાંઇજ નથી, પ્રીય વસ્તુના સંયોગથી સુખ થાય છે, અને અપ્રીયના સંયોગથી દુખ થાય છે, એવાં સુખ અને દુ:ખથી વિરક્ત રહેનાર મહાત્માઓ વંદનિય છે.

૧૦૧ માણુસ ઐશ્વર્યમાં હો, અથવા દારૂણુ દુખમાં હો, તોપણુ કાળતો તેને દોરીથી બાંધીને ઘસડે છે, જે ભાવી છે તે કોઇથી અન્યથા કરી શકાતું નથી.

૧૦૨ જે માણુસ અતિશય પ્રયત્નથી સ્વલ્પ કાર્યને સાધે છે, તે ખરૂં જોતાં ખરો કાર્યસાધક ગણુાતો નથી, પરંતુ જે સ્વલ્પ પ્રયત્નથી મહત્ કાર્ય કરે છે તે ખરો અર્થસાધક ગણુાય છે.

૧૦૩ જે સેવક સ્વામીએ સોંપેલાં દુષ્કર કાર્ય કરતાં પૂર્વ કાર્યને બાધ ન નડે તેવું વધારે સારૂ કાર્ય કરે છે, તે સેવક

ઉત્તમ ગણાય છે, સ્વામીએ મોટું કાર્ય સોંપેલું હોય, પોતે સમર્થ હોય, તથાપી જે પુરૂષ પોતાના સ્વામીને પ્રિય હોય તેવું ચઢી-આતું કાર્ય કરતો નથી, તેને ડાહ્યા પુરૂષો મધ્યમ સેવકની પંક્તીમાં ગણે છે, અને સ્વામીએ આજ્ઞા આપી હોય અને જાતે સમર્થ હોય તોપણ જે માણસ કહેલું કાર્ય પણ કરતો નથી, તે અધમ ભૃત્ય ગણાય છે.

૧૦૪ યોગી એજ કે અર્થને દુષણ દેનારી વીષય બુદ્ધીનો ત્યાગ કરે, યોગીને યોગથી ભ્રષ્ટ કરનારજ વિષય છે.

૧૦૫ જે ઉત્સાહ રહીત હોય, દીન હોય, અને શોકથી આકુળ વ્યાકુળ બની ગએલો હોય તેના સર્વ અર્થનો નાશ થાય છે ને તે મહા દુઃખ પામે છે.

૧૦૬ ગમે તેવી મુશ્કેલીને વખતે પણ જે મનુષ્ય આળસનો ત્યાગ કરી ઉદ્યોગમાં તત્પર રહે છે તેજ નર વીજય પામે છે, અન મુશ્કેલી પસાર કરે છે.

૧૦૭ જે પુરૂષ પ્રમત્ત હોય, શત્રુઓથી ઘેરાએલો હોય, અને જેમને દૈવ પ્રતિકુલ હોય તેવા પુરૂષમાં વીધીપૂર્વકઃ પરીક્ષા કરેલું પરાક્રમ સીદ્ધ થાય છે, પરંતુ સદા સાવધાન, અતી ઉત્કટ ઇચ્છા છે જેને જય મેળવવાની, અને અનુકુળ છે ભાવી જેને તેના સાથે પરાક્રમ સીદ્ધ થતું નથી.

૧૦૮ પોતાના પ્રસીદ્ધ શત્રુ સાથે કે મહા ઝેરી સર્પની સાથે વસવું એ સારૂ, પરંતુ શત્રુના પક્ષમાં ગએલા મીત્રની સાથે વસવું ખોટું છે.

સર ૮ મી.

૧ અશક્ત મનુષ્ય ક્ષમાથી શ્રેય સાધે છે, અને એજ તેનું બળ છે, શક્તીવાન મનુષ્યોનું ક્ષમા ભુષણ છે, કુરૂપવાનનું ક્ષમા સુરૂપ છે અને તપસ્વીઓનું ક્ષમા સૌંદર્ય છે, ક્ષમાથીજ સર્વથા શુભ થાય છે.

૨ રાજારૂપી પ્રત્યક્ષ ઇશ્વરની પૃથ્વીમાં આવશ્યકતા છે. સંતાનોને પીતા એ શીરછત્ર છે, પત્નીને પતિ શીરછત્ર છે તેમ પ્રજાને રાજા એ શીરછત્ર યાને રક્ષક છે.

૩ રાજા વિનાનો દેશ તત્કાળ વીનાશ પામે છે, અનર્થોનો પાર રહેતો નથી, સર્વત્ર અન્યાય અને ઉન્માદનું રાજ્ય પ્રવર્તે છે. પ્રજામાં સર્વત્ર પાપ નીવાસ કરે છે, અને તેને લીધે સૃષ્ટીમાં જીવનરૂપ મેઘ વર્ષતો નથી.

૪ રાજા વગરના દેશમાં ચોરાદિનો ઉપદ્રવ વધી પડે છે, અને તેથી તેમના ભયને લીધે લોકો અનેક પ્રકારનાં ધાન્ય વાવી શકતા નથી કે સંચય કરતા નથી. ધનાદિ દ્રવ્યનો પણ તેવી જ રીતે અભાવ થાય છે, તેથી કોઇ પણ પુત્ર પીતાને કે પત્ની પતિને વશ રહેતાં નથી.

૫ રાજા વગર મનુષ્યો પરસપર લજ્યા, વિવેક અને ધર્મનો ત્યાગ કરીને અહીત માર્ગે ઇચ્છામાં આવે તેમ વર્તે છે. અને જ્યાં એવા અધર્મનો નીવાસ થાય ત્યાં સત્યને માટે સ્થાન જ નથી.

૬ રાજા વગરના દેશમાં કોઇ પણ પુરૂષો હર્ષ પામીને ન્યાયનો વીચાર કરવા સારૂ સભાઓ ભરી શકતા નથી, નીર્બળનાં ગૃહઉદ્યાનો સબળજનો હરણ કરી લે છે. પુણ્ય થાય એવી ભાવ-

નાથી વિદ્વાન અને સુશીલ બ્રાહ્મણોને કોઇ આશ્રમ સ્થાનો કરાવી દેતા નથી.

૭ રાજા વગર દ્વીજાતી જનો યજ્ઞ યાગાદિ કરવામાં શ્રદ્ધા રાખતા નથી, ધર્મ ધ્યાન આચરતા નથી કારણ કે અરાજકતાથી પ્રજાનાં અંતર સર્વેદા વ્યગ્ર અને ભયભીત રહે છે.

૮ રાજા વગરના દેશને વીશે નટ નર્તકાદિ પુરૂષો જેમાં આનંદ પામે એવા ઉત્સવો થતા નથી, તથા દેશની આબાદીમાં વૃદ્ધી થાય એવા સમાજો બળ પામતા નથી.

૯ રાજા વગરના દેશમાં વ્યાપારીઓ સ્વેચ્છાનુસાર પ્રત્યેક વસ્તુના ભાવ લે છે, ભગવદ ગુણાનુવાદરૂપ કથા કીર્તનમાં મનુષ્યોનુ મન ચોટતું નથી કારણ કે તે કહેનાર અને સાંભળનાર બંનેનાં મન અસ્વસ્થ હોય છે.

૧૦ રાજકર્તા વગરના દેશમાં નાની વયની સ્રીઓની લજ્યા સુરક્ષીત રહેતી નથી અને ખેતીનું તથા ગાયોનું રક્ષણ કરનારા નિર્ભયતાને પામતા નથી.

૧૧ રાજા વગરના દેશમાં ગ્રામાન્તર તથા દેશાન્તર સાથેનો વહેવાર બંધ પડે છે, કામકાજને અર્થે પ્રજાજનો છુટથી વીચરી શકતા નથી કેમકે રસ્તામાં પ્રત્યેકને લુંટાવાનો ભય લાગેછે.

૧૨ જેવું તૃણ વગરનું વન, ગોવાળ વગરની ગાય તેવો રાજા વગરનો દેશ થઇ જાય છે "ધણી વીનાનાં ઢોર સુનાં" એ કહેવત સર્વત્ર પ્રચલીત છે.

૧૩ રાજા વગરના દેશમાં કોઇ કોઇનું હોતું નથી, કારણ કે જેમ મત્સ્ય મત્સ્યનું ભક્ષણ કરે છે તેમ રાજા વગરના દેશમાં પ્રજા પ્રજાનું ભક્ષણ કરે છે, રક્ષણ કરનાર કોઇ હોતું નથી.

૧૪ જેમ નેત્રો શરીરનું હીત કરવામાં પ્રવર્તે છે તેમ

રાજા એ પ્રજાનાં નેત્રરૂપ થઇ દેશમાં સત્ય તથા ધર્મની વૃદ્ધી કરતાં પ્રજાના હીતમાં પ્રવર્તી અહીત નીવારણ કરે છે.

૧૫ રાજા વડેજ સત્ય–ધર્મ તથા કુલવંતોનાં કુલ વીદ્યમાન રહે છે, કારણ કે તે સર્વને પ્રવર્ત કરનાર તથા રક્ષણ કરનાર રાજાજ છે, તેમ સર્વ મનુષ્યોના પિતા તથા હીત કર્ત્તા પણ તેજ છે.

૧૬ રાજા, યમ, કુબેર, ઇંદ્ર તથા વરૂણ કરતાં પણ અધીક ગણાય છે કેમકે યમતો પ્રજાને માત્ર દંડજ આપે છે, કુબેર ધનજ આપે છે, ઇંદ્ર પાલન કરે છે, અને વરૂણ સદાચાર પ્રવર્તાવે છે પણ રાજા તો એકલો એ ચારે ગુણોથી યુક્ત પ્રજાનું તે વડે સંરક્ષણ કરે છે.

૧૭ સુર્યે વીના અંધકારમાં જેમ કંઇ સુઝતું નથી, તેમ રાજા વગર કર્તવ્ય અકર્તવ્ય કંઇ માલમ પડતું નથી, જગતમાં સાધુ–અસાધુની વ્યવસ્થા પણ રાજાજ કરે છે.

૧૮ પ્રજાનું રક્ષણ તથા ચારે વર્ણનું હીત કરવા સારૂ રાજાએ ગમે તેવું નીંદીત અથવા અનીંદીત કાર્ય બેલાશક કરવું અને તેટલા માટેજ વિશ્વામીત્રે તાટકાનો વધ કરવા વાસ્તે રામચંદ્રને આજ્ઞા કરી હતી

૧૯ જે રાજપુત્રના પર રાજનો ભાર હોય તેણે તો પ્રજાના રક્ષણ માટે નીર્દોષ અગર દોષ વાળુ કાર્ય કરતાં સંકોચાવું નહી કારણ કે કોઇ પણ રીતે પ્રજાનું રક્ષણ કરવું એ તેનો સનાતન ધર્મ છે.

૨૦ જે દેશના ખેડુતો સાધન સંપન્ન યાને સધન હોય, તેજ દેશ ઉન્નતિના શીખરે ચઢે છે, તેટલા માટે એ વ્યક્તિને પોષણ આપી રૂષ્ટ–પુષ્ટ રાખવાની રાજકર્તાઓની ફરજ છે.

૨૧ રાજાએ મચ્છર કે માકડ જેવા ઉપદ્રવ કર્તા પાસવા-તેથી સર્વજ્ઞ ચેતતા રહેવું જોઇએ કારણ કે તેવાઓ રાજ્યલક્ષ્મીનો

૨૧ ચુસીનેજ વીરામતા નથી પણ રાજાની કીર્તિરૂપી કાન્તાને પણ તેઓ નસાડી મુકે છે.

૨૨ રાજ લક્ષ્મી એ પ્રજાના પરસેવાથીજ પેદા થાય છે; તેનો ઉપયોગ રાજાએ અંગત મોજ શોખ પાછળ કરવાનો નથી, પણ પ્રજાહિતનાં કાર્યોમાં કરવાનો છે.

૨૩ જે પગથીએથી આપણે ચઢતા હોઇએ એ પગથીઆને પાટુ મારવી યોગ્ય નથી, પ્રારંભે આશ્રય આપનાર પ્રત્યે ભલે ગમે તેટલી ઉંચતર સ્થીતી પ્રાપ્ત થાય તો પણ પુજ્યભાવ રાખવામાં દક્ષ જનો દ્રઢ રહે છે.

૨૪ આપણે ગમે તેટલુ જ્ઞાન સંપાદન કર્યું હોય અને "ગુરૂથી ચેલા આગળ" એ કહેવત પ્રમાણે ભલે શીક્ષક કરતાં પણ વિદ્યા મેળવવામાં આગળ વધ્યા હોઇએ તો પણ શીક્ષકથી શ્રેષ્ટ હોવાનું જ્ઞાની મનુષ્યો અંતરમાં અભિમાન લાવતા નથી.

૨૫ વિચારશીલ અને ધૈર્યવાન પુરૂષો દ્રવ્ય સબંધી તથા બીજા હરકોઇ કષ્ટ વેળાએ તેમજ ચોર અથવા પશુના ભયથી અથવા જીવીતનો અંત આવે એવા મહા સંકટ વેળાએ પણ સીદાતા નથી.

૨૬ જે પુરૂષ નિત્ય વારંવાર ખેદ અને ચીંતા કરે છે તે સમુદ્રમાં ડુબતા અતી ભાર ભરેલા નાવની પેઠે શોક રૂપ સમુદ્રમાં ડુબે છે.

૨૭ જેઓ નિરંતર શોકમાં રહે છે તેમને કદી સુખ જોતું જ નથી પણ ઉલટું તેમનું તેજ નાશ પામે છે.

૨૮ શોકથી વ્યાપી રહેલા પુરૂષોનું જીવીત પણ સંશય રૂપ જ હોય છે. માટે શોકનો ત્યાગ કરી માત્ર ધૈર્યનોજ આશ્રય કરવો ઉચિત છે.

૨૯ સ્વર્ગ તથા નરકાદિ ફળના સાધન રૂપ અને ગુણ દોષથી બનેલાં પોતાનાં જે કર્મો હોય છે તેનાં શુભાશુભ સર્વે ફળને જીવ મરણ પછી આપોઆપ પામે છે.

૩૦ પરપોટા સમાન આ દેહ નાશ પામ્યા પછી કોઇ કોઇને શોચ્ય નથી. અને તેથી જ્ઞાની મનુષ્યોએ વ્હાલામાં વ્હાલાના વીનાશથી પણ શોક કરવો જોઇએ નહીં.

૩૧ સ્રીને સો પુત્રનું સુખ મળે, પણ તે એક પતિના સુખ આગળ કંઇ હીસાબમાં નથી, અને તેથી જ પૂત્રવંતી છતાં પતિ પ્રેમમાં આસક્ત રમણી પતિના મરણથી સંસારમાં રહેવા કરતાં તેની સાથે જઇ સ્વર્ગમાં વસવાને વિશેષ ઉત્સુકતા દાખવે છે.

૩૨ દુઃખથી ડરીને મનુષ્યે મરવાની ઇચ્છા કરવી નહીં, વેદ કથે છે કે વીધાતાએ આ સમગ્ર લોકને દુઃખ તથા સુખથી જડાયલાજ નીર્માણ કીધા છે. ત્રણે લોકમાં રહેનાર જનમાત્ર વીધાતાએ નીર્મેલા વીધાનને અતિક્રમણ કરી શકતા નથી, કારણકે સર્વ તેને વશ છે.

૩૩ મરણ પામેલો જીવ તેના સબંધીઓએ કરેલા શોક તથા પરીતાપ વડે કંઇ શ્રેય પામતો નથી, જેથી મરનારનું શ્રેય થાય એવું કાર્ય કરવાની પાછળનાંની ફરજ છે.

૩૪ કાળથી ઉલટું કર્મ કરવા કોઇ પણ શકતીવાન નથી, જગતને વીશે મુળ કારણ કાળજ છે, તેમ કર્મનું સાધન તથા સર્વે ભુત પ્રાણીના નિયોગનું કારણ પણ તેજ છે જેમ કોઇનાં ખેતી વગેરે કાર્યોમાં જેમ કર્તાનો બીજો કોઇજ નિરક્ષેપ પુરૂષ હોતો નથી તેમ લોક વ્હેવારની અંદર પણ નીરપક્ષપણે કંઇ ઇશ્વર કર્તા નથી, કારણ કે સર્વ લોક પૂર્વ જન્મોમાં કરેલાં કર્મોને આધીન થઇ વર્તે છે અને તે કર્મો કાળ સહકારી છે.

૩૫ કાળ પોતેજ પોતાની નીર્મેલી જીવની જન્મ મરણાદિ

વ્યવસ્થાને ઉલ્લંઘન કરતો નથી, એટલે જીવને પ્રાપ્ત થવાનાં કર્મ ફળોનો કાળ (સમય) ટળતો નથી માટે જ જીવોના કર્મોને પામીને તેનાથી ભાગીને ઉલટું કરી શકાતું નથી.

૩૬ કાળને કોઇ સ્થળે બંધુત્વ નથી. તેમ તેને કશો હેતુ નથી, તેની આગળ મહા પરાક્રમીનું પરાક્રમ પણ ચાલતું નથી, તેમ મિત્ર, જ્ઞાતિ તથા સબંધી વગેરે કોઇ પણ તેને નિવૃત કરવા સમર્થ થતાં નથી.

૩૭ કાળ એ સાક્ષાત આત્મા ભગવાન પોતેજ છે, ને તે કેવળ સ્વતંત્ર હોવાથી કોઇને વશ નથી, જીવને સુખ દુઃખાદિનો લાભ થવો એ કાળનુંજ પરિણામ છે, તથા ધર્મ, અર્થ અને કામ એ પણ કાળ ક્રમથીજ પ્રાપ્ત થાય છે, એમ સાધુ પુરૂષોએ જાણવું ને તેથી કોઇએ કોઇનો શોચ કરવો નહીં.

૩૮ આપત્તીના સમયમાં જે પોતાના ભાઇનો ત્યાગ કરે છે તે બીજાની સાથે સર્વદા સંપીને રહેવાનું કેમ સંભવે ? ભાઇની સગાઈ કરતાં અન્યને તેવો મનુષ્ય અધીક ગણી સંબંધ ટકાવી રાખે નહીં.

૩૯ પરસ્ત્રીના પર મોહિત થનારા મનુષ્યોએ ભૂલવું ન જોઇએ કે જે સ્ત્રીનું તેના પરણિયત સાથે શાસ્ત્રોક્ત લગ્ન થયું છે, અને તે પુરૂષને તજી પર પુરૂષ સાથે વ્યભિચાર કરવાથી તે પોતે નર્કાધિકારી થવાની છે તેનાં માતા પિતા તથા શ્વસુરપક્ષની પ્રતિષ્ટા જવાની છે એમ જાણવા છતાં જ્યારે તે પરપુરૂષના પ્રસંગમાં–પાસમાં પડે છે, ત્યારે કેવળ વ્યભીચાર ભાવનાથી જોડાએલો સંબંધ તે સુરક્ષીત રાખશેજ નહીં, પણ એકને તજી જેમ બીજાને શોધ્યો તેમ અસંતુષ્ટ બની બીજા અનેક પતિ કરશેજ કરશે.

૪૦ શાસ્ત્રો ભણ્યા વિના ને વૃદ્ધજનોના પરિચય વીના વ્હેવાર કુશળ થવાતું નથી, વયોવૃદ્ધ કરતાં જ્ઞાનવૃદ્ધ વીશેષ ન્હાવા યોગ્ય છે, અનુભવ વીના એકલી વિદ્વતાથી વ્હેવારકુશળ થવાતું નથી.

૪૧ બંધુનો ત્યાગ કરવા રૂપ દોષ સર્વ રાજકુળોમાં સામાન્ય છે, રાજકુળમાં બંધુઓ અરસપરસને સહજ શત્રુ સમજે છે.

૪૨ જે જ્ઞાતિજન અને સમીપ વર્તી હોય, તેઓજ શત્રુની ગરજ સારે છે, અને જ્યારે આપત્તી આવી પડે છે ત્યારે પ્રહાર કરવા તત્પર થાય છે.

૪૩ નિષ્પાપ તથા પોતાના સબંધી પુરૂષોને સૌ કોઇ પોતાના હીતસ્વી માને છે પણ રાજાઓએ તો તેમને માટે શંકા રાખવી એજ શ્રેષ્ટ છે.

૪૪ વિચાર પૂર્વક કાર્ય કરવાના નિશ્ચયમાં સમર્થ પુરૂષો આ જગતમાં સર્વત્ર હોય છે, અને તેથી તેવા પુરૂષો મળેલી સમયસંધી ગુમાવતા નથી, પણ વખત જોઇ સ્વાર્થ સાધવાને સદા તત્પર રહે છે.

૪૫ જે બંધુઓ અનુકુલ–અન્યોન્ય વિશ્વાસવાળા અને પરસપરથી સંતોષ પામનારા હોય છે તે સર્વે એકસંપે રહે છે પણ તેથી વિપરીત ગુણવાળા હોય છે તે તેમનાથી જુદા પડે છે, તેમના વચ્ચે વિગ્રહ થાય છે, અને તેનાથી આખા કુટુમ્બંનો આખર વિનાશ નીપજે છે.

૪૬ પાંડવ અને કૌરવ એક બાપની પ્રજા છતાં કુટુમ્બ કલેશથી બેમાંના એકે છેવટ લગી સુખે સુવા પામ્યા ન હોતા એવી રીતે જે કુટુમ્બોમાં પરસ્પર વીગ્રહ થાય છે તેનો વીનાશજ નીપજે છે.

૪૭ "ઘર ફુટયું તેનું કરમ ફુટયું" એ ઉક્તી અનુસાર જેનો બંધુ વીરોધી થઇ વીરૂદ્ધ પક્ષને મળી જાય તો શત્રુનો વિજય થાય છે અને તેનાથી પરાજય પમાય છે.

૪૮ જેનો સંહાર કરવો છે તેના જાતી ભાઇની સહાયતા મળે તો સત્વર સફળ થવાય છે. કુહાડો બળીષ્ટ છતાં તેમાં બાવળનો હાથો મળે તોજ ગમે તેવા મોટા બાવળને તે કાપી શકે છે.

૪૯ શરણાંગતને શરણ દેવાનો સમર્થ પુરૂષોનો ધર્મ છે, કપોત જેવા પક્ષીએ પણ પોતાનો શત્રુ શરણ આવ્યો, ત્યારે તેનો પોતાના માંસ વડે સત્કાર કર્યો હતો. તેની સ્ત્રીનું હરણ કરનાર પારધિ શત્રુ છતાં તેનો અનાદર કીધો નહોતો તો પછી મહાપુરૂષોએ પોતાને શરણે આવેલા શત્રુને અવશ્ય શરણ આપવું.

૫૦ દીન થઇ હાથ જોડી શરણ માગતો શત્રુ આવીને નમી પડે અને તે નૃશંશ બુદ્ધીવાળો હોય તો પણ તેને મારવો નહીં.

૫૧ શત્રુ દુખ પામેલો હોય, ગર્વીષ્ટ હોય, તથા શત્રુના ભયથી શરણે આવ્યો હોય, તોપણ કૃતાત્મા પુરૂષે પોતાના પ્રાણની દરકાર ન કરતાં તેનું રક્ષણ કરવું જોઇએ.

૫૨ જે પુરૂષ ભયથી, મોહથી અથવા કામથી શરણે આવેલા શત્રુનું પોતાની શક્તીથી રક્ષણ કરતો નથી તેને પાપ લાગે છે, અને તેની લોકમાં નીંધા થાય છે.

૫૩ રક્ષણ માગતો શરણે આવેલો શત્રુ જો રક્ષણ કરનારના દેખતાં મરણ પામે તો તેથી રક્ષણ કરનારનાં સઘળાં સુકૃતનો નાશ થાય છે.

૫૪ માણસથી પોતાનો અંતર્ગત ભાવ કંઇ સહેજ છુપાવાતો નથી કારણ કે તે ગમે તેટલા પ્રયત્ન કરવા છતાં તેની આકૃતિજ અંતર્ગતભાવ દર્શાવી આપે છે.

૫૫ મનુષ્યની વાણી તેના ચીત્તની સ્થીતિ અને તેની મુખાકૃતિ ઉપરથી તેનો-હૃદયભાવ સમજી શકાય છે. પાપી ભાવવાળાની વાણી કૃત્રિમતાનો ભાસ આપે છે, ચીત્ત વ્યગ્ર દેખાય છે અને મુખાકૃતિ ગમે તેટલી પ્રસન્ન રાખવાનો પ્રયત્ન કરવા છતાં તે મ્લાનતાથી છવાઇ ગએલી રહે છે.

૫૬ જીવ પોતાની ઇચ્છા પ્રમાણે કશું કરવાને સમર્થ નથી, કારણકે પુરૂષ ઇશ્વરની પેઠે સ્વતંત્ર ન હોવાથી તેને અંતરયામી કાળ તેના કર્માનુસાર આ દેહ કીંવા બીજી દેહમાંથી અને આ લોક કીંવા પરલોક ગમે ત્યાંથી આકર્ષણ કરી ભોગ ભોગવવા માટે પ્રવર્ત કરે છે મતલબ કે પુરૂષ અદૃષ્ટને વશ છે.

૫૭ જેમ સર્વ વસ્તુનો સંગ્રહ અંતે નાશવંત છે, વિદ્યા ધન વગેરેથી થએલી ઉન્નતી-ચઢતીને અંગે પાછી પડતી છે, તથા સંયોગને અંતે નિશ્ચય પૂર્વક વિયોગ થાય જ છે, તેવી રીતે જીવીતને અંતે પણ નિશ્ચય પૂર્વક મરણ છે જ.

૫૮ જેમ પાકેલા ફળને પડવા ઉપરાંત કશુ ભય નથી, તેમ જન્મેલા મનુષ્યને મરણ ઉપરાંત કશો ભય નથી, ખીલ્યું તે ખરશે ને પાક્યું તે પડશે એવો સામાન્ય નિયમ છે તેની પેઠે જન્મ્યું તે મરવાનું જ.

૫૯ જેમ દ્રઢ થાંભલાવાળું તથા દ્રઢ બાંધણીવાળું ગૃહ કાળાન્તરે જીર્ણ થઇ પડે છે તેમજ જરા તથા મૃત્યુ આદી અવસ્થાઓને વશ થએલો મનુષ્ય પણ કાળાન્તરે પડે છે જ.

૬૦ જેમ હરકોઇ નદીનું જળ સમુદ્રમાં ગયું તે પાછું આવતું નથી તેમ જે રાત્રી ગઇ તે પાછી આવતી નથી, વહેતા જળની પેઠે રાત્રી દીવસ સદા વહ્યાંજ કરે છે, ને તેમ કરી તેઓ ઉનાળામાં જળને સુકવી ક્ષીણ કરતા સૂર્ય કીરણોની પેઠે આ લોક વિશેનાં સર્વ પ્રાણીનાં આયુષ્યને ક્ષીણ કરે છે. અને આ લોકમાં

રહેલાનું નહીં પણ પરલોકમાં ગએલા પ્રાણી સુદ્ધાંતનું આયુષ્ય નીરંતર ક્ષીણ થતું જાય છે કારણ કે એક સુક્ષમ જંતુથી તે બ્રહ્મદેવ સુધી સર્વને મૃત્યુ દુવાર્ય છે.

૬૧ મૃત્યુ પ્રાણીની સાથે જાય છે, સાથે બેસે છે, લાંબા માર્ગે પ્રત્યે પણ સાથે જ રહે છે, ને તે નિવૃત પણ સાથે જ થાય છે, અર્થાત મૃત્યુ એ દેહધારીની સાથે જ જડેલું છે, તેથી કદી નિવારણ થાય તેમ નથી.

૬૨ જરા અવસ્થામાં શરીરે કરચલીઓ વળે છે, મસ્તકના કેશ શ્વેત થઇ જાય છે, ને શક્તી વગેરે સૌ વાતે પુરૂષ જીર્ણ થાય છે, પછી એ અવસ્થાને નિવારણ કરવાનો કંઇ ઉપાય નથી, છતાં મુઢ મનુષ્ય સૂર્યના ઉદયાસ્ત સમયે આનંદ પામે છે, પરંતુ પોતાના આયુષ્યનો ક્ષય થાય છે તેને જાણતો નથી.

૬૩ ઘણી વાર આવી ગએલી રૂતુ–પર્વ ઇત્યાદી ફરીને આવે છે, ત્યારે તેને નવીન જાણી મનુષ્ય હર્ષ પામે છે, પણ તેના પરિવર્તનથી આયુષ્યની મર્યાદા ટુંકી થતી જાય છે, તેનો મુઢ મનુષ્યને વિચાર થતો નથી.

૬૪ જેમ કાળના યોગથી મહા સમુદ્રમાં એક નાવને બીજું નાવ આવી મળે છે, ને વળી તેનો વિયોગ પણ થાય છે, તેવીજ રીતે એ કાળના યોગથી જગતમાં સ્ત્રી, પુત્ર, જ્ઞાતિ, ધન ઇંત્યાદી એકઠાં થાય છે ને જુદાં પણ પડે છે કારણ જેનો સંયોગ તેનો વિયોગ અવશ્ય છે જ.

૬૫ જન્મવું તથા મરવું એ સૃષ્ટી સ્વભાવ છે, તેને આ સંસારમાં કોઇ પણ પ્રાણી ઉલ્લંઘન કરવા સમર્થ નથી.

૬૬ કદી નહીં અટકનારા ગંગાના પ્રવાહની પેઠે ચાલ્યા

જતા પોતાના આયુષ્યને જોઇને પુરૂષે પોતાના અંતઃકરણને સુખના સાધન રૂપ સદ્ધર્મને વીશે યોજવું, કારણ કે સર્વ પ્રજા સુખના સાધનની પ્રાપ્તીને અર્થેજ જન્મ લેનારી છે એમ શાસ્ત્રો કથે છે.

૬૭ પરલોકને જીવતાની ઇચ્છાવાળા અક્રુર અને ગુરૂજનાશ્રીત પુરૂષે અવશ્ય પીતાની આજ્ઞાનું પાલન કરનારા થવું જોઇએ.

૬૮ વેદ વીરૂદ્ધ માર્ગે વર્તનાર, પાપ આચરણ કરનાર, તથા સચ્છાસ્ત્રને મુકી તેથી ઉલટાં ચાવાકાદિનાં કરેલાં શાસ્ત્રામાં પ્રીતિ રાખનારો પુરૂષ સત્પુરૂષોની અંદર કદી માન પામે નહીં.

૬૯ કુલીન, અકુલીન, શુચિ, અશુચિ તથા પોતાને શૂરવીર માનનાર મીથ્યાભીમાની વગેરે પુરૂષોને વેદમતનો આચારજ પ્રસીદ્ધ કરે છે એટલે વેદજ સત્ય સ્વરૂપ દેખાડી દેનાર પરમ જ્યોતિ છે, તે સીવાયનાં શા
જુદુ બતાવે છે.

૭૦ જેવા આચરણવાળા રાજા હોય, તેવાંજ આચરણ કરનારી પ્રજા પણ થાય છે, માટે રાજાનું આચરણ તો અનાદી શાસ્ત્રોએ કહેલું છે તે પ્રમાણે સર્વ ભૂત પર દયા અને સત્ય એજ ખરૂં છે.

૭૧ રાજાનું આચરણ સત્યાત્મક હોવાને લીધે તેનું રાજ્ય તથા સર્વ લોક પણ સત્ય થકી પ્રતિષ્ઠીત ગણાય છે સર્વ રૂષી તથા દેવતા પણ સત્યનેજ માને છે, અને આ લોકને વીશે જે સત્યવાદી હોય છે તેજ ઉત્કૃષ્ટ અવિનાશી બ્રહ્મલોકને પામે છે.

૭૨ સર્વ મનુષ્યો જેવા સર્પથી ત્રાસ પામે તેવીજ રીતે અસત્યવાદી પુરૂષથી ત્રાસે છે. માટે સર્વનું મુળ સત્ય-ધર્મજ છે,

વળી આ લોકને વીશે ઇશ્વર પણ સત્ય રૂપ જ કહેવાય છે, જેને વીશે સત્પુરૂષોને આચરવા યોગ્ય શ્રેષ્ઠ ધર્મ આશ્રય કરી રહ્યા છે.

૭૩ સર્વનું મુળ સત્યજ છે, ને તેના કરતાં બીજું ઉત્કૃષ્ટ પદ નથી. વળી આપેલું ઇષ્ટ દાન, કરેલો હોમ, તથા આચરેલું તપ એ વિગેરેનું પ્રતીપાદન કરનાર જે વેદ તે સત્ય રૂપ ઇશ્વર થકી શ્વાસની પેઠે ઉત્પન્ન થયો છે માટે તેઓ પણ સત્ય રૂપજ છે, માટે તેમાં કહ્યા પ્રમાણે સર્વ મનુષ્યોએ સત્યને જ પરાયણ થવું.

૭૪ આ લોકમાં એક પુરૂષ રાજ્ય પાલન કરે છે, એક પોતાના કુળનુજ પાલન કરી શકે છે, એક દુઃખ ભોગવે છે, તો એક પરમ સુખી હોવાથી હર્ષ પામે છે, એ સૌ વેદે કહેલા ધર્મ તથા અધર્મનું જ ફળ છે.

૭૫ અસત્યવાદી તથા ચંચળ સ્વભાવ, અને અસ્થીર ચીત્તવાળા પુરૂષનું તો દેવતાઓ તથા પિતૃઓ હવ્ય કવ્યાદિ ગૃહણ કરતા નથી એમ શાસ્ત્રમાં કહ્યું છે.

૭૬ પિતુ આજ્ઞાના ભંગ રૂપ પાપ કરવાથી કાયિક વાચિક અને માનસીક એ ત્રણ પ્રકારનાં પાપ લાગે છે, અને એ પાપ એવું પ્રચંડ છે કે તેમાથી મુક્ત થવાતું નથી.

૭૭ ભુમી, કીર્તી, યશ તથા લક્ષ્મી, એ સૌ સત્યવાદી પુરૂષની જ પ્રાર્થના કરે છે, તેમ શીષ્ટ પુરૂષો પણ સત્યનુંજ પાલન કરે છે, તે માટે સર્વ પુરૂષોએ સત્યનું જ ચીંતન કરવું.

૭૮ આ કર્મભુમીને પામીને મનુષ્યે જે કર્મ કરવું તે શુભજ કરવું, કારણ કે અગ્ની, વાયુ તથા સોમ એ તે કર્મોના ફળભાગી છે, દેવતાઓનો રાજા ઇંદ્ર સો યજ્ઞ કરવા રૂપ શુભ કર્મ કરી સ્વર્ગે ગયો છે, મહર્ષીઓ પણ ઉગ્ર તપ રૂપ સત્કર્મને

સેવીને સ્વર્ગ પ્રત્યે જઈ રહ્યા છે તો પછી મનુષ્યે સત્કર્મમાં સિથીળ શા માટે રહેવું ?

૭૯ સત્ય ધર્મ, પરાક્રમ, સર્વ ભુત પ્રાણી પર દયા, પ્રીય વચન બોલવાપણું, અને દ્વીજ, દેવ તથા અતીથીઓનું પુજન એ સ્વર્ગ પ્રત્યે જવાના માર્ગ છે એમ સંત પુરૂષો કહે છે.

૮૦ જેમ ચોર એ પ્રજાના હીતને માટે બુદ્ધીમાન રાજાએ દંડવા યોગ્ય છે, તેમ નાસ્તીક મતાનુસારી પણ દંડવા યોગ્ય છે, કારણ કે જેમ ઝાડને સડો લાગવાથી તે સુકાઇ જાય છે તેમ નાસ્તીકનો પ્રસંગ ધર્મને સડો લગાડી નાબુદ કરે છે.

૮૧ શ્રષ્ટ દ્વીજાતી જનોએ આ લોક પરલોકની ફળ કામનાનો ત્યાગ કરીને અનેક શુભ કર્મો કર્યા છે તે માટેજ તેઓ દ્વીજ એ નામને યોગ્ય છે કારણ કે તેઓએ વેદે પ્રમાણ કરેલા અહીંસા, સત્ય, તપ, દાન, પરોપકાર, તથા યજ્ઞાદિ શુભ કર્મોનું આચરણ કરેલું છે.

૮૨ સત્પુરૂષો સાથે સમાગમ કરનારા, તેજસ્વી, દાન ગુણ પ્રધાન, અહીંસક અને નિષ્પાપ, મહાપુરૂષોજ જગત્ વીશે પુજ્ય થાય છે.

૮૩ પીતા પુરૂષને જન્મ આપે છે તેથી અને આચાર્ય તેને ધર્મયુક્ત સદ્બુદ્ધીનું દાન કરે છે તેથી તેનો ગુરૂ કહેવાય છે અને તેથી એ બન્નેની આજ્ઞા પાળવાને પુરૂષ બંધાએલો છે.

૮૪ માતા તથા પીતા પુત્ર પર જે સર્વ ઉપકાર કરે છે, તેનો બદલો પુત્રથી વાળી શકાય તેમ નથીજ, પુત્રને પોતાની યથાશક્તી વડે પ્રીતીપૂર્વક ખાનપાનાદિનાં પદાર્થો આપી તેનું પોષણ કરવું, વસ્ત્રાભુષણ તથા ઉદ્વર્તન આચ્છાદનાદી તેના શરીરની રક્ષા કરવી, તેને પ્રીય વચનથી રાજી રાખવો, તથા એવી

સર્વ વાતે સંભાળ રાખીને ઉછેરી મોટો કરવો, એ વગેરે માતા-પીતાના અનેક ઉપકારોનો બદલો વાળી શકાય તેમ નથી તો તેમની આજ્ઞા પાળવી કે યત્કીંચીત સેવા બજાવવી તેમને સંતુષ્ટ રાખવાની શું સત્પુત્રની ફરજ નથી કે? છેજ.

૮૫ તપસ્વી છતાં અતીથીની પુજા ન કરે, તેને મહા દોષ લાગે છે ને ખોટી સાક્ષી પુરનારની પેઠે તે તપસ્વીને પરલોકમાં પોતાના માંસનું ભક્ષણ કરવું પડે છે. માટે તપસ્વીનો ધર્મ જ છે કે તેણે અતીથી પુજન અવશ્ય કરવું.

૮૬ સ્ત્રીઓની એવી કંઇ પ્રકૃતિજ બંધાએલી છે કે, તેઓ જો પોતાનો પતિ ધન ધાન્યાદિકથી સુખી સ્થીતિમાં હોય તો તેની સાથે પ્રીતિ કરે છે, ને ને જો તેથી ઉલટી વિષમ સ્થિતિમાં આવી પડે તો તેના સ્નેહ તોડતાં વાર લગાડતી નથી.

૮૭ સ્ત્રીઓ વીજળી સરખી ચંચળ હોય છે, સ્નેહનો બંધ તોડવામા શસ્ત્રની ધાર જેવી તીક્ષ્ણતા વાપરે છે, ને નીંદીત કાર્ય કરવા વીશે તેમનો વેગ વાયુ તથા ગરૂડ પક્ષી જેવો હોય છે.

૮૮ ચેષ્ટા રહીત પ્રાણીના વધ કરવો તે યજ્ઞમાં લાવેલા પશુનો રાજાએ વધ કરવા જેવું કુત્સીત કાર્ય છે.

૮૯ દુર્દશાને લીધે અર્થ ભ્રષ્ટ થએલા રાજાની જ્યારે દુર્દશાનો અંત આવે છે, ત્યારે પાછો તે છ નીતિથીજ ભ્રષ્ટ થએલા અર્થોને પામે છે, અને તેમાં મૈત્રીના ઉપચાર મુખ્ય છે.

૯૦ મનુષ્યે નિશ્ચે જાણવું કે શત્રુઓ કપટ વેશેજ ફરનારા હોય છે તે પોતે સદા અવિશ્વાસુ રહી પોતા પર વિશ્વાસુ થએલા શત્રુને લાગ આવ્યે અવશ્ય પ્રહાર કરે છે.

૯૧ રાજાઓ શત્રુન છળવાના ઉપાયોથી જાણીતા હોય

છે, ને ઘણું કરીને તેવા ઉપાયથીજ તેઓ શત્રુને હણે છે, માટે રાજાના શત્રુએ પોતાના વેશધારી સેવકો દ્વારા તેમનો ભાવ જાણવો જોઇએ.

૯૨ મદોન્મત્ત, અસ્થીરાત્મા, ભાગી જનાર, અને શસ્ત્રાદિ વગરના અને દુર્બળ પુરૂષને મારનાર બાળહત્યારા ગણાય છે.

૯૩ જેઓ શુરવીર હોય છે તે સંગ્રામમાં શત્રુએ કરેલા અપમાનને સહન કરી શકતા નથી, તેમાંએ વળી ઘણું કરીને જે સ્વપરાક્રમને જાણે છે, તેતો એવી અવજ્ઞાને-ને વળી પોતાની સ્ત્રીઓ સમક્ષ શત્રુએ કરેલી અવજ્ઞાને સહન કરી શકેજ નહીં.

૯૪ સંગ્રામને વીશે પરાભવ ન પામેલા તેમજ પાછા ન હઠનાર શૂરવીરને શત્રુએ કરેલું ઘર્ષણ સહન કરવું એ મરણથી પણ અધીક છે.

૯૫ રાજાઓમાં ઇંદ્રિય નિગ્રહ, શાન્તી, સહનશીલતા, ધર્મ, ધૈર્ય, બળ, પરાક્રમ તથા અપરાધીનેજ દંડ આપવો એ ગુણ અવશ્ય હોવા જોઇએ.

૯૬ રાજાને, બ્રાહ્મણને તથા ગાયને હણનાર તથા ચોર, પ્રાણીઓની હીંસામાં આસક્ત રહેનાર, નાસ્તીક અને પરિવેત્તા, એ સઘળા નર્ક પ્રત્યે જાય છે, તેમજ ચાડીઓ, કદર્ય, મીત્રઘાતી અને ગુરૂશૈયા વીશે ગમન કરનાર પાપાત્મા પણ નિઃશંક યમલોકમાં પહોચે છે.

૯૭ પંચનખા પ્રાણી સીવાય અન્યનો સંહાર કરનાર ક્ષત્રી સંજ્ઞાને યોગ્ય નથી, ક્ષત્રી દેહ ધારી છતાં વાનરાદિ વનચર પ્રાણીઓ ઉપર અસ્ત્ર શસ્ત્રનો ઉપયોગ કરનાર નરકાધિકારી થાય છે.

૯૮ જેષ્ટ બંધુ, પીતા, તથા વિદ્યા ભણાવનાર એ ત્રણેને

ધર્મવર્તી પુરૂષે પીતા જાણવા, તેમજ કનીષ્ટ બંધુ, પુત્ર અને ગુણવાન શીષ્ય, એ ત્રણ પુત્ર સમાન જાણવા, પણ તેમાં ધર્મ એજ મુખ્ય કારણ છે.

૯૯ જે પુરૂષ પોતાની પુત્રી, ભગીની, તથા કનીષ્ટ બંધુની પત્ની એઓની સાથે કામસક્ત થઇ ગમન કરે તેને દેહાન્ત દંડ વગર બીજી શીક્ષા નથી.

૧૦૦ અગ્નીમાં તપતું સુવર્ણ જેમ દાહક ક્ષાર પદાર્થને લીધે ભસ્મ થઇ નાશ પામે છે, તેમ ભ્રાતૃવધના પાપથી પૂર્વે જન્માર્જીત પૂણ્ય બળી જાય છે.

૧૦૧ કાળથી ઉલટું કર્મ કરવા કોઇ પણ શક્તીવાન નથી, જગતને વીશે મુળ કારણ કાળજ છે તથા કર્મનું સાધન તથા સર્વ ભુત પ્રાણીના નિયોગનું કારણ પણ તેજ છે.

૧૦૨ સંભાવનાવાળા પુરૂષની અપકીર્તી એ મર્ણ કરતાં પણ અતી દુઃખદાઈ છે મર્ણ પછીતો દુઃખે નથી ને સુખે નથી પણ અપકીર્તીથી તો જીવતો મુઆ જેવો થઇ તેનો પરીતાપ પ્રત્યક્ષ અનુભવે છે.

૧૦૩ મહારથી મહાન સંકષ્ટ સમયે પણ સમરાંગણમાંથી નાસતો નથી, જો નાસેતો તેની કીર્તીનો લય થાય અને તે તુચ્છત્વને પામે.

૧૦૪ આપણા શત્રુઓ ન બોલાય તેવું બોલે અને સામર્થ્યની નીંદા કરે, તેના કરતાં અન્ય દુઃખ એકે અધીક નથી.

૧૦૫ વીર પુરૂષો રણક્ષેત્રમાં મરે તો સ્વર્ગ પામે છે, વિજય મેળવે તો રાજ્ય વિભૂતિ વેગે વરે છે, અને જે ડરે છે, પાછા પગ ભરે છે, તેને એ બેમાંના એકેની પ્રાપ્તી થતી નથી, જે બગડે છે.

૧૦૬ નાશ પામતાને બચાવે એજ ક્ષત્રી, છતાં રક્ષક એજ ભક્ષક થઇ પ્રજાના પ્રાણ, પૈસા અને પ્રતિષ્ટાનુ પોતેજ બળીદાન લેવાને તત્પર રહે તેને ક્ષત્રી સંજ્ઞા કેમ છાજે ?

૧૦૭ સ્વધર્મ સાચવવાને અસમર્થ ક્ષત્રીનું જીવન સર્વદા વ્યર્થ છે. ગૌબ્રાહ્મણ અને પ્રજાના પ્રતિપાલક ક્ષત્રી કહેવાતા છતાં ક્ષત્રી નરેશ તે વિષયમાં નિસ્પૃહતા દાખવે તો રાજેશ્રી તે નરકેશ્રીની સ્થીતીને પાત્ર થાય.

૧૦૮ પ્રજાનું રૂધીર ચુશી અંગત મોજ શૈખ ભોગવવાને પરમેશ્વરે નરેશોને નાર્માણ કીધા નથી. પણ પ્રજાનું લાલન પાલન કરવાને સૃષ્ટાએ તેમને સરજ્યા છે, એ વાત ભુપતિયોએ ભુલવી ન જોઇએ.

સર ૯ મી.

૧ ભવ્ય રાજભુવનોને ઉમદા ફરનીચરથી અલંકૃત્ત કરો, હય ગજાદિ વાહનાથી સ્યાશતને દીવ્ય દીપાવો, લશ્કરાદિ ઠાઠમાઠથી ભભકો દેખાડવા તત્પર રહો, પણ સુંદર અને સુવ્યવસ્થીત સરસ્વતિ મદીરો, વિવિધ જ્ઞાનથી વિભુષીત કરનાર અનેક કળાભુવનો, અનાથાશ્રમો તથા વીધવાશ્રમોની વ્યવસ્થા કરો નહીં, ત્યા લગી નરાધિપની પ્રભુએ આપેલી પદ્વી વ્યર્થ છે.

૨ રજપુત એજ કે રાડ સાંભળી જેનાં રૂવાં ઉભાં થઇ જાય, અધર્મ દેખી ઉશ્કેરાય, અને યાચકોની મનકામના જેની પાસે જવાથી પૂર્ણ થાય.

૩ જેની રગે રગમાં વીરત્વ વ્યાપ્યુ છે, એવો વીરક્ષત્રી માગણને દેખીને મોઢું સંતાડતો નથી, સંગ્રામની વાત સાંભળી સંતાઇ જતો નથી, અને અધર્મમાં પ્રવર્તતો નથી, અસત્ય ઓચરતો નથી, કષ્ટ પડવા છતાં કંગાલની પેઠે કરગરતો નથી, અને દુઃખથી ડરતો નથી, સ્વધર્મમાંથી ડગતો નથી, અને વચન ભંગ થતો નથી.

૪ રામ વિરામ પામ્યાને યુગાન્તર થવા છતાં તેમનું નામ જગત શા માટે જપે છે? અહા! પીતાનો આજ્ઞા પાળક, બંધુત્વ પ્રેમમાં પ્રપૂર્ણ, માતૃ ભક્તિમાં સર્વોતમ, પ્રજા પ્રેમમાં ક્ષેમ સમજનાર, દ્રઢ, એક પત્નીવૃત ધારી, અને સત્યાવલંબી નર ખરેખર પુજવાને ભજવા યોગ્ય છે.

૫ કૌરવોનો કચ્ચરઘાણ કેમ નીકળ્યો? રાવણ કેમ રોળાયો? તેના જેવો વિવીધ વીભુતિથી વિભૂષીત્ શક્તી ઐશ્વર્યમ કોઇપણ બરોબરી કરી શકે નહીં તેવો બળવાન, છતાં તેનો

પરાભવ કેમ થયો? બસ, અહંકાર રૂપી પડળોથી તેમનાં નેત્રો છવાયાં, અને પરદારાનો અભીલાસ રાખ્યો એજ તેમના વીનાશનું વાસ્તવીક કારણ છે.

૬ "ધર્મે જય અને પાપે ક્ષય" એ સીદ્ધાંત સર્વદા સીદ્ધ થએલો હોવા છતાં મનુષ્યો પાપ માર્ગે પ્રવર્તે તો માઠું ફળ મળે તેમાં આશ્ચર્ય શું? અંધારી રાત્રે કંટક પ્રદેશમાં પ્રવાસ કરનારના પગ કાંટાથી વીંધાય જ, દુખી થાય જ.

૭ જેના અમાત્યો વગેરે પોતાને આધીન થઇ કાર્ય કરતા નથી જે ભયનો પ્રત્યક્ષ ભાસ થવા છતાં નિર્ભય રહે છે, તે થોડા જ સમયમાં રાજ્યથી ભ્રષ્ટ થઇ આ લોકમાં તૃણ સમાન દીન થઇ જાય છે.

૮ સુકા કાષ્ટનો વહેર, તથા મારગમાં પડેલી ધુળ પણ ઉપયોગી થાયછે પરંતુ સ્થાનભ્રષ્ટ થએલો રાજા નકામો છે.

૯ રાજ્યભ્રષ્ટ થએલો રાજા કદાચ સમર્થ હોય, તોપણ તે વધારે વખત વાપરેલા જીર્ણ વસ્ત્રની માફક અથવા કરમાએલી પુષ્પ માળાની પેઠે નિર્માલ્ય જેવોજ થઇ રહેછે.

૧૦ જે રાજા પ્રમાદ રહીત, પોતાના તથા શ[illegible] સર્વ વૃતાંતોને જાણનારો, જીતેંદ્રીય, કોઇએ કરેલા ઉપકા[illegible] [illegible]જા વેલી સેવાને જાણનાર, તેમ ધર્મશીલ હોય છે, તેજ ઘણા કાળ નીભી શકે છે.

૧૧ જે રાજા ભલે નેત્રો મીંચીને સુતો હોય, પણ ન્યાયદ્રષ્ટીથી જાગતો હોય, તથા જેનો ક્રોધ તથા પ્રસાદ સ્પષ્ટ અને યોગ્ય હોય, તે સર્વત્ર પુજાય છે.

૧૨ જે રાજા કામાસક્ત, દુ:શીલ, પાપીષ્ટ મંત્રીઓ સાથે કોઇનું ઇરાદા પૂર્વક અહીત કરવાના છુપા મનસુબા કરનાર, તથા

દુર્બુદ્ધીવાળો હોય છે, તે પોતાના શરીરનો, સ્વજનનો, તથા સર્વ દેશનો નાશ કરનાર થાય છે.

૧૩ અત્યંત અનુચીત વાક્ય બોલવાં, એ સ્ત્રીઓના સબંધમાં કંઈ આશ્ચર્યકારક નથી, કારણ કે જગતમાં તેમનો સ્વભાવજ એવો હોય છે.

૧૪ આ લોકને વીશે સ્ત્રીઓ સ્વભાવીક રીતેજ ધર્મ રહીત, ચપળ, કુટીલ, તથા ભાઇઓમાં અને પીતા પુત્રોમાં પરસ્પર ભેદ પડાવનારી હોય છે.

૧૫ આ લોકમાં પ્રિય બોલનાર પુરૂષોનો ઘણા મળી આવે છે, પરંતુ આ પ્રિય તથા પથ્ય કહેનાર તથા સાંભળનાર તો દુર્લભજ છે.

૧૬ ધર્મજ્ઞ પુરૂષે મીત્રને ઉપકાર કરવો તે તેનો આવશ્યક ધર્મ છે. આમ્રવૃક્ષનો સ્વભાવજ છે કે તેનાથી મીષ્ટ ફળજ પ્રાપ્ત થાય.

૧૭ પાપકર્મ કરવાને લીધે રાજાઓની શીક્ષા પામેલા પુરૂષો તે પાપથી મુકાઇને સુકૃતિ જનોની પેઠે સ્વર્ગે જાય છે, તેમ પાપ કરનાર પુરૂષ રાજા આગળ આવીને પોતાનું પાપ પ્રકાશ કરે છે તો પછી રાજા કદાચ તેને શીક્ષા કરે કીંવા છોડી દે તો પણ તે પુરૂષ પોતાના પાપથી મુક્ત થાય છે.

૧૮ રાજા પાપીને તેના પાપની શીક્ષા ન આપે તો એ પાપથી પોતે વ્યાપ્ત છે, પાપીને શીક્ષા ન થાય તો તેમને ઉત્તેજન મળે ને પ્રજાને ઉપાધીકર્તા થાય, તો પણ સંભાળવું જોઇએ કે કોઇ નીરપરાધી માર્યો ન જાય, સો અપરાધી બચી જાય તેના કરતાં એક નિરપરાધી માર્યો જાય એ અધિક પાપના ભોક્તા થવાય છે.

૧૯ ક્ષત્રીઓએ પોતાને આધીન નહીં પણ ધર્મને આધીન રહેવું જોઇએ, કારણ કે ધરા ધર્મને આધારે અદ્ધર રહી છે અને એ ધરા ક્ષત્રીઓને વરેલી છે.

૨૦ રાજા પોતે નિર્દોષને ઇરાદા પૂર્વક સપડાવીને દંડ દે તો રૌરૌ નર્કનો અધીકારી થાય છે.

૨૧ આ લોકને વીશે રાજાઓ નિઃસંદેહ અતિ દુર્લભ એવાં ધર્મજીવીત તથા સર્વ પ્રકારનાં અહીક સુખ આપનાર છે, માટે તેઓની કોઇએ હીંસા, નીંદા કે અપમાન કરવું નહીં, તેમ તેઓને અપ્રીય વચન પણ કહેવાં નહીં, રાજા એ મનુષ્ય રૂપે દેવતાજ છે.

૨૨ સ્વર્ગ તથા નર્કાદિ ફળના સાધનરૂપ અને ગુણ દોષથી બનેલાં જે પોતાનાં કર્મો હોય છે, તેનાં શુભાશુભ ફળને જીવ મરણ પછી આપોઆપ પામે છે, પ્રાણી માત્ર કર્મનેજ વશ છે.

૨૩ પરપોટા સમાન આ દેહ ક્ષણભંગુર છે, તેના નાશ થયા પછી કોઇ કોઇને શોચ્ય નથી, માટે બુદ્ધીમાનોએ તેને માટે શોચ કરવો નહીં

૨૪ મરણ પામેલો જીવ તેના સબંધીઓએ કરેલા શોક તથા પરીતાપને લીધે કંઇ શ્રેય પામતો નથી પણ ઉલટો કષ્ટથી રીબાય છે.

૨૫ કાળથી ઉલટું કર્મ કરવા કોઇ પણ શક્તીવાન નથી, જગતને વીશે મુળ કારણ કાળજ છે, તેમ કર્મનું સાધન તથા સર્વ ભુત પ્રાણીના નિયોગનું કારણ પણ તેજ છે.

૨૬ કામ ક્રોધ ઇત્યાદી દુર્ગુણોનો પણ યોગ્ય ઉપયોગ કરીએ તો પ્રસંગવશાત્ તે હીતકર થાય છે, વિષ પ્રાણીનું મૃત્યુ નીપજાવે છે પણ યોગ્ય અનુપાન સહ ઉપયોગ કીધાથી મહાન્ વ્યાધીને તે વીદારે છે.

૨૭ મનુષ્ય અને અન્ય પ્રાણીઓ વચ્ચે તફાવત એટલોજ છે કે મનુષ્ય મહેનત અને ખંતથી વિદ્યા, કળા, હુન્નર, દોલત અને સુખ વધારવાને જાતે શક્તીવાન છે, અને સ્વાશ્રયથી શ્રેય સાધી શકે છે.

૨૮ મહાન પુરૂષો ગમે તેટલા સંકટમાં આવી પડે તો પણ તેની તમા કર્યા વગર ધારેલો સીદ્ધાંત સીદ્ધ કરે છે.

૨૯ મનુષ્યને કેવળ અધોગતિનું દર્શન થતાં જ ઉન્નતિની અભીવાંચ્છના એકાએક સ્ફુરી નીકળે છે, અને તે પછી તેની સીદ્ધીને અર્થે સર્વદા ઉદ્યોગમાં પ્રવર્ત રહે છે.

૩૦ વિદેશી પ્રજાની ઉન્નત સ્થીતિ જોઇને સ્વદેશાભિમાનનો ઝાંખો પડેલો જ્યોતી એકાએક પ્રકાશીત થાય છે, અને તે કોઇ બુઝાવવાને પ્રયત્ન કરે તો તેમાં સર્વથા નીષ્ફળ જ નીવડે છે.

૩૧ સ્વદેશાભિમાની પુરૂષથી શું નથી થતું ? તે પોતાની દોલત, સુખ, વૈભવ અને છેવટ પોતાના દેશને અર્થે પ્રાણદાન દેવાને પણ તૈયાર થાય છે.

૩૨ દેશાભિમાનથી શું નથી થતું ? દેશાભિમાન પારસમણી સમાન છે, એના વડે સઘળું હીતકરજ થાય છે, દુર્દશા મટી જાય છે, સંકટ ક્ષણ પણ રહી શકતું નથી, અને સઘળા શુભ મનોર્થ ત્વરાથી ફલીત થાય છે.

૩૩ દેશ સેવા એ સ્વદેશાભિમાનીઓનું ખાસ વ્રત છે, દેવ સેવા કરતાં દેશ સેવાને એ વ્યક્તી સર્વદા શ્રેયસાધક સમજે છે.

૩૪ દેશાભિમાનનો દુરૂપયોગ તો નજ થવો જોઇએ, સામાનું ભવ્ય ભુવન જોઇ ઇર્ષ્યાના આર્વીભાવથી તેને ભસ્મીભુત કરવા તત્પર થવું તે જેમ હીતકર નથી તેમ દેશાભિમાનના

અંકુરોનો ઉદ્ભવ અંગાર સ્વરૂપે નજ થવો જોઇએ, પણ સામાને સીતળતા પ્રાપ્ત થાય, એવા સ્વરૂપે દેશાભિમાનનો ઉદય થવો જોઇએ.

૩૫ પોતાના વાસ્તવીક હોવાનું કંઇ અભીમાન હોઇ શકે નહીં હોવાને માટેનું અભિમાન એતો એક પ્રકારના અંધાપો છે, અભીમાન ગુણનેજ ઘટે છે.

૩૬ દેશાનું ભલું કરવાને અથવા મોટાઇ વધારવાને અયોગ્ય અને અન્ય ઉપાય કામે ન લગાડવા જોઇએ, આંબાના ફળને ઉતરતી કળા લેવાની ઇચ્છા સર્વથા નિન્દનિય છે, વંદનિય તો એજ છે કે આંબાને પોષણ આપી પ્રફુલિત રાખી ફળેચ્છા પૂર્ણ કરવી.

૩૭ આપણને જે ઇચ્છા હોય તે સામાને હોઇ શકે, પ્રત્યેકને પોતપોતાના દેશનું, દેશના હક અને હીતનું અભીમાન હોવું સ્વભાવિક છે, પરતુ પરસપરના એ અભીમાનની અથડામણ એવા સ્વરૂપે તો નજ થવી જોઇએ કે વીશ્વાસનો ભંગ થાય અને વૈમનસ્ય સ્થીર સ્થપાય.

૩૮ પ્રજાનું અને ગાયનું રક્ષણ કરવાનેજ સૃષ્ટાએ સૃષ્ટીમાં રાજાઓને સરજ્યા છે છતાં એજ રાજાઓ રક્ષણને બદલે ભક્ષણ કરી પોતે રાજા બનવાના પ્રયત્નમાં પ્રવર્તે રહે તો તેમની આ લોકમાં નિંદા થાય છે અને પરલોકમાં નર્કને પામે છે.

૩૯ રાજા એ પ્રજાનો પીતા છે અને તેથી જો રાજા પોતે પ્રજાની વહુ દીકરી પ્રત્યે કુદ્રષ્ટીથી જુએ તો તે રૈ રૈ નર્કનો અધીકારી થાય છે.

૪૦ સ્વદેશનું અભીમાન એ ગુણ છે. પણ એ અભીમાનથી પારકા દેશની અદેખાઈ કરી તેનાં સુખ સમૃદ્ધીને હાની પહોચાડવાનો કુતર્ક કરવો જોઇએ નહીં તેમ સ્વદેશાભીમાની-

ઓએ પારકા દેશની પડતી થવાની ઇચ્છા રાખવી એ ઉચીત નથી.

૪૧ મનુષ્ય સંકલ્પ બાંધી તે સીદ્ધ કરવાના પ્રયાસમાં પ્રવર્ત રહે તો ફળ પ્રાપ્ત થયા વીના રહેતું નથી પણ ધીરજ, હીમત અને ખંત અસ્ખલીત ચાલુ રહેવાં જોઇએ.

૪૨ નિર્જન્ય વનમાં પેદા થતાં મધુર અને સ્વાદીષ્ટ ફળો તથા અત્યુત્તમ સાગંધીક પુષ્પો જ્યાં ત્યાં પાકીને ખરી પડે છે, કોઇના પણ ઉપયોગમાં આવતાં નથી, તેની પેઠે પૃથ્વીમાં અનેક મનુષ્યો સદ્ગુણ સંપત્તી અને જ્ઞાન વિભૂતિથી વિભુષીત છતાં અનુકુળ સંજોગોના અભાવે અન્યને કંઇ પણ લાભ આપ્યા શીવાય મરણ શરણ થાય છે, તેમનું જીવન વ્યર્થ ચાલ્યું જાય છે.

૪૩ પોતાનો જે મત અથવા વાત ખરી લાગે તે વાત અથવા મત મનમાં છુપાવીને હાજીહા કરી રાજી રાખવાની રીત ગ્રહણ કરવી એ અતી અધર્મ છે.

૪૪ પોતાની પાછળ પોતાનું નામ રહે એવી ઇચ્છા હરેક મનુષ્યની હોય છે, પછી નામ કેવી રીતે રાખવું એ તેની પોતાની બુદ્ધી અને શક્તી ઉપર આધાર રાખે છે.

૪૫ સત્યાભિમાન સ્વાશ્રયીથીજ સાચવી શકાય છે પરાશ્રયી અને ઓશીઆળા મનુષ્યોથી તે સચવાતું નથી

૪૬ સૌથી સારામાં સારો ધંધો ખેતીનો એટલા માટે ગણેલો છે કે તેમાં પ્રપંચકળાની કીંચીત જરૂર પડતી નથી, વળી સ્વતંત્રતા સાથે શારીરીક કસરત અને ખુલ્લી હવાનો સર્વદા સારો લાભ મળે છે.

૪૭ બીજા બધા ધંધાદારીઓ પારકાની કમાણીમાં ભાગ

ચડાવનારા છે ત્યારે ખેડુત દેશના ઉત્પાદક દ્રવ્યમાં વૃદ્ધી કરી બીજાઓને એક રીતે નહીં પણ અનેક રીતે ઉપયોગી થાય છે.

૪૮ જમાનો બદલાય છે ત્યારે એના એજ માણસો છતાં તેમનું મન ફરી જાય છે, જમાનાની અસર ન થાય એવા પુરૂષો આ પૃથ્વીમાં વીરલાજ છે.

૪૯ "યાચના" જેવું અધમ અવનિમાં એકે નથી, પરાશ્રયીપણાનું દુઃખ અકથ્ય છે, પારકી આશાનો તાપ સર્વદા અંતરને શેકે છે અને તેની તનમન ઉપર એવી અસર થાય છે કે જ્વર વીના તે સન્નીપાતનું કષ્ટ અનુભવે છે.

૫૦ સ્વાશ્રય વડે પ્રાપ્ત થતો સુકો અને લુખો રોટલો મળે તેનાથી જે આનંદ પ્રાપ્ત થાય છે તેવો આનંદ પરાશ્રયથી મળતાં પાંચ પકવાનોથી થતો નથી.

૫૧ રાજ્યનાં કે શ્રીમાનોનાં ભવ્ય ભુવનો કરતાં સ્વતંત્રતાથી જંગલની પર્ણકુટીમાં વસવું એ આનંદજનક છે.

૫૨ રાજા કરતાં ગરીબોની જીંદગી સુખી છે કેમકે તેમને અકાળમૃત્યુ થવાનો યત્કીંચીત ભય નથી તેમ અન્ય ઉપાધી પીડતી નથી.

૫૩ ઉંચે ચઢેલાને નીચે પડી પછડાવાનો ભય ભારે છે, છતાં ઉંચે ચઢયા પછી મનુષ્ય નીચે રહેલાંને લઘુ સ્વરૂપે જોઈ તેની ગણુના કરતા નથી પણ તેજ જ્યારે નીચે પડે છે, ત્યારે તેમની અન્ય પ્રત્યેની લઘુ ભાવના નષ્ટ થઇ જાય છે ને પશ્ચાતાપને પામે છે.

૫૪ ઘણા ઉંચે ચઢેલા અધોગતિને પામ્યા છે. રાજને ઠેકાણે છાજ તેમ ગૃહસ્થ કુટુમ્બો કંગાલ દશામાં આવી પડેલાં દ્રષ્ટે જોઇએ છીએ, છતાં ઉંચે ચઢેલા પોતાને આસમાન અઢી તસુ છેટે રહ્યાનું જાણી વીશ્વ વહેવારમાં વીચરે છે.

૫૫ જરૂરીઆત ગમે તેવા અધમ માર્ગે મનુષ્યને પ્રેરે છે, નીષ્ઠુર હ્રદયના મનુષ્ય પાસે દીન મુખે દીન શબ્દોથી યાચના કરવાની ફરજ "જરૂરીઆત" જ પાડે છે.

૫૬ "જરૂરીઆત" વધારી વધે છે ને ઘટાડી ઘટે છે. છતાં દેશકાળ અને સંજોગો ઘણીવાર "જરૂરીયાત" નું એવું સ્વરૂપ બતાવે છે કે માણસો લાચાર બની જાય છે, અને તેને તાબે થઇ તે જેમ દોરવે તેમ દોરાવું પડે છે.

૫૭ પુરૂષાર્થ કરવો એ પુરૂષના સ્વાધીનમાં છે, અને ફળ આપવું એ ઇશ્વરાધિન છે. ઘણીવાર પરમ પુરૂષાર્થ છતાં ફળ પ્રાપ્ત થતું નથી, અથવા ક્રીંચીત ફળ મળે છે, તો કેટલીકવાર સ્વલ્પ પુરૂષાર્થથી પણ મોટું ફળ મળી જાય છે.

૫૮ ક્ષણ પછી શું થશે તેની કોઇને ગમ પડતી નથી, ભીખ માગનાર ભાવી યોગે ઘડિમાં લક્ષાધિપતિ બની જાય છે, અને રાંકનો છોકરો રાજ્યાધિપતી થાય છે, એથીજ એમ કહેવાય છે કે "ઢાંકયા કર્મની કોઇને ખબર પડતી નથી."

૫૯ ગરજ હોય તે વખતની સ્થીતિ જૂદી છે, અને ગરજ સર્યા પછીની સ્થીતિ જૂદી થાય છે, તેમાં ક્ષુદ્ર જનો જે વાડથી વેલો ચઢયો હોય તેનોજ વધ કરે છે.

૬૦ દીનત્વ હ્રદયની દુર્બળતામાં વધારો કરનાર એક મુખ્ય કારણ છે અને તેથી દીનજનો શ્રેયસાધક થઇ શકતા નથી.

૬૧ "અમલ" એક એવી વસ્તુ છે કે ગમે તેવાં જ્ઞાન-ચક્ષુ સતેજ હોવા છતાં અહંકાર રૂપી પડળો તેના ઉપર ફરી વળે છે, એટલે સત્યાસત્ય સુઝતું નથી.

૬૨ અમલથી અંધાપાની અસર ન થાય એવા પુરૂષો

વીરલાજ વીલોકવામાં આવે છે, જેને અમલ છતાં અંવાપો અસર ન કરે એતો મહાત્માજ ગણાય.

૬૩ રાજ્યમદ, લક્ષ્મીમદ, અને યુવાનીનો મદ એ પ્રત્યેક મનુષ્યને અવળે માર્ગે પ્રેરે છે, તો પછી તે સઘળુ સાથે હોય તો શું ન બને? સઘળુ સાથે હોવા છતાં સંસ્કારી પુરૂષોજ સાચવી સંભાળીને રહે છે.

૬૪ જે જેને જોઇએ તે તેને મળતું નથી ત્યાં લગી ભલે બીજું ગમે તે અધીક ઉત્કૃષ્ટ મળે પણ તેનાથી સુખ કે શાન્તી થતી નથી.

૬૫ અધીકાર લક્ષ્મી અને માનનો બોજો જેને એકસાથે દબાવી દે છે તેની દીનજનો તરફ દ્રષ્ટી પહોચતી નથી. તેનું મન પ્રાપ્ત થએલી વિભુતિની વ્યવસ્થા કરવામાંજ ગુંચાઇ જાય છે, અને તેનાં નેત્રો પોતાના સમાન કે પોતાથી શ્રેષ્ટ જનો તરફ આકર્ષાય છે.

૬૬ અધીકારથી યુક્ત છતાં પરોપકારમાં પશ્ચાત રહેલા ઘણા મનુષ્યોને પછીથી પશ્ચાતાપ કરતા જોયા છે, પણ ચોમાસામાં વૃષ્ટીટાણે સરિતાનું જળ વહી ગયા પછી તે પાછું આવવું સંભવેજ કેમ? એતો ગયું તે ગયું ને થયું તે થયું.

૬૭ સંપત્તીમાં કે વિપત્તીમાં સર્વદા એકધારી વૃત્તી કોઇકની જ રહે છે. બાકી તો ઘણા વિપત્તીમાં જે સ્વરૂપે દર્શન દે છે તેથી સંપત્તીમાં તેમનું સ્વરૂપ જુદુ જ ભાસે છે.

૬૮ અધિકાર કે વિદ્યા પાત્રાનુસાર સામાને લાભાલાભ આપે છે, સોનાની કટારી અબુજના હાથમાં આવ્યાથીતો તે અનીષ્ટજ નીપજાવે છે.

૬૯ પ્રત્યુપકાર કરવાના સમયને જાણનાર પુરૂષ જો પોતાના

મીત્રોનું ભલુ કરવા માટે યોગ્ય રીતે વર્તે છે, તો તેનાં રાજ્ય, કીર્તિ તથા પ્રતાપ વૃદ્ધી પામે છે.

૭૦ જે રાજાનો કોષ, સેના, મિત્ર તથા પ્રજા એટલાં વાનાં સ્વાધીન હોય તે મહાન રાજ્યને ભોગવે છે.

૭૧ રાજાએ પોતાનું હીત થાય એવો માર્ગ જણાવવા માટે જેઓને આજ્ઞા આપેલી હોય એવા મંત્રીઓએ તેનું હીત થાય એવાં વચનો તેને અવશ્ય કહેવાં એ નીતિ છે.

૭૨ મદ્યપાનના સેવનથી ધર્મ, અર્થ અને કામ એ ત્રણે પુરૂષાર્થ નાશ પામે છે, અને મોક્ષના દરવાજો બંધ થઇ જાય છે.

૭૩ ઉત્કૃષ્ટ ગુણવાન પુરૂષે અપકૃષ્ટ પુરૂષ પર ક્રોધ કરવો નહીં જોઇએ કારણકે " ભુંડો ભુંડાનો ભાવ ભજવે " એ સ્વભાવિક છે.

૭૪ સત્વગુણી અને પૂર્વજન્મના તપના પ્રભાવથી જન્મેલા હોય તે કદી કોપને વશ થતા નથી પણ સર્વદા એકધારી શાન્ત વૃત્તી રાખી શકે છે.

૭૫ કામતંત્રમાં જેઓની બુદ્ધી જાણીતી નથી, તેઓ કામી સ્વભાવવાળાની પરીક્ષા કરી શકતા નથી.

૭૬ જે પુરૂષ કામાશક્ત થએલો હોય છે તે દેશકાલ પ્રમાણે સાધવા જોઇતા ધર્મ, અને અર્થ એકેને જાણતો નથી તેમ તેને ભય કે લજ્યાની પણ લેશ દરકાર રહેતી નથી.

૭૭ ધર્મ તથા તપશ્ચર્યામાંજ આનંદ પામનારા મહર્ષીઓ પણ કામભોગની અભીલાષાને લીધે સ્ત્રીઓના મોહપાસમાં બંધાય છે.

૭૮ પોતાના સચ્ચરિત્રની રક્ષા કરી મીત્રભાવથી સત્પુરૂષની સ્ત્રીઓ સામે જોવામાં પાપ નથી તોપણ તેની સાથે એકાન્તમાં પ્રસંગ પાડવો ઉચીત નથી.

૭૯ જે રાજા બળ કુળાદિથી સંપન્ન હોય, સૈન્યવાળો હોય, જીતેંદ્રીય હોય, તથા કૃતજ્ઞ અને સત્યવાદી હોય તેજ માત્ર સુખે રાજ્ય ભોગવી શકે છે.

૮૦ જે મનુષ્યો પોતાના ઉપર ઉપકાર કરનારા મિત્રો આગળ ખોટી પ્રતિજ્ઞા કરે તેના જેવો અધમ બીજો એકે નથી.

૮૧ કોઇને એક અશ્વ આપવાની પ્રતિજ્ઞા કરીને તે ખોટી કરે છે તો અશ્વનો નાશ કરવાના પાપનો ભોગી થાય છે, જે એક ગાય દેવાની પ્રતિજ્ઞા ખોટી કરે છે તે સહસ્ત્ર ગોવધનો દોષીત થાય છે, જે પુરૂષ સબંધી કરેલી પ્રતિજ્ઞાનો ભંગ કરે છે તે આત્મહત્યાના દોષનો ભોગી થાય છે.

૮૨ પ્રથમ મિત્રના ઉપકારથી આભારી થઇ જે પુરૂષ તેનો બદલો વાળતો નથી તે કૃતઘ્નતાના દોષને ભોગવે છે, અને તે બહીષ્કાર કરવા યોગ્ય ઠરે છે.

૮૩ ગોવધ, સુરાપાન, ચોરી તથા મીથ્યા પ્રતિજ્ઞાના દોષની શાન્તી સત્પુરૂષોએ કહેલી છે, પણ કૃતઘ્નતાના દોષની તો શાન્તીજ નથી.

૮૪ પરાક્રમી અને બળવાન પુરૂષો સ્ત્રીને ન મારવી એ નીતિનો સર્વથા ત્યાગ કરતા નથી. નીર્બળ મનુષ્યોજ સ્ત્રીઓ ઉપર પ્રહાર કરે છે. "નબળો માટી રાંડ ઉપર શુરો" એ કહેવત એથીજ યોજાઇ છે.

૮૫ મહાન પુરૂષો ઉપકાર કરીને પ્રકાશીત કરતા નથી, મોટી બુદ્ધીવાળા મહા સત્યવંત પુરૂષોનાં ચીત્તજ અલૌકિક કઠોરતાવાળાં હોય છે જેથી ધણીની સ્પૃહા રાખ્યા વગર ઉપકાર કરી ગુપચુપ રહે છે. કારણ કે ઉપકાર ધણીના જાણવામાં આવે તો પ્રત્યુપકાર કરશે અને તેથી કરેલો ઉપકાર જશે એવી તેને શંકા રહે છે.

૮૬ જે પુરૂષ સુંદર શીલવાળી કુળવાન કન્યા પરણીને બરાબર નજરે નથી જોતો તે અતી પાપી છે તેમ કુળવાન કન્યાનો પરીત્યાગ કરીને કુળહીન કન્યામાં આસક્ત થાય તેને મહા પાપી ચંડાલ જાણવો.

૮૭ માયાના વૈભવથી સંભાવના કરેલા અને અભાવથી ઉત્પન્ન થએલા સઘળા પદાર્થો અંતે અભાવનિષ્ટ જ છે, માટે પંડીત પુરૂષોને તેથી મોહ ઉત્પન્ન થતો નથી.

૮૮ અવિદ્યાથી ઉત્પન્ન થએલો દેહ મિથ્યા છે તો પછી દેહ સબંધી જેટલા પુત્રાદિ પદાર્થ દેખાય છે તે મૃગજળની પેઠે મીથ્યાજ કલ્પેલા માનવા જોઇએ.

૮૯ સૈકડો પ્રયાસ કરીને મહા મહેનતે ઉપન્ન કરેલું ને પ્રાણથી પણ અતીશે પ્રિય એવા ધનની એકજ ગતિછે, સન્માર્ગે ધનની ગતિ ન થાય તો તે વીપત્તી રૂપજ લેખવું, કારણકે કુમાર્ગે ખર્ચાતું ધન પાપના ભોકતા બનાવેછે.

૯૦ કુલ, શીલ, જેને માથે કોઇ નિયંતા હોય તેવો વિદ્યાવાળો, ધનવાળો, નિરોગી, અને જુવાન અવસ્થાવાળો, આબરૂદાર એટલા સાત ગુણોથી યુકત હોય તેવાને જોઇ કન્યા આપવી, પછી તે દુઃખી થાય તો તેનું પ્રારબ્ધ સમજવું.

૯૧ મુર્ખ, નિર્ધન, દુર દેશમાં રહેનાર, શુરવીર, મોક્ષની ઇચ્છાવાળો, કન્યાની ઉમરથી ત્રણગણા કરતાં અધીક વયવાળો એટલા દોષયુક્ત વરને કન્યા ન આપવી.

૯૨ રાજાની આજ્ઞાનો લોપ કરવો, સેવક લોકોની આજીવીકાનો છેદ કરવો, તથા સ્ત્રીને જુદી શૈયામાં સુવારવી, એ ત્રણેનો શસ્ત્ર વીના વધ કરવા જેવું થાય છે.

૯૩ પૂર્વના સંચીત કર્મથી રોગની પ્રાપ્તી થાય છે, એ

રોગ આ દેહને ભોગવવા એ આવશ્યક છે, અને તે ભોગવ્યા વગર પ્રારબ્ધ કર્મથી મુક્ત થતું નથી, માટે તેમાંથી મુક્ત થવાને તપસ્વીઓ વ્યાધીની વ્યથા સહન કરે છે.

૯૪ ગમે તેવા પુરૂષને ફસાવવાને માટે ચીત્તને હર્ષ ઉત્પન્ન કરનાર વીષય સબંધી નાના પ્રકારની વાર્તાલાપ કરવામાં ઘણી ચતુર એવી સ્ત્રીઓના ઉપર જે પુરૂષ વિશ્વાસ રાખે છે તે પાછળથી મહા પશ્ચાતાપને પામે છે.

૯૫ સ્ત્રીએ ખંડીત કર્યો એમ માની સામાન્ય મનુષ્યે ઉદ્વેગ કરવાનો નથી, કારણકે રામ જેવા મહાન–પુરણ પુરૂષોતમ પણ તેનાથી ખંડિત થયા છે.

૯૬ સ્ત્રીના કટાક્ષ માત્રથી જ ભલભલાઓની ભ્રમણ દશા થાય છે, એમ ઉમીઆએ ભીલડીનું સ્વરૂપ ધારણ કરી મહા તપસ્વી શીવજીની વૃત્તી ભમાવીને સીદ્ધ કરી આપ્યું છે, તો પછી સામાન્ય મનુષ્યની સ્ત્રીના સપાટામાં સપડાયા પછી માઠી વલે થાય તેમાં આશ્ચર્ય શું ?

૯૭ આપતીમાં પડેલાને જોઇને હસવાનું નથી, લક્ષ્મી કોઇને ઘેર સ્થીર રહી નથી, ને રહેવાનીએ નથી, જળયંત્રમાં ઘડિયાં ભરાય છે ને ઠલવાય છે, તેની પેઠે કોઇ ધનવાન થાય છે, તેજ ક્ષણે કોઇ દારીદ્રવશ થઇ જાય છે.

૯૮ દૈવની વીપરીતતાથી શું નથી થતું? દેવતાના ગુરૂ સાક્ષાત શંકર તેમને પણ દૈવની પ્રતિકુળતાએ પ્રબળ અસર કરી છે તેમના અલકારો જુઓઃ–માણસને કમકમાટ ઉપજાવે તેવી રૂંઢમાળા અને સર્પનું કંઠાભુષણ મળ્યું છે, ભાગલા શરીરનો ભંગી નામે સેવક સાંપડયો છે, અને સંપત્તીમાં ભસ્મ અને માત્ર એક નંદીકેશ્વર છે.

૯૯ દૈવ કોપથી શું ન થાય? સમુદ્રરૂપી ખાઇથી ચારે

બાજુએ સુરક્ષીત લંકાપુરીનો પતિ દશ મસ્તકવાળો રાવણ તે પણ તેના કોપથી નષ્ટ થઇ ગયો.

૧૦૦ અસાર રૂપી ધનથી દાન રૂપી સાર ઉપાર્જન કરી લેવો, વાણીથી સત્યપણું, આયુષ્યથી કીર્તી તથા ધમનો શુભ હેતુ સાધવો, એ રીતે આ અસાર શરીરથી પરોપકારરૂપી સાર સંપાદન કરવો.

૧૦૧ દારીદ્ર રૂપી અગ્નીથી તપેલો સંતોષ રૂપી જળથી શાન્ત થાય છે પણ ગરીબ લોકોની આશા ભાગવાથી ઉત્પન્ન થએલો સંતાપ શાન્ત કરવાનો ઉપાય નથી.

૧૦૨ દેશનો ધણી રાજી થાય તો ગામ આપે, ગામધણી રાજી થાય તો ખેતર આપે અને ખેતરનો ધણી રાજી થાય તો પાકમાંથી થોડું આપે પણ પરમાત્મા પ્રસન્ન થાય તો એવું આપેકે જે આપવાને ત્રીભુવનમાં અન્ય કોઇ સમર્થ નથી.

૧૦૩ ચોરના, દુર્જનના, અને વીશેષે કરી ને શાકિનીના અભીલાષો સીદ્ધ થતા નથી તેથીજ આ જગતની સ્થીતિ નભ્યાં જાય છે.

૧૦૪ આચાર્ય બેવડી વાત કરે છે, વ્યાસને વેસ્યા ચોગણી કરે છે, ભાટ બારગણી કરે છે માત્ર બીજા લોકોજ જેવું હોય તેવું કહે છે.

૧૦૫ જે માણુસ પોતાના અંતઃકરણને અનુસરીને બોલે છે તે કોઇનો દુશ્મન નથી, છતાં પોતાના વિચારને જે દાબી રાખે, શુદ્ધ હૃદયભાવ ન બતાવે તેતો ધુર્તજ ગણાય.

૧૦૬ ઉપદેશકનું કર્તવ્ય તો એટલુંજ છે કે પરમેશ્વરને અંતઃકરણપૂર્વક પુજવાનો લોકોને ઉપદેશ આપવો, જે જીવન

સંપૂર્ણ રીતે વીશુદ્ધ હોય તેજ જીવન ધાર્મીક છે, બળીદાન ધુમાડો છે, ને બાહ્યાચાર પડછાયો છે.

૧૦૭ જ્યારે અંતઃકરણને વિદેશીય સામર્થ્યની જરૂર પડે છે ત્યારે ભ્રષ્ટ થઇ જતું તેને અટકાવવા માટે પ્રવાસનું સાધન ઔષધનું કામ કરે છે.

૧૦૮ સરખે સરખાંને અરસપરસનું આકર્ષણ થાય છે એટલે જેવા આપણે હોઇએ તેવા આપણી મીત્રતા કરે છે.

સર ૧૦ મી.

૧ કાળની અનંતતા આગળ મનુષ્યની જીંદગી ટુંકી છે, એ ટુંકી જીંદગીમાં જે જે દુઃખ કે આપત્તી આવી પડે તેને ધીરજથી સહન કરવામાંજ મનુષ્ય હૃદયની મોટાઇ છે, અને તેમાંજ મનુષ્યની જીંદગીનું સાર્થક પણ છે.

૨ મનુષ્યનું હૃદય શરમાળ નહીં પણ હીંમતવાન જોઇએ, જેઓ હીંમતવાન છે તેઓજ જગતમાં નામના કરી શકે છે.

૩ જે વીરત્વ દર્શાવી જગતમાં નામના કરે છે તેજ ઇશ્વરના અધીક અંશથી યુક્ત છે અને પુજનીક થઇ પડે છે.

૪ ભલે રાજ્ય, ધન, ધાન્યસંચય, દેહભુષણ, પાંડિત્ય, ભુજ પરાક્રમ, વાગ્વૈદગ્ધ્ય, ઉત્તમ જાતી, શુદ્ધ કુલ, સર્વ ગુણ ગણ, એ બધું હોય પણ અતિ ગહન એવા સંસારરૂપી કારાગૃહમાંથી આત્માને છોડાવ્યો નથી તો એ બધું વૃથા છે.

૫ કોઇએપણ જો પોતાના હીતની ઇચ્છા હોય તો સાક્ષરોને કોપાવવા નહીં, કેમકે તે જો વિપરીત થઇ જાય તો તે પ્રત્યક્ષ રાક્ષસનું રૂપજ ધારણ કરે છે, સાક્ષરા એનું વિપરીત રાક્ષસજ છે.

૬ બાલ્યમાં સુતને, સુરતમાં અંગનાને, કવિની સ્તુતીમાં સર્વને, અને યુદ્ધમાં સુભટોને તુંકારાથીજ બોલાવાય છે, શુદ્ધ પ્રેમોર્મિનો ઉદ્ગાર તુંકારા યુક્ત હોય તોપણ તે પ્રિય લાગે છે.

૭ શૌચહિન, વિવશ શરીર વાળું, કેશ છુટા મુકેલું, હસતું, થુંકતું, રોતું, મદન પરવશ, બગાસાં ખાતું, પડી જતું, ભય પામેલું, વિવસ્ત્ર, બલહીન, લંઘન કરતું, ઉચીષ્ટ ધ્યાન કરતું, એવું જે હોય તેનામાં તે તે છીદ્રદ્વારા દુષ્ટ સત્વો ભરાય છે.

૮ પૃથ્વીમાં વીવીધ આશ્ચર્ય જોવામાં આવે છે, સજ્જન ને દુર્જનનો ફેર સ્પષ્ટ માલમ પડે છે, માટે પૃથ્વીમાં પરિક્રમણ કરવું અવસ્યનું છે.

૯ વ્રત તથા ઉપવાસાદિ કરવામાં તત્પર એવી ધર્મીષ્ટ સ્રી પણ જો પોતાના સ્વામીને અનુકુળ થઇ ન વર્તે તો મહા અધમ ગતિને પામે છે.

૧૦ દેવતાઓ વગેરેનાં પુજન અર્ચન તથા નમસ્કારાદિથી નિવૃત થએલી–તેવું કશું ન કરનારી સ્રી પણ જો પોતાના પતિની સેવામાં તત્પર રહે તો તેને ઉત્તમ સ્વર્ગની પ્રાપ્તી થાય છે.

૧૧ વેદની શ્રુતી તથા સ્મૃતિયોમાં સ્પષ્ટ પણે કહેલું છે કે સ્રીએ પોતાના પતિનાજ પ્રિય તથા હિતમાં પ્રીતિ રાખી નિરંતર તેની શુશ્રાષા કરવી એ તેનો ધર્મ છે.

૧૨ શ્રેષ્ટ આચરણો વડે તથા અતિ પ્રયત્ન વડે સેવન કરવાથીજ રાજા પ્રસન્ન થાય છે નહીંતો ક્રોધ પામે છે.

૧૩ આર્યપુત્ર, માતા, પીતા, ભ્રાતા, તથા કુલવધુઓ એ સૌ પોત પોતાના ભાગ્યનીજ ઉપાસના કરે છે અર્થાત તે સૌ પોત પોતાનાં કર્માજ ભોગવેછે, પણ સ્રીતો પોતાના પતિના ભાગ્ય પ્રમાણે કર્મ ફળો ભોગવવા માટે સહાધીકારણી છે, કેમકે સ્રીને પિતા, પુત્ર, માતા, પોતાનું શરીર અથવા સખીજન એમાંથી કોઇપણ આ લોક કીંવા પરલોકમાં તેણીનું સાથી નથી.

૧૪ પતિનો વિયોગ પામેલી સ્રી જીવીત ધારણ કરી શકતી નથી, અને તેથી પતિવૃતા સ્રી પતિ વિરહનું દુખ વેઠવા કરતાં મૃત્યુના મુખમાં જઇ પડવાનું વધારે પસંદ કરે છે, વીરાંગનાઓ પતિના મૃત્યુથી તેની સળગતી ચીત્તામાં પડી પ્રાણદાન દેતી એ તેનું પ્રત્યક્ષ પ્રમાણ છે.

૧૫ આ લોકમાં માતા પીતાએ જળથી સંકલ્પ કરીને જે કન્યા જે પુરૂષને આપી તે કન્યા મરણ પછી પોતાના સ્વધર્મે કરી તેજ પુરૂષની સ્રી થાય છે.

૧૬ અંતઃકરણ આપણને અંદરખાનેથી કહે તેજ પ્રમાણે બોલવું તથા વર્તવું, અંતઃકરણનું સત્ય સ્વરૂપ વિશુદ્ધ હોવાથી તેને અનુસરીને બોલનાર તથા વર્તનારથી વિશુદ્ધાતનો લોપ થતો નથી.

૧૭ પૃથ્વીને વીશે પિતાદિનું આરાધન કરવા સમાન બીજું કાંઇ પવિત્ર નથી ને તેટલા માટેજ મનુષ્યોએ તેમનું આરાધન કરવું ઉચીત છે.

૧૮ જો મનુષ્ય પિતાદી ગુરૂ જનોની ઇચ્છા પ્રમાણે વર્તે તો તેને સ્વર્ગ, ધન, ધાન્ય, વીદ્યા, પૂત્ર તથા અનેક પ્રકારનાં સુખો એમાંનું કશું દુર્લભ નથી.

૧૯ માતા પીતાદિને પરાયણ રહેનારા મહાત્મા પુરૂષોને દેવલોક, ગાંધર્વ લોક, બ્રહ્મલોક, ગોલોક અને બીજા પણ ઇચ્છીત લોકોની પ્રાપ્તી થાય છે એમાં સંદેહ નથી.

૨૦ જેના હાથમાં લોઢાને સ્પર્શથી સુવર્ણ બનાવનાર પારસમણી છે, તે મનુષ્ય હજારો રત્ન કે સુવર્ણના ઢગલાથી કેમ લોભાય? બ્રહ્મજ્ઞાન રૂપી પારસમણીથી યુકત પુરૂષને સંસારના માયીક પદાર્થમાં મોહ થાયજ નહીં.

૨૧ બુધ્ધીમાન પુરૂષો વારંવાર ક્ષત્રિય બળ કરતાં બ્રહ્મ બળને અધીક ગણતા આવ્યા છે, બ્રહ્મબળ પરમ દીવ્ય છે, વસીષ્ટના બ્રહ્મબળ આગળ વિશ્વામિત્રનું ક્ષત્રિય બળ સર્વથા નિષ્ફળ નીવડ્યું હતું.

૨૨ પુરૂષાર્થ એ ખરેજ નિષ્ફળ, અને દૈવજ સદા પ્રબળ

છે, કારણકે દેવે કરીનેજ સર્વને પરાભુત કરી શકાય છે, અને દેવજ સર્વેની પરમ ગતિ છે.

૨૩ ક્રોધ એ સર્વથા–સર્વદા સત્કર્મ નાશ કરે છે, ક્રોધથી વીશ્વામિત્ર રૂષીનું અદ્ભૂત તપોબળ નષ્ટ થઇ ગયું હતું.

૨૪ પ્રજાની રક્ષા ન કરનાર રાજા દોષપાત્ર થાય છે ને તે દોષ તેનો નાશ કરે છે.

૨૫ પિતાને હરકોઇ રીતે સહાય થવું એ પુત્રનો સ્તુત્ય ધર્મ છે, શુનઃશેફ઼ઃ પિતાના મનની મુઝવણ મટાડવાને પ્રાણદાન દેવાને તત્પર થયો હતો.

૨૬ જગતમાં ધર્મજ સર્વોત્તમ છે. ધર્મમાંજ સત્ય પણ રહ્યું છે. પીતાનું વચન પાળવું એ પણ ઉત્તમ ધર્માશ્રીત છે.

૨૭ ધર્મનો આશ્રય કરી રહેલા પુરૂષે પિતા, માતા, તથા બ્રાહ્મણના વાક્ય પ્રમાણે કરવાની પ્રતિજ્ઞા લઇને પછી તેને નીષ્ફળ કરવી નહીંજ જોઇએ.

૨૮ ધર્મનો આશ્રય મુકી દઇ ક્ષત્રિય ધર્મવાળી એટલે પીતા તથા ભાઇઓનો ઘાત કરવાની નિંદીત મતિનો આશ્રય કરવો એ ધર્મશીલ, સત્યાવલંબી પુરૂષોને માટે યોગ્ય નથી.

૨૯ જગતમાં ધર્મ સમાન કોઇ વસ્તુ નથી, અને આ અવતારમાં પુરૂષને મળેલા ધર્મ, અર્થ અને કામ, એ ત્રણ પુરૂષાર્થો પણ પુર્વે તેણે આચરેલા ધર્મનાંજ ફળ છે.

૩૦ અનુકુળ, પુત્રવાળી પ્રિય એક સ્રીથી જેમ પુરૂષને અતિથિ, પુજનાદિ ધર્મસાધન, સુખ ભોગાદિ કામસાધન, તથા પરલોક ગમન રૂપ અર્થસાધન થાય છે, તેમ માત્ર એક ધર્મથી પણ પુર્વોક્ત ત્રણે સાધન પુરૂષને પ્રાપ્ત થાય છે.

૩૧ પુરૂષે જે કામમાં ધર્માદ ન હોય તેનો આરંભજ

કરવો નહીં, માત્ર જેનાથી ધર્મ સધાય એવાંજ કાર્ય કરવાં, કારણુ કે ધર્મથી વિરૂદ્ધ ને કેવળ અર્થનેજ પરાયણુ હોય એવો પુરૂષ જગતમાં દ્વેશભાવને પામે છે, ને તેવી જ રીતે કેવળ કામ પરાયણુ પુરૂષ પણુ અતિ નીંદાપાત્ર છે.

૩૨ ગુરૂ, રાજા, પિતા અને વૃદ્ધો ક્રોધથી, હર્ષથી, અથવા કામથી જે કંઇ કાય કરવાની આજ્ઞા આપે તે ધર્મ જાણીને કરવું, એમ શાસ્ત્રો કહે છે.

૩૩ સ્રીને પોતાનો પતિ એજ સહધર્મવાન હોવાથી, પોતાની ગતિરૂપ છે, તેથી તેણે પ્રાણાન્તે પણુ પતિ આજ્ઞા ભંગ કરવી નહીં.

૩૪ સર્વ વાતે દૈવ જ પ્રબળ છે, ને પુરૂષાર્થ તો કાગયે બેસવું ને ઝાડને પડવું તેની પેઠે માત્ર નીમીત્ત ભુત જ થાય છે.

૩૫ જીવ માત્રને સુખ, દુઃખ, ભય, ક્રોધ, લાભ, અલાભ, બંધન તથા મોક્ષ એમાંથી જે કંઇ પ્રાપ્ત થાય છે તે માત્ર દૈવજ પ્રાપ્ત કરાવે છે.

૩૬ અતિ ઉગ્રતપ કરનાર રૂષીઓ પણુ દૈવની પ્રેરણાથી પોતાના તિવ્ર નિયમોનો ત્યાગ કરીને કામક્રોધાદિ વડે પરાભવ પામે છે.

૩૭ મોટા યત્ને કરી આરંભેલા કાર્યને પણુ એકાએક ફીટાડી નાખી વચમાંજ કંઈ પણુ અણુધારેલો અકસ્માત પ્રાણીને આવી પડે છે તે પણુ દૈવનુંજ કર્મ છે.

૩૮ રાજ્ય તથા વનવાસ એ બેમાં વનવાસ વીશેષ કલ્યાણુકારક છે, કારણુ એથી એકતો પ્રજાનાં કૃત્ય તથા અકૃત્ય સબંધી ચીંતા ટળે છે, અને આત્મ કલ્યાણુ સાધી શકાય છે.

૩૯ વિકલ્પ તથા વીર્યહિન પુરૂષ તેજ કેવળ દૈવાધિન

રહી પુરૂષાર્થમાં પ્રવર્ત થતો નથી, શૂરવીર અને સર્વત્ર પ્રસીદ્ધ પરાક્રમવાળો પુરૂષ કદી તેમ કરતો નથી.

૪૦ પુત્ર પિતાની આજ્ઞામાં રહેવું એજ શ્રેષ્ટ માર્ગ છે પછી ભલે સઘળાં સુખ વૈભવનો વિલય થાય, પિતાની આજ્ઞા પાલક થવાનો ધર્મ માયીક સઘળાં સુખ વૈભવ કરતાં એ વિભુતિને પ્રાપ્ત કરાવનાર છે કે તેની અન્ય કશા સાથે તુલના જ ન થઇ શકે.

૪૧ વૃત તથા ઉપવાસાદિ કરવામાં તત્પર એવી ધર્મીષ્ટ સ્ત્રી પણ જો પોતાના સ્વામીને અનુકુળ થઇ ન વર્તે તો મહા અધમ ગતિને પામે છે.

૪૨ દેવતાઓ વગેરેનાં પુજન અર્ચન તથા નમસ્કારાદિથી નીવૃત થએલી સ્ત્રી પણ જો પોતાના ભર્તારની સેવામાં તત્પર રહે છે, તો તેને ઉત્તમ સ્વર્ગની પ્રાપ્તી થાય છે.

૪૩ વેદની શ્રુતિ તથા સ્મૃતિઓમાં સ્પષ્ટપણે કહેલું છે કે સ્ત્રીએ પોતાના પતિના જ પ્રિય, તથા હીતમાં પ્રીતિ રાખી નિરંતર તેની શુશ્રૂષા કરવી એજ તેનો ધર્મ છે.

૪૪ જગતમાં ધર્મીષ્ટ પુરૂષોને જન્મ આપવા માટે તેમની માતુશ્રીઓ ધન્યવાદ પામે છે, અને એમ જ કહેવાય છે કે "ધન્ય છે એની જનનીને"

૪૫ સ્ત્રીને સુંદર પ્રાસાદ ઉપર ચઢવું, વીમાનમાં બેસી આકાશમાં ફરવું, તથા અણીમાદિ આઠે સીદ્ધીઓના સુખનો અનુભવ કરવો એ સર્વ કરતાં પણ પતિના ચરણની સેવા કરવી એ અધીક છે, એટલુંજ નહીં પણ શ્રુતિ સ્મૃતિમાં કહેલા ધર્મનો પણ ત્યાગ કરીને તેણીએ કેવળ પતિની સેવા કરવી એ પૂર્વોક્ત સર્વ સુખો કરતાં અધીક છે.

૪૬ આમ્રવૃક્ષને સુકાતું મુકી લીમડાના વૃક્ષનું કયો

પુરૂષ સેવન કરે? ગમે તો તેના મુળમાં નિરંતર દુધ સીંચો તો પણ તે પોતાની કડવાશ મુકીને મધુર થશે નહીં, તેની પેઠે જાતી સ્વભાવ કદી મુકાતો નથી.

૪૭ દીકરાઓ પિતા સરખા ગુણવાળા અને દીકરીઓ માતાના જેવા ગુણવાળી થાય છે અને તેથીજ "બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા" તથા "મા તેવી દીકરી ને ઠામ તેવી ઠીંકરી" એ કહેવતો પ્રચલિત છે.

૪૮ હરકોઈ પ્રકારે પ્રજાને સુખ આપવું, એજ રાજાનો ધર્મ છે, અને પ્રજાને દુખ દેનાર રાજા નાશ પામે છે, આ કારણથી પ્રજાનું હીત ઇચ્છી સગર રાજાએ પોતાના પુત્ર અસમંજનેવનવાસ આપ્યો હતો.

૪૯ કોઇ પણ જાતના દોષથી રહિત અને સન્માર્ગેજ વર્તનારને પ્રીતિમાન એવા પુરૂષનેજ સેવવો-તેવાનો હીતની અપેક્ષાવાળાએ કદી ત્યાગ ન કરવો.

૫૦ ગૃહસ્થાશ્રમી પુરૂષોને સ્ત્રી એ તેમના આત્મારૂપ છે અર્થાત્ પોતાના જેટલોજ પોતાની સ્ત્રીનો અધિકાર છે.

૫૧ જે સ્ત્રી પોતાના સ્વામીને દુખ સમયે સેવતી નથી, તે જો કે પ્રીયજનોમાં માન પામેલી હોય છે તો પણ આ લોક તથા પરલોકમાં અસતી (દુષ્ટા) સ્ત્રીની ગણનામાં આવે છે.

૫૨ અસતી સ્ત્રીઓ પ્રથમ પોતે પતિથી સુખનો અનુભવ કરીને જ્યારે પતિને રોગ અથવા દારિદ્રાથી આપત્તી આવી પડે છે ત્યારે તેના દુખમાં ભાગ ન લેતાં ઉલટી તેને અનેક પ્રકારનાં દુષીત વાક્યો કહે છે એ દુષ્ટ સ્ત્રીઓ અસત્ય ભાષણને પોતાના શીયળરૂપ ગણે છે.

૫૩ અસતી સ્ત્રીઓના નેત્રોનો વ્યાપાર ઘણી વિકૃતિભરેલો હોય છે, દુષ્ટ પરપુરૂષની પાસે જવામાં તે મોટું સુખ માને છે,

પોતાના પતિ ઉપર તેઓનો સદા અભાવ હોય છે, જારકર્મ કરવામાં તેઓ કોઈ વાતે અચકાતી નથી, અલ્પ નીમીત્તે પણ ક્ષણ માત્રમાં પોતાના પતિના સ્નેહનો નાશ કરી નાખે છે.

૫૪ અસતી સ્ત્રીનું હૃદય સદા અસ્થીરજ રહે છે, ને તેણીના ઉત્તમ કુળની લાજ, કોઇએ કરેલો ઉપકાર, ગુરૂએ ઉપદેશેલો ધર્મ, પતિએ આપેલાં ઇચ્છીત વસ્ત્રાભુષણો, તથા તેણીએ કરેલા વ્યભીચારના અપરાધને ક્ષમા કરીને તેના પતિએ કરેલો તેનો સ્વીકાર એટલી વસ્તુઓ પણ તેણીના અસ્થીર હૃદયને સ્થીર કરી શકતી નથી.

૫૫ પતીવૃતા સ્ત્રીઓ તો સૌથી પરમ પવિત્ર સાધન પોતાના પતિનેજ માને છે, તેઓનાં ચરિત્રો અતી શ્રેષ્ટ હોય છે, સત્ય વચન બોલવામાં તથા સદાચરણ પાળવામાં જ તેઓ પોતાનું ભુષણ સમજે છે, ગુરૂજનોએ કરેલા ઉપદેશની અને પોતાના શ્રેષ્ટ કુલાચારની મર્યાદાનું તેઓ કદી ઉલ્લંઘન કરતી નથી, પતીને પ્રભુ માની તેની નિરંતર સુખમાં અથવા દુઃખમાં સેવા કરવાનોજ તેમનો સ્વભાવ હોય છે.

૫૬ પતિવૃતા સ્ત્રીએ બીજાં સર્વ સાધનનો ત્યાગ કરી પતીની અનુકુળતામાં રહેવું એજ શ્રેષ્ટ ધર્મ છે, પતિ નીર્ધન હોય વા સધન હોય, સુખી વા દુઃખી ગમે તે સ્થીતિમાં હોય, તોપણ કદાપી તેની અવજ્ઞા કરવી નહીં, અને પતિ છે તે પ્રભુ તુલ્ય છે એમ માની સર્વદા તેની સેવામાં તત્પર રહેવું.

૫૭ કનીષ્ટ બંધુએ જેષ્ટ બંધુની આજ્ઞામાં રહેવું એ શ્રેષ્ટ ધર્મ છે, કનીષ્ટ બંધુને જેષ્ટ ભાઇ પિતા તુલ્ય છે.

૫૮ રાજાનું સનાતન આચરણ એ છે કે, પાત્રને દાન આપવું, યજ્ઞદીક્ષા લેવી, પ્રજાનું સંરક્ષણ કરવું, યુદ્ધને વીશે શરીર રહેવાની ઇચ્છા ન રાખી યુદ્ધ કરવું.

૫૯ દેવ આગળ મોટાં બ્રહ્મચર્ય, વેદાધ્યન, તથા વ્રત નિયમ વીનાનાં ફળનો પણ ઉદય થઇ શકતો નથી.

૬૦ પતિ જો કે ગુણી અથવા ગુણ વગરનો હોય તોપણ ધર્મ જાણનારી સ્ત્રીઓને તો તે ઈશ્વર રૂપ છે.

૬૧ જે સ્ત્રીને આ લોકમાં તથા પરલોકમાં સ્તુતિપાત્ર થએલા તેણીના બુદ્ધીમાન પતિને પ્રસન્ન કરવી પડે તે સ્ત્રી જગતમાં કદી કુલીન કહેવાય નહીં.

૬૨ શોક સમાન જગતમાં મનુષ્યોનો બીજો કોઇ શત્રુ નથી કારણ કે તે મનુષ્યનાં ધૈર્ય શાસ્ત્રોમાંથી શ્રવણ કરેલું જ્ઞાન, તથા સર્વસ્વનો નાશ કરે છે.

૬૩ શોક એ એક પરમ શત્રુ છે શત્રુના હાથથી થએલો પ્રહાર મનુષ્યથી સહન થાય છે, પરંતુ હરકોઇ કારણને લીધે પ્રાપ્ત થએલો થોડો પણ શોક સહન થઇ શકવો કઠીણ છે.

૬૪ જે પુરૂષ શુભ અથવા અશુભ જેવાં કર્મ આચરે તે તેના તેવા ફળને નિશ્ચે પામેજ છે, તેમ જે પુરૂષ આ લોક તથા પરલોક સબંધી કર્મનો આરંભ કરે તે વેળા તેના નાના મોટા તથા સારા નરસા ફળનો અથવા તે કર્મના દોષનો વીચાર કરી તેને યથાથ જાણે નહી તે પુરૂષ બાળક સમાન અજ્ઞાની છે.

૬૫ કોઇ પુરૂષ આંબાના ઝાડને કાપી નાખી ખાખરાના ઝાડને જળનું સીંચન કરે ને તેના ઉપર ખીલેલા મોટા પુષ્પને જોઇ તેને મોટાં ફળો બેસવાની આશા રાખે પણ જ્યારે તેને ફળ આવે ત્યારે પોતે ધારેલા મોટા ફળનો અભાવ જોઇ નિરાશ થઇ પછી તે જેમ આંબાને કાપી નાખવા માટે શોચ કરે તેમ જે પુરૂષ આ લોક પરલોક સબંધી પોતાના કર્ત્તવ્ય કર્મને જાણ્યા વગર તે કરવા દોડે તો તેના ફળોદય સમયે નીશ્ચે પશ્ચાતાપ પામે છે.

૬૬ રાજાએ તથા રાજપુત્રોએ તપસ્વીઓના આશ્રમ-સ્થાન વીશેનાં વૃક્ષો, જળાશયો તથા પ્રાણીઓ વગેરેને કોઇ પણ પ્રકારની પીડા કે ઉપદ્રવ ન થાય તેવી રીતે વર્તવું જોઇએ.

૬૭ રાજાના વીશ્વાસુ ચાકરને પણ સમજાવી ભેદ પમાડનાર નીર્ભય તથા સ્મૃદ્ધીની ઇચ્છાવાળા એવા દુષ્ટ સેવકનો અને રાજાની પાસેથી ઘણું દ્રવ્ય પ્રાપ્ત થાય એ સારૂ કપટવડે રાજાના વ્યાધી વધારનાર વૈદનો જે રાજા નાશ કરતો નથી તે પોતે જ તેઓના હાથે નાશ પામે છે.

૬૮ નાસ્તીક્ય, અનૃત, ક્રોધ, પ્રમાદ, આલસ્ય, પંડીતનું અપમાન, નિત્ય કરવાનાં કૃત્યો વીશે આળસુપણું, ચક્ષુ આદિ પાચે ઇંદ્રીઓને વશ થવું, રાજ્ય સબંધી અર્થનો એકલાએ વીચાર કરવો, જેમનો વિચાર લેવા યોગ્ય ન હોય એવા વિપરીત દ્રષ્ટીવાળાઓ સાથે વીચાર કરવો, મંત્રીઓ સાથે નિશ્ચય કરેલા કાર્યનો આરંભ કરવામાં વિલંબ, નિશ્ચય કરેલા કાર્યને ગુપ્ત રાખવામાં અસાવધપણું, પ્રાતઃકાલને વીશે નિત્ય કર્માનુષ્ઠાન કરવા માટે અનાસ્થા, સર્વ દીશાઓમાં રહેલા શત્રુઓ ઉપર એકદમ દંડ નીતિ ન વાપરવી, અથવા મહત્ પુરૂષને આવતો જોઇને આસન ઉપરથી ઉઠીને ઉભા ન થવું એ ચૌદ રાજાના દોષ કહેવાય છે.

૬૯ પીતાને તથા પતિને અર્થાત્ પુરૂષને-પોતાના પુત્રો તથા સ્ત્રીઓને પોતાની ઇચ્છા પ્રમાણે આજ્ઞા આપવાનો અધીકાર છે, કારણકે સજ્જન પુરૂષોએ સ્ત્રી, પુત્ર તથા શીષ્યને અનુક્રમે, પતિ, પીતા તથા ગુરૂની આજ્ઞાને વહન કરનારાં કહેલાં છે.

૭૦ સર્વ સત્કૃત્ય પિતાને પોતાની ઇચ્છા પ્રમાણે પુત્ર પ્રત્યે આજ્ઞા આપવાનો અધીકાર છે, તેટલો જ માતાને પણ

છે માટે ધર્મશીલ માતા પિતાની પુત્રોએ આજ્ઞા ઉઠાવવી જ જોઇએ.

૭૧ સર્વજનો રાજાને મનુષ્ય જાણે છે, પણ રાજા એ મનુષ્ય રૂપે દેવ છે જેથી તેનું ધર્મ તથા અર્થ સબંધી આચરણ દેવ સરખું જ હોવું જોઇએ.

૭૨ પ્રિય પુત્રે આપેલું ઉદકદાન પુરૂષને પિતૃલોક વિશે અક્ષયપણે પ્રાપ્ત થાય છે તેથી જ મનુષ્યો પુત્રોની અભીવાંચ્છના રાખે છે.

૭૩ જેમ વર્ષાકાળમાં જળના મહા વેગથી મજબુત પાજ તુટી પડવાને લીધે વહી જતું જળ અટકાવવું અશકય છે, તેમ રાજાના અત્યાચારથી પ્રજાના અંતરમાં ઉપજતો અસંતોષ નીવારવામાં દુર્ઘટતા સમાએલી છે અને તેટલા જ માટે પ્રજાના હૃદયમાં અસંતોષને સ્થાન ન મળે તેવી રીતે વર્તવાની રાજાની ફરજ છે.

૭૪ ગરૂડની પાછળ ગતિ કરવાને બીજાં પક્ષીઓ સમર્થ નથી તેમ નિર્બળ રાજાથી રાજ્યની પ્રજાનું પાલન થઇ શકતું નથી.

૭૫ પ્રાપ્ત ન થઇ શકે તેવા ફળની મનુષ્યે ઇચ્છા ન રાખવી. વામણો વૃક્ષ વાવી ઉછેરે તેને ફળ આવે પણ ઉપર ચઢી ફળ લેવાને તે શકતીવાન નથી તો પછી તેની આશા વ્યર્થ છે.

૭૬ અપત્યનો ધર્મ જ છે કે પિતાએ ભુલથી કંઇ વિપરીત આચરણ કર્યું હોય તો તેનું ઉત્થાપન કરી જે વડે પીતાનું હીત થાય તેવું આચરણ કરવું, એમ કરનારને જ જગતમાં અપત્ય કહે છે, પીતાનું પતન ન થવા દેવું અર્થાત્ વીપરીત કર્મ કરી દુર્ગતીએ જતાં તારે તે અપત્ય કહેવાય.

૭૭ ધર્મજ્ઞ–ધર્મ જાણનાર પુરૂષોએ ચારે આશ્રમો કરતાં ગૃહસ્થાશ્રમ શ્રેષ્ટ કહેલો છે, કારણ કે ગૃહસ્થાશ્રમીને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરૂષાર્થ સાધવાને યથાવકાશ મળે છે.

૭૮ જગતમાં કોણ કોનો બંધુ છે? ને કોના સબંધથી કશુ પ્રાપ્ત થાય છે? એકજ જંતુ ઉત્પન્ન થાય છે ને તે એકલો જ નાશ પામે છે તેથી જે પુરૂષ આ મારી માતા, તથા આ મારો પીતા એમ જાણી તેઓમાં આસક્ત થાય છે તેને ઉન્મત સમાનજ જાણવો, કોઇ કોઇનું નથી.

૭૯ જેમ કોઈ પુરૂષ દેશાન્તરે જતાં માર્ગમાં કોઇ જગોએ ઉતારો કરે ને બીજે દીવસ થાય ત્યારે તે ઉતારાનો ત્યાગ કરીને ચાલતો થાય તેવીજ રીતે આ મનુષ્યોના માતા, પીતા, ગૃહ તથા દ્રવ્યાદી સર્વ ઉતારા રૂપ છે તેથી સજ્જન પુરૂષો એમને વીશે આસક્ત થતાજ નથી.

૮૦ આ કર્મભુમીને પામીને મનુષ્યે જે કર્મ કરવું તે શુભજ કરવું, કારણ અગ્ની વાયુ તથા સોમ એ તે કર્મોના ફળ ભાગી છે. વળી દેવતાઓનો રાજા ઇંદ્ર સો યજ્ઞ કરવા રૂપ શુભ કર્મ કરી સ્વર્ગ પ્રત્યે ગયો છે ને મહર્ષિઓ પણ ઉગ્ર તપ રૂપ સત્કર્મને સેવીને સ્વર્ગ પ્રત્યે ગયા છે.

૮૧ પ્રિય વચન બોલવાપણું અને દ્વીજ, દેવ તથા અતીથીઓનું પુજન એ સ્વર્ગ પ્રત્યે જવાના માર્ગ છે, એમ સંત પુરૂષો કહે છે, માટે સંત પુરૂષોનાં વચનોથી એ મુખ્ય ધર્મને જાણી, તેમજ જાણ્યા પછી અનુકુળ તર્ક વડે તેનો નિર્ણય કરી સાવધાન બ્રાહ્મણો તે સકળ ધર્મનું યથાર્થ આચરણ કરીને ઉત્તમ લોકની પ્રાપ્તીની ઇચ્છા કરે છે.

૮૨ પોતાનો પતિ જો કે નગરમાં કીંવા ઘોર અરણ્યમાં વસનારો, તેમજ પોતાને અનુકુળ અથવા ગમે તેવો પ્રતિકુળ

હોય તો પણ તેને પ્રભુ માનીને જે સ્ત્રી તેને પ્રીતિ વડે અનુકુળ થઇ રહે છે તેને આ લોકમાં નિરંતર સુખની પ્રાપ્તી થાય છે, એટલુંજ નહીં પણ દેહાન્ત પછીએ તેને અવિનાશી શુભ લોકની પ્રાપ્તી થાય છે.

૮૩ પતિ દુઃશીલવંત હોય, અતિ કામી હોય, અથવા ધન રહીત હોય તો પણ સ્તુત્ય સ્વભાવવાળી સ્ત્રીનું તે પરમ દૈવત છે.

૮૪ સ્ત્રીએ અખંડ તપ કરવાની પેઠે આ લોક, પરલોકનાં સુખ પ્રાપ્ત કરવા માટેનાં સર્વ સાધનો વડે તેણીના પતિનેજ ભજવા યોગ્ય છે, કારણ કે ઘણીક રીતના અનુભવથી તથા પરા પૂર્વના વીચારથી સીધ્ધ થાય છે કે તેણીનો પરમ હીતકર્તા પતી ઉપરાંત અધીક બીજો કોઇ નથી.

૮૫ લોકમાં નિંદાપાત્ર અસત્ સ્ત્રીઓ કે જેઓનાં હ્રદય માત્ર કામનેજ વશ હોય છે, જેઓ પતિને આજ્ઞા કરવામાં શરમ આણતી નથી, વિષય સારૂ પતિની યાચના કરે છે, ને સ્વતંત્ર થઇ ઇચ્છામાં આવે ત્યાં જવાને અચકાતી નથી તેઓ ગુણવાન વા દોષવાન પતિની સાથે જયાં જાય ત્યાં વીચરતી નથી, અને માન મેળવી શકતી નથી.

૮૬ ગુણવતી, તથા લોક પરાવર, જાણનારી સતી સ્ત્રીઓ પૂણ્ય કરનારની પેઠે સ્વર્ગે સંચરે છે. પણ અયોગ્ય કાર્યને વશ થએલી સ્ત્રીઓ ધર્મભૃષ્ટ થઇ અપયશ પામે છે.

૮૭ પોતાના પતિની અનુવ્રતા, અતી પ્રધાના, સમયાનુવર્તીની, અને ભર્તારની સહધર્મચારિણી, સ્ત્રી ધર્મ તથા યશને પામે છે.

૮૮ સ્ત્રીનો સર્વ વાતે પતિ ગુરૂ છે, અને તેથી સર્વદા સ્ત્રીને તો તેજ પુજવા ને ભજવા યોગ્ય છે.

૮૯ પોતાનો પતિ જોકે શ્રેષ્ટ આચરણુ રહીત અને વૃતીહીન હોય તો પણુ સતી સ્ત્રીએ પોતાની પતી પત્ની રૂપ જોડીમાં ભેદ ન પડે તેવી રીતે તેની સાથે અતી પ્રીતી સહીત વર્તવું જોઇએ.

૯૦ સ્ત્રીએ પતિની શુશ્રુષા કરવા ઉપરાંત અન્ય તપ કરવાનું છેજ નહીં. જુઓ મહા સતિ સાવીત્રી પોતાના પતિની શુશ્રુષા કરીને જ સ્વર્ગ પ્રત્યે રહી હર્ષ પામે છે, સતી અનસુયાની પણુ પતિસેવામાં મગ્ન રહેવાથી એ સ્થીતિ પ્રાપ્ત થઇ છે, અને સર્વ સ્ત્રીઓ વીશે શ્રેષ્ટ તથા સ્વર્ગમાંની દેવતારૂપ રોહીણી, પણુ પોતાના પતી ચંદ્રની સેવાને લીધેજ તેનાથી એક મુહુર્ત પણુ વીખુટી દેખાતી નથી. વળી એવા પ્રકારનાં પતિ સબંધી દ્રઢ વૃતોવાળી અરૂંધતી આદિ શ્રેષ્ટ સ્ત્રીઓ પણુ પતિ સેવારૂપ પૂણ્ય કર્મે કરી સ્વર્ગને શોભાવે છે.

૯૧ આ લોકને વીશે પુરૂષને ત્રણુ પ્રકારનાં કામજન્ય વ્યસન વળગે છે, તેમાં પ્રથમ પોતાનો દેહ, સ્ત્રી તથા પુત્રાદિ વીશેની પ્રીતિને લીધે મીથ્યા ભાષણુ કરવારૂપ બહુ મોહું વ્યસન થાય છે તે સીવાય એક પરસ્ત્રી ગમન અને બીજું વૈર વીના ક્રોધ કરી પરદ્રોહ કરવો તે. આ વ્યસનથી વીરક્ત રહેનાર વીરલાજ છે.

૯૨ અગ્નીની પાસે પડેલાં કાષ્ટ જેમ અગ્નીના તેજ બળને વૃદ્ધી પમાડે છે, તેમ ક્ષત્રિયને પણુ પાસે આવેલું ધનુષ તેના તેજ કરતાં બળને વૃદ્ધી પમાડે છે. શસ્ત્ર શાન્તને ક્રોધી બનાવે છે, ને મંદ પુરૂષના હ્રદયમાં વીરતાનું વારી સીંચી તેને ચંચળ કરે છે.

૯૩ જેમ કાષ્ટને અગ્નીના સંયોગથી વિકાર થાય છે તેમ પુરૂષને શસ્ત્રના સંયોગથી વિકાર થાય છે, શસ્ત્રને જીરવનારા જાળ-

વનારા, અને યોગ્ય વખતે ઉપયોગ કરવાની દ્રઢતા રાખનારા કોઇક જ હોય છે.

૯૪ ક્ષાત્ર ધર્મને યોગ્ય સ્થળે રહેલા, રાજ્યની રક્ષા કરવા માટે યુદ્ધ વગેરેમાં પ્રવૃતિવાળા, અને નિયમીત અંતઃકરણ-વાળા ક્ષત્રીએ તો શસ્ત્રવડે રાજ્યની તથા પંડિતની રક્ષા કર-વાની છે, નીર્દોષ પ્રાણીઓનો વધ કરવાને માટે શસ્ત્રનું સાધન વાપરવું એ ક્ષત્રીનો ધર્મ નથી.

૯૫ શસ્ત્રના સેવનથી પુરૂષને કૃપણુની પેઠે ધર્માનુષ્ઠાન કરવા વીશે વિરોધ બુદ્ધી ઉત્પન્ન થાય છે, મતલબ કે શસ્ત્ર એ વસ્તુજ એવી છે કે તેનો સ્પર્ષ થતાં સાત્વીકતા રહેતી નથી.

૯૬ આ જગતની વીશે કોઇનો પણ હું દુખી છું એવો આર્ત સ્વર કર્ણે સાંભળવાનો સમય ન આવે તેટલા માટે ક્ષત્રી-ઓને શસ્ત્ર ધારણ કરવાનાં છે, કંઇ કાગડા, કુતરાં, વાદરાં અને વનચર પશુ પક્ષીઓને વીદારવા માટે નહીં.

૯૭ તપસ્વીઓ પાસે કે બ્રહ્મકર્મમાં પ્રપૂર્ણ વિદ્વાન બ્રાહ્મણો પાસે જે રાજા પોતાની ઉપાસના કરાવે તેને મહા અધર્મ તથા અપકીર્તી પ્રાપ્ત થાય છે.

૯૮ તપ એ કંઇ સહજ વસ્તુ નથી એને ઘણાં ઘણાં વીઘ્નો આવી નડે છે ને ઘણાં સંકટથી તેનું આચરણ કરી શકાય છે અને તેથી સંસારી કરતાં ત્યાગીનો ધર્મ દોહ્યલો યાને વીકટ કથેલો છે.

૯૯ આ જગતની સૃષ્ટી થઇ છે ત્યારથીજ સ્ત્રીઓની કંઇ એવી પ્રકૃતિ બંધાએલી છે કે તેઓ જો પોતાનો પતિ ધન ધાન્યાદિથી સુખી સ્થીતિમાં હોય તો તેની સાથે પ્રીતિ કરે છે ને તે જો તેથી ઉલટી વીષમ અવસ્થામાં આવી પડયો તો તેનો સ્નેહ તોડતાં વાર લગાડતી નથી.

૧૦૦ સ્ત્રીઓ વીજળી સરખી ચંચળ, સ્નેહનો બંધ તોડવામાં શસ્ત્રીની ધાર જેવી તીક્ષણુતા વાપરનાર, નીંદીત કાર્ય કરવા વીશે વાયુના જેવા વેગવાળી, અથવા ગરૂડ પક્ષી જેવી શીઘ્ર ગતિ કરનાર છે.

૧૦૧ પોતાનું શુભ ઇચ્છિનાર બુદ્ધીવાન પુરૂષે પોતાપર કોઇપણ જાતની આપત્તી આવી પડશે એમ જણાય કે તુરત તે આપત્તીનો આવ્યા પહેલાંથીજ તેની નિવૃતીના ઉપાય કરવા "પાણી પહેલાં પાળ બાંધવી" એ ઉક્તિ એમજ બોધે છે

૧૦૨ સર્વ ભૂત પ્રાણીને ઉદ્વેગ કરનાર, તથા તેઓનો ઘાત કરનાર જોકે ત્રણ લોકનો અધીપતિ હોય, તો પણ એવા પાપ કર્મને લીધે તે ઘણો કાળ જીવી શકે નહીં, કારણ કે લોક વીરૂદ્ધ તીક્ષણ કર્મ આચરનારનેતો સર્વજનો દુષ્ટ સર્પની પેઠે પ્રથમ નાશ કરે છે.

૧૦૩ જેમ રક્તપુચ્છીકા નામનો પ્રાણી પોતાના અનર્થને ન જાણી કરાને ગળી જાય છે, તેથી તેના તે કર્મનું પરીણામ તેના વીનાશ રૂપ આવે છે, તેમ જે પુરૂષ લોભથી પાપ કર્મ કરે છે તથા કામને વશ થઇ પાપ કર્મનાં ફળોને જાણતો નથી તેના તે કર્મના પરીણામે પણ તેનો વિનાશજ થાય છે.

૧૦૪ જે પુરૂષ પાપકર્મ કરનાર, ક્રુર તથા લોકોમાં નીંદીત હોય છે, તે પૂર્વ જન્મના પૂણ્યે કરી કદાચ ઐશ્વર્ય પામ્યો હોય છે તો પણ મુળમાં સળો પેઠેલા વૃક્ષની પેઠે તે ઘણો કાળ ટકી શકતો નથી. જેમ વૃક્ષ રૂતુ પરત્વે પુષ્પને પામે છે તેમ પાપ કરનાર પણ તે પાપના ફળરૂપ દુ:ખને સમય પરત્વે અવશ્ય પામે છે.

૧૦૫ જે પ્રાકૃત અને પાપાચરણ કરનારા અધમ ક્ષત્રીઓ હોય છે, તેજ નિરર્થક બડાઇ કરી પોતાના બળનાં બાંકાં કુંકે છે.

પરાક્રમી, બળવાન તથા સ્વાત્મ તેજથી ગર્વીષ્ટ શ્રેષ્ટ પુરૂષો કદી પોતાની શ્લાઘા કરતા નથી.

૧૦૬ જેમ સુવર્ણના તપાવવાના પ્રદીપ્ત અગ્ની વડે તપાવેલું પીતળ પોતાનો સુવર્ણ સરખો બાહ્ય રંગ બદલી ઉલટી શ્યામતા બતાવે છે તેની પેઠે મીથ્યા બડાઇ કરનારાનું સત્ય સ્વરૂપ ખરા વખતે દેખાઇ આવ્યા વીના રહેતું નથી.

૧૦૭ જે પુરૂષો કાળના પાસથી બંધન પામે છે, અર્થાત જેઓનો મરણકાળ સમીપ આવેલો હોય છે, તેઓ પોતાની સ્વતંત્રતા અને શુદ્ધ બુદ્ધી ઈંદ્રીઓએ વીનાશ કરેલી હોવાને લીધે કાર્ય–અકાર્યને જાણી શકતા નથી.

૧૦૮ કામ ભોગને વીશે અત્યાસકત, સ્વેચ્છાચારી, તથા અંકુશ વગરનો મનુષ્ય પોતાની પર પ્રાપ્ત થએલા જાણવા યોગ્ય ભયંકર પ્રસંગને પણ જાણતો નથી, તેમ ભોગાસકત, કામપરાયણ, તથા અતિ લોભી એવા રાજાને પણ પ્રજા માનતી નથી, માન આપતી નથી.

સર ૧૧ મો.

૧ જે રાજા રાજ્યમાંની સર્વ હકીકત જાણવાને અર્થે, ચારોને યોજતો નથી પ્રજા જેનું દર્શન કરવાને પામતી નથી, તથા જે પરસ્વાધીન હોય છે, તેનો નદીના કાદવવાળા કીનારાને ત્યાગ કરતા હાથીની પેઠે મનુષ્યો દુરથી જ ત્યાગ કરે છે.

૨ કામાસક્ત, દુઃશીલા, પાપીષ્ટ, મંત્રીઓ સાથે કાર્યના મનસુબા કરનાર તથા દુર્બુદ્ધીવાળો જે રાજા હોય છે, તે પોતાના શરીરનો સ્વજનનો તથા સર્વ દેશનો પણ નાશ કરે છે.

૩ અવળા માર્ગે ચઢેલા તથા કામને વિશે આસક્ત થએલા રાજાને તેના અમાત્યોએ અવશ્ય વારવો જોઇએ, કારણ કે રાજ્યની અપકીર્તીનો દોષારોપ અમાત્યને માથે થાય છે.

૪ સચિવો સ્વામીના પ્રસાદથી ધર્મ, અર્થ, કામ તથા યશ, વગેરે પદાર્થોને મેળવે છે, પણ સ્વામીના દુર્ગુણને લીધે તે સઘળું વ્યર્થ થઇ ઉલટા તેઓ તથા બીજા સર્વ જનો પણ મોટા દુઃખમાં પડે છે, માટે ધર્મ તથા યશનું મુળ રાજા જ છે, જેથી પ્રધાનોએ સર્વકાળ તેની સંભાળ રાખવી જોઇએ.

૫ જે રાજા અતી તીક્ષણ સ્વભાવનો, સૌથી ઘણો પ્રતીકુળ અને અનમ્ર હોય છે તે રાજ્યનું પાલન કરી શકતા નથી, જેમ મંદમતીવાળા સારથીઓને હાથે હંકાતા રથ વીષમ માર્ગોને વીશે તે સારથીઓ સહીત નાશ પામે છે, તેમ તીક્ષણ ઉપાય બતાવનારા સચીવોના મત પ્રમાણે વર્તનાર રાજાઓ પણ તેઓના સહીત નાશ પામે છે.

૬ જગતને વીશે યોગ્ય ધર્મનું અનુષ્ઠાન કરનારા ઘણા નીતીમાન પુરૂષો પણ બીજાઓના અપરાધે કરીને પોતાના પરીવાર સહીત નાશ પામ્યા છે, સુકા સાથે લીલું પણ બળે એ સ્વભાવીક છે.

૭ પ્રતિકુળ તથા તીક્ષ્ણ દંડ દેનારા, અયોગ્ય કર લેનારા રાજાના રક્ષણ તળે રહેલી પ્રજા પણ, મૃગ, હીંસક પ્રાણી, સીંહના રક્ષણમાં રહેનારા મૃગોની પેઠે વૃદ્ધી પામી શકતી નથી–આબાદ થતી નથી.

૮ જેઓનું આયુષ્ય પુરૂ થવા આવ્યું હોય, અર્થાત જેઓનો નાશ પાસે આવેલો હોય તેવા પુરૂષો મંત્રી કે મીત્રે કહેલાં હીત વચનો ગ્રહણ કરતા નથી.

૯ પરદારા સેવન કરવાની વાંચ્છના રાખનારનો પરીણામે વીનાશજ થાય છે, રાવણના કુળનો ક્ષય તેથીજ થયો હતો.

૧૦ જે કર્મને બીજા પુરૂષો નીંદે તે કર્મનું ધીર પુરૂષો કદી આચરણ કરતા નથી, આચરણ એવું હોવું જોઇએ કે જેને માટે જન વર્ગમાં નીંદ્યાને બદલે સ્તુતી થાય.

૧૧ જેમ પોતાની સ્ત્રીની રક્ષા કરવી અવશ્ય છે તેમજ પારકી સ્ત્રીની પણ પ્રત્યેકે રક્ષા કરવાની છે, તેમાં રાજાએ તો સ્ત્રીઓની રક્ષા કરવીજ જોઇએ, છતાં જે રાજા પરસ્ત્રીનો મોહ કરી અધમ માર્ગે પ્રવર્તે તેનું આખર અનીષ્ટજ થાય છે.

૧૨ જેવા રાજા તેવીજ પ્રજા થાય છે, અને તે ન્યાયથી મોટા શીષ્ટ પુરૂષો જેવા રાજાના આશ્રય તળે રહેલા હોય, તેવી રીતના શાસ્ત્રોક્ત અથવા શાસ્ત્ર વિરૂદ્ધ ધર્માર્થ–કામાદિ પદાર્થોને પામે છે, માટે રાજાએ અધમ માર્ગે પ્રવર્તવું કેવળ અનુચીત છે, વળી ધર્મ, અર્થ તથા કામ એ સર્વ પદાર્થોનો નીધી રાજા જ છે માટે તેના શુભ અશુભ આચરણને અનુસરીને ધર્મ અથવા પાપ જગતમાં પ્રવર્તે છે.

૧૩ જે પુરૂષ અતી કામી હોય છે, તે પોતાના સ્વભાવને નીવૃત કરી શકતો નથી, અને તે દુષ્ટાત્માના ગૃહને વીશે, પૂર્વજન્મોપાર્જીત પૂણ્ય ઘણો કાળ ટકતું નથી.

૧૪ જેનું ભોજન કરવાથી પાચન ન થતાં શરીરમાં રોગ ઉત્પન્ન થાય તે અન્ન જમવું નહીં, તેની પેઠે જે કર્મથી જગતમાં ધર્મ, કીર્તિ તથા અવીનાશી યશની પ્રાપ્તી ન થતાં ઉલટો મનમાં ખેદ થાય એવું કર્મ આચરવું નહીં.

૧૫ પાપના ફળને ન જાણનારા અજ્ઞાની પુરૂષોનો પાપ કર્મ વડે જલદી નાશ થાય છે કારણ વીષ ભક્ષણ કરનારનો જીવ જાય એતો નિશ્ચયજ છે.

૧૬ લોક નિંદીત કર્મ ખરેખર શુરવીર પુરૂષો આચરતા નથી પણ તેતો હીન ચોરનુંજ કર્તવ્ય છે, રાજા થઈને ચોરનું આચરણ રાખે તો રાજ્યભૃષ્ટ થયાથી જ પતતું નથી પણ તેનો તેના કુળ સહીત નાશ થાય છે.

૧૭ મરવા પડેલા-મરણ પામવાને તત્પર થએલાને જેમ પોતાનું પથ્ય કદી રૂચતું નથી, તેમ જેનું બગડવા કાળ છે તેને કોઇની સલાહ રૂચતી નથી.

૧૮ જે વડે ભૃષ્ટ થએલી વસ્તુ પ્રાપ્ત થાય એવી લોકોમાં છ નીતિ છે, અને દુર્દશાને લીધે અર્થ ભૃષ્ટ થએલા રાજાની જ્યારે દુર્દશાનો અંત આવે છે ત્યારે પાછો તે છ નીતિથીજ ભૃષ્ટ થયેલા અર્થોને પામી શકે છે. (૧) સંધી (૨) વિગ્રહ (૩) યાન (૪) આસન (૫) દ્વૈધિભાવ (૬] સંશ્રય એ રીતે છ પ્રકારની નીતિ શાસ્ત્રકારોએ વર્ણવી છે.

૧૯ ખેદરહીતપણું, સામર્થ્ય, તથા આરંભેલા કાર્યમાંથી મનનું પાછું ન હઠવું એ ત્રણ ગુણો કાર્યની સીદ્ધી દેનારા છે.

૨૦ ફળીભુત થવાની તૈયારી પર આવેલો અર્થ કાચી છાતીના દુતને લીધે દેશ કાળ વિરૂદ્ધ હોય તો સુર્યોદય થતાં અંધકાર નાશ પામે છે તેમ તે નાશ પામે છે. સ્વામીએ કાર્યાકા-

યંને વીશે નીશ્ચીત કરેલી બુદ્ધી કાચ્ચા હુતો હોય તો શોભતી નથી, અને પોતાને પંડીત માનનારા હુતો કાયનો નાશ કરે છે.

૨૧ પંડિતો જે ઉખાણો કહે છે કે પુરૂષને વા સ્ત્રીને માગતી વખતે મરણ પણ મોઘું પડે છે તે સત્યજ છે. દુખથી રીબાતાં મનુષ્યો મોતને માટે આજવ કરે છે ત્યારે તે તેમનાથી દુર જઇ બેસે છે.

૨૨ દેવાલયમાં, રાજ ભવનમાં, બ્રાહ્મણના ઘરમાં અગ્ની, સુર્ય અને વાયુનો જ્યાં વાસ હોય ત્યાં અધમ યોનીમાં ઉત્પન્ન થએલાને દાખલ થવાનો અધીકાર નથી.

૨૩ રાજા છે એજ પ્રાણીનો કર્તા છે, ને રાજાજ તેમનો નેતા છે, પ્રજા જ્યારે સુઇ રહે છે ત્યારે રાજા જાગે છે, રાજાજ પ્રજાને પાળે છે, અને સારી રીતે ચલાવેલી નીતિથી રાજાજ ધર્મનું રક્ષણ કરે છે, જે રાજા પ્રજાનું રક્ષણ કરતો નથી તે પ્રજા સહીત નાશ પામે છે.

૨૪ રાજાજ કર્તા, રક્ષણ કર્તા, અને જગતનો પીતા છે, રાજાજ કાળ અને યુગ છે, રાજાજ જગત છે અને રાજાજ જગતને ધારણ કરે છે અને તેથી તે ધર્મપિતા કહેવાય છે.

૨૫ ધર્મથી પ્રજાને પાળતો રાજા ત્રણે લોકનું રાજ ભોગવી શકે છે, શત્રુને રોકી શકે છે, પ્રજાપાલન એજ રાજાનું કર્મ છે, એજ ખરો ધર્મ છે અને એજ પરલોકમાં ગયા પછી ફળ આપે છે, ધર્મથી કંઇ દુષ્પ્રાપ્ય નથી.

૨૬ દાન, દયા, સત્પુરૂષ પાલન, અને વ્હેવાર સરલતા, એજ પરમ ધર્મ છે, એ ધર્મનું રક્ષણ કરવાથી આ લોક અને પરલોકમાં સુખ પ્રાપ્ત થાય છે.

૨૭ ધર્મવડે દેશ જીતવા ને ધર્મથી પ્રજા પાલન કરવું એનું નામ શ્રેષ્ઠ રાજ્ય, બાકી જે રાજા અધર્મથી રાજ્યની સીમામાં

અભીવૃદ્ધી કરે અને પ્રજાને પીડી તોષાખાનું તર કરવામાં જ તત્પર રહે તે રાજા રાજા નહીં પણ લુંટારા છે, અને તેના રાજ્યને રાક્ષસ રાજ્યની જ ઉપમા ઘટે.

૨૮ ભયને હરનાર રાજાને જ શરણે પ્રજા જાય છે, તેને ધર્મ વડે શરણું આપવાનો સ્વધર્મ ભુલી જઈ પ્રજાને ઉલટી ભયભીત બનાવનાર રાજા જ થાય, તો પ્રજાને ભય મુક્ત કરવાને પ્રભુ વ્હારે ચડે છે.

૨૯ ક્રોધ છે તે પ્રાણહર શત્રુ છે, ને એ ક્રોધ મિત્રના જેવો શત્રુ છે, ક્રોધ તરવાર રૂપ અને સર્વહર છે. તપ, યજ્ઞ અને દાન એ સૌ ક્રોધથી નાશ પામે છે માટે ક્રોધને તજવો જોઈએ.

૩૦ ઉન્મત્ત થએલા અશ્વની પેરે જ્યારે ઇંદ્રીઓ ઉન્મત થઇ હોય, ત્યારે ધૃતિવડે તેમનું આકર્ષણ કરીને રથી થવું તેમાં પુરૂષે તો મન, વચન અને કર્મ વડે સર્વનું કલ્યાણ કરવાને જ સર્વદા તત્પર રહેવું.

૩૧ જે પ્રાણી કોઇનો દ્વેશ કરતો નથી, તે પાપથી લેપાતો નથી, અને વશ રાખેલું મન જે કાર્ય કરે છે તે કાર્ય તરવાર પણ કરતી નથી.

૩૨ ક્રોધ એવી વસ્તુ છે કે વીનયથી વીનીત પુરૂષની પણ તે પ્રકૃતિ વશ રહેવા દેતો નથી, તોપણ જે પુરૂષ તેને વશ રાખે છે તે સર્વ કાર્ય કરી શકે છે.

૩૩ દંડનો યોગ્ય ઉપયોગ થાય છે ત્યારે જ પ્રજાનું રક્ષણ થાય છે, યોગ્યાયોગ્યનો. વિચાર કર્યા વગર જે રાજા તેનો મનસ્વી રીતે ઉપયોગ કરે છે તેની પ્રજાને પોતાની સલામતી માટે સર્વદા સભય રહેવું પડે છે.

૩૪ ચંદ્ર, ઇંદ્ર, કુબેર અને યમ, એ સર્વ લોકપાળોથી

રાજા શ્રેષ્ટ છે, રાજામાં એ દેવતાઓના ગુણ અવશ્ય હોવાજ જોઇએ એટલે સંતપ્ત હૃદયને જેમ ચંદ્રથી સીતળતા મળે છે તેમ રાજાથી પ્રજાને શાન્તી અને સીતળતાજ મળવી જોઇએ, ઇંદ્ર સમાન તે વૈભવી હોવો જોઇએ છતાં એ વૈભવને માટે પ્રજાને પીડવી ન જોઇએ, કુબેરની પેઠે ઔદાર્ય જોઇએ અને યમની પેઠે નિયમીત સાસન પદ્ધતિ ગ્રહણ કરવી જોઇએ.

૩૫ જે સભામાં વૃદ્ધ પુરૂષો ન હોય તે સભા ગણાય નહીં, અને જેઓ વૃદ્ધ હોવા છતાં ધર્મયુક્ત બોલે નહીં તે વૃદ્ધ ગણાય નહીં, જે સત્ય કપટ યુક્ત હોય તે સત્ય ગણા નહીં, અને જે સભાસદો સત્યને જાણ્યા છતાં કંઇપણ બોલતા નથી, ને છાના માના બેઠી રહે છે, તે પુરૂષો અસત્ય વાદીજ ગણાય છે. તેમજ જે સભાસદ જાણવા છતાં પણ કામથી, ક્રોધથી કે ભયથી સત્ય ઉત્તર આપતો નથી તે પુરૂષ વરૂણના હજાર પાસથી બંધાય છે. અને તેના બંધાએલા પાસો હજાર વર્ષે છુટી રહે છે, એટલા માટે સત્ય જાણનારે સત્ય હોય તે કહી દેવું જોઇએ.

૩૬ રાજા એજ પરમ ગતી છે, સર્વ પ્રજાનું મુળ રાજા છે, અને રાજા એજ સનાતન ધર્મ છે. જેને રાજા સાસન કરે છે તે દુર્ગતી પામતો નથી અને યમ પણ તેને છોડી મુકે છે.

૩૭ જે પ્રાણી માતા, પિતા, બ્રાહ્મણ અને આચાર્યનું અપમાન કરે છે તે જ્યારે યમરાજને ત્યાં જાય છે, ત્યારે જ તેનું ફળ ભોગવે છે ને શુદ્ધીને પામે છે.

૩૮ જે પ્રાણી આ ક્ષણભંગુર દેહને પામીને તપની પ્રાપ્તી કરતો નથી, તે પ્રાણી દેહ છુટી જવા પછી કર્મગતિને પામીને અત્યંત પશ્ચાતાપથી શેકાય છે.

૩૯ બુદ્ધી વિહીન પુરૂષ માતા પીતાની સેવા વગર કદી સ-

દ્દબુદ્ધી પામતો નથી અને દુષ્ટ બુદ્ધી પ્રમાણે ચાલીને જે મનુષ્ય દુષ્કર્મમાં લાગ્યો છે તે નરકનેજ પ્રાપ્ત થાય છે.

૪૦ માણુસને આ જગતમાં જે સ્મૃદ્ધી રૂપ બળ, પુત્ર અને શાર્ય પ્રાપ્ત થાય છે તે તેમના પૂણ્ય કર્મથીજ પ્રાપ્ત થાય છે તો પછી પુણ્યનો સમુહ વધારવાને બદલે, તે ખર્ચાઇ જાય ને અધોગતિ પમાય તેવાં પાપ કર્મમાં રહેવું યોગ્ય નથી.

૪૧ ધર્મમાં જે આસક્ત છે તેને ત્રીભુવનમાં કશુ દુર્લભ નથી, કારણ કે ધર્મ એ એવી વસ્તુ છે કે કલ્પ દ્રુમની માફક ઇચ્છીત સર્વ મનોર્થ પુરા પાડે છે.

૪૨ પરને ઉદ્દેશી જે માણુસ પાપ કર્મ કરે છે તેના પ્રત્ય યકારને ડાહ્યા માણુસો ગ્રહણ કરતા નથી, અપકાર કરનાર ઉપર અપકાર કરવો યોગ્ય નથી, કારણ કે સદાચાર એજ સાધુ પુરૂષનું ભુષણ છે.

૪૩ પાપી અને અશુભ કર્મ કરનાર ઉપર પણ દયા રાખવી; હીંસા કરવી, ક્રુર થવું, ને પાપ કરવું, એતો રાક્ષસોનો સ્વભાવીક જ ધર્મ છે માટે તેઓ પાપ કરે પણ તેમનું અશુભ આપણે ન કરવું એજ મનુષ્યનો ધર્મ છે.

૪૪ રાજાઓની સ્મૃદ્ધી ચંચલ છે એટલે દશા યોગે તે આવર્જનને વિસર્જન થયાંજ કરે છે. આ સંસારમાં સર્વ લોકની સ્થીતી અધ્રુવજ છે. છતાં ધ્રુવ સમજી અજ્ઞાન તીમીરથી પગલાં ભરનારને આખર પસ્તાવો થયા વગર રહેતો નથી.

૪૫ શૂર તો મરે કે મારે એજ તેનો ધર્મ છે મૃત્યુ લોખંડની પેટીમાં પુરાએલાને કે એથી પણ અધીક નીર્ભય સ્થાનમાં રહેનારને પણ મુકતું નથી એમ માનીનેજ વીરપુરૂષો રણક્ષેત્રમાં પ્રાણદાન દેવાને તત્પર થઇ જાય છે. રણમાં પ્રાણદાન દેનાર સર્વથા શોક કરવા જોગ નથી.

૪૬ જેમ હાથમાં પકડેલા સર્પને છોડી દેવાથી મનુષ્ય સુખ પામે છે તેમ પાપ નિશ્ચયવાળા તથા ધર્મથી સ્ખલિત થએલા પુરૂષનો ત્યાગ કરવાથી માણુસ સુખ પામે છે.

૪૭ પરધન લુંટનાર અને પરદારાનું હરણ કરનાર દુરાત્મા પુરૂષનો આગ લાગેલા ગૃહની માફક ત્યાગ કરવો એમ સાધુ પુરૂષે કહેલું છે.

૪૮ પરના દ્રવ્યનું હરણ કરવું, પરદારાને ખેંચી લાવવી અને પોતાના આપ્તજન પર શંકા રાખવી એ ત્રણે દોષ ક્ષય કરાવનારા છે.

૪૯ મહર્ષીઓનો વધ, દેવોની સાથે વેર, અભીમાન, ક્રોધ, વૈર, અનુવૈર, હીતનાં વચન કહેનારથી વીરૂદ્ધ વર્તન કરવું,– એ બધા દોષ જીવીત તથા ઐશ્વર્યનો નાશ કરનાર છે.

૫૦ પરજન ગુણી અને સ્વજન નિર્ગુણી હોય, તો પણ ગુણવાળા પરના કરતાં નિર્ગુણી સ્વજન ઘણો શ્રેયસ્કર છે. જે માણુસ સ્વપક્ષનો ત્યાગ કરી, પરપક્ષનું સેવન કરે છે તે પોતાના પક્ષનો નાશ કરાવે છે અને અન્તે પોતે પણ પરને હાથે નાશ પામે છે.

૫૧ જે પુરૂષ ઐશ્વર્ય પામીને પ્રથમ કરવાનું કાર્ય પછી કરે છે અને પછી કરવાનું કાર્ય પ્રથમ કરે છે તે નીતીજ્ઞ પુરૂષ કહેવાય નહીં.

•૫૨ જેમ અસંસ્કૃત અગ્નીમાં હોમેલાં હુત દ્રવ્ય ફળ ન આપતાં દુઃખને ઉત્પન્ન કરે છે, તેમ દેશકાળનો વીચાર કર્યા વીના કરેલાં વીપરીત કાર્યો પણ દુઃખ ઉપજાવે છે.

૫૩ સામ, દામ, ભેદ ઇત્યાદીનો સચીવોની સાથે વીચાર કરીને જે માણુસ કાર્ય કરે છે, તેજ ન્યાય માર્ગમાં રહેવા પામે છે.

૫૪ જે રાજા નીતિશાસ્ત્ર પ્રમાણે પોતાના મંત્રી મંડળ સાથે વીચાર પૂર્વક ઠરાવ કરે છે, તેજ અમુક કાર્ય હીતકર અને અમુક અહીતકર છે તે જાણી શકે છે, તથા વીક બુદ્ધીને પામે છે.

૫૫ સામાન્ય પુરૂષો પ્રાતઃકાળમાં ધર્મ, મધ્યાન્હ કાળમાં અર્થ અને રાત્રીએ કામ સેવન કરે છે અને જે યુવરાજ હોય તેતો ધર્મ અને કામ એ બે પુરૂષાર્થનેજ સેવે છે.

૫૬ રાજા હોય અથવા મહારાજ હોય તોપણ તેણે જાણવું યોગ્ય છે કે ધર્મ, અર્થ અને કામ આદિમાં પ્રથમ ધર્મજ શ્રેષ્ટ છે, અને તેવું જાણ્યા છતાં તે પ્રમાણે જે વર્તતો નથી તેનું બહુશ્રુતપણું નીરર્થકજ છે.

૫૭ જે પ્રાણી શામ, દામ, ભેદ અને સમય આવે ત્યારે પરાક્રમ તથા યોગનું સેવન કરે છે તેજ નીતિજ્ઞ છે. અને જે પ્રાણી ધર્મ, અર્થ અને કામનો યોગ્ય કાળે મંત્રીઓ સાથે નીર્ણય કરે છે તેનેજ દુઃખની પ્રાપ્તી થતી નથી.

૫૮ બુદ્ધી જેમનું જીવીત છે, એવા ડાહ્યા તથા અર્થ તત્વજ્ઞ સચીવોની સાથે જે રાજા હીતાનુંબંધનો વીચાર કરી પોતાના હીતમાં પ્રવૃત રહે છે તેજ ખરો રાજા કહેવાય છે.

૫૯ મંત્રીઓમાં કેટલાક શાસ્ત્ર નહીં જાણનારા અને પશુ બુદ્ધીના પણ હોય છે અને તેઓ અભ્યંતરના છે એમ જણાવી પ્રાગલ્ભ્યથી ગમે તેમ શીખામણ આપે છે પરંતુ અર્થશાસ્ત્રને નહીં જાણનારા તથા માત્ર ધનની લાલસા રાખનાર તેવા પુરૂષોનું કહેવું ડાહ્યા માણસે કોઇ પણ દીવસ કરવું નહીં, કારણ કે તેથી દુઃખ પ્રાપ્ત થાય છે.

૬૦ જે પુરૂષો અહીત વચનોને હીતના રૂપમાં દેખાડે છે,

તેવા કાર્યને દુષીત કરનાર પુરૂષોને મંત્રી મંડળમાંથી બહાર કાઢવા જોઇએ, કારણ કે તેઓ પાપ બુદ્ધીથી આડી શીખામણ આપે છે અને વળી કેટલાક મંત્રીઓ એવા પણ હોય છે કે જેઓ શત્રુની સાથે મળી પોતાના સ્વામી પાસે ઉંધાં કામ કરાવે છે, માટે તેવા મંત્રીઓનો તો રાજાએ સર્વથા ત્યાગજ કરવો જોઇએ.

૬૧ જ્યારે મંત્ર કરવાનો પ્રસંગ હોય ત્યારે શત્રુની સાથે મળેલા તથા પ્રકટ મિત્ર અને ગુપ્ત શત્રુ હોય તેવા મંત્રીઓને જેમ ક્રોંચ રંધ્રને પક્ષીઓ શોધી કાઢે છે તેમ તેમનાં લક્ષણ અને ઉપદેશ ઉપરથી જાણી લેવા, એ રાજાનો ધર્મ છે.

૬૨ જે રાજા વીચાર કર્યા વીના ચાપલ્યથી સહસા કામ કરે છે, તેનાં સઘળાં છીદ્રો શત્રુઓ શોધી કાઢે છે અને જે માણસ શત્રુની અવજ્ઞા કરી પોતાનું રક્ષણ કરતો નથી તે માણસને અનર્થની પ્રાપ્તી થાય છે અને અધીકારથી ભ્રષ્ટ થવું પડે છે.

૬૩ બ્રહ્માએ ધર્મ અને અધર્મનો નાશ કરનારા દેવ અને અસુર એવા બે ભાગ પડેલા છે, તેમાં ધર્મનો પક્ષ દેવતા ધરેછે અને અધર્મનો પક્ષ સુરદ્વેષીઓ કરે છે. સત્ય યુગમાં ધર્મ અધર્મનો નાશ કરે છે અને કલીયુગમાં અધર્મ ધર્મનો નાશ કરે છે.

૬૪ જે રાજા સર્વ વીદ્યા સંપન્ન છે તે ઘણા વર્ષ લગી ઐશ્વર્ય ભોગવે છે તથા શત્રુઓને વશ કરે છે, જે રાજા સમય જોઇ પોતાના શત્રુઓની સાથે સંધી વીગ્રહ કરે છે તથા પોતાના પક્ષની વૃધી કરે છે તે મોટા ઐશ્વર્યને ભોગવે છે.

૬૫ કોઈ પણ રાજાએ પોતાના શત્રુના કરતાં ઓછું વા સમાન બળ હોયતો સંધી કરવી એ શ્રેષ્ટ છે, શત્રુના કરતાં વધારે બળ હોયતોજ વિગ્રહ કરવો.

૬૬ હય, ગજ, રથાદિ વિવિધ વિભૂતિથી વિભુષિત એ રાજા નથી, પણ જે પોતાની વિભુતીવડે પ્રજાજનનું શ્રેય કરે છે, દુખીનું દુખ હરે છે એજ રાજા છે, મહાન રાજા સર્વોત્તમ રાજા મેઘને એટલાજ માટે માનવામાં આવે છે તે સૃષ્ટીનાં સઘળા મનુષ્ય, જીવજંતુ, જડ અને ચૈતન્ય ઇત્યાદીના હિતને અર્થેજ પોતાની વિભુતિ વાપરે છે.

૬૭ સામાના ગુણ જોઇને પ્રસન્ન થવું અને તે માન્ય કરવા એ ઉદાર બુદ્ધીની નિશાની છે, ડાકટર જોન્સને કહ્યું છે કે, સામાના ગુણને માન્ય કરી શુદ્ધ બુદ્ધીથી વખાણવાના જેવો બીજો એકે ગુણ નથી. એ ગુણ વડે ઘણા મિત્રો મેળવી શકાય છે.

૬૮ ઘણામાં ઘણા તિરસ્કારને યોગ્ય તો એવાં માણસ છે કે જે બધાંની ઉપર ટીકા કરવાને તૈયારજ હોય છે. આવા માણસો બીજાએ સારામાં સારા કામમાં પણ પ્રાપ્ત કરેલા જયથી જાણે પોતાનેજ કાંઈ અપમાન પહોંચી ગયું હોય એમ માને છે અને ઇરકેરાદાને તેનાં છીદ્રો ખોળવા ધ્યાન આપે છે.

૬૯ મહાન પુરૂષો ખરાબમાંથી પણ સાર ગ્રહણ કરે છે, અને પોતે તો પ્રત્યેકને એવું આપે છે કે તેનાથી મેળવનારનું મન સંતુષ્ટ થાય, મેઘ ક્ષાર સમુદ્રના જળમાંથી સાર ખેંચી વૃષ્ટિ દ્વારે અમૃતજળ સીંચી હમેશાં હીત કરવામાંજ પ્રવર્ત રહેછે.

૭૦ સમુદ્રના જળતરંગની પેઠે મનનાં મોજાં હમેશાં ઉછળ્યાજ કરે છે એ મોજાં કવચીત આફત કે નિરાશાના ખડક સાથે મનુષ્ય હૃદયને અથડાવે છે અને કવચીત આશા અને અભિષ્ટ પ્રાપ્તીના સાક્ષાત્કારથી ચિત્તને પ્રસન્ન કરે છે, બંને પ્રસંગે મહાત્માઓજ પોતાની વૃત્તીને એકધારી રાખી રહે છે.

૭૧ મેઘઘટાની માફ્ક આફત કે મુશ્કેલીનાં વાદળાં સંસાર યાત્રા નિર્વિઘ્ને સમાપ્ત કરવામાં કવચીત ભયભીત બનાવે છે, પણ

તેવે વખતે ધીરજ અને બુદ્ધિબળનો ઉપયોગ કરી ચાલનારા એ મુસાફરી સરળતાથી અને સુખ રૂપ કરી શકે છે.

૭૨ એવું એક પણ હૃદય નહીં હોય કે જેના ઉપર આફત અને મુસ્કેલીના હથોડા નહીં પડયા હોય, એ હથોડા પડયા વગરનું હૃદય કાચું અને કાચ જેવું છે, કે જે વિશ્વ વ્હેવારને વિચરવાને, વિજય વિભૂતિ પ્રાપ્ત કરવાને કોઇ પણ રીતે યોગ્ય હોઈ શકે ?

૭૩ ટાઢ પછી તડકો, દીવસ પછી રાત્રી, અજવાળા પછી અંધારૂં એ સૃષ્ટીક્રમ સ્પષ્ટ જોવા છતાં દુઃખ અને મુસ્કેલી વેળાએ કાયર જનોની બુદ્ધિજ કંટાળીને બ્હેર મારી જાય છે, સ્થિર પુરૂષો તો સ્વસ્થ ચિત્તે સ્વશ્રેયનો માર્ગ શોધવાનેજ પ્રવર્ત રહે છે, અને તે વખતે દુઃખ કે મુશ્કેલીનું અવનિમાં અસ્તીત્વજ નથી એમ માની લે છે.

૭૪ સંકલ્પ બળથી શું નથી થતું? યોગીઓ એ ઉપચારથી અભીષ્ટ પ્રાપ્ત કરી શકે છે, અને તેથી યોગીઓ ભલે હિશાઓ રૂપી વસ્ત્ર ધારણ કરી રહેતા હોય, પર્ણકુટીમાં વસ્તા હોય છતાં અખુટ સ્મૃદ્ધી યુક્ત હોવાનું કહેવાય છે.

૭૫ વિદ્યા અને અર્થ પ્રાપ્ત કરવાં એ વાત ખરી, પરંતુ પુરૂષાર્થ કીધા છતાં તે પ્રાપ્ત ન થાય તે સમયે વિન્હલ બની જઈ અનાચાર કરવો નહીં, કારણ કે એથી ચારીત્ર દુષીત થાય છે, એવા સમયેતો આપણી મરણશીળ પ્રકૃતિનું સ્મર્ણ કરવું; વિચાર અમર્ત્ય છે એમ સંભારવું, અભેદમાં કાંઇ વિષમ કે અવિષહ્ય નથી એમ અનુભવ લાવવો, અને ધર્મમાર્ગથી કદી ચલિત થવું નહીં.

૭૬ બુદ્ધી આશ્ચર્ય ઉપજાવે તેવી અનુપમ હોય, તથાપિ આનને પાત્રતો સદા ચારિત્રજ થાય છે, બુદ્ધી કેવળ વિચાર

કૌશલ્યનો ચમત્કાર છે, ચારિત્ર દ્રાવિક પ્રેમભાવનો પુત્ર છે, અને વીશ્વમાં સર્વને વશ કરનાર તો પ્રેમજ છે.

૭૭ બુદ્ધીમાન મનુષ્યો જનમંડળ રૂપ શરીરનું મસ્તક છે, ચારિત્રવાળાં તે શરીરનું હૃદય છે, જોકે બુદ્ધીમાનને લોકો વખાણે છે, પણ ચારિત્રમાનને તો સદા આધીનજ રહે છે.

૭૮ વિદ્યા અથવા અર્થ કદાચ પ્રયત્નથી પણ પ્રાપ્ત કરી શકાય, પણ શુદ્ધ ઉત્કૃષ્ટતાને પામવું એમાં તો સબળ પ્રભુ પ્રસાદનીજ અપેક્ષા છે.

૭૯ સંસારની વિકટ જાળ એવી છે કે, તેમાંથી ઉત્કૃષ્ટતાએ પહોંચવાનો માર્ગ કાપી કાઢવાનું સામર્થ્ય પણ મનમાં ઇચ્છા છતાં થોડાનેજ પ્રાપ્ત થાય છે.

૮૦ "ચારિત્રની એક મુઠ્ઠી વિદ્યાના એક મણની બરોબર છે" આ ઉકતી સર્વાંશે સત્ય છે, એવાં ઘણાં ઉદાહરણ મળ્યાં છે કે, વિદ્વાન કહેવાતા ઘણી સ્વાર્થ પરાયણ બુદ્ધી વાળા, ચારિત્રની દરકાર રાખ્યા વગર પર શ્લાઘા ને પર સ્તુતીમાં પેટ ભરનારા દેખાયા છે.

૮૧ કોઇ અરાઢે પુરાણ છએ શાસ્ત્ર ને બધાંએ ધર્મશાસ્ત્રો ભણી, વિશેષમાં વળી મોટી એમ. એ, કે બી. એ,ની ડીગ્રીથી અલંકૃત થયો હોય, તોપણ પ્રમાણીક બુદ્ધી, સદ્વર્તન, સભ્ય શીલતા અને કર્તવ્ય સબંધે તે સંતોષ ન ઉપજાવી શકે .તો તેના કરતાં એ વિભૂતિથી વિભુષીત એક અભણ ગામડિયો હજાર ગણે દરજ્જે સારો છે.

૮૨ વિદ્યાનો આડંબર અને પાંડિત્ય એતો ભુક્તિ માટે છે, મુક્તી માટે નહીં એમ શ્રી શંકરાચાર્યે કથ્યું છે. તેથી વિદ્વાન પંડિતો પુજવા યોગ્ય નથી પણ ચારિત્રમાન પુરૂષો પુજવા યોગ્ય છે.

૮૩ રાવણ ચારે વેદનો મોઢે પાઠ કરતો, પરંતુ તેના આચાર અને વિચાર રાક્ષસી હતા, ઔરંગજેબ મહાન પંડિત હતો પણ તે દગાખોર, પિતૃદ્રોહી, ભ્રાતૃદ્રોહી, ઇત્યાદી દોષથી દુષીત હતો, ચાણાક્ય સમર્થ વિદ્વાન છતાં તે હજારોનાં વિદ્યા બુદ્ધીના શાસ્ત્ર વડે ગળાં કપાવતો, મતલબ કે વિદ્યાથી મનુષ્ય દીવ્ય દીપતું નથી, પણ ચારિત્રથી દીપે છે.

૮૪ વિદ્વાન મહા પંડિતો કરતાં અજ્ઞાન ગામડિયાઓના આચાર વિચારમાં સ્વાભાવિક સદવર્તન અને શુધ્ધ પ્રેમનો જ્યોતિ દ્રષ્ટીગોચર થાય છે, પંડીતોમાં તે જવલ્લેજ જોઇએ છીએ, છતાં જોઇએ છીએ તો તેમાં કૃત્રિમતાનું મિશ્રણ એટલું બધું હોય છે કે તેનું વાસ્તવિક સ્વરૂપ શોધતાં મુશ્કેલી પડે છે.

૮૫ વિદ્યા, લક્ષ્મી અને ચારિત્ર એ ત્રણેનો એક સ્થાને નીવાસ ભાગ્યેજ હોય છે, વિદ્યા હોય ત્યાં લક્ષ્મી હોતી નથી, લક્ષ્મી હોય ત્યાંથી વિદ્યા દુરજ રહે છે, કદાચ એ બે એકઠાં મળ્યાં તો સદ્વર્તન, નિરાભિમાન, વિવેક, વિનય ઇ૦ તો અદ્રશ્ય થએલાંજ જોઇએ છીએ.

૮૬ ઘણીવાર દ્રવ્ય ચારિત્રને બગાડવામાં કારણ રૂપ થાય છે, કારણકે દ્રવ્યને અનીતિ, વિષયાસક્તિ, વ્યસન ઇત્યાદી સાથે નિકટનો સંબંધ છે, આત્મસંયમ કરવાને અસમર્થ અથવા નબળા મનોવૃતીવાળાં માણસને હાથ દ્રવ્ય ઉલટું પાસરૂપ કે લો-ભાવનાર જાળરૂપ થાય છે.

૮૭ દુનીયા તરફ દ્રષ્ટી કરીએ તો ચારિત્ર સાથે ગરીબાઇ-ને ઘણો સારો બનાવ હોવાનું માલમ પડશે. કોઇ માણસ પાસે ઉદ્યોગ, કરકસર, ને પ્રમાણીકતા વિના બીજું કાંઇ ન હોય તો પણ તે શુદ્ધ ચારિત્રવાળા મનુષત્વનું અધીકારી ઠર્યા વિના નહીં રહે.

૮૮ " નિર્ધનકો ધન રામ " એમ જાણી ગરિબ પુરુષમાં

પ્રવર્તે છે, તે કોઈ વાર પણ પ્રેમ ધર્મથી ચુકી અનીતિમાં પડતાં નથી, અને ચારિત્રની મહત્તા ભોગવી મોટા પાદશાહથી પણ વિશેષ પ્રસંશાને પામે છે.

૮૯ ચારિત્ર એનેજ જે શ્રેષ્ટ ધન સમજે છે, તેને દ્રવ્ય જતું રહે, સ્થીતિ પલટાઇ જાય; દુખ સહન કરવાનો સમય આવે છતાં કીંચીત ખેદ થતો નથી, મૃચ્છ કટીકમાં ચારૂદત્તે પોતાની ઉદારતા, સત્યતા, પ્રેમ શીલતા અને એક નિષ્ટા આખર લગી સાચવ્યાં છે, તેને દ્રવ્ય જતું રહેવાથી ખેદ થયો નહોતો, પણ તેની દારીદ્રાવસ્થા જાણી તેને ઘેર અતિથીઓ આવતા નથી એથી તેને બહુ ખેદ થયો હતો, કારણકે ગમે તેમ કરીને આતિથ્ય સત્કાર કરવાનો તેના હૃદયમાં પ્રેમ હતો.

૯૦ ધનવાનો કરતાં ગરીબો પોતાનો નેક ટેક વધારે નીભાવી શકે છે, અને પોતાના ચારિત્ર વડે અદભુત કામો કરી દુન્યામાં અવિચળ નામના મેળવે છે, મુળ ક્રીશ્ચીયન ધર્મને હાલના સુધરેલા સ્વરૂપમાં લાવનાર સમર્થ મહાપુરૂષ લ્યુથર ગરીબ હતો તેથી જમીન ખેડીને કે ઘડીઆળીનું કામ કરીને પોતાનો નિર્વાહ ચલાવતો છતાં તેણે જે કર્યું છે તે અઢળક દ્રવ્યવાનોથી બન્યું નથી ને બનશે નહીં.

૯૧ ચારિત્ર એજ જેને ધન છે, તેને સુખ સ્મૃદ્ધીનો લય થાય તોપણ તે પોતાના સદ્દવર્તન અને સ્વસંકલ્પમાં સર્વદા દ્રઢ રહે છે, મીરાંબાઇને અપાર કષ્ટ સહેવું પડયું, રાજ્ય વૈભવનું સર્વ સુખ ગયું, ખાવાનું પણ પુરૂં ન મળવા લાગ્યું, પરંતુ પ્રભુ ભક્તીમાં નિર્બળતા દાખવી નહીં, હરિનામ વિસાર્યું નહીં.

૯૨ મનની નીર્બળતા એવી નજ રાખવી કે, ગમે તેવી નજીવી પણ કોઇ વાતને આધીન થઇ પડાય, નાની સરખી સોપારીનો કડકો ખાવા જેવી પણ એવી ટેવ ન હોવી જોઇએ કે

તેના વિના અમુક કાળે ન જ ચાલે, જે એમજ માને છે કે એના વિના ન જ ચાલે તેજ દુર્વ્યસનને વશ થયાં મનાય, એવી રીતે વશ થનાર મનુષ્ય, મનુષ્યત્વથી દુર થઇ જાય છે.

૯૩ માણુસ ઉત્સાહી હોય તો અમુક નિશ્ચયને વળગી ચાલી શકે, પણુ ઉત્સાહની સાથે જો સનાતન શુદ્ધ કર્તવ્ય બુદ્ધિથી પ્રેરીત સત્યનિષ્ઠા–પ્રમાણીકતા અને પ્રેમભાવ ન હોય, તો તે ઉત્સાહ નકામો છે. જુઓ, જરાસંધ, દુર્યોધન, અને રાવણુ જેવા રાક્ષસોનો ઉત્સાહ ન્યુન નહોતો પણુ એકે મહાત્મા કૃષ્ણુનો વદ્ધ કરવા ધાર્યો, બીજાએ નિર્દોષ પાંડવોનું રાજ્ય છીનવી લીધું અને ત્રીજાએ પરસ્ત્રી હરણુ કરી, અનુચિત કર્મ આચર્યું, પરીણામ એ આવ્યું કે તેમને તેમના ઉત્સાહની વીપરીત ગતીથી માઠું ફળ ભોગવવું પડયું.

૯૪ ઉત્સાહ ઉપરાંત, કર્તવ્ય, સત્ય અને પ્રેમ એજ ચારીત્રનાં ખરાં રૂપ છે; ન્યાય બુદ્ધિ એવા મનુષ્યોનું જીવિત છે. ઘરમાં, લોકમાં, સર્વમાં ન્યાય બુદ્ધિથી જ તે વર્તે છે.

૯૫ જે નિસ્પૃહ છે એજ ગૃહસ્થ છે, વિદ્વાન અને શ્રીમાન છતાં જેને અન્યની ખુશામત કરવી પડે છે તેજ ગરીબમાં ગરીબ અને ભીખારીનો ભિખારી છે, ભલે ગરીબ કે ભીખારી હોય, છતાં પ્રમાણીક, સત્યવ્રત ધારી અને નિસ્પૃહી હોય તેજ ખરો શ્રીમાન અને વીદ્વાન છે.

૯૬ જેમ આપણી આશપાશનાં પદાર્થોમાંથી શરીર પોષણુ આકર્ષે છે તેમ આશપાશના સબંધોમાંથી મન પણુ વિવિધ વૃત્તીઓનું અનુકરણુ કર્યા જ કરે છે, જેથી મનુષ્યનું સારૂં કીંવા નરતુ વર્તન નીવડવાનો મુખ્ય આધાર સોબત ઉપર રહ્યો છે.

૯૭ ગમે તેમ અજાણુતાં પણુ સ્વભાવિક રીતે જ આપણા સોબતીઓનાં ચાલ, વાણી, આચાર, અને તેમની વિચાર-

પદ્ધતિ સુદ્ધાંત પણ આપણી રીતભાતમાં પ્રવેશ પામ્યા વીના રહેતાં નથી અને તેથી જ મહાત્માઓએ સત્સંગ રાખવાની આવશ્યકતા બતાવી છે.

૯૮ માણસ અનુકરણ કરનારૂં જ પ્રાણી છે, અને તે કેવી રીતે થાય છે તેની ખબર પડતી નથી, સાવધાની કામ આવતી નથી, તેથી સંગનો ખરાબ રંગ લાગે તેવાના પ્રસંગમાં જ ન આવવું એ શ્રેયકર છે.

૯૯ ઘણીવાર આપણે અનુકરણથી શીખેલી વાતોને આપણી બુદ્ધિએ શોધી કાઢી હોય એમ માની લઈએ છીએ. કારણ કે અનુકરણ ગુપ્ત રીતે થાય છે તે આપણે સમજી શકતા નથી. નબળામાં નબળાં માણસ પણ પોતાના સહવાસમાં આવનારને કંઈ અર્પણ કર્યા વિના રહેતાં નથી.

૧૦૦ ખરી નીતિની કેલવણી એનું નામ કે, જેનાથી સર્વ પ્રકારની કુટેવને સ્વભાવ રૂપ થઈ જતી અટકાવવાનું દ્રઢ મનોબળ પ્રાપ્ત થાય. આવી કેળવણી કોઈ પ્રકારની દ્રઢ શ્રધા વીના મળતી નથી.

૧૦૧ પુરૂષાર્થ એ પરમ શ્રેયસ્કર છે. દ્રઢ પુરૂષાર્થથી જે ધારે તે પ્રાપ્ત થાય. કદાપી ભૌતિક સ્થુળ જગતના વિષય પરત્વે તેમ ન થાય પણ વૃતી માત્રમાંતો પુરૂષાર્થ જ પ્રબળ છે. જેઓ પુરૂષાર્થ હીન છે, અર્થાત્ જેમનાં મન અને સ્વભાવ નિર્બળ છે, તેઓ જ નિશ્ચય વિનાનાં હોવાથી દાસની પેઠે બીજાનું અનુકરણ કરવામાં અને પોતાની ભિન્નભિન્ન વૃત્તીઓથી આમ તેમ રખડવામાં પોતાનો જનમારો ગુમાવે છે.

૧૦૨ માણસની સોબત તેના સ્વભાવની ઓળખાણ આપે છે, ને તેટલા માટે જ જે માણસ જેવી સોબતમાં હોય તેવા જ તેના ગુણ હોવા જોઈએ.

૧૦૩ માણુસને તેના સોબતીઓની રીતભાત અને તેના દીવાનખાનામાં કે કબાટમાં તેણે સંઘરી રાખેલાં પુસ્તકો જોઇને જાણી શકીએ કે તે સદ્ગુણી યા દુર્ગુણી છે, મુર્ખ અથવા વિદ્વાન છે, સાધુ છે યા સ્વેચ્છાચારી છે, નીતિવાન, ધર્મીષ્ટ અને પ્રમાણીક છે કે અનીતિવાન–અધર્મી, ઉડાઉ, બદ દાનતથી પૈસ પ્રાપ્ત કરવાની મતલબ રાખનાર છે?

૧૦૪ નિચવૃત્તીનાં માણુસોમાં ભળવું, એ નિચ બુદ્ધિ જણાવે છે, અને એવી સંગતમાં વારંવાર રહેવાથી આપણી વૃતી પણ નિચત્વને પામે છે.

૧૦૫ જગતમાં પગલે પગલે મળી આવતાં સામાન્ય સ્વાર્થ બુદ્ધિનાં માણુસોનો પરીચય પણ આપણામાં શુષ્કતા, મંદતા, દયાશૂન્યતા, અને અતડાપણા વાળી સ્વાર્થબુદ્ધિ, જાગૃત કરી ખરાં પુરૂષાર્થ અને ઉદારતાથી આપણને દુર કરી હાનીકારક નિવડે છે.

૧૦૬ મનની ગતિજ એવી છે કે તે નીચે માર્ગે વેગથી વળે છે, એટલે નીચાની સોબત થતાની સાથે હૃદય સંકોચાવા લાગે છે, અને ધર્મનીતિની વૃત્તિ નબળી પડી જઇ સ્વભાવ નિર્બળ, અનિશ્ચયવાળો, અને સમયાનુસાર સ્વાર્થ સાધનાર થઈ જાય છે, આમ થવાથી ખરી મહતા અથવા ઉદાર વૃત્તિથી માણુસ કેવળ વીમુખ થઇ રહે છે.

૧૦૭ જુવાન મનુષ્યોએ સર્વદા પોતાના કરતાં વધારે ઉચ્ચ સંગ શોધવો, અને તેનું જ અનુકરણ કરવા પ્રયત્ન કરવો. આપણા કરતાં વધારે બુદ્ધિમાન ચારિત્રવાળાં અને વધારે અનુભવી માણુસના સંગથી આપણું મનોબળ વધે છે, અને આપણા લોહીમાં એક પ્રકારની સ્વભાવીક પ્રેરણા તેમના જેવાં થવાને ઉઠી આવે છે.

૧૦૮ સત્સમાગમ સર્વદા લાભકારક છે, સત્સંગ વીના કાંઇ સારૂં ફળ થતું નથી. સ્વામીનારાયણુ સંપ્રદાયમાં સત્સંગની જ સર્વોતમ મહતા માની એ ધર્મવાળા પોતાને સત્સંગીની સંજ્ઞાથી ઓળખાવે છે.

સમાપ્ત.